રાહનુમાએ મજદયસ્નાન સભા.

જરતોશ્તી ધર્મનીતિ.

અંક છઠ્ઠો.

(બીજી આવૃત્તિ.)

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

[illegible]

અકેમ્ અકાઇ, વંઘુહીમ્ અષીમ્ વંઘહવે.

અર્થ.

"બુરાંને બુરો, (અને) ભલાંને ભલો બદલો (મળશે)."

(ગાથા "ઉશ્તવઇતિ," હા "ઉશ્તવઇતિ," ક૦ ૫).

રાહનુમાએ મજદયસ્નાન સભાની કારોબાર મંડળી તરફથી ઓનરરિ સેક્રેટરિ મી૦ [illegible] બ. દેસાઇએ મર્હુમ શેઠ કુવરજી એદલજી કોલાપુરવાલાનાં ફંડનાં વ્યાજમાંથી જરતોશ્તી ધર્મનીતિની કેળવણીના ફેલાવા સારૂ નાં૦ ૭૪, પોપા સ્ટ્રીટ, કોટ, મુંબઈ મધે છપાવી પ્રગટ કીધો છે.

મુંબઇ: દફતર આ[illegible] પ્રેસ છાપાખાનાં મધે અરદેશર ભીખ[illegible] જુખાશી છાપ્યો છે.

કોટ:—કાવસજી પટેલ [illegible] નાં૦ ૭, ૯, ૧૧, ૧૩.

સને ૧૨[illegible] યજદગર્દી.

સને [illegible] ઈસ્વી.

કીમત [illegible] આના.

રાહનુમાએ મજદયસ્નાન સભા.

જરતોશતી ધર્મનીતિ.

અંક છઠો.

(બીજી આવૃત્તિ.)

બનાવનાર,

એરવદ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચા.

𐬀𐬐𐬆𐬨 · 𐬀𐬐𐬁𐬌 · 𐬬𐬀𐬢𐬎𐬵𐬍𐬨 · 𐬀𐬴𐬍𐬨 · 𐬬𐬀𐬢𐬵𐬀𐬬𐬈 ·

અકેમ્ અકાઇ, વહુહીમ્ અષીમ્ વઙ્હવે.

અર્થ.

"બુરાંને બુરો, (અને) ભલાંને ભલો બદલો (મલશે)."
(ગાથા "ઉશ્તવઇતિ," હા "ઉશ્તવઇતિ," ક૦ ૫).

રાહનુમાએ મજદયસ્નાન સભાની કારોબાર મંડળી તરફથી સભાના ઑનરરિ સેક્રેટરિ મી૦ પા. બ. દેશાઇએ મર્હુમ શેઠ ફરામજી એદલજી કોલાપુરવાળાના ફંડના વ્યાજમાંથી જરતોશતી ધર્મનીતિની કેળવણીના ફેલાવા સારૂ નાં૦ ૭૪, ઘોઘા સ્ટ્રીટ, કોટ, મુંબઇ મધ્યે છપાવી પ્રગટ કીધોછે.

મુંબઇ: દફતર આશકારા છાપાખાનાંમધ્યે
અરદેશર ભીખાજી દુબાશે છાપ્યોછે.
કોટ:—કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૭, ૯, ૧૧, ૧૩.

સને ૧૨૮૬ યજદગર્દી.
સને ૧૯૧૭ ઇસ્વી.

કીમત ૧૪ આના.

જરતોશ્તી ધર્મનીતિ.

અંક છઠો.

સાંકળિયું.

શુદ્ધી.

પૃષ્ટ.	સતર.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	નોટ ૧	તત્-ત્વા-પેરેસા.	તાવે ઉર્વાતા.

રાહનુમાએ માજ઼દયસ્નાન.

જ઼રતોશ્તી ધર્મનીતિ.

અંક ૬ ઠો.

પાઠ ૧ લો.

અહુરમજ઼્દની સિતાયશ.

𐬐𐬀𐬯𐬥𐬁. 𐬛𐬆𐬭𐬆𐬙𐬁. 𐬰𐬆𐬨𐬗𐬁. 𐬀𐬛𐬈. 𐬥𐬀𐬠𐬃𐬯𐬗𐬁.
𐬀𐬬𐬀𐬞𐬀𐬯𐬙𐬋𐬌𐬱. 𐬐𐬈. 𐬀𐬞𐬋. 𐬎𐬭𐬬𐬀𐬭𐬃𐬯𐬗𐬁. 𐬐𐬈.
𐬬𐬁𐬙𐬁𐬌. 𐬛𐬬𐬄𐬥𐬨𐬀𐬌𐬠𐬫𐬀𐬯𐬗𐬁. 𐬫𐬀𐬊𐬔𐬆𐬝. 𐬁𐬯𐬏.
𐬐𐬀𐬯𐬥𐬁. 𐬬𐬀𐬢𐬵𐬆𐬎𐬱. 𐬨𐬀𐬰𐬛𐬁. 𐬛𐬄𐬨𐬌𐬱.
𐬨𐬀𐬥𐬀𐬢𐬵𐬋.

કસ્ના દ૨ૅતા, જ઼મ્ચા અદે નબાઓંસ્ચા
અવપસ્તોઇશ, કે અપો ઉર્વરાઓંસ્ચા.
કે વાતાઇ, દ્વાંનમઇબ્યસ્ચા યોગેત્ આસૂ.
કસ્ના વઙ્હેઉશ, મજ઼્દા દાંમિશ મનઙ્હો.
(ગાથા "ઉશ્તવઇતી," હા "તત-થ્વા-પેરેસા," ક૦ ૪ થો).

અર્થ.

"(તું) નહી તો કોણ ધરનાર જમીનને અને આસમાનોને
નીચે પડવાથી; કોણ (પેદા કરનાર) પાણીઓને અને ઓરવરોને?
કોણે પવનને અને ધૂમસોને વેગ આપ્યોછે શિતાબીથી?
(તું) નહી તો કોણ, ઓ મજ્દ! ભલી મનશની (ધરાવનારાંઓ) નો પેદા કરનાર!"

પદ.

અહુરા, તું જગ સરજનહારો!
તું અજબ કિસમ કરનારો!
જમીન નભ[1] તું અલગ ધરે, રબ,
પડવા નહિ દેનારો;
આબ સૂજે ઉરવરો શોભતાં,
ખૂબ તરી ભંડારો.
વાયૂ ફૂંકે, ચમકે વિજલી,
મેઘ વૃષ્ટિ[2] જલધારો;
બાફ વેગથી ચઢે મિઠો, પણ
સાગરે વિવિધ[3] ખારો.
ભલાં બુરાં સહુ પ્રાણીનો નિત,
બેહદ ભાંત વધારો;
માણસ મગજે વધૂ બુદ્ધિ;—તું
વગર કોણ ભરનારો?

---

૧ આસમાન. ૨. વર્ષાદ. ૩. તરેહ તરેહના.

બને ઘડત બિન ઘડો કદી નહિ—
જગ ઘટ[1] તું ઘડનારો;
વસતો ઘટ ઘટ[2] માનવીના, તું
આપે સુઝ વિચારો.
તુજ બિન ભક્તિ ઘટિત નહિ, ખાલિક,
અમને તું અતિ પ્યારો;
દાદ દાદગર લે તું અમારી,
અંતે તુંજ અમારો.

ગઝલ.

ઉઠો લોકો, જગત સારી, સિતાયશમાં અહુરમજ્દની!
જમાના 'ને જુબાંદારી, સિતાયશમાં અહુરમજ્દની!
ઉભા પર્વત, ઉભાં દરખત, ઉઠે મોજા સમુદરમાં,
નદી નાલાં વહે જારી, સિતાયશમાં અહુરમજ્દની.
સિતારા આસમાન ઉપર ખુરો-માહતાબ નક્ષત્રો
સદા છે માર્ગ-સંચારી સિતાયશમાં અહુરમજ્દની.
જમીનપર જાનવર ફરતાં રહીને મુરગો-માહી સંગ
કરેછે નાદ લલકારી, સિતાયશમાં અહુરમજ્દની.
જીહાં જુમલેશ અહુર યાદે, અરે ઇનસાન, તું કાં સુસ્ત?
રહો કાયમ, નરો-નારી, સિતાયશમાં અહુરમજ્દની.

પદ.

દાદગર! ઘટ ઘટનું તું જાણે—
રાસ્તી નારાસ્તી સઘળી પિછાણે. ટેક.
જે જે મનશની, જે જે ગવશની,
જે જે કુનશની, જે ટાણે,[3]

---

૧. જગતરૂપી ઘડો. ૨. દરએક દિલમાં. ૩. વખતે.

જે જે જગે, માનવીઓ બજાવે,
રોશન તને તે પ્રમાણે.[1] ૧.

ચાંદ હથેલીમેં, "મેહેર દરૂજી,"[2]
લોક રમી ગવે આણે—
પણ તે સહૂના ફંદા ફરેબો
તું જોઇ વિંધેછ બાણે.[3] ૨.

સાગર તલીએ કે ગારોમેં ઉંડા
પાપી છુપી પાપ હાણે,
જાણે ન કોઇ જુએ મને અહીંઆં,
ત્યાં ઉતરે તું ઉંડાણે. ૩.

તું વીસ્પઆગાહ દાદારે દાવર,
જગમાં તું વાણે 'ને તાણે[4]—
કાણે ન પડવા દીએ શબ્દ મનનો,
તે તું શુણે તુજ કાણે. ૪.

મજ્દ! અહુર! તારો ડર રાખી
ભજીએં તને અમ પ્રાણે—
મૂંગી ભલી જીભ જે તારી કીર્તિ,
પ્રેમી કરે ના વખાણે. ૫.

સવાલો.—ઉપલી સિતાયશોની સમજણ આપો.

---

૧. ગાથા અહુનવઇતી, હા તત્-ત્વા-પેરેસા, ક૦ ૧૨-૧૩ ઇ૦.
૨. દગો.　　૩. તીરથી.　　૪. તમામ રચનામાં.

પાઠ ૨ જો.

મજ઼દયસ્ની દીન, અને તેનું પુરાતનપણું.

[illegible]

[illegible]

આસ્તુયે દએનાંમ્ વંહુહીમ્ માજ઼્દયસ્નીમ્.....
યા આહૂઇરિષ્ જ઼રથુશ્ત્રિષ્.

(યજશને, હા ૧૨, ક૦ ૯).

અર્થ.

"આસ્થા રાખું છું ભલી માજ઼દયસ્ની (એકલા મહારાના ખુદાને સર્વોપરી ગણીને તેની પરસ્તેશ કરવાની) દીન ઉપર.....જે અહુરમજ઼્દે મોકલેલી અને જ઼રતોશ્તે (સંપૂર્ણ રીતે) ફેલાવેલી."

.......[illegible]

[illegible]

......[illegible]

ગયેહે મરેથ્નો.......
યો પઓઇર્યો અહુરાઇ મજ઼્દાઇ
મનસ્ચ ગુશ્ત સાસ્નાઓસ્ચ.......

(ફરવરદીન યશ્ત, ક૦ ૮૭).

અર્થ.

"ગયોમરદ.....જે પેહલલો અહુરમજ઼દનો વિચાર અને સખુનો સાંભલનાર (હતો)."

મથાળે ટાંકેલા પેહલા અવસ્તાઇ કલામની માએની ઉપરથી મજદયસ્નની દીનનો શબ્દાર્થ જણાયછે અને બીજા કલામ ઉપરથી તેનું પુરાતમપણું માલૂમ પડેછે.

મજદયસ્ની દીન કયા વર્ગની અને કેવી કીસમની છે તે વિષે થોડું વિવેચન કરવાની જરૂર છે.

દુનીઆમાં થઇ ગયલા તેમજ હાલમાં જે છે તે સઘળા ધર્મોને તેઓની ખાલેસી તથા મઆકૂલપણાંનાં પ્રકટીકરણની રૂએ યાને ધીમે ધીમે ખીલતું જવાના સાર્વત્રિક નિયમની રૂએ તપાસતાં તેઓ ત્રણ વર્ગોમાં વેંહચી શકાયછે. ભૂત ડાકણ જેવાં જાલેમ, ભયાનક અને મેલાં તરીકે માની લીધેલાં બદ રૂહોની પૂજાપાત્રી કરાવનારા ધર્મોનો એક વર્ગ. આપણી આસપાસની કુદરતની મહાન શક્તિઓ, બુલંદ અને રોશન પેદાયશો, તથા તેઓની ઉપર માની લીધેલા મવકલોની આરાધના કરાવનારા ધર્મોનો એક વર્ગ. અને એકલા એક સર્વશક્તિવાન ખુદાને સર્વોપરી ગણીને તેની પરસ્તેશ કરાવનારા ધર્મોનો એક વર્ગ.

(૧) મેલાં ઘાતકી રૂહોને માનવાના ધર્મો જંગલી લોકોમાં અને ઘણીએક નીચ વર્ણનાં તથા અભણ લોકોમાં હતા અને આજ લગી જોવામાં આવેછે. જેવાકે આફ્રીકાના જંગલીઓના, હીંદુસ્તાનની હલકી વર્ણોના, ચીન, જાપાન વગેરે દેશોનાં અજ્ઞાન લોકોના, અને એવાજ બીજા લોકોના ભયંકર ધર્મો. તે ધર્મો ભૂત, ડાકણ, પિશાચ, નાગ, વાઘ, શીતલાદેવી, વગેરે ખોટા વેહમથી મનાતા દ્વેષી અને વેરભાવી કલ્પિત આત્માઓને તથા જીવલેણ પ્રાણીઓને માનવાના છે. તેઓને માનનારાંઓ તેઓથી પોતાને દુઃખ દરદો નહિ થાય એવી બીકથી તેમને પૂજતાં હતાં અને પૂજેછે. તેઓમાં પુષ્કલ પ્રાણીઓના

ભોગો ચહડાવવાનું ઘણું સાધારણ હતું અને હજુ લગી કેટલેએક ઠેકાણે છે. કેટલાંએક આગલા જમાનાનાં લોકો તો મનુષ્ય–ભોગબી આપતા હતા અને કોઇ કોઇ હજુ આપેછે. એ અધમ પંક્તિના ધર્મ માનનારાંઓ ઘણું કરીને જંગલી અને અજ્ઞાન હોવાથી તેઓમાં જાદુમંત્ર અને એવા સઘળા નાનામાં નાનાથી તે મોટામાં મોટા વહેમોને સહેલથી આધીન થઇ જવું સાધારણ જોવામાં આવેછે. અતિ પુરાતન જમાનામાં એ અજ્ઞાની અંધકારના ધર્મો દુનીઆમાં જેટલા ફેલાયલા હતા તેટલાબધા આજે નથી તોપણ હજુ કેટલેએક ઠેકાણે તેઓ વધતા ઓછા જોવામાં આવેછે. એ વર્ગના ધર્મવાળાંઓ અનેક ચીજોમાં—જેમકે કોઇ ઝાડ કે પથ્થર કે લાકડું કે ઘર કે કુવો કે મટોડાનું વાસણ વગેરેમાં—ભૂત, ડાકણ, વગેરેનું રહેઠાણ માનીને તેને પૂજેછે, ચોકસ જગાઓમાં ખાવાપીવાની તથા બીજી ચીજોના ઉતાર મુકેછે, અને તે ક્રૂર અને ક્રોધી દૈત્યોની માનતાઓ કરીને તેમને ચહડાવેછે. આ અધમ ધર્મો અને સુધરેલા ધર્મો વચ્ચે મુખ્ય તફાવત એ છે કે પહેલી જાતના કનિષ્ટ ધર્મવાળાંઓ જેઓને બુરાં અને દુઃખ દેનારાં જાણેછે તેઓને તેવાં જાણવા છતાં પૂજેછે પણ પાછલી જાતના ઉંચ કિસમના ધર્મવાળાંઓ જેઓને ભલાં અને દુઃખ નહિ દેનારાં કરી માનેછે તેઓનેજ માત્ર પૂજેછે.

(૨) આપણી આસપાસની કુદરતની મહાભારત શક્તિ-ઓની અને પેદાયશોની તથા તેઓ ઉપર માનેલા છુપા મવકલો-ની પરસ્તેશ કરવાને લગતા ધર્મો મધ્યમ પંક્તિના છે. તેઓ ઉપલી જાતના બદ રૂહોને તથા ઘાતકી પેદાયશોને માન-વાના ધર્મો કરતાં કાંઇએક સ્વચ્છ હોયછે. આ મધ્યમ વર્ગોમાં સુરજ, ચંદ્ર, સમુદ્ર, નદીઓ, અગ્નિ, વાયુ, વગેરે

દેવતાઓની પૂજા કરવાના ધર્મો મુકાયછે. આ જાતના ધર્મો પુરાતન વેદિક, ઇજીપશીયન, ખાલડીઅન, આસીરીયન, બાબીલોનીયન, વગેરે લોકોમાં હતા અને હજુબી કેટલાએક લોકોમાં છે.

ઉપલા બંધે વર્ગોના ધર્મો સાધારણ રીતે બુતપરસ્ત યાને મૂર્તિપૂજાવાલા હોયછે. તેઓમાં જેમ ખ્યાલી ક્રૂર અને કરૂપ નર્કાત્માઓની તેમજ કુદરતી મહાન તત્વોના માનેલા મવકલ સુંદર દેવદેવીઓની, એટલુંજ નહિ પણ અગાઉ થઇ ગયલા મહાન પુરૂષોને ઇશ્વરના અવતાર માનીને તેઓનીબી મૂર્તિઓ પૂજવાનું જોવામાં આવેછે.

(૩) એકલા એકજ સર્વશક્તિવાન ખુદાને સર્વોપરિ માનવાના ધર્મો ઉત્તમ પંક્તિના છે. તેઓમાં મૂર્તિપૂજા જેવું ઘણુંકરીને હોતું નથી તેમજ બદ રૂહોની તથા જાલેમ પેદાયશોની પૂજાબી નથી.

હવે પારસીઓની મજ્દયસ્ની દીન આ છેલા ઉંચ વર્ગના ધર્મો માંહેલો એક ધર્મ છે. એ દીન ઘણી બાબતોમાં ઉપર જણાવેલા પહેલા બંન્ને વર્ગોના ધર્મોની વિરૂધ છે. તેથી અવસ્તામાં તે તે પ્રકારના ધર્મો માનનારાંઓને મજ્દયસ્ની ધર્મવાળાંઓના વિરોધી તરીકે "દેવયસ્નાનો" કરી ઓળખાવ્યાંછે. દેવયસ્ની ધર્મો બદ રૂહોની; કુદરતની શક્તિઓ, મહાન તત્વો, તથા તેઓના માનેલા મવકલોની; અને તે સર્વેની મૂર્તિઓની પૂજા તેઓને સ્વતંત્ર દેવતા તરીકે માનીને કરવા જે જે કાંઇ શીખવેછે તે સઘળું મજ્દયસ્ની દીન નાકબૂલ અને તરક કરવા ફરમાવેછે.

એ મજ્દયસ્ની દીનની શરૂઆત મથાળે ટાંકેલા અવસ્તાના બીજા કોલ પ્રમાણે ગયોમરદથી યાને ઇરાની પ્રજાઓનો પાયો નાખનાર પ્રથમ પુરૂષથી થઇ હતી, કેમકે

ગયોમરદથી તમામ ઇરાની પ્રજાઓ અને તમામ ઇરાની લોકો તેની ઓલાદ તરીકે ઉતરી આવેલાંછે એમ અવસ્તાના ઉપર ટાંકેલા ફકરામાં આગલ જતાં જણાવેલુંછે. અને એજ ગયોમરદે એકલા અહુરમજ્દને માનવાનું સહુથી પ્રથમ શીખવ્યું હતું એમબી ઉપલા અવસ્તામાંથી જણાયછે. તે ઉપરથી એવો સાર નિકલેછે કે જે અતિ પુરાતન જમાનામાં ઇરાની જાતનો પાયો નખાયો અને જેથી જમાના ગુજરતાં ઇરાની પ્રજાઓ વધી અને ફેલાઇ તે જમાનેથી મજ્દયસ્ની દીન ઉતરી આવેલીછે.

એ દીન એટલીબધી પુરાણી છે ખરી, તોપણ એની તવારીખ ઉપરથી જણાયછે કે એ દીન ઇરાનીઓમાં હમેશાં એકસરખી રીતે ખાલિસીથી ચાલુ રહેતી નહિ હતી. અતિ પુરાતન ઇરાની લોકો વારેઘડીએ દેવપરસ્તી તરફ ઢલી જતા હતા અને તેથી તેઓને પાછા ખરે રસ્તે લાવવા સારૂ કેટલાએક ઇરાની મહાપુરૂષો પોતપોતાના જમાનાઓમાં કોશેશો કરતા હતા. ઇરાનીઓમાં મજ્દયસ્નીથી ઉલટા ધર્મોનો થોડો કે ઘણો ભેલસેલ જે ચાલુ રહેતો હતો તેને સદાબરે કહાડી નાખીને તેઓમાં ખાલિસ મજ્દયસ્ની ધર્મ પૂરેપૂરો સ્થાપવામાં પેગમબર અશો જરતોશ્તે કયાની પાદશાહ ગુશ્તાસ્પના જમાનામાં સંપૂર્ણ ફતેહ મેલવી હતી.

ઇરાની સિવાય બીજી પ્રજાઓમાંબી એક-ઇશ્વરી ધર્મો પ્રગટ થયા હતા એ ખરૂં છે તોપણ ઇરાનીઓ પોતામાં એક-ઇશ્વરી મજ્દયસ્ની ધર્મ રાખતા હોવાને લીવે કોઇબી પારકી પ્રજાનાં માણસથી તેવો ધર્મ પહેલવહેલાં મેલવવાની તેઓને જરૂર પડી નહિ હતી. પારસીઓની પાદશાહીનો અંત તેઓના છેલ્લા યજ્દગર્દ પાદશાહનાં મરણથી આવ્યો (ઇ૦ સ૦ ૬૫૧) અને તે પછીથી ઇરાનમાં મુસલમાની ધર્મ ફેલાયો

ત્યાં લગી ઇરાનીઓએ કોઇબી પારકી પ્રજાના પેગમબરને માન્યો હતો નહિ. તેઓ પોતાની મજ્દયસ્ની દીનની વલણ પ્રમાણે હમેશાં દેવયસ્નોની વિરૂધ હતા પણ એક-ઇશ્વરવાદીઓ તરફ ભાઇબંધીની લાગણી દેખાડતા હતા. જેમ કે પાદશાહ ક્ષાયરશાએ (જરક્ષીસે) ગ્રીક લોકોનાં કેટલાંએક દેવસ્થાનો તારાજ કીધાં હતાં પણ પાદશાહ કુરૂશે (સાઇરસે) યાહુદીઓ જેઓ એક-ઇશ્વરવાદી હતા તેઓ તરફ માયા બતાવીને તેઓને બાબીલન શહેરમાં બખ્તુનનસર (નબુકદનજર) પાદશાહનાં કેદખાનાંમાંથી છોડવ્યા હતા. અને તેમજ તે પછી પાદશાહ દારયવુશે (દરાયસે) તેઓનું એક-ઇશ્વરી પૂજાનું પવિત્ર મકાન તેઓના સ્વદેશમાં બાંધવાની રજા આપી હતી અને તેમાં કેટલીએક મદદ કીધી હતી.

એ સઘળું દેખાડેછે કે પારસીઓમાં બલકે બધા ઇરાનીઓમાં તેઓની પ્રજાનો પાયો નખાવાના અતિ પુરાતન જમાનેથી મજ્દયસ્ની યાને એકલા એક સર્વ-શક્તિવાન ખુદાને સર્વોપરિ માનીને તેની પરસ્તેશ કરવાનું ઉતરી આવેલું હતું અને પેગામબર અશો જરતોસ્તના વખત પછી તે કદી નીકળી જવા પામ્યું નહિ હતું, અને તેથીજ તેઓ એક-ઇશ્વરી ધર્મો માનનારાંઓ તરફ વધારે ભાઇબંધી દેખાડતા હતા.

બેતો.

મજ્દયસ્ની દીન ઇરાની ખવાસ,
ગયોમર્દ તોખ્મથી ઉતર્યો ખાસ.
પારસી જરતોસ્તીની પાક દીન,
ફકત એકજ મજ્દપર તેનું યકીન.

સવાલો.—"મજદયસ્નની દીન અને તેનું પુરાતનપણું" એ વિષેના અવસ્તાના બે કલામો અર્થ સહીત કહો. એ બે કલામો ઊપરથી શું માલુમ પડેછે? દુનીઆના સઘળા ધર્મો તે દરએકનાં મઆકુલપણાંનાં પ્રકટીકરણની રૂએ કેટલા વર્ગોમાં વેંહચી શકાયછે તે સમજાવો. અધમ પંક્તિના ધર્મો કેવી કીસમના છે તે સમજાવો. મધ્યમ પંક્તિના ધર્મો કેવા છે તે સમજાવો. ઊત્તમ પંક્તિના ધર્મો કેવા છે તે સમજાવો. મજદયસ્ની ધર્મ કયા વર્ગનો અને કેવી કીસમનો છે તે બરાબર સમજાવો. મજદયસ્ની દીનનું પુરાતનપણું સમજાવો. બાલેસ મજદયસ્ની ધર્મ ઇરાનીઓમાં કેમ અને કયારે સ્થાપત થયો? યજદજરદના વખત લગી ઇરાનીઓએ કઇ જાતના પિગમબરોને માન્યા હતા અને તે શા કારણથી? તેઓની પેલણ એક-ઈશ્વરવાદીઓ તરફ કેવી હતી અને તે શા કારણથી વહતી તે દાખલા સાથે સમજાવો? એ બધાં ઊપરથી શું સાર નીકલેછે? આ પાઠના નીતિસારની બેતો બોલી સમજાવો.

પાઠ ૩ જો.

દરએક મજ.દયસ્નાન જ.રતોશ્તી એક-ઈશ્વરવાદીછે.

𐬨𐬀𐬰𐬛𐬀𐬌𐬌𐬀𐬯𐬥𐬋 . 𐬀𐬵𐬨𐬌 .

મજ.દયસ્નો અહ્મી.

(યજશને ૧૨, ૬૦ ૭ મો).

અર્થ.

"હું (એકલા) મજ.દની પરસ્તેશ કરનાર છું."

આ પ્રમાણે દરએક જ.રતોશ્તી દરરોજ પાદીઆબ કુસ્તી કરતાં પોતાનાં ઇમાનનો એકરાર કરેછે. મજ.દયસ્ની ધર્મ ગયા પાઠમાં જણાવ્યા પ્રમાણે દેવયસ્ની ધર્મોની વિરૂધનો છે. અને મજ.દયસ્ની જયારે એકલા એકજ ખુદા "મજ.દ"ને સર્વોપરી ગણીને તેની પરસ્તેશ કરવાનો ધર્મ છે, ત્યારે દેવયસ્ની અનેક "દેવો"ને સ્વતંત્ર માનીને તેમની પરસ્તેશ

કરવાના ધર્મો છે, કારણકે દેવો અનેક માનેલાછે પણ મજ્દ તો એકજ છે. હવે જો દરએક જરતોસ્તી પોતે એકલા એકજ ખુદા "મજ્દ" ને સર્વશક્તિવાન અને સર્વોપરિ કરી માનવાનો એકરાર કરેછે તો તે ઉપરથી ખુલ્લું છે કે તે અનેક-ઇશ્વરવાદી નથી પણ એક-ઇશ્વરવાદી છે.

"મજ્દ" એ શબ્દનો જો મૂળ અર્થ લઇએ તો તે મહા-જ્ઞાની યાને સર્વજ્ઞાની છે. પણ અવસ્તાની ભાષામાં એ કુલ જગતના કિર્તારનું વિશેષ નામ છે. એની ઉપર "અહુર" એટલે હસ્તીવાલો, સાહેબ, એવું એક વિશેષણ અથવા સીફાતી નામ જોડાઇને 'અહુરમજ્દ' એવું એક આખું નામબી બન્યુંછે. ફક્ત 'મજ્દ,' અથવા બાજેક વખતે વિશેષણ વિશેષ્ય તરીકે વપડાઇને ફક્ત 'અહુર,' અથવા બંને જોડાઇને 'અહુરમજ્દ,' એ પ્રમાણે અવસ્તામાં ખુદાનું નામ ત્રણ રીતે વપડાયુંછે. પેહલી બે રીતે માત્ર કોઇ કોઇજ જગે, પણ છેલ્લી રીતે બંને સાથે લઇને આખું નામ ઘણીખરી જગે આવેલુંછે. અને એ છેલ્લી રીત પ્રમાણેજ અવસ્તા ઉપરથી નીકલેલી ભાષાઓ—બીલારેકી હખામની પારસી, પેહલવી, પાજંદ, ચાલુ ફારસી, વગેરે—માંબી તે વપડાઇને આજલગી "અહુરમજ્દ" નામ ઉતરતું આવ્યુંછે. 'અહુર' ને રાણી સાથે અને 'મજ્દ' ને 'વિક્ટોરિયા' સાથે સરખાવીને ધ્યાનમાં લેઓ. ફક્ત રાણી અથવા ફક્ત 'વિક્ટોરિયા' અથવા 'રાણી વિક્ટોરિયા' એમ ગમેતેમ બોલીએ છઇએ તોપણ તે એકલી આપણી એકજ રાજકર્તાને માટે બોલાયછે, તેમજ ખુદાને વિષે બોલતાં અવસ્તામાં 'અહુર' અથવા 'મજ્દ' અથવા 'અહુરમજ્દ' એમ ગમે તેમ બોલાયછે.

દેવયસ્ની ધર્મોમાં જે અનેક દેવોને માનવામાં આવેછે તેઓમાંનો દરએક સ્વતંત્ર હોય તેમ મનાયછે. વલી તે

દરએક સઘળાં કામોનો નહિ પણ પોતપોતાનાં ચોકસ ખાસ એક કામ અથવા ખાસ કેટલાંએક કામોનો કરનાર ગણાયછે. એકનું જે ખાસ કામ અથવા કામો તે બીજો કરી શકે નહિ અને બીજાનું જે ખાસ તે પહેલો કરી શકે નહિ એમ મનાયછે. જેમકે વર્ષાદના દેવનું ખાસ કામ વર્ષાદ વર્ષાવવાનું, બામદાદની દેવીનું ખાસ કામ દિવસ ઉગાવવાનું, વગેરે. પણ એક-ઇશ્વરી ધર્મોમાં તેમ મનાતું નથી. તેઓમાં તો ઇશ્વર એકલોજ સ્વતંત્ર ગણાયછે અને બીજાં સર્વે તેને તાબે ગણાયછે. તેમજ તે એકલોજ સઘલાં કામોનો કરનાર સર્વશક્તિવાનબી ગણાયછે. હવે જો દરએક જરતોસ્તી પોતે એકલા એકજ ખુદાને સર્વશક્તિવાન કરી માનવાનો એકરાર કરેછે તો તેની ફરજ છે કે તેણે તે સિવાય બીજા કોઇને ઇશ્વરી દરજો આપવો નહી, અથવા તેની ખુદા તરીકે પરસ્તેશ કરવી નહિ.

જેમ આજે આફ્રીકા, આસ્ટ્રેલીઆ, વગેરે કેટલેએક ઠેકાણે અજ્ઞાન અને જંગલી લોકો અનેકને માનેછે અને પૂજેછે તેમ પુરાતન જમાનામાં એશિયા ખંડમાં અનેક જગે આર્યન તેમજ અનાર્યન લોકો અનેક-ઇશ્વરી ધર્મો માનતા હતા, કારણકે તેઓમાં બીજી બાબતોનો સુધારો વધારો થયલો છતાં ધર્મનો સુધારો વધારો સારીપેઠે થયો ન હતો. પણ રફતે રફતે તેઓમાં અનેક-ઇશ્વરી ધર્મો ખોટા અને એક-ઇશ્વરી ધર્મ ખરો એમ સમજાવા લાગ્યું. જેમ તેઓને એક-ઇશ્વરી ધર્મ શિખવનારા મહાગુરૂઓ થઇ ગયાછે તેમજ ઇરાનીઓમાંબી ગયોમરદ અને તે પછી બીજા કેટલાએક—હોશંગ, તેહમુરસ, જમશેદ, ફરેદુન, વગેરે—મહાગુરૂઓ થઇ ગયાછે. પણ તે સઘળાઓમાં પેગામબર અશો જરતોસ્ત સર્વેથી ચહડતા ગુરૂ હતા.

માટે જરતોસ્તે શીખવેલો એક-ઇશ્વરી ધર્મ 'મજદયસ્નની' સાથે 'જરતોસ્તી' કરીખી બોલાયછે.

અશો જરતોસ્તે પોતે બનાવેલી પાંચ ગાથાઓ છે. તેઓમાં એકલા અહુરમજદનેજ ખુદા તરીકે માનવા શીખવ્યું છે. પણ તે પછીના જમાનાના જરતોસ્તીઓમાં કેટલેએક દરજે અહુરમજદની નીચે વલી ચોકસ કુદરતી શક્તિઓના મવકલોને તથા ચોકસ નીતિગુણોના મવકલોને માનવાનું બી રફતે રફતે દાખલ થયું હતું. તે કેવી રીતે થયું હતું તેની ટુંક સમજણ નીચે મુજબ છે.

પેગમબર જરતોસ્ત કુદરતી મહાન શક્તિઓ તથા પેદાયશોને જોકે ફકત અહુરમજદની બનાવેલી પેદાયશો કરી ગણતા હતા તોપણ પોતે તેઓનાં અવલોકન અને અભ્યાસથી તે ખુદાવંદની ઉત્તમ કારીગરી સમજીને તેની સિતાયશ અને સિફત ગાવાનો કાનૂન પસંદ રાખ્યો હતો. આ કાનૂન પ્રમાણે કુદરતની મહાભારત પેદાયશોનાં અવલોકન અને અભ્યાસથી અહુરમજદની બુલંદ શક્તિ અને ડહાપણની પીછાણ કરવામાં, તેનાં વર્ણનો કરવામાં, અને તેની કીર્તિ ગાવામાં કાંઇ ખોટું નથી. બલકે તે એક-ઇશ્વરી ધર્મનો એક મુખ્ય ભાગ છે અને તેમ કરવું દરએક માણસને સજાવાર છે. હવે આ કાનૂનને અનુસરીને જરતોસ્ત પછીના ઇરાની મજદ-યસ્નાનોએ પોતપોતાના જમાનાઓની સમજણ પ્રમાણે કુદરત-ની મહાભારત પેદાયશોનાં અવલોકનો કરીને તેઓનાં વર્ણનો કીધાં. તેઓ અધમ પંક્તિના ધર્મવાળાઓની મિસાલે કોઇબી બદદરેહો અથવા દેવદરૂજોને પૂજતા નહિ હતા. તેમજ તેઓ જોકે સઘળી કુદરતની મહાભારત, ભલી, અને ફાયદેમંદ પેદાયશો ઉપર મવકલો માનવા લાગા હતા જેઓને તેઓ 'યજદ' ના ઇલકાબે ઓલખતા હતા, તોપણ તે

યજદાનેબી તેઓ અહુરમજદથી ઉતરતાજ ગણતા હતા. એમ છતાં પણ તેઓ તે ફાયદેમંદ મહાભારત પેદાયશો, સદ્દગુણો, વગેરેના મવકલોની એટલીબધી સરાહાત કરવા લાગા કે જેથી તેઓ અનેક-ઇશ્વરવાદી હોય તેવા બેમાલૂમ રીતે થઇ પડતા આવ્યા. આ તેઓની અતિ સરાહાત કરવાની ટેવને લીધે તેઓ અનેક-ઇશ્વરવાદી જેવા દેખાવા લાગા તે સબબ-થી, તેમજ કદાચ અદાવતથીબી, જુદદીનો તેમને આતશ-પરસ્ત અને એવાં બીજાં ખોટાં નામોથી ઓળખવા લાગા.

એ ખોટા કલંકને દૂર રાખવા માટે દરએક જરતોસ્તીએ કુદરતના અભ્યાસ અને અવલોકનથી ખુદાની કીર્તિ ગાવા છતાં મથાળે ટાંકેલો પાક કલામ યાદ રાખીને હમેશાં પોતાને એક-ઇશ્વરવાદી માનવું અને ઠરાવવું. તેમજ તેણે પરસ્તે-શબી એવી રીતે કરવી કે જેથી તે ઉપર કહેલાં જેવાં કોઇ ખોટાં નામને લાયક નહિ થાય.

દોહરા.

વિસરી કર્તા કૃત્યની, કીર્તિજ ગાવી વ્યર્થ—
ભવ્ય હવેલી દેખતાં, સ્મર શિલ્પીજ સમર્થ.
સૃષ્ટીથી કિર્તારની, જણને મલે પિછાન,
તોપણ કીર્તિ તેહનીજ, ગાવી ઘટે નિદાન.
છે જરતોસ્તી દીનનો, મુખ્યજ પાયો એક,
અહુરમજદ એકજ ખુદા, કુલ દુનિયાનો નેક.

સવાલો.—દરએક મજદયસ્નાન જરતોસ્તી એક-ઇશ્વર-વાદી હોવા વિષેનો અવસ્તાઇ કલામ અર્થ સહીત સમજાવો. એ કલામ તથા તેની સમજણ ઉપરથી શું સાબેત થાયછે તે સમજાવો. "અહુરમજદ" નામ કેમ બન્યુંછે અને તે અવસ્તામાં કેવી રીતે વપડાયુંછે તેનું બયાન કરો. દરએક

જરતોશ્તીએ ખુદા તરીકે ફકત એકલા અહુરમજદને કાંએ માનવો અને ખુદા તરીકે બીજાંઓની પરસ્તેશ કાંએ નહિ કરવી તે સમજાવો. મજદયસ્ની ધર્મ ઇરાનીઓમાં જરતોશ્તના જમાના લગી કેમ ખીલ્યો તે સમજાવો. પાછલથી જરતોશ્તી દીનનાં પેટાંમાં શું દાખલ થયું અને તે કેમ થયું તે સમજાવો. યજદોની આરાધના છતાં દરએક જરતોશ્તીએ શું કરવું અને કોણની પરસ્તેશ કરવી? આ પાઠનાં નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૪ થો.

માજદયસ્નો જરતોશ્તી દીનની સારસાઇ.

[illegible] ......

[illegible]

[illegible]

...... [illegible]

.... યા હાઇતિનાંમ્ચા બૂષ્યેઇન્તિનાંમ્ચા મજિશ્તાચા વહિસ્તાચા સ્રએસ્તાચા યા આહૂઇરિશ જરથુશ્ત્રિશ ....

(યજશને, હા ૧૨, ક૦ ૯).

અર્થ.

"જે અહુરમજદી જરતોશ્તી (દીન) હાલની અને હવે પછી થનારી (દીનો) કરતાં ઘણી મોટી, ઘણી ભલી અને **ઘણી સારસ છે."**

આ સખુનો કે જે દરએક જરતોશ્તી દરરોજ અનેક વાર કુશ્તી કરતી વખતે બોલેછે તેમાં તે પોતાની દીનની જે

ખરસાઇ ગાયછે તેનાં તે બોલવાની ઘણીએક ખાબેતીઓ છે જેમાંની કેટલીએક નીચે આપીછે.

(૧) માજ્દયસ્ની જરતોસ્તી દીન એકલા એક મહાત્માની ખુદાને સર્વોપરિ માનવાની છે. અને તે એક-ઇશ્વરી છે તેથી તે દેવયસ્ની યાને અનેક દેવોને માનનારા ધર્મો ઉપર શ્રેષ્ઠ છે.

જો કોઇ કહે કે એકજ ખુદાને માનવો એ મઆકુલ કેમ છે અને અનેક ખુદાને માનવું નામઆકુલ કેમ છે તો તેની સમજણ આ પ્રમાણે છે.

ધારો કે જગત એકલા એક ખુદાએ નહિ પણ અનેક દેવતાઓએ અથવા અનેક જુદી જુદી શક્તિઓએ બનાવી-છે અને તેઓ તને ચલાવેછે તો એ મત નીચલી દલીલોથી ખોટું પડેછે.

૧.—જગત આપણને જણાયછે ત્યાંલગી હદ વગર-ની છે, તેથી તેનો બનાવનારબી હદ વગરનો અને તેટલામાટે એકજ હોવો જોઇએ. કેમકે બેહદપણું બેહદ વસ્તુના બનાવનાર તે એકનેજ લાગુ પડે. જો જગતને દેવતાઓથી બનેલી કબૂલ રાખીએ તો દેવતાઓ અનેક હોવાને લીધે તેઓ શક્તિમાં સઘળા એકબીજાથી ઓછા વધતા અથવા એકબીજા સાથે સરખા હોવા જોઇએ. તેઓ એકબીજાથી શક્તિમાં ઓછા વધતા હોય તોબી, અને એકબીજા સાથે શક્તિમાં સરખા હોય તોબી, તેઓની શક્તિઓ ઓછાપણાં, વધતાપણાં, અથવા બરાબરપણાંને લીધે માપી શકાય એવી ઠરેછે. અને જે કાંઇ કે માપી શકાય તે હદ વગરનું નહિ હોય. અને હદ વગરની જગતનો બનાવનાર તો હદ વગરનો અને તેટલા માટે એકજ જોઇએ. ત્યારે જગત ઘણા દેવતાઓએ બના-વેલીછે એમ માનવું નામઆકુલ ઠરેછે.

અને એ ઉપરથી જણાયછે કે અનેક ખુદાને માનવાના ધર્મો નામઆકુલ છે અને એકજ અનંત ખુદાને માનવાનો ધર્મ મઆકુલ છે.

૨.—ઘણાંએકો મલીને કોઇ કામ કરતાં હોય તો તેઓ સદા એકસરખી રીતે એકજ કાયદે કદાચજ કરતાં રહે. ઘણું કરીને તો તેઓથી તેમ થતુંજ નથી. હવે જગતમાં તો એકસરખી રીતે તેનું કામ એકજ કાયદે સદા થતું રહેછે. જોકે કોઇ વખત તેમાં અટકાવ અથવા ભાંજફોડ થાયછે તોપણ તેબી તે કાયદાને લીધેજ થાયછે અને અંતેબી તે પાછું પોતાના **અસલ કાયદા** પ્રમાણેજ ચાલેછે. એ રીતે જગતમાં **એકજ કાયદો** સર્વોપરિ છે. હવે કોઇબી કાયદો હોય તેનો બાંધનાર કોઇ હોવોજ જોઇએ. વલી કોઇબી કાયદાનો પહેલો વિચારનાર અને બાંધનાર તથા જો જરૂર પડે તો પોતાનીજ શક્તિથી તેને અમલમાં લાવનારબી કોઇ એકજ હોવો જોઇએ. તે ઉપરથી સાબેત થાયછે કે આ જગતનો કાયદો પ્રથમ વિચારીને બાંધનાર અને તેને ચલાવ-નાર તે **એકજ** છે કે જેને આપણે ખુદા કરી કહીએ છીએ.

અને એ ઉપરથીબી અનેક ખુદાને માનવાના ધર્મોનું નામઆકુલપણું અને એકજ સર્વશક્તિવાન ખુદાને માનવાના ધર્મનું મઆકુલપણું જણાઇ આવેછે.

૩.—અનેકની અગાઉ એક હોવું જોઇએ. એક વગર અનેક બને નહિ. બલકે અનેક જે છે તે એક ઉપરથીજ થવાં જોઇએ. જેમકે એકડા પછી બગડો, તે પછી તગડો, એમ બીજી અનેકની સંખ્યા ઉત્પન્ન થાયછે. એ ઉપરથીબી સાબેત થાયછે કે સર્વેથી અગાઉ મૂલ ખુદા એકજ છે અને તેથીજ બીજું બધું બન્યુંછે એમ માનવું મઆકુલ છે.

અને એ ઉપરથીબી તે એકનેજ માનવાનો ધર્મ અનેકને માનવાના ધર્મો ઉપર શ્રેષ્ઠ સાબેત થાયછે.

એ વગેરે બીજી અનેક દલીલોથી એક-ઇશ્વરી ધર્મ અનેક-ઇશ્વરી ધર્મો ઉપર શ્રેષ્ઠ સાબેત થયલોછે, કે જેવો ધર્મ "મજદયસ્ની જરતોશ્તી" છે.

(૨) જરતોશ્તી દીનમાં મૂર્તિ વગેરે મનુષ્યકૃત કોઇબી ચીજને નમવા ફરમાવ્યું નથી. મૂર્તિપૂજકો અને તેઓનેજ મલતા બીજી હસ્તકૃત ચીજોને નમનારા લોકો પોતાની તે પૂજાને માટે ગમે તે દલીલો ધરાવતા હોય તોપણ માજદયસ્ની જરતોશ્તી દીનમાં તેવું કાંઇજ નથી એજ તેની ખાલેસીની અને તેની મોટાઇની એક મજબુત દલીલ છે. ખુદાએ-તાલાને જરતોશ્તી દીનમાં "મીનોઆન મીનો" યાને ગેબીઓનો ગેબી કરી માન્યોછે. તેથી તેણે કદીબી રંગરૂપ ધારણ કીધેલું જરતોશ્તી દીનમાં માન્યું નથી. અને જેનાં રંગરૂપની કોઇને ખબરજ નહિ તેનું રૂપ દેખાડવાની એ ધર્મમાં કીધેલી મનાઇ તદન વાજબી અને મુઆફુલ ઠરેછે અને એબી માજદયસ્ની જરતોશ્તી દીનની સરસાઇની એક સાબેતી છે.

(૩) માજદયસ્ની જરતોશ્તી દીનમાં હમેશાં ખાલેસ, રોશન અને ફાયદેમંદ ચીજો તરફ પસંદગી બતાવીછે, તેમજ મેલી, ગંદી, અને નુકસાનકારક ચીજો તરફ અત્યંત ધિક્કાર બતાવ્યોછે. એબી એ દીન ઉંચ પંક્તિની હોવાની એક મજબુત સાબેતી છે.

(૪) માજદયસ્ની જરતોશ્તી દીનનાં મૂલ પુસ્તક અવસ્તામાં ચોરી, લુચ્ચાઇ, ઠગાઇ અને પ્રપંચને વખાણ કે ઉત્તેજન મલે એવું કાંઇબી લખેલું નથી, બલકે ઓર એવી માણસની અક્કલને ખોટે માર્ગે વાપરવાની રીતીઓને ધિક્કારી કહાડીછે અને તેઓને તોડવાની તાકીદો કીધીછે. એ પણ એ દીનની મોટાઇની એક સાબેતી છે.

(૫) જરતોશ્તી દીનનાં મૂલ પુસ્તક અવસ્તામાં કોઇબી જાતની અનીતિની વાર્તાઓ નથી કે જેથી પાક નીતિથી ઉલટા વિચારોને ઉસ્કેરણી મલતી હોય. એ પવિત્ર પુસ્તકમાં જો કોઇ ઠેકાણે આ પ્રકારના અનીતિવાન સ્ત્રી કે પુરૂષનો ઇશારો આડકતરી રીતે વટીક આવ્યોછે તો ત્યાં તેની તરફ ધિક્કાર દેખાડવાની તક જતી મુકી નથી. એબી એ દીનની ઉંચી નીતિની એક મજબુત સાબેતી છે.

(૬) એ દીનમાં જપતપ અને દેહકષ્ટ કરીને માણસોને ઇશ્વરપ્રાપ્તિ થવાના ખોટા ભરોસાથી ફોકટ શરીર ઉપર અજાબ ગુજારવાનું ફરમાવ્યું નથી. બલકે તેથી ઉલટું તનદરૂસ્તી જાલવીને તેની શક્તિનો દુનીઆનું ભલું કરવામાં ઉપયોગ કરવા ફરમાવ્યુંછે. એબી એ દીનનાં મઆકુલપણાંની એક મોટી સાબેતી છે.

(૭) માજદયસ્ની જરતોશ્તી દીન પોતાને લગતી દરએક બાબતમાં માણસોને પોતાની અકલથી તપાસ કરવાનો કશો અટકાવ કરતી નથી. બલકે હરએક બાબતને અકલથી તપાસીને વાજબી અખ્તિયાર કરવા અને ગેરવાજબી તરક કરવાને ઉત્તેજન આપેછે. અકલનો રસ્તો અને ધર્મનો રસ્તો જુદો છે એમ કેહનારાઓનું એ મત ના પાડવાથી એ દીન પોતાની એક શ્રેષ્ઠાઇની મજબુત સાબેતી આપેછે.

(૮) માજદયસ્ની જરતોશ્તી દીનનાં મૂલ પુસ્તક અવસ્તામાં જગતની પેદાયશોની ઉત્પતિનાં બેહુદાં અને વિદ્યાની શોધોથી ખોટાં પડે એવાં વર્ણનો કાંઇ નથી. અને એ વિષેના જે કાંઇ છુટાછવાયા ઇશારા મલેછે તે ઘણું કરીને અકલને અનુસરતા જોવામાં આવેછે. એબી એ દીનની શ્રેષ્ઠાઇની એક વધુ સાબેતી છે.

(૯) માજદયસ્ની જરતોશ્તી દીન માણસને ઉદ્યોગી જીંદગી ગુજારવા ફરમાવેછે અને આળસાઇ, હરામખોરી,

તથા ભીખ માંગવા તરફ ધિક્કાર ફરમાવેછે. આ એ દીનની એક ખાસ ખુબી અને મોટાઇની સાબેતી છે.

(૧૦) માજદયસ્‌ની જરતોસ્તી દીન સંસારી અને પરણેલી જીંદગી ગુજારવાની તાકીદ કરેછે અને જોગી વેરાગી થવાને તેમજ મજબુત સબબ વિના કુમારી જીંદગી ગુજારવાને નાપસંદ કરેછે. આ એ દીનની મોટાઇની એક મજબુત સાબેતી છે.

(૧૧) માજદયસ્‌ની જરતોસ્તી દીનમાં રવાનની મુક્તિ કરણીને આધારે થવા જણાવીછે જેથી માણસને બદીથી દૂર રેહવાની અને નેકીમાં મશગુલ રહેવાની ચોંપ રહેછે. એટલુંજ નહિ પણ તે નેક કામો કરવામાં કોશેશ ચાલુ રાખેછે અને પારકાં પુણ્યથી મુક્તિ મેલવવાને ભરોસે તે બેપરવા થતું નથી અથવા નેક કામો કરીને પાપનું નિવારણ કરવાથી નિરાશ થતું નથી. અને તેનાં છેલી ઘડી સુધી ભલાઇ કરવામાં મશગુલ રહેવાથી દુનીઆને ફાયદોજ થાયછે. એખી એ દીનની બીજા ધર્મો ઉપર સરસાઇ છે.

(૧૨) વલી એ દીનમાં માણસે મરણ પામવા પછી ભૂત ડાકણ થઇને અથવા ઇનસાન કે હેવાન વગેરેનો અવતાર લઇને આ દુનીઆમાં પાછું આવવાનું શીખવ્યું નથી તેમજ બેહેશતમાં નફસાની મોજમજાહ ભોગવવાનું જણાવ્યું નથી. એખી એ દીનની એક સરસાઇ છે.

(૧૩) વલી એ દીનમાં પાપી રવાને મરણ પછી અનંતકાલ દોજખ ભોગવવા જણાવ્યું નથી પણ એક ચોકસ મુદત પછી આ દુનીઆની "ફરષોકરદ" (સમારવું) અને તમામ ગુજરેલાંઓનો "રિસ્તાખીજ" (ગુજરેલાંનું પાછું ઉઠવું) થશે અને તે પછીથી કુલ આલમ સુખી હેયાતી ભોગવશે એવું આશાવંત ઇમાન રાખવા શીખવ્યું છે. એ પણ એ દીનની શ્રેષ્ઠાઇનું એક કારણ છે.

એ ઉપરાંત મજ્દયસ્નની દીનની મોટાઇ અને બુજરગીની બીજી ઘણીએક સાબેતીઓ છે જેને ખુદ જરતોશ્તીઓ ઉપરાંત ઘણાએક પરકોમના દાનાવોએબી કબૂલ રાખીછે.

બેતો.

મજ્દયસ્ની દીન જરતોશ્તી બુલંદ,
છે ઘણી સરસાઇ તેની થઇ પસંદ.
પાક છે, મઆકુલ છે, જેના હુકમ,
કાંઇબી તેમાં નહિ મલશે અધમ.

સવાલો.—માજ્દયસ્ની જરતોશ્તી દીનની સરસાઇ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. માજ્દયસ્ની જરતોશ્તી દીનની સરસાઇની પેહલી સાબેતી સમજાવો. જગત એકલા એક ખુદાએ નહિ પણ અનેક દેવતાઓએ બનાવીછે એ મત ખોટું પડવાની પેહલી દલીલ આપો. તેની બીજી દલીલ આપો. તેની ત્રીજી દલીલ આપો. જરતોશ્તી દીનની સરસાઇની બીજી સાબેતી આપો. ત્રીજી સાબેતી આપો. ચોથી આપો. પાંચમી, છઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગીઆરમી, બારમી, તેરમી. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૫ મો.

બુતપરસ્તીથી તથા પારકા ધર્મથી દૂર રહેવું.

[illegible]

[illegible] .... [illegible]

[illegible]

ઓજ્ દેસ્-પરસ્તગી, ઓજ્ દેસ્-મનીહારી, ઓજ્-દેસ્-પજ્દગી....... પપતેત્ હોમ્.

(પતેત ઇરાની).

અર્થ.

"પારકા લોકની પૂજાપાત્રી કરવી, પારકા લોકની માનતા સૂનતા કરવી, પારકા લોકની ધર્મ આરાધના કરવી..... (એ જાતના ગુનાહોનો) પસ્તાવો કરૂંછું."

"બુત" એટલે મૂર્તિ અને "પરસ્તેશ" એટલે પૂજા. માણસને હાથે બનાવેલો કોઇબી આકાર—મૂર્તિ, ચિત્ર, વગેરે—ને પૂજવું જરતોસ્તી ધર્મે ફરમાવ્યું નથી. તમામ અવસ્તામાં તેમજ જરતોસ્તી દીનને લગતાં પેહલવી-પાઝંદ કે ફારસી લખાણોમાં મૂર્તિની અથવા હરએક કાંઇ હસ્તકૃત આકારની પૂજા કરવા કશું લખાણ આવેલું નથી, પણ ઓર તે કામની મનાઇ જોવામાં આવેછે, જેનો એક દાખલો આ મથાલે ટાંકેલા કલામમાં મલેછે.

તવારીખો ઉપરથી માલૂમ પડેછે કે પુરાતન ઇરાનીઓ કોઇબી હસ્તકૃત આકારને નમતા નહિ હતા. ફારસી શાહનામું તથા હીરોડોટસ વગેરે યુનાનીઓની તેમજ બાજી તમામ તવારીખો ઉપરથી માલૂમ પડેછે કે પુરાતન ઇરાનીઓ હમેશાં મૂર્તિપૂજા તરફ નાપસંદગી બલકે ધિક્કાર બતાવતા હતા. તેઓનાં દેશમાં મૂર્તિપૂજાનાં દેવાલયો બનેલાં જણાયાં નથી. એટલુંજ નહિ પણ કેટલીએક વખતે લડાઇઓને પ્રસંગે શું પોતાનાં કે શું પારકાં દેશોમાં તેઓને હાથે મૂર્તિપૂજાનાં સ્થાનો તારાજ થવાની નોંધો રહેલીછે.

જરતોસ્તીઓ હિંદુસ્તાનમાં આવી વસ્યા પછી તેઓમાંનાં કેટલાંએક અજ્ઞાન અને ભોલાં નરનારીઓ જુદદીનોનાં ધર્મનાં મકાનોમાં બેસાડેલી મૂર્તિઓની માનતા કરતાં હતાં અને તેઓને નમીને તે માનતાઓ ચઢાવતાં હતાં. તે ગુનાહભરેલા વહેમો ગયાં પચાસ વર્ષો પરખી ઘણે ઠેકાણે જોવામાં

આવતા હતા. પણ હવે તે જરતોસ્તીઓમાંથી ઘણાખરા નીકલી ગયાછે એ ઘણું ખુશીભરેલું છે. કેમકે એથી જરતોસ્તીઓ પોતાના અસલ ખાલિસ ધર્મની વલણ ઉપર પાછાં આવવા લાગાંછે.

કોઇબી જરતોસ્તીને ઘટારત નથી કે માણસને હાથે બનાવેલા કોઇબી આકારની પૂજાપાત્રી કરવી. બલકે દરએક જરતોસ્તીની ફરજ છે કે જો કોઇ હમદીન ગુમરાહીથી તેમ કરતું હોય તો તેને તે કામથી પાછું ફેરવવું.

માત્ર મૂર્તિપૂજાજ નહિ પણ કોઇબી પારકા ધર્મની પૂજાપાત્રી કરવી નહિ એવું જરતોસ્તી દીનનું ફરમાન છે. અને તે તદન વાજબી છે. કેમકે (૧) દરએક જરતોસ્તી જે પોતે પોતાને માટે "મજદયસ્નો જરથુશ્ત્રિશ્" યાને "હું એકલા મજદને માનનાર અને જરતોસ્તની પુઠે ચાલનાર" છું, એવો એકરાર હમેશાં કરેછે તે જો પોતાના તે એકરાર ઉપરાંત બીજા પારકા ધર્મોની પૂજાપાત્રીબી કરે તો તે પોતાનાં વચનથી ફરેલું અને પોતાના ખુદા તથા પેગમબરનું ગુનેહગાર થયલું ગણાય. માટે દરએક જરતોસ્તીએ હમેશાં સાહુચેત રહેવું કે મજદયસ્ની જરતોસ્તી દીન સિવાય બીજા કોઇબી ધર્મમાં તે શામેલ થાય નહિ. વલી (૨) દરએક જરતોસ્તી કુસ્તી કરતી વખતે પોતાની દીન વિષે એવો એકરાર કરેછે કે "યા હાઇતિનાંમ્ચા, બૂઇવેઇંતિનાંમ્ચા, મજિશ્તાચ્ચા, વહિશ્તાચ્ચા, સ્રએશ્તાચ્ચા," યાને મારો ધર્મ "બીજા સઘલા ધર્મો કરતાં સહુથી મોહટો, સહુથી ભલો, અને સહુથી સરસ છે," તો પછી તેણે પારકા ધર્મ તરફ વલવાની શી જરૂર છે? માટે તેની તો એજ ફરજ છે કે પોતાના ધર્મનો અભ્યાસ કરવો, તે મૂજબ અમલ કરવો, અને તે ઉપર કાયમ રહેવું.

પારકા ધર્મો તરફથી ગમે તેવી લાલચો મલતી હોય તોપણ દરએક જરતોસ્તીએ પોતાનો જે ધર્મ સાચો અને સર્વોત્તમ છે તેનેજ વલગી રહેવું. પેગમબર અશો જરતોસ્ત જો પોતાનો સાચો ધર્મ છોડે તો તેમને ઘણી દોલત બલકે મુલકની પાદશાહી વિગેરે મલે એવી લાલચો દેખાડવામાં આવી હતી તોપણ તે સાહેબે પોતાની રાસ્ત દીન છોડી નહિ હતી. તે દાખલો હમેશાં યાદ રાખીને દરએક જરતોસ્તીએ પોતાની દીન ઉપર કાયમ રહેવું; એટલુંજ નહિ પણ એ રાસ્ત દીન ઉપર ઉસ્તવાર રહેવાને લીધે ગમે તેવી સખ્તી અને મુશ્કેલીઓ વેઠવી પડે તે અશો જરતોસ્તની મીસાલે સબૂરીથી ખમવી. કેમકે આ દુનીઆનું સુખ દુઃખ ફક્ત થોડા વારનું છે, અને આપણું આકેબતનું રહેઠાણ તો આવતી દુનીઆમાં છે કે જે લાંબા વખત લગી મલવાનું સુખ ભલી માજદયસ્ની જરતોસ્તી દીન ઉપર કાયમ રહીને તેનાં ફરમાન મુજબ જીંદગી ગુજારવાથી મલી શકેછે. માટે એ દીનથી ફરવું નહિ.

સાસાનીઅન પાદશાહી ખતમ થવા પછી ઈરાનમાં જે જરતોસ્તીઓ પોતાની દીન ઉપર કાયમ રહેતા હતા તેઓ ઉપર તે કારણથી બહુ સખ્તી ગુજરતી હતી. તોપણ તેઓ તે બધું સબૂરીથી ખમીને પોતાની દીન ઉપર કાયમ રહેતા હતા. તેઓમાંનાં કેટલાંએકો પોતાની દીન છોડવી નહિ પડે તેને માટે તો પોતાનું પ્યારૂં વતન, ઘરબાર, અને માલ મીલકત વિગેરે છોડીને આ હિંદુસ્થાન દેશમાં આવી વસ્યાં હતાં. તેઓને અનુસરીને દરએક જરતોસ્તીએ પોતાની ખાલેસ દીન ઉપર કાયમ રહેવું સજાવાર છે.

દરદીએ પોતેજ દવા લીધાથી દરદ જાયછે તેમજ દરએક જણના આત્માની મુક્તિ તેનાં પોતાનાં ભલાં કામોથીજ થઇ શકેછે એવું રાસ્ત અને અકલને અનુસરતું ફરમાન

માજ્દયસ્ની જરતોસ્તી દીનમાં ફરમાવેલું છે. તે ફરમાન બરહક અને બેશક છે. માટે આત્માને કોઇની અપાવેલી મુક્તિ મળવાના ખોટા વિચારની ખોટી લાલચથી કોઇ પારકા મજહબ તરફ પોતાનું ઇમાન અને યકીન લઇ જવું નહિ.

કેટલીએક વખતે કેટલાંએક જરતોસ્તીઓએ પોતાનો ધર્મ છોડીને પારકો ધર્મ અખત્યાર કીધોછે અથવા ધર્મ નહિ છોડવા છતાં પારકા ધર્મની પૂજાપાત્રી કરવા લાગાંછે તેનાં કારણોમાં મુખ્ય કારણ ઘણું કરીને તેઓની પોતાના ધર્મની બીનમાહીતગારી હોવાનું જણાયુંછે. જેણે પોતાના મજ્દયસ્ના જરતોસ્તી ધર્મની થોડીબી ખરી રીતની માહીત-ગારી મેળવેલી હતી એવું કોઇ પારકા ધર્મ તરફ વલેલું કદાચજ જણાયુંછે. એટલામાટે દરએક જરતોસ્તી—શું મરદ કે શું ઓરત—નો ફરજ છે કે પોતે પોતાના ધર્મની હમેશાં માહીતગારી મેલવતાં રહેવું અને પોતાનાં ફરજંદોને પોતાના પાક ધર્મની કેળવણી આપવામાં કાંઇ કસૂર રાખવી નહિ. માજ્દયસ્ની જરતોસ્તી દીન સચાઇના એવા મુસ્તકીમ પાયા ઉપર રચાયલીછે કે જે કોઇએ તેની અપક્ષપાત રીતે તપાસ કીધીછે તેની ખાતરી થઇછે કે એના જેવો ઉત્તમ ધર્મ બીજો કોઇ નથી. છેક પુરાતન જમાનાથી એ ધર્મની વખાણ અનેક વિદ્વાનોથી થતી આવીછે. વચગાલેના જમાનામાં રાજપાટની ઉથલપાથલોને લીધે અને શત્રુ પ્રજા-ઓની તઅસુબોને લીધે એ ધર્મનાં ઘણાંએક મોતબર લખાણોનો નાશ થયો, અથવા તેઓના તરજુમા પરજાતના લોકોએ પોતપોતાની ભાષામાં કરી લીધા પછી તે મૂલ લખાણોને તકરકે કીધાં. પણ હાલ જમાનામાં જરતોસ્તી ધર્મના અભ્યાસનો નવેસરથી ઉદય થવા લાગ્યોછે અને તેથી તેની ઘણીએક ખૂબીઓ જણાવા લાગીછે. તે ઉપરથી

આશા રાખવાને બનેછે કે જેમ જેમ એ અભ્યાસનો વધારો થતો જશે તેમ તેમ એ ધર્મની ખૂબીઓ પ્રકાશતી જશે. માટે દરએક જરતોસ્તીનો ફરજ છે કે તેણે જેમ પારકા ધર્મથી પરહેજ રહેવું તેમજ પોતાના ધર્મની વાકેફી મેલવવામાંબી ગફલત રાખવી નહિ.

આ વાત તો સઘલી તરફથી એક અવાજે કબુલ રખાયલીછે કે જરતોસ્તી ધર્મમાં કાંઇબી એવું કહેલું અથવા શીખવેલું નથી કે જેથી અનીતિ અને નારાસ્તીને પસંદ કરવા તરફ માણસનું મન વલે. અનેક પ્રાચીન કે અર્વાચીન ધર્મોનાં લખાણોમાં તેઓના દેવતાઓએ તથા માણસોએ કીધેલા પ્રપંચોની તેમજ તેઓના કપટ, વ્યભિચાર, વગેરે દુર્ગુણો અને દુષ્ટ કામોની વાર્તાઓ જોવામાં આવેછે જેથી શું પાધરી કે શું આડકતરી રીતે માણસોને તે ખરાબ કામોની માહીતગારી થવાને ઉત્તેજન મલેછે. પણ જરતોસ્તી દીનને લગતાં લખાણો એવાં સ્વચ્છ છે કે તેઓમાં એવી કોઇ વાતો છેજ નહિ. એજ દેખાડી આપેછે કે જરતોસ્તી ધર્મ ચોખો અને નિર્મલ છે માટે તે ઉપર સાબેત કદમે રહેવું અને પારકા ધર્મોથી દૂર રહેવું.

જરતોસ્તી ધર્મની ઉત્તમ નીતિની અને ખાલેસ ફીલસુફીની વખાણો અનેક પરધર્મીઓએ વટીક કીધીછે. જેઓમાંથી હાલ જમાનેનો એક ખ્રીસ્ટી મીશનરી ડાકટર મરે મીચલ, કે જેણે એ ધર્મનો તથા બીજા ધર્મોનો ઘણાંએક વર્ષો લગી અભ્યાસ અને સરખામણી કીધીછે તેણે એ બાબતમાં પુખ્ત અભ્યાસ તથા લાંબો વિચાર કીધા પછી જે મત આપ્યુંછે તે તેના પોતાના શબ્દોમાં નીચે મુજબ છે:—

" .... જરતોસ્તી ધર્મ પોતાની કેટલીએક ચોકસ ખાસીઅતોને લીધે એક ઉંચો દરજો મેલવવાનો હક

ધરાવેછે. પેહલું.—એ ધર્મમાં જે પૂજ્ય ગણાયછે તેને કોઇબી અનીતિના દુર્ગુણો લાગુ પાડેલા નથી. સર્વેથી મોટા ખુદા અહુરમજ્દ સાધારણ રીતે જણાયલા બીજા બુતપરસ્ત પ્રજાઓના જાણીતા દેવતાઓ કરતાં ચોખ્ખી નીતિમાં ઘણો ઉંચે દરજ્જેનો છે. અવસ્તામાં ઘણેએક ઠેકાણે કુદરતની પેદાયશોની પરસ્તેશ રાખેલીછે ખરી, તોપણ તે કુદરતી વસ્તુઓને અથવા તે ઉપરના મવકલ ફરેશતાઓને કોઇબી દુર્ગુણો લાગુ પાડયા નથી. બીજું.—કોઇબી અનીતિવાન કામને પરસ્તેશના એક ભાગ તરીકે અવસ્તામાં બહાલ રાખ્યું નથી. ત્રીજું.—પરસ્તેશની ઠરાવેલી ક્રિયાઓમાં ઘાતકીપણાંની કશી નીશાન નથી. ચોથું.—રોશની અને અંધકાર વચેના મોટા ઝઘડામાં અવસ્તા તેના ખરા પરસ્તેશ કરનારને મુંગાં મુંગાં પડી રહીને ખમેયા કરવાની તાકીદ કરતા નથી, પણ બદીના પક્ષનાં સર્વે કામ તથા વસ્તુઓની સામણે તેનાં પોતાનાં પૂરતાં બળથી લડાઇ કરવાની તાકીદ કરેછે. પાંચમું.—એ ધર્મની એક ઘણીજ ધ્યાનમાં રાખવા જોગ ખાસીઅત મૂર્તિપૂજાની ગેરહાજરી છે. છઠું.—અવસ્તા માણસજાતનાં સારાં ભવિષ્ય વિષે કદી નાઉમેદી શીખવતા નથી. પણ તેથી ઉલટું તે એવું શીખવેછે કે અંતે બદી ઉપર નેકીની ફત્તેહ થશે."

બેત.

બુતપરસ્તીથી વળી પરધર્મથી બસ દૂર રેહ—
મજ્દયસ્નીની દીનના વિશ્વાસથી ભરપૂર રેહ.

સવાલો.—"બુતપરસ્તીથી તથા પારકા ધર્મથી દૂર રહેવું" એ વિષેનો પાજંદ કલામ અર્થ સહીત કહો. બુતપરસ્તી વિષે જરતોસ્તી ધર્મનાં લખાણોમાં શું આવેલું છે તે સમજાવો. એ વિષે ઇરાનની તવારીખો શું કહેછે તે સમજાવો. હિંદુ-

સ્થાનના જરતોસ્તીઓમાં બુતપરસ્તીની અસર થઇ હતી તે વિષે કહો. હસ્તકૃત આકારની પૂજા વિષે દરએક જરતોસ્તીની શી ફરજ છે? કોઇબી પારકા ધર્મની પૂજાપાત્રી જરતોશ્તીઓએ કાં નહિ કરવી, તેનાં કારણો સમજાવો. દુનીઆઇ ફાયદા મલતા હોય, સખતીમાંથી છુટકારો થતો હોય, અને એવાજ બીજા લાભો મલતા હોય તોબી પારકી દીન તરફ નહિ કાંએ વલવું? આત્માની મુક્તિની લાલચ કેવી છે? દરએક જરતોસ્તીની પોતાના ધર્મની વાકેફગારી મેલવવાની ફરજ કેમ છે તેનાં કારણો સમજાવો. જરતોસ્તી ધર્મ કેવો ચોખો અને નિર્મળ છે તે સમજાવો. જરતોસ્તી ધર્મની સરસાઇ વિષે ડાકટર મીચલનું મત વિગતે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૬ ઠો.

કામા હોમા—પોતાની દીન ઉપર જીવ આપનાર એક જરતોશ્તી.

નગર છે નર્મદા તીરે પુરાણું,
ભરૂચ નામે—નથી તે તો અજાણું.
વસે જરતોશ્તીઓ ત્યાં કંઇ હુનરવર,
મુસલમાની હકુમતમાં રહી ઠર.
કરે **કામા** બિને **હોમા** વણત કામ,
ભલી યાનત થકી પામે ઘણું દામ.
હમેશાં રાસ્ત બોલે, કોલ પાલે,
ખરા ઇનસાફથી સહુ સાથ ચાલે.
હતો વેહવાર સૈયદ એક સાથે,
રૂપૈઆ આપ લે કરવાજ હાથે.
કજાથી એક દીન તકરાર ઉઠી—
શુણી કામા ઉપર દરબાર રૂઠી.

હુકમ કીધો નવાબે ખાસ એવા—
"પઢ કલમો, નહી તો જાન લેવા."
નહી ફરવા જરાતોસ્તી ધરમથી,
ખરાં ઇમાનથી, ના જણુ શરમથી,
થયો તૈયાર મરવા નેક બેહદીન,
ન છોડી મજદયસ્ની પાક આઇન.
અને જે શેહનશાહી યજદગર્દી,
હજાર ઉપર હતો બોતેર વર્ષી,
અમરદાદ રોજ અરદીબેહસ્ત માહે,
ગુજસ્યો દીન પરવર નેક રાહે,
કતલ જલ્લાદ હાથે થઇ મરાયો,
ભલો કામા ખરો બેહદીન જાયો!
મળી જરતોસ્તી અંજૂમન કરી વાદ,
"ગરોથમાની" ઠરાવી નામની યાદ.
ધટેછે ધર્મથી હરગજ ન ફરવું,
ભલે સત ધર્મ ખાતર થાય મરવું.

પાઠ ૭ મો.

મજદયસ્ની જરતોશ્તી દીનની ખુબીઓ.

૫૬.

("મજદયસ્નો અહ્મિ" ના કરદાનો સારાંશ).

મજદયસ્ન છું ખાસ, જરતોસ્તી દીનપર વિશ્વાસ.
પરધર્મોથી દૂરી પકડું, નહિ રાખું કચ્ચાસ. જ૦ મ૦
અહુરી દીનને રસ્તે ચાલી, રહું મજદનો દાસ. જ૦ મ૦
મનસા વાચા વલી કર્મણા, નેક ધરું નિજપાસ. જ૦ મ૦
મજદયસ્નીપર આસ્થિત રહિને, વખાણુઉં ચોપાસ. જ૦ મ૦

જે દીનનાં પ્રતિવાદી સઘળાં, હારી થયાં નિરાશ. જ૦ મ૦
જે દીન સહુસે સંપજ શિખવે, કલહનો ટાલે વાસ. જ૦ મ૦
બીજા ધર્મો બહુ દુન્યામાં, પણ સહુમાં એ ખાસ. જ૦ મ૦
જરતોસ્તી મજદયસ્ની ધર્મે, ટલે સકલ ભવ ત્રાસ. જ૦ મ૦

રેખતા.

જરતોસ્તી પાકદીનની ખૂબીઓ આશકાર.
એ મેહલ ઉસ્તવાર સદા રેહજો પાયદાર! જરતોસ્તી૦

એકજ ખુદાની ભક્તિ પાયો છે જેહનો,
સત ધર્મ દીવાલોથી ઇમારત છે બરકરાર. જરતોસ્તી૦

દરવાજે લેખ જેને ઝલકેછ સુનેરી—
"કિરતારની મરજીને સદા ચાલ અનુસાર." જરતોસ્તી૦

"સત ધર્મ ઉંચી ન્યામત"—"જીંદગી છે પરીક્ષા"—
"કરણી તે પાર ઉતરણી"—એ જાણ ખરો સાર. જરતોસ્તી૦

મન વાણી કર્મ નેક જેના થામ મુસ્તકીમ,
આલમ તણી ભલાઇ જેનું છજીઉં ઉસ્તવાર. જરતોસ્તી૦

દીવાનખાનું રોશન જેનું અશોઇથી,
છતપર પરોપકાર નેકીના જુઓ ચિતાર. જરતોસ્તી૦

ઉદ્યોગ, પાક યાનત, માફી, સખાવતો,
સચ્ચાઇ, પવિત્રાઇ, પાક જેનો સણગાર. જરતોસ્તી૦

એ દીનનું દીનદાર સદાચારે તનદરસ્ત,
દુર્ગુણ 'ને દુરાચાર જે કાહડે સદા બહાર. જરતોસ્તી૦

આ ભવમેં બજાવે ફરજો હિમ્મતે હમેશ,
પામે બેહેસ્ત આખર જઇ અહુરમજદ દ્વાર. જરતોસ્તી૦

પાઠ ૮ મો.

"દીન" અને "આઈન" વચેના ફરકની સમજણ.

[illegible]

દીને હોરમજ્.દ દાદે જ્.રતોશ્ત્, રાસ્તે—એ ફરાઝુને કરદે—એ પોરયો—ત્કેશાન્, પ—દસ્તુર—દાર્ હોમ્.

(પતેત પશેમાની, કરદા ૧ લો).

અર્થ.

"હોરમજ્.દની દીન (જે) જ્.રતોશ્તનો કાયદો, અને આગલા મજહબવાલાઓના કીધેલા (જે) ભલા માર્ગો, તેઓને દસ્તુર તરીકે રાખનાર (અનુસરીને ચાલનાર) હું છું."

દીન યાને ધર્મ. જોકે જુદાં જુદાં લોકોમાં જુદાં જુદાં રંગ રૂપે ધર્મો જોવામાં આવેછે તોપણ દુન્યાનાં નજદીક તમામ ઇનસાનો ધર્મ જેવું કાંઇએક માનતાં આવ્યાંછે અને માનેછે. માણસ ખુદાનો ડર અને તેની પરસ્તેશ કરનારૂં પ્રાણી છે. કોઇ જપતપ કરેછે, કોઇ સમાધી કરેછે, કોઇ બંદગી અને ભક્તિ કરેછે, કોઇ પૂજાપાત્રી કરેછે, કોઇ ધુંધીપણે પરોપકારી કામો કરવામાં ધર્મ સમજેછે, કોઇ એખલાકે ઇલાહી અને ધર્મનીતિપર ઉસ્તવારીથી અમલ કરવામાં ધર્મ માનેછે; ઘણાં માણસો ગુનાહ કરવાથી ડરેછે અને થયલા ગુનાહોનો ખરો પસ્તાવો કરેછે; ઘણાં માણસો મુશ્કેલીમાં તેમજ બીજી વખતે ગેબી મદદ ચાહેછે અથવા

મનની મુરાદો માગેછે;—એ બધું દેખાડેછે કે માણસ કોઇ એક ગેબી શક્તિ અથવા શક્તિઓ ઉપર વિશ્વાસ રાખનારૂં પ્રાણી છે. બીજા બોલોમાં માણસ ધર્મને માનેછે.

હું કોણ છું, ક્યાંથી આવ્યોછું, અને ક્યાં જનાર છું? કોઇ ગેબી શક્તિ અને તેની દયા મારી સંભાળ લીએછે કે નહિ? ભલું શું છે? અને તે મને કોણ દેખાડે? એવા એવા કેટલાએક વિચારો માણસના મનમાં આવ્યા વગર રેહતા નથી. અને તે એવા છે કે તેઓની તરફ બેદરકાર રહીને તેઓને છોડી દેવાય એમ નથી. એથી કરીનેજ માણસોમાં ધર્મને મોહટી અગત્યતા મલતી આવીછે.

ધર્મની ઉત્પત્તિ વિષે અનેક જુદાં જુદાં મતો છે. કોઇ કહેછે કે ધર્મ કિર્તારે ઇનસાનમાં મુકેલી એક પ્રેરણાબુદ્ધિ છે. કોઇ કહેછે કે તે ચોકસ મહા પુરૂષોને જાહેર થયલી ખુદાઇ વહી છે. કોઈ કહેછે કે શરૂમાં ઇનસાનો કુદરત-માંની મહાભારત શક્તિઓથી આજેજ થઇ જવાથી તેમને નમાને તાબે થવા લાગાં અને તેમને પૂજવા લાગાં તેમાંથી સુધારો થતાં થતાં ખાલેસ ધર્મની ઉત્પત્તિ થઇછે. કોઇ કહેછે કે શરૂઆતમાં ઇનસાનો પોતાના ગુજરેલા સરદારો અને ગુજરેલાં વાડવડીલોને માન આપવા લાગા તેમાંથી તેની ઉત્પત્તિ થઇછે. કોઇ કહેછે કે સ્વપ્નામાં દેખાતા દેખાવોને મુવેલાંના ભૂત વગેરે આત્માઓ સમજીને તેઓને તેઓ સંતુષ્ટ કરવા લાગા તેમાંથી તેની ઉત્પત્તિ થઇછે. એ વગેરે અનેક વિદ્વાનો ધર્મની ઉત્પત્તિ વિષે અનેક રીતે કહેછે. તોપણ ઘણું કરીને એવું જણાયછે કે ધર્મની ઉત્પત્તિનું મૂળ માણસે અનુમાનો ઉપરથી જગતમાં પોતા કરતાં વધારે શક્તિવાન અને અનંત હસ્તીવાળાં કોઇ અણદીઠને પોતાના ખ્યાલમાં લેવાની અને નામ આપવાની

કોશિશમાં છે. જેવી અને જેટલી જેની કોશિશ તેવું અને તેટલે દરજ્જે ચહડતું કે ઉતરતું તેના ધર્મનું રંગરૂપ બન્યું છે.

ધર્મનાં અનેક રંગરૂપો મધેથી ચોકસ વધતાં કે ઓછાં રૂપો ધ્યાનમાં લેવાથી જુદા જુદા વિદ્વાનો જુદી જુદી રીતે ધર્મની વ્યાખ્યા આપેછે. દાખલા તરીકે કોઇ કહેછે કે ધર્મ એટલે બાતેનની ભક્તિ તથા તેનું જાહેરનું સ્વરૂપ. કોઇ કહેછે કે ધર્મ એટલે ચોકસ મતો અને પરસ્તેશની ચોકસ ધોરણ કે જે તેને માનનારાંઓ ગેબી આલમમાંથી ઉતરેલી ગણેછે. એવાં એવાં અનેક લક્ષણો અપાયછે. પણ તેનું એક બોહલું લક્ષણ આ પ્રમાણે આપી શકાય કે ધર્મ એટલે માનોઇ આલમ તરફની માણસનાં મનની સ્થિતિ તથા તે સ્થિતિ અને ઇમાનથી તેની પોતાની તરફની વર્તણુક ઉપર તથા તેની મનુષ્યો તથા બીજાં પ્રાણીઓ અને પેદાયશો તરફની વર્તણુક ઉપર થતી અસરો.

ધર્મની લાગણીમાં અનેક લાગણીઓનો સમાસ થાયછે. જેવી કે એક બુલંદ અને છુપી શક્તિની સંપૂર્ણ તાબેદારી, તેની ઉપર આધાર, તેનો ડર, તેની તરફ માન, તેની તરફ શુકરગુજારી, ભવિષ્યને માટે તેનીથી આશા, સર્વે તરફ સંપૂર્ણ ભલો પ્યાર, અને એ વગેરે બીજી અનેક ભલી લાગણીઓ.

આ સઘળી લાગણીઓના સામટા સમુદાયને બુદ્ધિ અને નીતિ સંબંધી શક્તિઓમાં ઘણું આગળ વધવા વગર કોઇ પ્રાણી અનુભવી શકે નહિ. એથી કરીને એ બાબતો જે ધર્મમાં જેટલે દરજ્જે ખાલેસ કે નાખાલેસ જણાય તેટલે દરજ્જે તે ધર્મ ચહડતા કે ઉતરતા વર્ગમાં મુકાઇ શકેછે

અને એ સબબથી ધર્મ પોતે જોકે એકજ છે તોપણ જુદાં જુદાં રંગરૂપો અને ચહડ ઉતરપણાંને લીધે અનેક ધર્મો દુન્યામાં દેખાયછે.

હવે દરએક કોમનાં ધર્મને લગતી બાબતોમાં ખુદ તે ધર્મનાં મૂળ ફરમાનો અને તેને માનનારાંઓને માટે ધર્મગુરૂઓએ પાછળથી દેશ, કાળ, અને સ્થિતિ મુજબ તેને લગતી પાડેલી રાહરસમો એમ બે ભાગ પડી શકેછે. અને એથી કરીને જે કાંઇ કે મૂળ ધર્મ તે "દીન" અને જે કાંઇ કે ધર્મનાં પેટાંમાં રસમ, રેવાજ, અને શરેસતો તે "આઇન" કરી કહેવાયછે. અને એજ પ્રમાણે મથાલે ટાંકેલા પાજંદ કલામોમાં જણાવ્યું છે, જે ઉપરથી "દીન" અને "આઇન" વચેનો ફરક જણાઇ આવેછે. દીન તે છે કે જે ખુદ તેના સ્થાપનારે ખુદાઇ સત્તાથી ફરમાવેલું છે એમ માનવામાં આવે તે, અને આઇન તે છે કે જે તેની કોમના પેશવાઓએ ચલાવેલા માર્ગો, પંથો, રેવાજો, અને ધારા હોય તે. જેમકે એક સેહજ સમજ પડતા દાખલા તરીકે અશો જરતોશ્તે પોતાના ગાથામાં (ગાથા "સ્પેંતામઇન્યૂ," હા "યેજ઼્દા" ફ૦ ૫) આપેલું ફરમાન કે માણસે પાકીજગી રાખવી, પછી તે શું તનની કે શું મનની. એટલો મૂળ કાનૂન તે અહુરમજદની દીન અને જરતોશ્તનો કાયદો છે જે પાલવાની દરએક જણની ફરજ છે. હવે એ ઉપરથી દીનના પેશવાઓએ તનની અથવા મનની પાકીજગી કરવાનાં જે જે સાધનો પોતપોતાના જમાનાની સમજણ અને દેશ તથા હાલત મુજબ ઠરાવેલાં તે પાકીજગીની આઇન, રેવાજ, રસમ અથવા શરેસતા કરી જાણવાં. દીનમાં ફેરફાર થઇ શકે નહી, પણ આઇનમાં જો જરૂર પડે તો દેશ, કાળ તથા સ્થિતિ મુજબ ઘટતો ફેરફાર થઇ શકે.

સાધારણ લોકો નાવાકેફીને લીધે કેટલીએક વખતે દીન અને આઇનને ભેલી નાખેછે તેથી ઘણા ગેરફાયદા થાયછે. માટે હમેશાં ખરી વાકેફી મેલવીને તે મુજબ અમલ કરવો.

દીન અને આઇનથી તદન મોકલી જીંદગી ગુજારવી અશકય છે. કેમકે માણસ જો અક્કલવાલું અને મંડલીમાં રેહેનારૂં પ્રાણી છે તો તેની તે અક્કલને ધર્મનું જ્ઞાન—તેનાં મતો, તેની નીતિ અને કામો, તેના કાયદા, તેના જુદા જુદા જમાનામાં જુદાં જુદાં રંગરૂપો વગેરેનું જ્ઞાન—મેલવવું તથા દેશ, કાળ, અને સ્થિતિને બંધબેસતી રાહ રવેશ રાખવી એ એક તેની જીંદગીનો જરૂરનો ભાગ છે.

બેત.

દીન અને આઇન એ બેને જુદાં વાણાં ગણો—
"દીન" બોહલા કાયદા, "આઇન" વહિવટને ભણો.

સવાલો.—"દીન" અને "આઇન" વચેના ફરકને લગતો પાજંદ વાકય અર્થ સહીત બોલી સમજાવો. દીન એટલે શું ? તેનો વિસ્તાર કેટલાં માણસોમાં છે ? ધર્મની અગત્યતા કાંય મનાતી આવીછે ? ધર્મની ઊત્પત્તિ વિષે વિદ્વાનોનાં મતો શું શું છે ? ધર્મ વિષે વધારે સંભવિક ધારણા કઇ લાગેછે ? જુદા જુદા વિદ્વાનોથી અપાતી ધર્મની કેટલીએક વ્યાખ્યાઓ કહો. ધર્મનું એક બોહલું લક્ષણ શું આપી શકાય ? ધર્મની લાગણીમાં કઇ કઇ લાગણીઓ સમાયછે ? ચહડ ઊતર પંક્તિના ધર્મો હોવાનું કારણ શું ?—દીન અને આઇન વગર માણસથી જીંદગી ગુજારવી અશકય કેમ તે સમજાવો. આ પાઠની કવિતા બોલી સમજાવો.

પાઠ ૯ મો.

"વેહદીન" અથવા "હુદીન", યાને સુધર્મ, અને "અકદીન", યાને કુધર્મ, વચેના ફરકની સમજણ.

......[illegible] [illegible] [illegible]

વહુહિ દ્એઁન માજ્દયસ્નિનશ્......

(વંદીદાદ, પરગરદ ૩, ફ૦ ૪૨ મો)

અર્થ.

"ભલી દીન માજ્દયસ્ની"......

......[illegible] [illegible]

અઘ દ્એઁન... ...

(વંદીદાદ, પરગરદ ૧૮, ફ૦ ૯ મો)

અર્થ.

"ખરાબ દીન"......

[illegible]

[illegible]

[illegible]

સિપાસ્ દારમ્ અજ્ દાદારે વેહ્ અફ્જૂની, કે ઇર્ હમ્, ન અનીર્; વેહ્દીન્ હમ્, ન અક્-દીન્.

(સેતાયશે બનામે અહુરમજ્દ)

અર્થ.

"શુકર ગુજારૂં છું ભલા વરધી કરનાર દાદારના કે હું આર્ય છું, અન્-આર્ય નથી; **સુધર્મી છું, કુધર્મી નથી."**

અવસ્તામાં "અઈર્ય" તથા "અન્-અઈર્ય" તેમજ "વહુહિ દએઁન" તથા "અક દએઁન" એવા મુકાબલો દેખાડનારા લફ્જો મલી આવેછે. "અઈર્ય" એટલે આર્ય યાને આબાદી કરનાર, અને અન્-અઈર્ય" એટલે અન્આર્ય યાને આબાદીનો વિરોધી. દરએક જરતોસ્તીએ દુનિયામાં આબાદી કરવાને તરીકે ચાલવું જોઇએછે તેથી તેને ખાસ રીતે "અઈર્ય" કરીબી કહેછે. અને એથી કરીને "અન્-અઈર્ય" જેમ આબાદીના વિરોધીઓને તેમજ જેઓ જરતોસ્તી નહિ તેઓનેબી બાજેક વખતે લાગુ પાડયોછે. "અઈર્ય" નો મૂળ અર્થ ઠરીઠામ, સુધરેલી, અને કેળવાયલી જીંદગી ગુજારનાર થાયછે. અને "વહુહિ દએઁન" નો અર્થ ભલી દીન થાયછે, જે ઉપરથી "વેહદીન" અથવા "બેહદીન" શબ્દ નીકલ્યોછે. અવસ્તામાં અઈર્યને વખાણ્યાંછે અને અન્-અઈર્યને વખોડયાંછે. તેમજ ભલી તથા રાસ્ત દીનને અહુરમજદની મરજી મુજબની અને બુરી તથા ખોટી દીનને તેથી ઉલટી ગણીછે. તે ઉપરથી તેમજ મથાલે ટાંકેલા કલામો ઉપરથી જણાયછે કે દરએક જરતોસ્તી સુધરેલી અને કેળવાયલી જીંદગી ગુજારનારૂં હોવું જોઇએ. તે જંગલી, અભણ, અને વેહમી જીંદગી ગુજારનારૂં નહિ હોવું જોઇયે; તેમજ તે "વેહદીન" અથવા "બેહદીન" યાને ભલી દીનવાળું, સુધર્મી હોવું જોઇયે, અને "અક-દીન" યાને ખરાબ દીનવાલું, કુધર્મી નહિ હોવું જોઇએ.

કેટલાંએક જરતોસ્તીઓ પોતે ભલી દીનવાળાં છતાં અનેક ખોટા વેહમોબી રાખેછે જે જરતોસ્તીપણાંથી ઉલટું છે. માટે દરએક ખરાં જરતોસ્તીએ તેવી સઘળી બાબતોથી દૂર રહેવું. એ વિષેના થોડાએક દાખલા આપણે જોઇએ.

જરતોશ્તી ધર્મની આ એક મોટી ખુબી છે કે તેમાં કોઇબી માણસ મુવા પછી ભૂત કે ડાકણ થાએ કે કોઇ જીવતાંનાં અંગમાં આવે એવું છેજ નહિ. કોઇબી ગુજરેલાં માણસનો આત્મા, પછી તે શું જરતોશ્તીનો કે શું જુદ્દીનનો, કોઇ બીજાં જીવતાંનાં અંગમાં આવે એવું તમામ અવસ્તામાં કોઇબી ઠેકાણે જોવામાં આવતું નથી. બલકે કોઇબી બદ રૂહ ઇનસાની સુરતે આ દુનિયામાં રહે અને ફરીહરી શકે એ વાતનો અશો જરતોશ્ત અને તેની પછીના સર્વે જરતોશ્તીઓ ઇનકાર કરતા આવ્યાછે એમ હોમ યશ્ત (યજશને, હા ૯, ફ૦ ૧૫) માં તથા પહેલવી દાદસ્તાને દીની (સવાલ ૧ લો, ફ૦ ૧૮) અને બીજી કેતાબો-માં ખુલ્લું જણાવ્યું છે. એમ છે તોપણ કેટલાંએક વેહમીઓ ભૂત પલીતને તથા મુવેલાંઓ જીવતાંનાં અંગમાં આવ-વાના ખોટા વેહમને માનેછે. એ કુધર્મીપણું છે. માટે દરએક ખરાં મજદયસ્નાન જરતોશ્તીએ ભૂતભમાતાની તથા મુએલાંનો આત્મા જીવતાંનાં અંગમાં આવવાની વેહમી વાતો તદન માનવી નહિ, અને જે લોકો તે માનતાં હોય તેઓનું તે મત પોતાના સુધર્મથી ઉલટું સમજવું.

બીજા કેટલાએક ખોટા વેહમો દુનિયાનાં લોકોમાં ચાલેછે. જે સઘળા માજદયસ્ની જરતોશ્તી દીનમાં ના-કબૂલ કીધેલા-છે અને તેઓને તોડવાના હુકમો જાબજા ફરમાવ્યાછે. જેમકે "દેવપરસ્તી" તથા "બુતપરસ્તી" ને ગુનાહભરેલી ખરાબ દીન તરીકે ગણીને તેની મનાઇ કીધીછે, જાદુ અને પરીઆંઓને માનવાની મનાઇ કીધીછે, એટલુંજ નહિ પણ તે સર્વેને તોડવાની તાકીદો ફરમાવીછે. વેહમી માનતાથી બાધા લેવાની અને ધર્મ તરીકે ઉપવાસ રાખવાની મનાઇ કીધીછે. તાવીજ માદરીઆંના વેહમ વિષે અવસ્તામાં એક

ઇશારો વટીક મલતો નથી. માટે એ તથા એવીજ બીજી વેહમી બાબતોને ખરાબ દીનને લગતી ગણીને તેઓથી દરએક ખરાં જરતોશ્તીએ દૂર રહેવું.

જોષીઓ અને નજુમીઓ ભવિષ્ય વર્તવાનો દાવો કરેછે, અને તેઓનું કહેલું કેટલાંએકો માનેછે. તે પણ એક વેહમ છે કે જે વિષે અવસ્તામાં કાંઇબી ઇશારો મલતો નથી. માટે એ વેહમબી દરએક જરતોસ્તીએ માનવાજોગ નથી.

સઘળા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા વેહમો વિદ્યાની રોશનીથી વખોડી કાઢવાજોગ ઠરી ચુકાછે. પણ કેટલાએક વેહમો એવા છે કે જે ધર્મને નામે લોકોમાં ચાલુ રહેછે. તે વેહમો કાંઇ ઓછા વખોડી કહાડવાજોગ નથી. ધર્મવેહમોથી માણસો ઘણાએક બેજા ખરચો કરેછે, ઘણીએક બેજા જેહમતો ખેંચેછે, ઘણાંએક ઝનુનોને આધીન રહેછે, અને ઘણી વખતે બીજાંઓને કંટાલો ઉપજાવવાનાં બલકે નુકસાનો વટીક કરવાનાં કારણ થઇ પડેછે. ધર્મવેહમ જેવા થોડાજ બીજા વેહમો હશે કે જેથી માણસોનાં સુખનો ઓછો નાશ થતો હોય. ધર્મવહેમ ઘણી વખતે તેઓને માનનારાંઓના મનમાં ખ્યાલી ગુનાહોની ધાસ્તી ઉત્પન્ન કરેછે. ધર્મવહેમથી ઘણી વખતે લોકોમાં ઉથલપાથલો થાયછે. ધર્મવહેમથી ખરા ધર્મની ખુબસુરતીને ધોકો પુગેછે. ધર્મવહેમો ઘણી વખતે મૂર્ખની માફક વર્તેછે, જેથી ખરો ધર્મ હસી કહાડવા જેવા આકારમાં મુકાયછે. ધર્મવહેમે ધર્મને નામે ઘણા અધર્મો કરાવ્યાછે. એ જાતનાં ઝનુની વહેમે ખુનખાર લડાઇઓ, ભયંકર ખુનો, આગ, લુટ, મારામારી, અને સુંદર ઇમારતોનો નાશ, વગેરે અનેક ખરાબીઓ કરાવીછે. તેણે ઘણી વખતે ઇનસાનોની સુખસંપત્તિનો નાશ કીધોછે. ધર્મવહેમી ખરૂં છુટાપણું

ભોગવતું નથી. તે બીજા પ્રકારોનાં વહેમીઓ કરતાં વહેમ-ની બેડીમાં ઓછું જકડાયલું નથી.

એ પ્રમાણે જેઓની હસ્તીજ નહિ તેઓની હસ્તી માન-વાના અનેક તરેહના ખોટા વહેમો હજુ લગી દુન્યામાં ચાલુ છે તેનું કારણ એ કે માણસજાતની પેદાયશની શરૂમાં તેની હાલત બેખબર હતી તેથી તે પોતાનાં અજ્ઞાનપણાંથી અનેક ચીજોમાં ભલા અથવા ભૂંડા આત્માઓ માનીને તેઓને પૂજતું હતું. વખત જતાં જેમ જેમ તેઓમાં સુધારો અને ખરા ધર્મની સમજણ ખીલતી ગઇ તેમ તેમ તેઓમાં અસાધારણ શક્તિનાં માણસો ખરો એક-ઇશ્વરી ધર્મ શીખવતાં ગયાં તોપણ સાધારણ અજ્ઞાન લોકો પોતાના પેલા આગલા અનેક ગેબીઓને માનવાના વહેમો છોડી નહિ શકવાથી તેઓ તેમને એક સર્વશક્તિવાન ખુદાને માનવા છતાં તેની નીચેના ઉતરતા દેવતાઓ તરીકે માનતા રહ્યા. અને એજ મુજબ પેગમબર અશો જરતોસ્ત ગુજરી જવા પછી જરતોસ્તીઓમાં ઇરાન તથા હિંદુસ્થાનમાં અનેક પ્રસંગે થતું રહ્યુંછે કે જેથી જરતોસ્તીઓમાં માજદયસ્ની દીન ખાલેસ એક ખુદાને માનવાની છતાં અજ્ઞાનપણાંથી અનેક ખોટા વહેમો રાખવાના રેવાજો થયા હતા અને હજુબી જોવામાં આવેછે. પણ એથી આપણ મજદયસ્નાન જરતોસ્તીઓ ભલી દીનનાં સુધર્મી છતાં વહેમો પાલનારાં કુધર્મીમાં ખપીએ છીએ. માટે દરએક ખરા જરતોસ્તીની ફરજ છે કે તેણે એકલા દાદાર અહુરમજદને માનીને હરએક તરેહના ધર્મવેહમ કે બીજા કોઇબી જાતના ખ્યાલી વેહમો રાખવા નહિ અને સુધર્મ તથા કુધર્મ વચેનો ફરક સમજીને તે મુજબ ચાલવાની કોશેશ કરવી.

બેત.

સુધર્મી થઇ કુધર્મી વેહમ છોડો—
સદા દિલને અહુરમજ઼્દ સાથ જોડો.

સવાલો.—"હુદીન" યાને સુધર્મ અને "અકદીન" યાને કુધર્મ વચેનો ફરક સમજવાની બાબતના અવસ્તાના તથા પાજંદના કલામો અર્થ સહીત કહો. એઓની ઉપર શરેહ કરીને સમજાવો. જરતોશ્તીએ ભૂત ભમાતાનું વેહમીપણું નહિ રાખવું જોઇએ તે વિષે સમજાવો. બુતપરસ્તી, જાદુ, તાવીજ, માદરીઆં, જોષી, વગેરે એવાજ બીજા વેહમો છોડવા વિષે સમજાવો. ધર્મવેહમોથી થતી કેટલીએક ખરાબીઓ સમજાવો. વેહમોની મૂળ ઊતપત્તિ તથા હજુ લગી તેઓના ચાલુ રેહવા ઉપર એક જરતોશ્તીની રૂએ વિવેચન કરો. આ પાઠના નીતિસારની કવિતા બોલો સમજાવો.

પાઠ ૧૦ મો.

ખુદાને મલવા કીજે અશો જ઼રતોશ્તે પકડેલો માર્ગ.

.... [illegible]

[illegible] ....

[illegible]

અત્ થ્વા મેંગ્હી પોઉર્વીંમ્ મજ઼્દા.......
..........હ્યત્ થ્વા હેમ્ ચષ્મઇની હેંગ્રબેમ્.

(ગાથા અહુનવઇતી, હા તાવેઉર્વાંતા, ક૦ ૮).

અર્થ.

"તુને મેં માન્યો (જગતમાં) પહેલો, ઓ મજ઼્દ!..
......જ્યારે તુને (મારી અકલની) આંખમાં મેં સંગર્યો."

ખુદાને મલવા કીજે જુદાં જુદાં લોકો અનેક રસ્તા દેખાડેછે. કોઇ કહેછે કે તપશ્ચર્યા, રીઆજત, અને દેહકષ્ટ કરવાથી ઇશ્વર પ્રસન્ન થઇને દર્શન દીયેછે. કોઇ કહેછે કે ઘણી પૂજાપાત્રીથી ઇશ્વર આવી મળેછે. કોઇ કહેછે કે પરહેજગારી કરવાથી ખુદા સ્વપ્નામાં આવી મળેછે. કોઇ કહેછે કે ખુદા ફક્ત પેગામબરોનેજ મલેછે અથવા તેઓને ગેબથી પોતાનો અવાજ સંભળાવેછે. કોઇ કહેછે કે ખુદાને મળવા કીજે અથવા તેની સાથે વાત કરવા કીજે પેગમબરે ખાકી બદન છોડીને તેના આત્માએ આ દુનિયાની બાહેર નીકલીને પેલી દુનિયામાં જવાની ગરજ છે. કોઇ કહેછે કે ખાકી બદન સાથેજ પેગમબર પેલી દુનિયામાં જઇ શકેછે.

પણ આ અને એવાં બીજાં સઘળાં મતો જરતોસ્તી દીનના ભાવાર્થને અનુસરતાં નથી, કેમકે અવસ્તામાં અહુરમજદને "મઇન્યેઉશ્ મઇન્યોયેહે" (યજશને, હા ૪, ફ૦ ૭) યાને ગેબીઓનો ગેબી કરી જણાવ્યોછે. ખુદ પેગમબર જરતોસ્તે વટીક ખુદાને મલવા કીજે ઉપર કહ્યા પ્રમાણેના કોઇબી માર્ગ પકડયા નહિ હતા. અને તોપણ તે સાહેબ ખુદાને પોંહચી શકયા હતા. અને તે કેમ પોંહચ્યા હતા તે મથાળે ટાંકેલા કલામો ઉપરથી માલૂમ પડેછે કે જેમાં અહુરમજદનું દર્શન ફક્ત અકલની આંખોએ કરવા જણાવ્યુંછે.

અશો જરતોસ્ત ઉમરે પુગ્યા તે વખતે તેમની આસપાસ કેટલાએક જુદાં જુદાં ઇમાનનાં ધર્મ પંથો જણાયલા હતા, જેઓને અવસ્તામાં સામટી રીતે "દેવયસ્ની" યાને દેવપરસ્તી અથવા "અન્ય વરેન" કે "અન્ય ત્કએષ" યાને પારકાં ઇમાનો અને પારકા મજહબોને નામે ઓળખાવ્યાછે. તેઓને વિષે તે સાહેબ એવું સમજવા લાગા હતા કે આ અનેક ધર્મ પંથો ખામીભરેલા છે પણ આગળ ઇરાનીઓ-

માં કેટલીએક વાર "મજદયસ્ની" એટલે એકલા અહુર-મજદની પરસ્તેશ કરવાનો ધર્મ જણાયલો હતો તેજ ખરો હતો. એથી તે સાહેબ પેલા બધા પંથોની વિરૂધ થઇને મજદયસ્ની ધર્મને પાછો સજીવન કરવા મંડયા. તે સાહેબની ખાતરી થઇ હતી કે ખુદાને મલવા અને અલૌકિક શક્તિની ખુદાઇ બક્ષેશો મેલવવા જે રીતિ પકડવાની જરૂર છે તે માત્ર અકલ અને જ્ઞાનની રાહબરીથી ભલી મનશની રાખીને અશોઇનાં યાને નેક કામો કરવાની છે. તેથી તે સાહેબે પોતાની જીંદગીમાં ભલી મનશની તથા રાસ્ત અકલ મેલ-વવાની અને પકડી રાખવાની કોશેશો ચાલુ રાખી હતી. અશો જરતોસ્તની જ્ઞાન મેળવવાની આતુરતા પાર વિનાની હતી. તે સાહેબની ગાથાઓમાંથી જણાયછે કે જગતની શરૂઆત કેમ થઇ? તેના કાયદા કોણે બાંધ્યાછે અને તે કેમ અમલમાં આવેછે? આફતાબ, માહતાબ, અને સેતારા-ઓ શું છે અને તેઓને ચોકસ ગરદેશમાં કોણે ચાલુ રાખ્યાછે? આસમાન અને જમીન, પાણી અને ઝાડપાન, પવન અને વાદલ, રોશની અને અંધકાર, ગોસ્પંદ અને માણસ, દીવસ અને રાત, ઉંઘ અને જાગૃતિ, એ બધું શું છે અને કોણે બનાવ્યું છે? એવું એવું સમજવાનો અશો જરતોસ્ત પુર શોક રાખતા હતા;—તેમજ નિર્મલ ભલી મનશની, સહુથી સરસ દીન, ઉત્તમમાં ઉત્તમ સચ્ચાઇ, અને એવી એવી બીજી ધર્મ તથા નીતિની બાબતો વિષે તે સાહેબ આતુરતાથી શોધ કરતા હત;—જુઠાઇને કેમ દૂર કરવી, બુલંદ દરજેનાં કામો કેમ કરવાં, કિર્તારના કાયદા અને મરજી કેમ જાણવી, ખરામાં ખરે માર્ગે કેમ ચાલવું, એકજ ખુદાની ખાલેસ આરાધના કેમ કરવી, અને તેને ખાતર દોલત દુનિયા, તન અને જાન વટીક ફીદા કેમ કરવાં; એવી

એવી દીન તથા અશોઇને અમલમાં લાવવાની બાબતોમાં અશો જરતોસ્તનું મન રાત દિવસ ગુંતાયલું રહેતું હતું. (જુઓ ગાથા ઉષ્ટવઇતિ, હા તત્-ટ્વા-પેરેસા, વગેરે). પછી એવી એવી ઉમદા બાબતોનું જ્ઞાન મેળવવાથીજ અશો જરતોસ્ત ખુદાની ખરી પીછાન કરી શકયા હતા. અને દેખઇતું છે કે એવું જાતજાતનું જ્ઞાન અને અકલ અને નેકી તથા ખુબી કાંઇ સેહલાઇથી મળી જતાં નથી. તે માટે ઘણી રંજ અને દુ:ખો ખમવાં પડેછે તથા ઘણી મેહનત, કોશેશ, મન મારવું, અને ચોંપ રાખવી પડેછે. તોપણ તેના ફાયદા બેશુમાર છે. જે મુજબ અશો જરતોસ્તે કીધું હતું તેથી તે સાહેબની ભીતરની આંખો ખુલી હતી અને તે ચોખી અકલની રોશનાઇથી તે સાહેબ અહુરમજદને પોંહચી ચુકા હતા. "ખ્રતુ" યાને અકલ, જ્ઞાન, "વોહૂમનો" અથવા "બહમન" યાને ભલું મન, "સ્રોષ" યાને શુદ્ધ ભક્તિભાવ, અને "અષ" યાને સર્વે પ્રકારની રાસ્ત રાહ, એ ચાર મુખ્ય સાધનોની મારફતે તે સાહેબને આ દુનિયા-માંથી બાહેર જવા વગર અથવા કોઇબી જાતનાં વેહમી દેહકષ્ટ ભોગવ્યા વગર દાદાર અહુરમજદની ઉત્તમ પીછાન થઇ હતી.

એમ છે માટે જેણે ખુદાની ખરી પીછાન કરવી હોય તેને માટે ખરો માર્ગ એ છે કે અશો જરતોસ્તની પુઠે ચાલીને કુદરતને લગતી તેમજ મનને લગતી વિદ્યાઓ—જેવીકે જોતીષશાસ્ત્ર, ભુસ્તરવિદ્યા, રસાયનશાસ્ત્ર, ધર્મ-શાસ્ત્ર, વગેરે અનેક ઉંચી વિદ્યાઓ—શીખવી; અને તેઓનાં જ્ઞાનની મારફતે કિર્તારની કારીગરી અને અપાર ડહાપણ, ખરો ઇનસાફ અને વાજબી દયાની માહીતી મેલવવી, તેની હેરત ઉપજાવનારી કમાલ કુદરત અને આફરીન બોલાવ-નારી સંપૂર્ણ કારીગરીની સેતાયશ ગાવી; તેની બક્ષેશોનાં

શુકરગુજાર રેહવું, તેની ભક્તિને માટે તત્પર રહેવું; ખાલિસ દિલથી નેક વિચારો, નેક સખુનો, અને નેક કામો અખ્ત્યાર કરવાં અને બદ વિચારો, બદ સખુનો, અને બદ કામોથી પરહેજ રહેવું; ભલાઇ વધારવી અને બુંડાઇ તોડવી. એથી જેવી ખુદાની ખરી પીછાન થશે તેવી બીજા કોઇબી વેહમી પ્રકારોથી થનાર નથી. અને એ તરીકે ચાલવાની દરએક જરતોસ્તીની તો એન ફરજ છે, કારણકે તે પોતાના પેગમબરને અનુસરીને ચાલવાને બંધાયલું છે.

અકલ અથવા જ્ઞાન, ભક્તિ, અને કર્મ યાને સવાબકારી તથા નેક કામો, એ ખુદાને પોંહચવાના માર્ગો વિષે જુદા જુદા લોકોનાં જુદાં જુદાં મતો છે. કોઇ કહેછે કે જ્ઞાનમાર્ગેજ મુક્તિ અને ઇશ્વરપ્રાપ્તિ થાયછે. કોઇ કહેછે કે ભક્તિમાર્ગેજ મુક્તિ અને ઇશ્વરપ્રાપ્તિ થાયછે. કોઇ કહેછે કે કર્મમાર્ગે મુક્તિ અને ઇશ્વરપ્રાપ્તિ થાયછે. પણ અશો જરતોસ્તની ગાથાઓ ઉપરથી એવું અનુમાન કરી શકાયછે કે એ દરએકને માત્ર અકેક અને છુટો લેવાથી સંપૂર્ણ મતલબ હાસેલ થતી નથી, માટે એ સઘલા માર્ગો ઉપર એકસરખી રીતે અમલ કરવો જોઇએ. એ ત્રણે માર્ગોનો સંયોગ જે માર્ગમાં થાયછે તેને અવસ્તામાં "અષ" યાને અશોઇ કરી કહેછે. અને એટલામાટે અવસ્તા જુબાનનું એક સિદ્ધાંત છે કે—

અએવો પંતો, યો અષહે.

અર્થ.

"માર્ગ એકજ (છે) જે અશોઇનો (છે)."

અને એજ પ્રમાણે અશો જરતોસ્ત પોતાના ગાથામાં અતિ ઉત્કંઠાથી બોલેછે કે—

અષા કત્ થવા દરેસાની.

(ગાથા અહુનવઇતિ, હા અષાપાસા, ક૦ ૫).

અર્થ.

"અશોઇની મારફતે ક્યારે તારૂં (અહુરમજ્દનું) હું દર્શન કરીશ ?"

વળી એજ પ્રમાણે દરએક જરતોસ્તી પોતાની બામદાદની બંદગીમાં બોલેછે કે—

અષ વહિશ્ત અષ સ્રઍશ્ત દરેસામ થવા.

(પજશને, હા ૬૦, ક૦ ૧૨ મો; હોશબામ, ક૦ ૫ મો).

અર્થ.

"ઉત્તમ અશોઇએ, શ્રેષ્ઠ અશોઇએ, અમે તારૂં દર્શન કરીએ."

આ સઘળાં ઉપરથી અનુમાન નીકળેછે કે ખુદાને પોંહચવા માટે ગ્નાન અને અકલની જોકે જરૂર છે તોપણ તે એકલાંથી મકસદ બર આવી શકે નહિ, કેમકે એક માણસ ગમે એવું ગ્નાની હોય પણ જો તે ભક્તિમાન નહિ હોય તો તે ખુદાની પુરતી પીછાન કરી શકે નહિ, બલકે બાજેક વખતે તે આડે રસ્તે ઉતરીને નાસ્તિકપણાં તરફ વલણ લીયે. બીજા હાથ ઉપર ખુદાને પોંહચવા માટે અકલ અને ગ્નાન વગરની ભક્તિ કાંઇજ નહિ પણ માત્ર વેહમ જેવી છે. તેને ફકત આંધલાં યકીનથીજ વલગી રહેવાય. જેમ એક આંધલું ઇનસાન ચેરાગને જોઇ શકે નહિ પણ બીજાંનાં કહેવાથી ચેરાગ છે એમ જાણે તેવીજ હાલત તેનીબી જાણવી. ગ્નાનપૂર્વક ભક્તિ યાને ગ્નાનથી ઇશ્વરને પ્રથમ પીછાનવા પછી તેની ભક્તિ કરવી એ ગોયા ખુલી આંખે ચેરાગને જોઇને તેને નમસ્કાર કરવા બરાબર છે. પણ ગ્નાનપૂર્વક ભક્તિબી ઇનસાનને સહુથી ચહડતે દરજ્જે પોહચાડવાને પુરતાં નથી, કેમકે ગ્નાન મેલવીને પોતામાં રાખવું અથવા તેની રૂએ ફકત ભક્તિ કરવી

અને બીજું કાંઇ નહિ કરવું એ તરીકા ઉપર ચાલતું ઇનસાન દુનિયાને માટે ઉપયોગી બહુ થોડુંજ છે. અને તેટલામાટે તે જરતોસ્તી તરીકા પ્રમાણે અધુરી અશોઇવાળું છે. તેને પુરતું અશો થવા માટે કર્મ યાને સવાબકારી અથવા આલમના ફાયદાનાં નેક કામો કરવાં જોઇએ. ત્યારેજ તે સંપૂર્ણ રીતે અશો થઇને ખુદાને પુરતી રીતે પોંહચી રહે.

આ પ્રમાણે ખુદાની કામેલ પીછાન અને અત્યંત નજદીકી અશો જરતોસ્તે હાસેલ કીધી હતી અને તેજ રસ્તો દરએક ઇનસાનને માટે ખુલ્લો છે. જે કોઇ જેટલે દરજે તે ઉપર આગલ વધશે તેટલે દરજે તે દાદાર અહુરમજદની નજદીક પોંહચશે.

ચોપાઈ.

અક્કલ વિદ્યા નીતિ સાથ,
તનમનની પાકી ધર હાથ.
કરી સવાબી કામો ઘણાં,
ટાલ દુખો જે દુનિઆતણાં.
ભલું વિચારે, બોલે, કરે,
તે ભાગ્યવંત ભવજલ તરે.
ઇશ્વર મળવા માર્ગજ એ,
જે જરતોસ્તે ધર્યો તે.

સવાલો.—"ખુદાને મળવા કીજે અશો જરતોસ્તે પકડેલો માર્ગ" એ વિષે અવસ્તાનો કલામ અર્થ સહીત સમજાવો. ખુદાને મળવા કીજે અનેક લોકો શું શું દેખાડેછે? પણ એ વિષે જરતોસ્તી દીનનું શું મત છે? અશો જરતોસ્તને અહુરમજદની ઊત્તમ પીછાન કેમ અને કયારે થઇ હતી તે વિસ્તારથી સમજાવો. ખુદાની ખરી પીછાન કરવા માટે

દરએક જણે કેવો માર્ગ પકડવો જોઇયે તે સમજાવો. ઇશ્વર-પ્રાપ્તિના કેટલાએક જુદા જુદા માર્ગોનું બયાન કરો. જરતોસ્તી દીનનું એ વિષે શું મત છે તે અવસ્તાના કલામોની શાહાદતો સાથે સમજાવો. એ શાહાદતો ઉપરથી ઉપજતા વિચારો જણાવો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૧૧ મો

"સરોષ અને "અસ્રુષ્તિ" ની સમજણ.

[illegible]

.........[illegible]

વહુનીત્ અહ્મિ ન્માને સ્રઓષો
અસ્રુ ષ્તીમ્.........

(યજશને, હા૦ ૬૦, ક૦ ૫).

અ ર્થ.

"આ ઘરમાં 'સરોષ' 'અસ્રુષ્તિ' ઉપર ગાલેબ થાય."

અવસ્તામાં એક ચોકસ સદગુણોના સમુદાયને "સ્રઓષ" કરી કહેછે. અને તેઓથી ઉલટા એક દુર્ગુણોના સમુદાયને "અસ્રુષ્તિ" કરી કહેછે. સારી શીખામણ કાન ધરીને સાંભળવા અને તે ઉપર અમલ કરવો; ભલી તરબિયતને તાબે રહેવું; ગર્વ છોડીને નમનતાઇ રાખવી; ખુદાની તરફ ભક્તિ-ભાવ રાખવો; ધર્મનીતિ મુજબ ચાલવું; તમામ ખરાબીઓથી પોતાને ચોંપ રાખીને સંભાળતાં રહેવું;—એ અને એને મળતી નીતિઓ કે જે એક ખુદાતરસ દીનદાર, પાકી-જગી, અને અશોઇની કાલજી રાખનાર માણસમાં જોવામાં આવેછે તેઓને "સરોષ" રૂપી સદગુણ સમુદાયના પ્રકારો

સમજવા. ખોટી હઠથી સારી શીખામણ નહીં સાંભળવી; જાણીજોઇને ખોટે રસ્તેથી પાછાં નહિ ફરવું; ગેરવાજબી રીતે નાફરમાની કરવી; બેતરબિયતી, છકેલપણું, તકોબરી, આલસાઇ, ક્રોધીપણું, તથા ભક્તિ રહિતપણું રાખવું; અને નાપાકી તથા ખરાબીમાંથી બાહેર નહિ નીકલવું;—એ અને એને મળતી અનીતિઓ કે જે એક અધર્મી, નાપાક, અને ખરાબીઓને નહિ છોડનાર માણસમાં જોવામાં આવેછે તેઓને "અસ્રુશ્તિ" રૂપી દરૂજના પ્રકારો સમજવા.

મથાલે ટાંકેલા અવસ્તાઇ કલામમાં 'સરોષ' ને મેલવવા અને 'અસ્રુશ્તિ' ને હાંકી કહાડવાની આતુર ઇચ્છા જણાવીછે. એજ મતલબની તાકીદો જરતોશ્તી દીનને લગતી અનેક કેતાબોમાં ફરમાવેલીછે. ગાથામાં (ગાથા અહુનવઇતિ, હા યથાઇથ્ઇથા, ફ૦ ૪—૫) અશો જરતોશ્ત કહેછે કે

"અસ્રુશ્તીમ્.....યજાઇ અપા," "હું અસ્રુશ્તિને તરક કરૂં," અને "સ્રઓશેમ્ જ્બયા" "સરોષને આજેજીથી માંગુંછું." કુસ્તી કરતાં દરએક જરતોશ્તી બોલેછે કે "અત્ હોઇ વોહૂ સ્રઓષો જંતૂ મનંઙ્હા," દરએક જણને "ભલાં મનની મારફતે સરોષ પોહચો," અને "નસે દેવો-દ્રુક્ષ્" "દેવોને લગતી (અસ્રુશ્તિરૂપી) દરૂજ દૂર થાઓ !" એ વગેરે અનેક ઠેકાણે સરોષ અખત્યાર કરવાના અને અસ્રુશ્તિ તરક કરવાના કલામો મલી આવેછે.

અવસ્તામાં સરોષને દુનિયાની વૃદ્ધિ કરનાર કહ્યોછે અને અસ્રુશ્તિરૂપી દરૂજને દુનિયાને ખરાબ કરનારી કહીછે. આ અલંકારીક રૂપોની સમજણ સહેલથી પડી શકેછે. જે માણસ સારી શીખામણ અને વાજબી તરબિયતને તાબે થાય તે તન, મન, અને ધનની, તથા બીજી સઘલી બાબતોમાં વૃદ્ધિ પામે—અને એથી ઉલટું જે માણસ હઠ,

હુલડાઇ, સખ્તુનપરવરી, અહંકાર, કે તંહકરાઇને લીધે ભલી વાતો તરફ વલાણ નહીં લીએ તે તન, મન, અને ધનની તેમજ બીજી સઘળી બાબતોમાં અંતે ખુવાર થાએ એ દેખાઇતું છે. વળી અવસ્તામાં સરોષને ફતેહમંદ કહ્યોછે, તેનું સમજવું બી મુશ્કેલ નથી. જે કોઇ ભલી વાત સાંભળે, તે ઉપર ઉસ્તવારી રાખે, અને શાંત મીજાજ, વાજબી ફરમાંબરદારી, અને જોઇતી તરબિયત મુજબ નમનતાઇથી ચાલે તે અંતે ફતેહ પામ્યા વગર રહે નહિ. વળી સરોષને પવિત્ર કહ્યોછે. તેની સમજણ એ છે કે જો એક માણસ સરોષને લગતી ખાસીઅતો પકડે તો તેથી તે સફાઇ, સુઘડાઇ, દીલની ખાલેસી, જુબાનની રાસ્તી, વગેરે અનેક મન, વચન, અને કામની પવિત્રાઇઓ મેલવી શકે. વળી સરોષને ખુબસુરત કહ્યોછે. એ અલંકારીક સિફતની સમજણ એવી જણાયછે કે જે માણસ પોતાની અંદર સરોષને લગતી ખાસીઅતો ઠસાવી રાખેછે તે તેઓથી ગોયા ખરી અને ઉંચી ખુબસુરતી મેલવેછે. ખરૂં છે કે એક માણસ જેટલું સોહામણા ઘાટ ઘટમે, અથવા રંગ રૂપે, અથવા પોશાક કે ઘરેણાંએ ખુબસુરત દેખાયછે તે કરતાં વધારે ખુબસુરત તેના ઉંચા સદગુણો અને નમનતાઇથી દેખાયછે. વળી સરોષને સદા જાગરૂત કહ્યોછે. આ અલંકારીક સિફતની સમજણ એ છે કે જે માણસ ઉપર કહેલી સરોષને લગતી ખાસીયતો પકડેછે તે ગફલત, ગુમરાહી, અને બેપરવાઇ છોડીને હમેશાં ચોંપ તથા સંભાળ રાખનારૂં બનેછે.

જરતોશતીઓમાં કુસ્તી કરવાનું ભણતર બીજાં સઘળાં ભણતરોની શરૂમાં તેમજ આખા દિવસમાં બીજા અનેક પ્રસંગો ઉપર કરવામાં આવેછે. અને વળી એ ભણતરની શરૂઆતમાં પ્રથમ "સરોષ"ને અખત્યાર કરીને "અસ્તુશ્તિ"

રૂપી દરૂજ પોતામાંથી દૂર કરવા જણાવેલું છે તે ઉપરથી જણાયછે કે દરએક જરતોસ્તીએ સરોષને લગતા સદગુણો અખત્યાર કરવા અને અસ્તુશ્તિને લગતા દુર્ગુણો દૂર કરવા એ તેની એક મુખ્ય ફરજ છે. જો તે તેમ નહિ કરે તો તેની અનેક વખતે કીધેલી કુસ્તી બેફાયદે જેવી છે. દરએક જરતોસ્તી પોતાની દીનની નીશાણુ તરીકે હમેશાં સુદરેહ કુસ્તી પેહરી રાખેછે જેથી તે "બસ્તે-કુસ્તીઆન" કહેવાયછે. અને કુસ્તી છોડીને બાંધતી વખતે ભણતર કરવાની એક મતલબ જો એ પ્રમાણે સરોષ અખત્યાર કરી અસ્તુશ્તિ દૂર કરવાની છે તો કોઇબી બસ્તે-કુસ્તીઆન સરોષની ખાસીયત પકડયા વગર અને અસ્તુશ્તિ કહાડી દીધા વગર ખરૂં જરતોસ્તી કેમ કરી ગણાય?

હવે આ પ્રમાણે નમનતાપૂર્વક સાંભલનાર અને તરબિયતને આધીન રહેનાર જો ખરૂં જરતોસ્તી ગણાયછે, અને તેથી ઉલટું નાફરમાન, બેઅંદાજે ચાલનાર, સારી તરબિયતને હસી કહાડનાર, કાયદા કાનુનોને તોડનાર, અને બંદોબસ્ત ઉપર પાણી ફેરવનાર જો ખરૂં જરતોસ્તી ગણાતું નથી, તો તે ઉપરથી ચેતવણી લઇને દરએક જરતોસ્તીએ—શું ઉમરે પુગેલાંએ કે શું ઉભરતી ઓલાદે—પોતાની ખસલત સુધારવાની ચોંપ રાખવી, કેમકે ગમે તેવી જાતી અસાધારણ હુશીઆરી અને ખબરદારી હોય, ગમે તેવી મોતેબર કેળવણી લીધી હોય, તોપણ સ્વચ્છંદીપણે મરજી ઉપર અંકુશ અને કબજો રાખવાની આદત નહિ રાખી હોય તો તે સઘળી વ્યર્થ થઇ પડેછે. સરોષને લગતી તરબિયતથી હુશીઆરી અથવા કેળવણી ફલદાયક અને શોભા આપનારી થઇ શકેછે.

તરબિયતને તાબે રહેવું એ એક કુદરતી નિયમ છે. આપણી આસપાસની કુદરતનું અવલોકન કરતાં જણાયછે

કે તેમાં સઘળી ચીજો કાયદા અને તરબિયતને આધીન રહીને ચાલેછે. સુરજ, ચંદ્ર, તારા અને ગ્રહો કાયદાઓને આધીન છે. દરિયાઓ અને નદીઓ, વાદળ અને વર્શાદ, જમીન અને ઝાડપાનો સઘળાં પોતપોતાના કાયદાઓને તાબેછે. પ્રાણીઓના અવયવો, આંખ, કાન, હોજરી, આંતરડાં, ફેફસું, હૃદય, વગેરે પોતપોતાના કાયદાને તાબે રહીને નિયમિત કામો કર્યાં જાયછે. એ પ્રમાણે કુદરતની તમામ ચીજો જયાંલગી કાયદાની તરબિયતને તાબે રહેછે ત્યાંલગી સહીસલામત રહી શકેછે. પણ તેઓમાંનું કોઇ જો પોતાને લગતા કાયદાના અંકુશમાંથી બાહેર જાયછે તો તેનાં પરિણામમાં તેને કમજોરી અથવા નાશ હાસેલ થાયછે. એજ પ્રમાણે હરએક ઘર કુટુંબમાં, સંસાર વહેવારમાં, ગામ શહેરમાં, દેશ કે ખંડમાં, જયાંસુધી સરોષ યાને વાજબી તરબિયતની તાબેદારીનો અંકુશ રહેછે ત્યાં-લગી તેની હાલત દરૂસ્ત રહેછે. પણ જયારેબી તેમાં અસ્તુશ્તિનું બેઢંગાપણું અને છકેલપણું દાખેલ થાયછે ત્યારે તેનો ખાનાખરાબીભરેલો અંત આવેછે.

બીજાંઓની કહેલી સારી વાત અદબથી સાંભળવામાં ગુલામગીરી કે ખુશામદ કે પરઆધીનપણું નથી, પણ તેમાં સામણી શાબાશી, માન, અને ફાયદો છે. ગુમરાહી, ગફલત, અને છકેલપણાંમાં આપઅખત્યારી નથી, પણ તેમાં બેઅંદાજગી, બેઅદબી અને ગેરફાયદો છે. જયાંલગી એક ફોજના સિપાહો વાજબી તરબિયત અને તાબેદારી મુજબ ચાલેછે ત્યાંલગી તેઓ વફાદાર લશ્કર તરીકેનું માન ભોગવેછે. પણ જે ઘડી તેઓ નાફરમાની લેઇ બેસેછે કે તેજ ઘડીથી તેઓને બળવાખોર એવું બે આબરૂઇભરેલું નામ મળેછે.

બેતો.

"સરોષ"ના સદ્દગુણો સંગરે ખુદાઇ,
ધરે "અસ્ત્રુશ્તિ" થી પૂરી જુદાઇ,
ગુજારે જીંદગી તે પાક હરદમ,
મરણ ટાણે રહે તેને ફિકર કમ.

સવાલો.—"સરોષ" અને "અસ્ત્રુશ્તિ" વિષેનો અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. "સ્ત્રઑષ" અને "અસ્ત્રુશ્તિ" ની સમજણ આપો. સ્ત્રઑષને મેળવવાની અને અસ્ત્રુશ્તિને હાંકી કહાડવાની તાકીદો જરતોસ્તી દીનને લગતી કેતાબોમાંથી કહો. સરોષ અને અસ્ત્રુશ્તિને અવસ્તામાં કેવી અલંકારીક રીતે વર્ણવ્યાં છે તેની સમજણ આપો. દરએક જરતોસ્તી કુસ્તી કરતી વખતે એ બેને લગતું જે બોલેછે તેંની સમજણ આપો. એ ભણતર ઉપરથી દરએક જરતોસ્તીની મુખ્ય ફરજ શું થઇ પડેછે તે સમજાવો. તરબિયતને તાબે રહેવું એ એક કુદરતી નિયમ કેમ છે તે સમજાવો. તરબિયત જાળવનાર આદમીનો બેતરબિયત ઇનસાન સાથે મુકાબલો કરો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૧૨ મો.

"સરોષ"ની સિફત.

[illegible]

[illegible]

અત્ હોઇ વોહૂ, સેરઓષો જંતૂ મનંહા.

(ગાથા "ઉશતવઇતિ," હા "તત્ થ્વા પેરેસા," ક૦ ૧૬).

અર્થ.

"ભલી મનશ્નીએ સરોષ પહોંચો!"

𐬯𐬭𐬀𐬊𐬱𐬋. 𐬌𐬜𐬀. 𐬀𐬯𐬙𐬏. 𐬀𐬵𐬎𐬭𐬀𐬵𐬉.

𐬨𐬀𐬰𐬛𐬃. 𐬫𐬀𐬯𐬥𐬁𐬌. ....

સેરઑષો ઇધા અસ્તૂ અહુરહે મજ્દાઓ યસ્નાઇ....

(યજશ્ને, હા ૫૬, ક૦ ૧).

અર્થ.

"**સરોષ** અહીઆં હોજો અહુરમજ્દની આરાધના માટે......"

૫૬.

ખલક ખાલિકને કરિયેં યાદ—જે લે સહુની દાદ.
ખાકી તનમાં મિનોઇ આત્મા—બંધ છતે આજાદ!
પાલે "સરોષ" સુગુણથી અશોઇ—જીવે હસ્તી શાદ.
ઉન્મત્ત "અસરોષી" છે ખોટી—જે કરતી બરબાદ.
નેકી બદી મુકી મરજીપર—કોણ કરે ફરીઆદ?
મજ્દા! અહુરા! કરિયેં ત્હારી—ખૂબ ન્યાયશે નાદ.
બક્ષી "સરોષ" ની યારી તું—જગના ટાલ ફિસાદ.

ગજ઼લ.

પામેછ જીહાં તુંથી સુખ આધાર, યા સરોષ!
જેમાં નહી સરોષ, થશે ખુઆર, યા સરોષ!
ગોસ્પંદ[1] તબિયત બરકતથી બને અજીજ—
વુહેશી[2] મરે બેતબિયતે ઠાર, યા સરોષ!
આ દૌર સાથ દીન વલી ઘેર 'ને શહેર,
બેતર્બ્યતે નિભે નહિ સંસાર, યા સરોષ!

---

૧. પલાતાં જાનવર. ૨. નહી પલાતાં જાનવર.

બેતબિયત મનશ્નની ગવશ્નની થકી બનેછ
ગુસ્સો, મિજાજ, જેમ ફુલે ખાર,[૧] યા સરોષ!
દાદાર! રાખ નિત્ય સરોષી પનાહમાં—
ભવસાગરે ઉતાર સહુ પાર, યા સરોષ!

પાઠ ૧૩ મો.

ખરાબ વિચાર અથવા સખુનને શરૂથીજ ડામવો.

[illegible]

[illegible]

[illegible]

મા-ચિષ્ અત્ વે દ્રેગ્વતો માંથ્રાંસ્ચા ગૂશ્તા સાસ્ના-
ઓસ્ચા.....અથા દ્દિશ્ સાજ્દૂમ્ સ્નઇથિષા.

(ગાથા અહુનવઇતિ, હા તાવેઉર્વાંતા, ક૦ ૧૮ મો).

અર્થ.

"તમોમાંનું કોઇબી બુરાના વિચારો અને સખુનો સાંભળશો મા ..... બલકે તેઓને હથીઆરે કાપી નાખજો."

આ પ્રમાણે અશો જરતોસ્ત તાકીદનો હુકમ ફરમાવેછે. અને બેશક એમાં એક મોહટી સચ્ચાઇ સમાયલીછે. આપણાં મનના દરવાજા ઉપર અંતઃકરણ એક ચકોર

---

૧. કાંટા.

ચોકીબાતની મીસાલે ચોકસાઇ રાખેછે. જેવો એકાદ ખરાબ વિચાર કે સખુન તેમાં દાખેલ થવા માંગેછે કે તુરતજ આ અચુક વફાદાર દોસ્ત ચેતવણી આપેછે. તે આપણને પ્રેરણા કરેછે કે આ પરોહણો ઉતારો આપવાજોગ નથી; એને મજબુતીથી હાંકી કહાડો. એમ છતાં જો આપણે તેની ભલી સલાહ પ્રમાણે હરએક ખરાબ વિચાર કે સખુનને શરૂથીજ ડામી દેતાં નથી તો તે ધીમે ધીમે આપણાં મનમાં ચોરની મીસાલે દાખલ થાયછે. અને વખત જતાં તે આપણી ઉપર એવો ચહડી બેસેછે કે કદાચજ આપણે તેની નીચેથી ઉઠી શકીએ છીએ. એ ઉપરથી મથાલે ટાંકેલી અશો જરતોસ્તની તાકીદની સમજ પડેછે. જો આપણે પ્રથમથીજ એ ફરમાન પ્રમાણે ખરાબ વિચાર કે સલાહને કાપી કહાડીએ તો બેશક આપણે તેની ખરાબીથી મોકલાં રહી શકીએ.

એકાદ ખરાબ લાલચ જ્યારે શરૂમાં આપણને લોભાવેછે તે વખતે તે એવી તો ગફલત ખવાડનારી હોયછે કે તે આપણને એક બારીક ખસખસના દાણા જેવી નજીવી લાગેછે. આપણે જો નભરવસ રહીએ છીએ તો આપણથી તે બેઅખત્યાર ગલાઇ જાયછે. પણ જેવી તે આપણાં મનની ભુમીમાં દાખલ થઇ કે ત્યાં તેનો છોડ ઉગવા માંડેછે, જેમાંથી રફતે રફતે જે અફીણ પેદા થઇને આપણને તેનું ગેન ચહડેછે તેથી અંતે આપણી તમામ શુધબુધ જતી રહેછે અને ધીમે ધીમે તેની નાશકારક ટેવ એવી તો આપણને વલગી રહેછે કે તે અંતે આપણાં તન, મન, અને ધનનો ભોગ લીધા વિના જતી નથી. હવે જો પ્રથમથીજ તે દાણાને આપણે ખંખેરી નાખ્યો હોય તો એમાંનું કાંઇ આપણને થાય નહી.

એક જણ એક દહાડે જરા શોખને ખાતર દારૂ પીએ છે. બીજે દહાડે પાછી તેની તલબ તેને થાયછે. તે વખતેબી જો તે લાલચને તાબે થાયછે તો તેમજ ત્રીજે દહાડે, ચોથે દહાડે, એમ ધીમે ધીમે તેની આદત પડવા માંડેછે. વખત જતાં તે એવી તો વલગી બેસેછે કે તેથી તન, મન, અને ધનની જે ખરાબી થાયછે તે તો તે પીનારને ભયંકાર પરીણામોથીજ માલુમ પડેછે. તે પછીથી તેને કેવા અફસોસ સાથે પસ્તાવો થાયછે તે વિચારવું મુશકેલ નથી. હવે જો પ્રથમથીજ જ્યારે દારૂ પીવાની લાલચ સામણે આવે તેજ વખતે ઉપલાં ફરમાન પ્રમાણે તેને મૂળથીજ કાપી નાખી હોય તો પાછલથી જે દુઃખદાયક હાલત થાયછે તે મુતલક નહી થાય. એક માણસને એક દહાડે કોઇની એકાદ સેહજેક કીમતી ચીજ અપ્રમાણીકપણે રાખવાની પહેલવહેલી લાલચ થાય તેજ વખતે જો તે ચોંકીને પોતાની ઘાનત સાચી રાખે તો તેને તેજ પ્રમાણે ચાલવાની ટેવ પડે. પણ જો તેમ નહિ કીધું તો ધીમે ધીમે બેમાલુમ રીતે તે અપ્રમાણીકપણાંના ખાડામાં ઉતરતું જાયછે. વખત જતાં તેને પસ્તાવો થાયછે કે પેહલેથીજ તેણે અંતઃકરણની ચેતવણી પ્રમાણે હાથ ખાંચ્યો હતે તો આજે તેની જે દુઃખદાયક હાલત થઇ તે નહિ થતે. એવા એવા બીજા અનેક દાખલાઓ આપી શકાય.

અનીતિઓ અને પાપોનાં મૂળ ઘણુંકરીને શરૂઆતમાં ચોંપ નહિ રાખવાથી ઇનસાનોમાં દાખલ થાયછે, જેઓને અંતઃકરણની બારીક ધારદાર છુરીથી એક લેહજામાં કાપી નાખી શકાય. પણ તે હરએકને ટુકેથી નહિ કાપવાને લીધે વખત જતાં તે એવી મજબુતી પકડેછે કે અંતઃકરણનું તેની આગલ કાંઇ ચાલતું નથી. બલકે લાંબા વખત સુધી ગુનાહમાં ગીરફતાર રેહનારાંઓનું અંતઃકરણબી બુઠું થઇ જાય

છે. જેમ એક બીમારી અથવા રોગને શરૂથીજ અટકાવ કીધો હોય તો પાછળથી તે વધી પડીને જીંદગીને ધાસ્તીમાં લાવી નહિ નાખે તેમજ એક ખરાબ વિચાર કે સલાહનેબી પ્રથમથીજ દૂર રાખ્યાં હોય તો આગલ જતાં તે અનેક ખરાબીઓ કરી શકે નહિ. ખરાબ વિચારો મનરૂપી ખેતરમાં જંગલી પાલાઓની મીસાલે છે. તેઓને ઉગતાંવારજ ઉખેડી નાખવા જોઇએ. નહિ તો તેઓનો ફેલાવો થઇને બીજા સારા રોપાઓને ઉગવામાંબી ઘણી અગવડ આવી પડશે.

કોઇની ચાપલુસી અથવા ફુસલવણીના સખુન શરૂઆતથીજ નહિ સાંભળવા બહેતર છે, કેમકે પાંચ અવગુણકારક વાતોમાંથી એકાદબી આપણાં દાલમાં થોડી કે ઘણી અસર કરે, અને તે પછી જો આપણે તે પ્રમાણે તેના ફરેબમાં ફસીને અમલ કર્યે તો અંતે તેમાંથી માઠાં ફલ નિપજ્યા વિના રહે નહિ. માટે પ્રથમથીજ તે સખુનો કાને ધરવા નહિ. કોઇની માઠી સલાહ ગમે તેવી લલચાવનારી લાગે તોપણ તે શરૂઆતથીજ દૂર રાખવી. બીજાંઓની નાલેસી કે તારીમારીના સખુનો આપણાં દીલને ઘણા ખેંચનારા હોયછે. તે સાંભળવામાં ફાયદો તો કાંઇજ હોતો નથી, પણ ધિક્કાર, દુશ્મની, અથવા હરેક બીજાં નુકસાનો થવાનો સંભવ સો વશા રહેછે. માટે તેવા સખુનોને શરૂથીજ સાંભળવાની ના પાડવામાં મોટું ડહાપણ છે. નઠારી વાતો પોતામાં નીતિ સંબંધી ગલીચાઇ અને નાપાકી ધરાવેછે, માટે જેમ એક ગંદી અને નાપાક ચીજથી આપણાં તનને દૂર રાખીએ તેમ તેઓથી આપણાં મનને દૂર રાખવું સજાવાર છે. કોઇબી ખરાબ શબ્દો કાણે પડતાંજ, જેમ કાંઇ ગલીચાઇ તનને લાગતાં વાર તેને ધોઇ

નાખીએ છીએ, તેમજ તેને વીસરી જવાનો યત્ન કરવો જોઇએછે. નહિ તો તે આપણાં મનની ચોખ્ખી દરગાહમાં ડસીને તેને અપવિત્ર કરી મુકશે.

વળી જો આપણે ખરાબ વિચાર અને ખરાબ સખુનથી દૂરજ રહીશું તો આપણને ખરાબ કામ કરવાનો સંભવજ નહિ રહેશે. અને જેટલે દરજ્જે આપણે ખરાબ કામોથી પરહેજ રહીશું તેટલે દરજ્જે આપણો આત્મા સ્વચ્છ રેહશે. અને એ પ્રમાણે જોતાં મથાળે ટાંકેલું અશો જરતોસ્તનું ફરમાન એવું તો ઉમદા દૂરઅંદેશીભરેલું ફાયદેમંદ છે કે તેની જેટલીબી વખાણ કર્યે તેટલી થોડી છે.

બેત.

બદ વિચારો, બદ સખૂનો મૂળથી ડામો સદા—
એ હુકમ પાળી જરાતોસ્તનો રહો ખુશ બેજફા.

સવાલો.—"ખરાબ વિચાર અથવા સખુનને શરૂથીજ ડામવો" એ વિષેનો ગાથાનો કલામ અર્થ સહીત કહો. એ કલામમાં કેવી મોટી એક સચાઇ છે તે સમજાવો. ખરાબ લાલચની બદીઓ શરૂથીજ ડામી શકાય તે તમસીલોથી સમજાવો. અનીતિઓ ઇનસાનોમાં કેમ જડ થઇ બેસેછે તે સમજાવો. ચાપલુસી અને ફુસલવણીના સખુનો સાંભળવાથી પાછલથી થતી ખરાબીનું વર્ણન કરો. આ પાઠના નીતિસારની કવિતા સમજાવો.

પાઠ ૧૪ મો.

કોઇબી પાયદાર કામ એકદમ થતું નથી.

[illegible]

[illegible]

[illegible]

આસ્તે.....પઇતિ અસ્નિ પઇતિ ક્ષફ્‌ને વીસ્પેમ્ આ અહ્માત્ યત્ તાઓ સ્રવાઓ દ્રેન્‌જયાંન્.....

(વંદીદાદ, પરગરદ ૪, ક૦ ૪૫).

અર્થ.

"તેણે અભ્યાસ કરવો દરરોજ અને દર રાત (ઠરાવેલે વખતે), જ્યાં લગી કે તે શ્લોકો મોંઢથી ભણી શકાય."

ઉપલા કલામો અવસ્તા મધે અભ્યાસીઓની બાબતમાં આવેલાછે. એ કલામો જેમ એક અભ્યાસીને લાગુ પડેછે તેમજ હરએક શખસ જે કોઇબી ટકાઉ ચીજ કરવા માંગતું હોય તેને પણ યાદ રાખવાજોગ છે.

આપણી આસપાસ અવલોકન કરતાં માલુમ પડેછે કે સાધારણ રીતે ઘણીખરી જે ચીજો એકદમ બની જાયછે તે ઘણું કરીને ટકાઉ હોતી નથી, પણ જે ચીજો ધીમે ધીમે મક્કમપણે બનેછે તે ઘણું કરીને ટકાઉબી નીવડેછે. વર્ષાદ પડયા પછી સહેજ વખતમાં જમીનમાંથી ઘાસ ફુટેછે, ઉગેછે, અને ખીલી રહેછે. પણ તે તેજ પ્રમાણે થોડા વખતમાં સુકાઇને મરીબી જાયછે. પણ આંબા, આંબલી, તાડ, નાલીએરી, વગેર મોટાં દરખતો મક્કમપણે તેયાર થઇ રહેવામાં લાંબો

વખત લીએછે, તેમજ તેઓ લાંબો વખત લગી ટકીબી રહેછે. અતિ મજબુત અને નક્કર લાકડાંવાળું એકનું ઝાડ સારીપઠે ઉગી રહેતાં અને પુરતું કૌવત પકડતાં બસો વર્ષ લીએછે પણ તેજ ઝાડ અનેક સદીઓ લગી ટકીબી રહેછે. ચોક્કસ ઝીણાં જીવજંતુઓ પેદા થવા પછી સહેજ વખતમાં પુખ્ત ઉમરે પુગી જાયછે, અને તેમજ તેઓ વળી જલદીથીજ મરીબી જાયછે. પણ જે પ્રાણીઓ ધીમે ધીમે તોપણ મક્કમપણે ઉધરભાવ લેતાં જાયછે તેઓ લાંબી ઉમરબી ભોગવેછે. હાથી, અજદહા, અને મગરમચ્છ પોતાનું સંપૂર્ણ કદ મેલવવાને લાંબો વખત લીએછે અને તેમજ તેઓ લાંબો વખત જીવીબી શકેછે. એક કરોલીઓ એક દહાડામાં એક જાલું બાંધીને પરવારી જાય, પણ તેનું ટકાઉ-પણું કેટલું ? જો તેને એક પવનનો સપાટો લાગે તો તે પીંખાઇ જઇને ક્યાંનું ક્યાં ઉડી જાય. પણ હજારો માણ-સોએ મહીનાના મહીના લગી ચાલુ ઉદ્યોગથી મક્કમપણે બાંધેલા 'પીરામીડો' ને જુવો. તેઓ સેંહકડો અને હજારો વર્ષો થયાં તોબી હજુ પવનના ગમે તેવા તુફાની સપાટા-ઓની સામણે મગરૂરીથી કાયમ રહ્યાછે.

સિકંદરની મોટી શેહેનશાહત દશ પંદર વર્ષના ટુક અરસામાં બરપા થઇને ફેલાઇ, પણ તે તેમજ ઘણાં થોડાં વર્ષોમાં કકડા બુકલાબી થઇ ગઇ. ઉત્તર તરફથી ઉતરી આવેલા "હુન," "વેનડલ," વગેરે સીથીઅનો જેટલી જલદીથી સુધરેલાં દેશો ઉપર રેલની મીસાલે ફરી વલ્યા તેટલીજ શીતાબીથી તેઓની મોટાઇનો અંતબી આવી ગયો. પણ ઇરાનીઓ અને રૂમીઓની શેહનશાહતો કકડે કકડે મક્કમપણે લાંબો વખત લઇને પાયદાર થઇ, તેઓ તેમજ કેટલીએક સદીઓ લગી પાયદાર રહીબી શકી.

એવા એવા અનેક દાખલા ઉપરથી સિદ્ધ થાયછે કે કોઇપણ ટકાઉ ચીજ એકદમ બનતી નથી.

જો કોઇપણ મહાભારત કામ કરવું હોય તો ઘણું કરીને તેની ઉપર વખત ખરચીને પેદરપે અને નિયમસર કરવાથીજ તે બની શકેછે. કહેવત છે કે "રૂમ શહેર એક દહાડામાં બંધાઇ ગયું ન હતું." આ કહેવત ફક્ત રૂમનેજ નહિ પણ દુનિયાનાં દરએક મોટાં શહેરને લાગુ પડેછે. પ્રથમ જ્યાં માત્ર થોડાં ઝુપડાં હોય ત્યાં ધીમે ધીમે વસ્તી, મકાનો અને બજારો વધતાં અને કોટ કિલ્લા બંધાતાં કેટલાએક મુદતે તે એક મોટું શહેર થઇ શકેછે. એજ પ્રમાણે દરએક મહાભારત કામમાં એક પછી એક અનુક્રમે કરવાના અનેક ભાગો હોયછે. જે દરએક ભાગ સંપૂર્ણ કરવાને પ્રમાણસર વખતો જોઇએછે. જે વખતોમાં તે ભાગો નિયમસર થાયછે તોજ તે મહાભારત કામ પાર પડેછે. મહાભારત કામો પાર પાડવા માટે મગજના ઘણા વિચારો, સબૂરીભરેલું ખંતીપણું, અને ચાલુ ઉદ્યોગની જરૂર હોયછે, જે બધું લાંબો વખત રોકયા વિના બની શકે નહિ. જો કોઇ મહાભારત કામ ઝપાટાબંધ પુરૂં કરી નાખવામાં આવેછે તો ઉતાવળને લીધે ઘણું કરીને તેમાં કાંઇ ને કાંઇ ખામી આવ્યા વિના રહેતી નથી. જે મહાભારત કામો બીજાઓથી વખાણ મેળવેછે તે જો સહેલાઇથી અને એકદમ થઇ જતાં હતે તો કોઇ તે બજાવનારાંઓની વખાણ કરતે નહિ.

કોઇપણ પાયદાર કામ એકદમ બને નહિ તે સિદ્ધાંત જેટલું હાથની મહેનતથી પાર પડતાં મહાભારત કામોને લાગુ પડેછે તે કરતાં મગજની મહેનતથી પાર પડતાં કામોને તો વધારે લાગુ પડેછે. મથાળે ટાંકેલા અવસ્તામાં એક પૂરેપૂરી સચ્ચાઇ છે કે એક શખસે જો સંપૂર્ણ અને લાંબી

મુદત લગી યાદ રહે એવો કોઇ મુશકેલ વિદ્યાનો અભ્યાસ કરવો હોય તો તેણે તેની પુઠે રાત દિવસ મંડી રહેવું જોઇએ. કાબેલ અને ફાજેલ, પંડિત અને વિદ્વાન, ગુરૂ અને ઉસ્તાદ, કાંઇ સેહેજ વખ્તમાં થઇ જવાતું નથી. તેને માટે વર્ષો લગી મગજ કસવું જોઇએછે, અને તેવાં ખીલેલાં ભેજાં તથા કોઇ સાધારણ ભેજાંની શક્તિ વચે તેમજ તેમનાં કામો વચે ઘણો અંતર હોયછે. એક સાધારણ માણસ એક સાધારણ બાબતની ચોપડી થોડા વખતમાં ચીતરી કહાડે તે થોડાજ વખ્ત વંચાઇને વિસરાઇ જાય. પણ એક અફલાતુન કે એક અરસતાતાલીસ જેવો મહાન ફીલસુફ એક કેતાબ લખી જાય, કે એક ફીરદુસી કે એક હોમર જેવો મહા કવિ એક સંપૂર્ણ કાવ્ય મુકી જાય, કે એક કાલીદાસ કે એક શેકસપીઅર જેવો નાટકકાર એક નાટક બનાવી જાય, તે તો સદીઓ લગી હયઆત રહેછે. એવા ઉત્તમ ગ્રંથો કાંઇ એકદમ અને હરરોજ સાધારણ રીતે બનતા નથી તેમજ તેઓ સેંહકડો અને હજારો વર્ષો લગી વંચાતાબી રહેછે. કરૂણારસિક નાટકો લખનાર નામીચા ગ્રીક કવિ યુરીપીડીસને પોતાના નાટકો બનાવતાં લાંબો વખ્ત લાગતો હતો. એક દહાડે કોઇ સાધારણ કવિએ તેને ઠપકો આપ્યો કે "મેં ત્રણ દહાડામાં એકસો લીટીઓ કવિતાની લખી કહાડી ત્યારે તું માત્ર ત્રણ લીટી લખી રહ્યોછે." યુરીપીડીસે જવાબ દીધો કે "હા, તે ખરૂં છે, પણ તારી ત્રણસો કવિતા જ્યારે ત્રણ દિવસમાં વીસરાઇ જશે ત્યારે મારી ત્રણ કવિતા ત્રણસો વર્ષ લગી વંચાશે." એક ફારસી શાયરે કહ્યુંછે કે "જો કાબેલોની કસોટીમાં કીમતી સોનું ઠરે એવો એક સખુન કાયમ રાખી જવો હોય તો તે તારાં જીગરનું લોહી બાલી નાખ્યા વિના બની શકનાર નથી. તેમાંના દરએક શબ્દને

ફરી ફરીથી સુધારીને પાકીજેહ કરવા માટે તું એ રાતને દિવસ બનાવવો જોઇએ, અને જે વખતે કે પશુ પંખીઓ અને જીવજંતુઓ વટિક રાતની રાહતભરેલી ઉંઘમાં આરામ કરતાં હોય તે વખતે તું એ ઉજાગરો કરવો જોઇએ." બીજો એક ફારસી શાયર કહેછે કે "ઉત્તમ મનશક્તિના એક છોકરાને આલિમ કે દાનાવ કે શાયર બનવા માટે વર્ષો લગી મગજ કસવું જોઇએછે."

કોઇબી ટકાઉ ચીજ એકદમ બની શકતી નથી એ નસીહત દરએક ધંધાદારેબી યાદ રાખવાજોગ છે. હરએક ધંધારોજગારમાં કે વેપારવનજમાં લાંબા વખત લગી પ્રમાણિકપણે સબૂરી અને ખંતથી ઉદ્યોગ કીધા વિના પુંજીવાલા થઇ શકાતું નથી. કેટલાએકો સપાટાબંધ શ્રીમંત થઇ જવાના ખોટા વિચારથી ધંધાઓમાં ધીરજ નહિ રાખતાં ખોટી રીતે લાંબી ફલંગો મારેછે અથવા યાહોમ જીપલાવેછે. કેટલાએકો અપ્રમાણિકપણે એકદમ તવંગર થઇ જવા માંગેછે. પણ તેઓને તેટલીજ ઝડપથી ગગડી પડતાં વાર લાગતી નથી. તેવાઓએ યાદ રાખવું જોઇએ કે જેમ એકદમ ઉતાવલે ખાધેલું પચતું નથી અને ખાનાર બીમાર પડેછે તેમજ ખોટી રીતે એકદમ ખજાના ભરપૂર કરવા જનારબી કાયમ દોલત મેલવી શકતો નથી.

દોહરા.

કંઇપણ વસ્તુ ઉપજી, કાયમ રહે બહુ વાર,
તે બનતાં લાંબો વખત, જોઇએછે નિર્ધાર.
ધન વિદ્યા હુન્નરતણી, પ્રાપ્તિ ઝટ નવ થાય,
જે આવે વેગે મલી, વેગે તે વહી જાય.

સવાલો.—"કોઇબી પાયદાર કામ એકદમ થતું નથી" એ વિષેના અવસ્તાના કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો. એકદમ બનતી તેમજ ધીમે ધીમે બનતી વસ્તુઓનાં અવલોકન કરતાં શું અનુમાન થાયછે તે સમજાવો. એનેજ મળતા તવારીખમાંના કેટલાએક દાખલા આપો. મહાભારત કામો થોડા વખતમાં થઇ નહિ શકે તે સમજાવો. જેમ હાથનાં તેમજ મગજને લગતાં કામોને એ નિયમ લાગુ પડેછે તેની વીગતવાર સમજણ આપો. એ નીતિ ધંધાદારોને કેમ લાગુ પડેછે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૧૫ મો.

એકલપેટાઇની એબ.

[illegible]

યો......તનુયે દ્રસઇતે થ્રાથ્રેમ્.

(વંદીદાદ, ફરગરદ ૧૩, કલમ ૧૯ મો).

અર્થ.

"જે......પોતાનાંજ તનને માટે પોષણ ઇચ્છેછે."

આ પ્રમાણે વંદીદાદમાં "વોહુનજ્ગ" નામની જાતનાં કુતરાંની એબ જણાવીછે. તેને માટે કહ્યુ છે કે બીજી જાતનાં કુતરાં જ્યારે માણસો અને પશુઓની પાસબાની કરેછે અને તેઓને ઉપયોગી થાયછે ત્યારે ઉપલી જાતનાં કુતરાં કોઇબી બીજાંઓને ઉપયોગી થાય તેવો હુનર પકડતાં નથી અને માત્ર પોતાનાં તનનું પોષણ કરવા સિવાય બીજાંઓને કાંઇબી કામ લાગતાં નથી. એ સબબથી તેઓનું વર્ણન કરતી વખતે તેઓને પેલાંઓ કરતાં હલકી પદવીનાં ગણ્યાંછે.

પારકાંને ઉપયોગી નહિ થતાં પોતાનાજ ફાયદા માટે જીંદગી ગુજારવામાં જો એક કુતરાને હીણપસ્તી છે તો તે કરતાં હજાર દરજ્જે સરસ પ્રાણી જે ઇનસાન છે તે જો એકલપેટાઇમાં જીંદગી ગુજારે તો તેને કેટલીબધી નામોસી છે!

એકલપેટું જોકે માણસ છે તોપણ તે ઇનસાનથી ઉતરતાં પ્રાણીઓની બરાબરનું હેવાન છે. કેમકે ઉતરતાં પ્રાણીઓમાં દરએક ઘણું કરીને પોતપોતાનું હિત માત્ર જુએછે. સાધારણ-પણે તેઓ બીજાંનું હિત જાળવતાં જણાતાં નથી. એજ પ્રમાણે એકલપેટું માણસ પોતાની મતલબ અને પોતાના ફાયદા સિવાય બીજાંને માટે કાંઇજ કરતું નથી.

એકલપેટાંઓ જો પોતાના બચાવમાં કહે કે આપરક્ષણ કુદરતનો કાયદો છે અને અમે તેને અનુસરીને ચાલીએ છીએ તો તેનો જવાબ એ છે કે આ ખાસીયત તો માણસ અને હેવાન વચ્ચે સામાન્ય છે, પણ એ ઉપરાંત બીજા ઉંચા ખવાસો છે કે જેથી ઇનસાન હેવાન કરતાં ચહડતી પંક્તિએ મુકાયછે, અને તેઓમાં એક પરમાર્થી-પણું છે. માટે જે માણસ એકલપેટાઇની હલકી ખાસીયતને બદલે પરમાર્થીપણાંની ઉંચી ખાસીયત પકડતું જાયછે તેજ હેવાનની સપાટીથી ઉંચે ચહડેછે. વળી જે જે ઇનસાનો નેક અને પાકના ઇલકાબને લાયક થયાછે, જેઓ સાધુસંત અને પીર પેગમબરની સફમાં ગણાયાછે, તેઓ સ્વાર્થનો ત્યાગ કીધા વિના તે માનને લાયક થયાં નથી.

સ્વાર્થી અને એકલપેટાં માણસથી કેટલીએક વખતે સાર્વજનિક ફાયદાનાં કામો ધૂળ મળેછે. જેમકે જો કેટલાં-એક માણસો જાહેર ભલાંને માટે એકઠાં મળીને તન મન અને ધનથી કાંઇ ભલું કામ કરતાં હોયછે તેઓમાં જો

એકાદ સ્વાર્થી ભેલાયછે તો તે પોતાના એકલપેટાઇને લીધે કાંઇ એવું કરેછે કે જેથી તે નેક કામ બરહમ મલેછે.

સ્વાર્થી અને એકલપેટું ઇનસાન ગમેએવું અકલવાલું હોય તોપણ તેની તે અકલ બખીલના ખજાના જેવી છે કે જે કદાચજ તેના ઉપયોગમાં આવેછે અને બીજાંના ઉપયોગમાં તો આવતી નથીજ. સ્વાર્થીની છાતીમાં ગોયા હૈડુંજ નથી, અને જો છે તો તે પથરા સમાન છે, કારણકે તેમાં બીજાંને માટે કશી લાગણીજ હોતી નથી. જો તેને માત્ર એકજ રૂપીઓ મલતો હોય તો તેને માટે તે બીજાંને સો રૂપીઆનું નુકસાન કરવાને અચકતું નથી.

સ્વાર્થીપણું પરમાર્થનું પુણ્ય હાસેલ કરાવતું નથી તો એર, પણ ઉલટું તે અનેક પાપોને જન્મ આપેછે. સ્વાર્થીપણાંનાં બીજમાંથી જુઠાઇ, ચોરી, લુચ્ચાઇ, હવસબાજીથી તે મારફાડ બલકે ખુન અને ખુનરેજી લગીની બદીઓના પીલા ફુટેછે. સ્વાર્થીપણાંથી માણસની પવિત્રાઇ તદન ભ્રષ્ટ થવાને વિલંબ લાગતો નથી.

સ્વાર્થી જો પોતાનાં મનમાં મલકાય કે હું હુશીયારીથી પોતાનો લાભ જાલવુંછું તો તેમાં તેની મોટી ભુલ છે. કેમકે એક બે વાર તેનું સ્વાર્થીપણું બીજાંઓને જણાવા પછી તેઓ તેને વિષે ઘણો હલકો વિચાર બાંધેછે. એટલુંજ નહિ પણ તેઓ તેની સોડ સાંધવાથી અલગ થતાં જાયછે. એથી કરીને તેને આગલ જતાં ઘણાએક લાભો ખોવા પડેછે. પણ જે માણસ સ્વાર્થીપણું રાખતું નથી તેની તે ચાલના એક બે દાખલા જાહેર થતાં બીજાંઓનાં મનમાં તેને માટે ઉંચો વિચાર બેસેછે, અને તેઓ તેને પોતાનાં અનેક ખાનગી તેમજ જાહેર કામો ખુશીથી સોંપેછે, જેથી તેને અંતે ઘણાએક લાભો પ્રાપ્ત થાયછે.

સ્વાર્થી માણસ ઇનસાફના નિર્મળ ઝરાને ગદલો કરેછે, બીજાંના હક ડુબાવતાં અંદેશો કરતું નથી, અને જુઠાઇને ટેકો આપવાની હીંમત ચલાવેછે. જ્યાં પોતાના લાભની વાત હોય ત્યાં તે વાજબી બોલવાથી ખામોશ રહેછે, અને બીજાંઓનું ગમે તેવું બુરૂં થાય તે થંડે પેટે થવા દીએ છે. સ્વાર્થી જ્યાં પોતાના લાભની વાત આવે ત્યાં અપક્ષ-પાતપણું અને હીંમત છોડી દીએછે. એટલુંજ નહી પણ ખુશામદ કરવાની નીચ પંક્તિએ ઉતરેછે. તે પોતાની એવી ચલગતને દુનીઆઇ ડહાપણ સમજેછે. પણ એ ડહાપણ કેવું ખોટું છે તેનું તેને થોડુંજ ભાન હોયછે. બીજાંઓને તેનું એ ડહાપણ મોડે કે વહેલે જણાવા વગર રહેતું નથી જે પછી તેને બેવડું નુકસાન ખમવું પડેછે.

ઘણીખરી બેવફાઇઓ સ્વાર્થીપણાંથી થતી જોવામાં આવે-છે. પોતાના સ્વાર્થને માટે નીચ ખવાસનાં માણસો દોસ્ત-ની તરફ બેવફા થઇને દુશ્મન સાથે મલી જતાં વાર લગા-ડતાં નથી. તવારીખોનાંથી એવા અનેક દાખલા મલેછે કે જેમાં સ્વાર્થી માણસોએ પોતાના લાભને ખાતર પોતાના રાજકર્તાને દુશ્મનના હાથમાં આપી દીધા હતા, ઘેરો ઘલા-યલા કિલ્લાઓના દરવાજા ખોલીને દુશ્મનને અંદર લીધા હતા, અથવા દુશ્મનને નહિ જણાયલા રસ્તાની ખબર આપી દઇને તેઓને હાથે પોતાના સ્વદેશી લડવૈયાઓની સહેલથી કતલ થવા દીધી હતી. 'અરબેલા' ની લડાઇ-માં સીકંદરની ફતેહની ખબર ફેલાવા પછી પાદશાહ દારાના ઇરાનની પૂર્વ તરફના સુબાઓ સ્વાર્થી થતા ચાલ્યા. તેઓએ સ્વાર્થીપણાંથી પોતપોતાના પ્રાંતોને અકેક નાનું રાજ કરવાની વેતરણો કરવા માંડી. એથી હખામનીઆન શહેનશાહતની એકયતા તુટી ગઇ, અને

સીકંદરને તે મહાભારત અને બેહલાં રાજ્યનો નાશ કરવાને સહેલાઇ થઇ પડી. બલખ પ્રાંતના સુબા બીસસે પાદશાહ દારાને ખંજર ભોકી મારી નાખી પોતે તે પ્રાંતના પાદશાહ તરીકે તખ્તો તાજ ધારણ કીધું, અને એ પ્રમાણે એક મોટી શેહનશાહતનો અંત તે સુબાનાં સ્વાર્થીપણાંથી આવ્યો. બીસસબી થોડો વખતજ રાજ કરી શકયો, કેમકે તેનેજ દાખલે બીજા તેનાજ સ્વાર્થી તાબેદારોએ તેને પકડીને સીકંદરને હવાલે કીધો, જેણે ઘણાં અપમાન સાથે તેને સુલીએ ચઢાવ્યો. થરમોપીલીના સાંકડા માર્ગમાં થયલી (ઇ૦ સ૦ પૂર્વે ૪૮૦) ગ્રીક અને ઇરાનીઓ વચેની યાદગાર લડાઇમાં બહાદુર સ્પાર્ટન સરદાર 'લેઓનેડાસે' બે દહાડા લગી ઇરાની પાદશાહ ઝરક્ષીસની સામણે જેવો ટેકાવ રાખ્યો તેવો તે ઘણાએક દહાડા લગી રાખી શકતે. પણ એફીઆલટીસ નામના એક સ્વાર્થી ગ્રીકે નાણાંની એક રકમ લેવાની એકલપેટાઇથી ઝરક્ષીસને એક બીજો રસ્તો દેખાડી દઇને પોતાના સ્વદેશીઓની કતલ કરાવી, જેથી તેનાં નામ ઉપર આજ લગી બદનામી રહી ગઇછે.

રોલાવૃત્ત.

એકલપેટાં લોક, જગતમાં કરે ખરાબી—
દુષ્ટ આચરણ ધરે, દયા હીનાં થઇ પાપી.
એકલપેટાપણું, નીચ હીણું બહુ જાણો—
સ્વાર્થીને ધિક્કાર, વાત એ સાચી માનો.

સવાલો.—એકલપેટાઇની એબ વિષેનો અવસ્તાઇ કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો અને એ ઉપરથી ઉપજતો નીતિસાર સમજાવો. એકલપેટું માણસ કોણની બરાબર છે તે સમજાવો. એકલપેટાપણું આપરક્ષણના

કુદરતી કાયદાને અનુસરતું હોય તોપણ તે સારૂં નથી તે સમજાવો. સ્વાર્થી સાણુસથી બીજાંઓની ભલી નેમો કેમ ઊંધી વલેછે તે સમજાવો. એકલપેટાઇના ગેરફાયદા જણાવો. એકલપેટાંને પોતાને કેવાં નુકસાનો થાયછે તે સમજાવો. સ્વાર્થી માણુસથી ઇનસાફ કેમ ઊંધો વળેછે તે સમજાવો. સ્વાર્થીપણું બેવફાઇને જન્મ આપેછે તેના દાખલા આપો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૧૬ મો.

ઇનસાની ભાઇબંધી અને જરતોશ્તી વિશેષ ભાઇબંધી.

[illegible]

અથના આક્ષ્ત બુયાંન્.....

(દીન યશ્ત, ૪૦ ક).

અર્થ.

" હવેથી તેઓ સુલેહવાળાં થાય....."

[illegible]

[illegible]

[illegible]

દાઇદી અત્ નેરાંશ મંજ દા અહુરા,

....

ઇનુ યાઇ બેજ વઇતે હુખ્મઇને

અશાઇબ્યા અશા-રફ્નઙ્હો.

(મરના હમેઉ હાઇતિ, યજશ્ને, હા ૪૦, ૪૦ ક).

અર્થ.

"આપ અમોને, ઓ અહુરમજ્દ, અમારા દિલાસા દેનારા દોસ્તો તરીકે મરદો.....મીઠાસવાળી અને આબાદી વધારનારી ભાઈબંધીને માટે."

ઉપલો પેહલો પાક કલામ અશો જરતોશ્તે પોતાની દીનની મૂલ મતલબ શું છે તે જણાવવા માટે ઉચ્ચાર્યો હતો, એમ દીન યશ્તમાં કહેછે. બીજો પાક કલામ ગાથિક ઇબારતે જોડાએલા હપ્તહ્હાઇતિ નામના એક પુરાણા અવસ્તામાં છે. એઓ ઉપરથી જણાયછે કે માણસો એક-બીજાંને ચાહે એ જરતોશ્તી દીનની મુખ્ય મકસદ છે.

અવસ્તામાં ઘણે ઠેકાણે એવી મતલબનું શીખવેલું મળી આવેછે કે સર્વે માણસો અહુરમજ્દનાં પેદા કીધેલાંછે, અને જેમ ફરજંદો એક બાપની નજરમાં એકસરખાં વહાલાં હોય તેમ તેઓ તેની નજરમાં એકસરખી રીતે વહાલાં છે. માટે તેઓએ એકબીજાંને બાંદુઓની માફલે ચહાવાં જોઇએ. જેમકે દાખલા તરીકે વંદીદાદમાં (પરગરદ ૫, ફ० ૨०) અહુરમજ્દ કહેછે કે માણસો તથા બીજાં જાન-વરોને માટે હું વર્ષાદ વર્ષાવુંછું કે તેઓને માટે અનાજ તથા ઘાસચારો ઉત્પન્ન થાય અને તેઓ તે વેંહચી ખાય.

વળી ગાહામબારની આફરીન મધે આવેલી પેદાયશોનાં અનુક્રમની ધોરણ દેખાડેછે કે પ્રકટીકરણને કાયદે હોય તેમ પ્રથમ આસમાન, પછી પાણી, પછી જમીન, પછી ઝાડપાન, પછી ગોસ્પંદો અને છેલ્લે ઇનસાનની પેદાયશ થઇ હતી. એ ઉપરથી અનુમાન થાયછે કે ઇનસાનને જે કાંઇ જોઇએ તે તેયાર કીધા પછી તેને પેદા કીધું હતું. જો એમ છે તો આ બાકી દુનિયામાં તમામ પેદાયશો ઉપર ઇનસાનજાત

શ્રેષ્ઠ છે. હવે જે પેદાયશ શ્રેષ્ઠ હોવાનો દાવો રાખે તેણે પોતપોતામાં લડવું નહિ જોઇએ, પણ એકબીજાંને હમેશાં ચહાતાં રેહેવું જોઇએ. કેમકે તેઓએ પોતપોતામાં લડવું હિનપસ્તીભરેલું છે એટલુંજ નહિ પણ તે તેઓના લાભનેબી હાની કરેછે.

વળી જરતોસ્તી દીનની શીક્ષણની ભાવાર્થ પ્રમાણે **જેથી કાંઈ માણસજાતને ઓછું નુકસાન અને વધુ ફાયદો કરે તે ભલું** કહેવાયછે અને **જે કાંઈ તેને વધુ નુકસાન અને ઓછો ફાયદો કરે તે બુંડું** કહેવાયછે. એ ઉપરથીબી ખુલ્લું છે કે એ ધર્મ આ દુનિયાની **બધી વસ્તુઓ માણસોને ફાયદો થાય તેમ કામે લગાડવા** ફરમાવેછે. તે આ જેહાનનો કારોબાર એવી રીતે ચલાવવા ફરમાવેછે કે જેથી **માણસજાતને વધતામાં વધતો ફાયદો** થાય. હવે એ પ્રમાણે થવું દરએક માણસે બીજાંને પોતાના ભાઇબંધ તરીકે ગણવા વિના બની શકે નહી. માટે દરએક જણે બીજાંને પોતાના ભાઇબંધ તરીકે ગણવાની ફરજ છે.

અવસ્તામાં જુહાકને અતિશય ધિક્કાર્યોછે તેનું મુખ્ય કારણ એવું જણાવ્યું છે કે તેણે આ જેહાનમાંથી માણસોનો સમૂળગો નાશ કરવા ચાહ્યું હતું. વલી જેઓ માણસોને ખરાબ કરે તેઓના તરફ અશો જરતોસ્તના ગાથામાં અતિશય ધિક્કાર બતાવેલોછે. પાજંદ પતેતોમાં માણસજાતને ખુદ દાદાર અહુરમજદનાં પાધરાં મવકલપણાંમાં ગણવાથી કોઇબી માણસને કરાતાં નુકસાનના ગુનાહથી ખુદ અહુરમજદને નાખુશ થવાનો સબબ જણાવીને તેવા ગુનાહનો પસ્તાવો કરવામાં આવેછે.

એ વગેરે જરતોસ્તી દીનને લગતાં લખાણોમાં અનેક ઠેકાણે માણસજાતને કાંઇબી નુકસાન નહિ કરવાની અને તેને બને તેટલો ફાયદો કરવાની તાકીદો જોવામાં આવેછે.

તે સઘળાં ઉપરથી નક્કી કરેછે કે દરએક જણે બીજાં સર્વે માણસોને પોતાનાં ભાઇબંધ કરી ગણવાં એ જરતોસ્તી ધર્મનું એક મુખ્ય ફરમાન છે.

આ પૃથ્વી ઉપર માણસોની સંખ્યા કરોડો અને અબજોની છે. તેઓ રંગરૂપમાં, ઘાટઘટમમાં, રીતભાતમાં, ધર્મઆચારમાં, અને બીજી અનેક બાબતોમાં એકબીજાંથી જુદાં દેખાયછે. તેઓની તપાસનાં ઉંડાણમાં વધારે જતાં એમ કહી શકાય કે કોઇબી બે માણસ શું જાહેર શીકલમાં કે શું બાતેન ખાસીઅતમાં તદન એકસરખાં જણાતાં નથી. પણ એ ઉપરથી તેઓ સૃષ્ટિની એકજ વર્ગની પેદાયશ નથી એમ માનવાનું કાંઇ કારણ નથી. તેઓના જે તફાવતો આપણાં જોવામાં આવેછે તેનાં અનેક કારણો છે. આબો-હવાના ફેરફારથી રંગરૂપમાં ફેર પડેછે. જેમકે થંડા મુલકનાં રહેવાસીઓ ગોરાં અને ગરમ મુલકનાં રહેવાસીઓ કાળાં હોયછે. ખાણપાણના સબબથીબી એવો તફાવત પડેછે. જેઓ હલકી કીસમનો ખોરાક લોએછે અથવા બેકાયદે ખાણું-પીણું રાખેછે તેઓનાં શરીર ઉપર તેનો માઠી અસરો થાયછે કે જે પ્રમાણે સારો ખોરાક લેનારાં અને નિયમિત ખાણુંપીણું લેનારાંઓની ઉપર થતી નથી. વળી કસરતથી તથા સુસ્તીથીબી શરીર ઉપર સારી કે માઠી અસરો થાયછે. જેઓનાં શરીરના જે જે અવયવો કસાયછે તેઓ ખીલેલાં, મજબૂત, અને સોહામણાં થાયછે, અને જેઓના જે જે અવયવો સુસ્ત રહેછે તેઓ ચીમરાયલાં, નાતવાન, અને બદસુરત થતાં જાયછે. કેટલીએક વખતે માબાપોનાં રંગરૂપ, તનદરૂસ્તી, અથવા ખરાબ રોગો, સારો કે માઠો સ્વભાવ, વગેરે બચ્ચાંઓને શરીરના વારસામાં ઉતરેછે. તેથીબી માણ-સોની જાહેર અને બાતેનની બાબતોમાં તફાવતો જોવામાં

આવેછે. પણ એ સઘળાં ઉપરથી કાંઇ એમ ઠરતું નથી કે તમામ માણસો એકબીજાનાં ભાઇબંધ નથી. તેઓ સઘળાં વચ્ચે ઇનસાનપણું સામાન્ય છે તેથી તેઓ એકજ ઝાડની શાખાઓ છે અથવા એકજ ગેવાલાંની ગાયો છે. અને એ સબબથી તેઓ એકબીજાના ભાઇબંધ છે. માટે તેઓએ વિખુટાં પડવું નહી, બલકે ઓર એકબીજાં સાથે સુલેહ-સંપજ અને ભાઇબંધી જાલવી રાખીને જે જે દુઃખો અને વિપત્તિઓ માણસજાત ઉપર આવી પડેછે તેમાંથી તેઓને મોકલાં કરવાં અને પરસપર મદદ કરતાં રહેવું, બીજાનાં દુઃખની હમદરદી કરીને તેને પોતાનાં દુઃખસમાન ગણવું, અને જેવું પોતાને માટે ચાહવું અને કરવું તેવુંજ બીજાને માટેબી ચાહવું અને કરવું.

જો કોઇ સવાલ કરે કે જ્યારે સઘળાં માણસો આપણાં ભાઇબંધ તરીકે છે અને માણસોમાં જેમ ભલાં તેમજ ભુંડાંબી હોયછે તો પછી તમામ જરતોસ્તી લખાણોમાં અશોઓને યાને ભલાંઓને મદદ કરવાનું ફરમાન છે અને દરવંદોને યાને ભુંડાંઓને શીકસ્ત કરવાનુંબી ફરમાન છે તેનું કેમ? એનો ખુલાસો એ છે કે ભુંડાંઓને તોડવાથી તો માણસજાતને બેવડો ફાયદો કરી શકાયછે. માટે તેમ કરવામાં તેઓ તરફ ભાઇબંધીની ફરજ બજાવવા સિવાય બીજું કાંઇ સમજવું નહી. જો આપણે ભુંડાંઓને ભુંડાઇ કરવાથી પાછાં રાખીએ તો તેથી ભલાંઓની સેવા બજાવવા ઉપરાંત ખુદ તે ભુંડાંઓના હકમાંબી ભલું કરીએ છીએ. તે એમ કે તેઓની ભુંડાઇનો જથો ઓછો કરવાથી તેઓના ગુનાહોનો બોજો તેમની ઉપર વધી જતો અટકાવીએ છીએ. માટે ભુંડાંઓને તોડવાથીબી તમામ માણસજાત તરફની ભાઇબંધી બજાવી શકાયછે એમ સમજવું.

જો કોઇ એમ સમજે કે તે પોતે પોતાના જીવનું હિત કરેછે એટલે બસ, બીજાંઓ માટે તેને શી પડીછે? તે પોતે પોતાનો ધણી છે અને કોઇનો નોકર ચાકર નથી ત્યારે તેણે શામાટે બીજાંઓને સારૂં પછાડા ખાવા? તો તેણે જાણવું કે ખરૂં જોતાં એમ વિચારવું વાસ્તવિક નથી. દરએક માણસ એક હાથ ઉપર જેમ પોતે પોતાનાં તન અને જાનનો ધણી છે અને તેની સંભાળ રાખવાને બંધાયલોછે તેમ બીજા હાથ ઉપર તે પોતાનાં તન, જાન, બુદ્ધિ, અને શક્તિઓ સુદ્ધાં મનુષ્ય મંડળની સેવા કરનારો તેનો એક નોકરબી છે. એક ઘરધણી કહેશે કે હું મારાં ઘરનો ધણી છું. પણ તેણે જાણવું કે જે વખતે તે ઘરનો ધણી છે તેજ વખતે તે તેની બાયડી છોકરાંનું પોષણ અને ગુજરાન પુરૂં પાડનારો તેઓનો નોકરબી છે. એજ પ્રમાણે એક હાકેમ કે પાદશાહ જે વખતે રૈયત ઉપર હાકમી કે પાદશાહી કરનારો છે તેજ વખતે તે તેઓના જાનમાલની સલામતી જાલવનારો અને તેઓને વાજબી ઇનસાફ આપવાનું કામ કરનારો તેઓનો નોકરબી છે. એ પ્રમાણે જોતાં તમામ માણસજાત એકબીજાં સાથે એવા પરસ્પરના સંબંધથી જોડાયલું છે કે દરએક જણે બીજાંઓને પોતાનાં ભાઇબંધ ગણીને તેઓને ઉપયોગી થવા વિના તેનો છુટકો નથી. જો તે તેઓને ઉપયોગી ન થાય તો તેને તેઓની મદદ ઉપર કશો હક નથી.

એક માણસ પોતે પોતાનું ભલું કરે તેમાં તેને શાબાશી કે વખાણ મેલવવા જેવું કાંઇ નથી, અને જો હોય તો તે થોડુંજ છે. પણ જે કોઇ પરગજુપણે બીજાંઓનું ભલું કરેછે તેનેજ શાબાશી અને વખાણ ઘટેછે. મરદુમીનો ઉત્તમ ગુણ તે ધરાવેછે એમ તેનેજ વિષે કહી શકાય, કેમકે તે ભાઇબંધીની શરત બરાબર બજાવેછે.

ઉતરતાં પ્રાણીઓ વટીક પોતાનાં જાતીલાંઓને ચાહેછે અને તેઓને બનતી મદદ કરેછે. મધમાઓ મધ એકઠું કરવામાં અને મધપુડામાં હલીમલી રહેવામાં એકબીજાને જોઇતી મદદ કરેછે. કીડીઓ કણ સંગ્રહ કરવામાં એક-બીજાને સહાય થાયછે. ઉંદર, કાગડા, હરણ, હાથી, અને એવાંજ બીજાં ઉતરતાં પ્રાણીઓની પરસ્પર ભાઇબંધીના અનેક દાખલા નોંધાએલાછે. જે પ્રાણીઓ એ પ્રમાણે એકબીજાં તરફની ભાઇબંધીની ફરજો બજાવેછે તેઓની જાત વધેછે અને સુખી રહેછે. જેઓ તેમ કરતાં નથી તેઓનો ઘણો વધારો થતો નથી અને તેઓ પુરતાં સુખોબી ભોગવી શકતાં નથી. એજ પ્રમાણે માણસજાતનીબી હાલત છે. માટે તેઓ જો એકબીજાને મદદ ન કરે તો તેઓનો જલદી અંત આવે.

એકબારગી સાજાંતાજાં અને પોતે પોતાને મદદ કરવાને શક્તિવાન હોય એવાંઓને બીજાંઓ મદદ કરવાથી હાથ ખાંચે તો તે ખોટું નહિ કહેવાય. પણ બીમાર, ગરીબ, નાચાર, અને અશક્ત લોકોને મદદ કરવાની તો દરએક જણની ફરજ છે, જે પોતે પોતાની સંભાળ લેવાને અશ-ક્ત તેની સંભાળ તેની જાતનાં બીજાં શક્તિવાનોએ લેવી એ કુદરતનો કાયદો છે. મુંગાં જાનવરોમાં વટીક આપણે જોઇએ છીએ કે બચ્ચું પેદા થાયછે ત્યારથી તે પોતે પોતાનું ગુજરાન મેલવીને પોતાની સંભાળ લેવાને શક્તિવાન થાય ત્યાંલગી તેને જન્મ આપનાર તેની બરદાસ્ત લીએછે. તેમજ પોતાની જાતનું એકાદ જણ માંદું હોય અથવા બંધ પડેલું હોય ત્યારે બીજાંઓ તેને ખાણુંપીણું વગેરે જોઇતી ચીજો પુરી પાડીને તેની બને તેટલી સંભાળ લીએછે. હવે જો ઉતરતાં પ્રાણીઓ પોતાની જાતનાં પ્રાણીઓને માટે એટલું-

ખર્ચું કરેછે તો પછી માણસ જેવી એઉ પેદાયશ પોતાના ગરીબ અને અશક્ત મનુષ્ય ભાઇબંધોને ખાણુંપીણું, દવાદારૂ, વગેરેની બીજી જોઇતી મદદ ન આપે તો તે તેને ઘણું શરમભરેલું છે.

માણસે પોતાના મનુષ્ય ભાઇબંધોને ચાહવું એ એક એવો ઉત્તમ સદ્ગુણ છે અને તેણે પોતાનાં મનુષ્ય ભાઇબંધોની સેવામાં બને તેટલું કરી બજાવવું એ એક એવી ઉત્તમ નેકી છે કે જે માણસ એ સદ્ગુણ અને એ નીતિ ધારણ કરેછે તેનો બદલો આવતી દુનિયામાં તેને મળવાનો તો નક્કીજ છે, પણ આ દુનિયામાંબી તેને તે મળ્યા વગર રેહતો નથી. એક ખરૂં પરોપકારી ઇનસાન તો પોતાના ભાઇબંધોને મદદ કરતી વખતે એટલુંજ માનેછે કે તે પોતાની ફરજ બજાવેછે. પણ તેનું તે કામ પોતામાં એવું તો કાંઇએક ખુદાઇ નૂર અને પાકીજેહ ખુશબો ધરાવેછે કે તે કામ ગમે તેવી છુપી રીતે કીધું હોય, ત્યાંથીબી તેનો પ્રકાશ અને પમરાટ બાહેર પડયા વિના રેહતો નથી. જો કદાચ તેની જીંદગીમાં નહી તો વર્ષો વિત્યા પછી બલકે જમાના ગુજરવા પછીબી તેની ખુબીની વખાણ ફેલાવા વિના રેહેતી નથી. માણસજાતને પોતાનાં ભાઇબંધ તરીકે ગણીને તેઓનાં ભલાંને માટે જેઓ નાનાં કે મોટાં કામો કરી જાયછે, તેઓને તેનાં પ્રમાણ પ્રમાણે જીંદગીમાં કે મરણ બાદ ઇજત અને દરજો મલેછે. મનુષ્ય ભાઇબંધોનાં ભલાંને વાસ્તે જે દોલતમંદો પોતાની દોલત ખરચી ગયાછે, જે પાક નર નારીઓ અને પીરપેગમબરો પોતાનાં સર્વે સુખોના બલકે પોતાના પ્યારા જાનના ભોગે પોતાની રેહનુમાઇના યાદગાર સખુનો મુકી ગયાછે, તેઓની કીર્તિ આ દુનિયામાં રહી ગઇછે, અને તે હમેશે હમેશ

લગી રહેશે. માટે દરએક જણે યાદ રાખવું કે પોતાનાં મનુષ્ય ભાઇબંધોને ચાહવામાં અને તેઓની બનતી સેવા બજાવવામાં ઘણો સવાબ અને નામદારીનું હાસેલ કરવું છે અને તેમાં ખોવાનું કાંઇજ નથી.

હવે તમામ માણસજાતના બહોળા વિસ્તાર ઉપરથી જરતોસ્તી ટોળાના સાંકડી હદ ઉપર આવતાં જરતોસ્તી દીનને લગતાં તમામ લખાણો ઉપરથી એવું નિશ્ચય ઠરેછે કે દરએક જરતોસ્તીએ જો તમામ માણસજાતને પોતાનાં ભાઇબંધ ગણીને તેઓની બનતી સેવા કરવાની ફરજ છે તો પોતાનાં હમદીન ભાઇબંધોની સેવા બજાવવાની તો તેની **વિશેષ ફરજ** છે. એક જરતોસ્તી પોતાના ધર્મની રૂએ શી રીતે ચાલવાને બંધાયલું છે અને તેની મુખ્ય ફરજો શું શું છે તેનો સારાંશ યજશનેના ૧૨ મા હામાં સમાયલો છે કે જે હાને "ફ્રોરેતી હાઇતિ" કરી કહેછે. "ફ્રોરેતી હાઇતિ" એટલે દીનનું જાહેર એકરારનામું. આ એકરારનામાંમાં દરએક જરતોસ્તી બીજી કબૂલાતો સાથે એક કબૂલાત એવી આપેછે કે—

"મજદયસ્નોનાં કુટુંબોની હાણી અને વેરાની કરવાથી હું અલગ રહીશ. રહેવા લાયકનાંઓ (યાને મહેમાનો) ને મરજી મુજબ આવવું અને મરજી મુજબ રહેવું આપીશ, કે તેઓ આ (મારાં મકાનની) જમીન ઉપર (તેઓનાં) ઢોર-ઢાંખ સાથે રહે.....મજદયસ્ની કુટુંબો તરફ હાણી અને વેરાની ઉભી નહી કરૂં; નહી તનની કે નહી જાનની માંગણી આવી પડે તોબી." (યજશને, હા ૧૨, ફ૦ ૨-૩).

આ ઉત્તમ કલામો ઉપરથી દરએક જરતોસ્તીએ પોતાના હમદીનો તરફ કેવી ભાઇબંધી અને ઉદારતાથી વર્તવું તે ખુલ્લું માલુમ પડેછે. પોતાના હમદીનને કોઇબી પ્રકારનું

નુકશાન કરવાથી દૂર રેહવું; દેશપરદેશમાં તેની ઘટતી મેહમાનદારી કરવી; અને પોતાની ઉપર ગમે તેવી સખતી આવી પડે તો તે ખમીનેબી પોતાના હમદીન ભાઇબંધોને મદદ કરવાથી પછાત નહિ રેહવું! વાંચનાર જરતોસ્તી! આ તારી દીનની રૂએ તારી પાળવાની કબૂલાતો છે તે મુજબ તારાં હમદીનો તરફ તારી વર્તણુક તું રાખે તોજ તું ખરો જરતોસ્તી કેહવાય.

બેતો.

મનુષ છે બધાં ભાઇબંધો સમાન—
કે જેનો મરકઝલ અહુર બેગુમાન.
અગરચે રહે રંગ રૂપે જુદાં,
નથી તે થકી પ્રેમ બંધથી છુટાં.
“સુલેહ સંપજે થાહી રહે સહુ જણો”—
જરાતોશ્તની એજ ઇચ્છા ભણો.
સહૂ બેપગાં ભાઇબંધી કરો,
અશક્તો તણા હાથ શક્તાં ધરો.
હમેશાં વલી મઝ્દયસ્નાન જે,
નવાજો વિશેષ હમદીનોનેજ તે.
ફિદા જાન તન માલ મિલકત કરો,
ભલા હમદીનોનાં દુ:ખો દિલ ધરો.

સવાલો—“ઇનસાની ભાઇબંધી અને જરતોસ્તી વિશેષ ભાઇબંધી” એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. એ કલામોની સમજણ આપો. ઇનસાની ભાઇબંધી (૧) વંદીદાદથી સમજાવો, (૨) ગાહામ્બારની આફરીનથી સમજાવો, (૩) જરતોસ્તી દીનની શીલસુરીના ભાવાર્થથી સમજાવો, અને (૪) ઇનસાનને દુ:ખ દેનાર જરતોસ્તી દીનમાં મોટું

ગુનેહગાર ગણાયછે તે વિગતે સમજાવો. એ બધાં ઉપરથી નીકળતો સાર કહો. માણસો જુદી જુદી ભાંતનાં થાથી છે તે સમજાવો, અને તે છતાં તેઓ એકબીજાંનાં ભાઇબંધ કેમ છે તે સમજાવો. જરતોશ્તી ધર્મ ફકત ભલાં- ઓને ચહાવા અને બુડાંઓને તોડવા શીખવેછે તે ઉપરથીબી દુશ્મનોની ભાઇબંધી કેમ સાબેત થાયછે તે સમજાવો. પોત- પોતાના જીવનું કરે એટલે બસ એ વિચાર વાસ્તવિક કેમ નથી તે સમજાવો. પરગજુનેજ વખાણ કેમ ઘટેછે તે સમ- જાવો. માણસજાત જો એકબીજાંને મદદ નહિ કરે તો તેનો જલદી અંત કેમ આવે તે સમજાવો. માણસ જો અશકત મનુષ્ય ભાઇબંધોને મદદ નહિ કરે તો તે જાનવર કરતાં નબેતર કેમ ઠરેછે તે સમજાવો. મનુષ્ય ભાઇબંધ તરફ બજા- વેલી ફરજનો બદલો મલ્યા વગર રહેતો નથી તે વિગતે સમ- જાવો. જરતોશ્તી વિશેષ ભાઇબંધી તથા તે વિષેનો અવ- સ્તામાં આવેલો એકરાર બોલી સમજાવો. એ ઉપરથી મલતો બોધ સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૧૭ મો.

ખુજરચે-મેહેરનાં પંદનામાં મધેથી ચુંટી કહાડેલા સખુનો—ભાગ ૧ લો.

"સ૦—ઘણું પનોતું ઇનસાન કોણ?

જ૦—જે ઘણું બેગુનાહ.

સ૦—ઘણું બેગુનાહ કોણ?

જ૦—જે ભલા માનોઓના તરીકા ઉપર ઘણી રાસ્તીએ કાયમ રહે અને બુડા માનોઓના તરીકાથી ઘણું પરહેજ રહે.

સ૦—ભલા મીનોઓનો તરીકો કયો અને બુંડા માનોઓનો તરીકો કયો?

જ૦—ભલા મીનોઓનો તરીકો નેકી અને બુંડા માનોઓનો તરીકો બદી.

સ૦—નેકી શું અને બદી શું?

જ૦—નેકી "હુમત, હૂખ્ત, અને હુવર્શ્ત"—બદી "દુષ્મત, દુઝૂખ્ત, અને દુઝવર્શ્ત."

સ૦—'હુમત' શું?

જ૦—પ્રમાણ મુજબનો (જોઇએ તેવો, ઘટિત) વિચાર

સ૦—'હૂખ્ત' શું?

જ૦—રાસ્તી વગેરે (સુવચન).

સ૦—'હુવર્શ્ત' શું?

જ૦—સખાવત વગેરે (સુકાર્ય).

સ૦—'દુષ્મત' શું?

જ૦—અંદાજાથી બાહેર થયલો (અઘટિત) વિચાર.

સ૦—'દુઝૂખ્ત' શું?

જ૦—જુઠાઇ વગેરે (દુરૂક્તિ).

સ૦—'દુઝવર્શ્ત' શું?

જ૦—દાન નહી કરવું વગેરે (દુષ્કર્મ) ....

સ૦—ભલાઇમાં પુરૂં કોણ?

જ૦—જે ઘણું દાનાવ.

સ૦—ઘણું દાનાવ કોણ?

જ૦—જે તનનો અંત આવશે એમ જાણે, "રવાન" (આત્મા) ના શત્રુઓને પીછાને, અને પોતાને "રવાન" (આત્મા) ના શત્રુઓથી બચાવવું તથા નિર્ભય રાખવું ઘણું જાણે.

સ૦—તનની આખેરી તે શું?

જ૦—તનની આખેરી તે કાયાનું ઉથલપાથલ થવું.

સ૦—"રવાન" (આત્મા) ના શત્રુઓ કયા, જેઓને દાનાવોએ ખુબ પીછાનવા છે?

જ૦—"રવાન" (આત્મા) ના શત્રુઓ આ કેટલીએક 'દરૂજો' (ખરાબીઓ) છે: "આજ" (અવસ્તા

"આજિ્"=ખરાબ લાલચ); "નિયાજ્" (બેહદ હાજતો); "ખિશ્મ" (અવસ્તા "એશ્મ" =ક્રોધ, જુલમગારી); "અરશ્ક" (અવસ્તા "એરેશ્યા" "અરસ્ક"=ઇર્ષ્યા, અદેખાઇ); "નંગ" (લાજને લીધે ગુનાહ કરવો); "વરૂન" (અવસ્તા "વરેન"=ખરાબ ખાહેશ); "કીનેહ" (અવસ્તા "કેન"=કીનો, વેર); "બૂશાસ્પ" (અવસ્તા બૂશ્યાંસ્ત=આલસાઇ); "આશ્મોગી" (અવસ્તા "અષેમોઘ્ય"=જૂઠી સમજાવટ); અને "સ્પજ્ગી" (અવસ્તા "સ્પજ્ગ્ય=ચાડી ચુગલી, ખોટી ગીબત, નિંદાખોર નાલેશી).

સ૦—એઓમાંથી કોણ (શું કરવામાં) ઘણી જાલેમ છે?

જ૦—"આજ્" (ખરાબ લાલચ) (રવાનને યાને આત્માને) ઘણું અસંતાપી અને ઘણું ભટકનાર (કરેછે). "નિયાજ્" (બેહદ હાજતો) (રવાનને યાને આત્માને) ઘણો આજાર દેનાર અને ઘણો આજાર પામનાર (કરેછે). "ખિશ્મ" (ક્રોધ, જુલમગારી) (રવાનને યાને આત્માને) ઘણું દુષ્ટ બલ વાપડનાર અને નગુણું (કરેછે). "અરશ્ક" (ઇર્ષ્યા, અદેખાઇ) (રવાનને) ઘણી હલાકીની ખાહેશ કરનારૂં અને ઘણી બદ ઉમેદવાલું (કરેછે). "નંગ" (લાજને લીધે ગુનાહ કરવો) (રવાનને) ઘણા કજીઆ તંટા કરનાર (કરેછે). "વરૂન" (બુરી ખાહેશ) (રવાનને) ઘણું સ્વચ્છંદી અને ઘણું ઉથલપાથલ કરનાર (કરેછે). "કીનેહ" (વેર) (રવાનને) ઘણું ભયંકાર અને બેરેહમ (કરેછે). "બૂષાસ્પ" (આલસાઇ) (રવાનને) ઘણી સુસ્તી કરનાર અને ઘણું ભૂલી જનાર (કરેછે). "આશ્મોગી" (જૂઠી સમજાવટ) (રવાનને) ઘણું છુપાવનાર અને ફરેબકાર (કરેછે). અને "સ્પજ્ગી" (ચાડી ચુગલી) (રવાનને) ઘણું શીતને-અંગેજ (કરેછે)."

• •

"દાદાર અહુરમજદે આ (ઉપલી) 'દરજો' (બસ-બીઓ) ને પાછી રાખીને આદમીઓને મદદ કરવા સારૂ તેઓની નગેહબાની કરનારા આ કેટલાએક 'મીનોઓ' (અણુદેખાદાતાઓ, સદગુણો વગેરે) બખશીઆછે: "આસન-ખેરદ" (અવસ્તા "આસન-ખ્રતુ"=જાતી અકલ); "ગોશોસ્રૂત-ખેરદ" (અવસ્તા "ગોશોસ્રૂત ખ્રતુ"=શીખેલી અકલ); "હીમ" શુદ્ધ મનોવૃત્તિ, મનઃપ્રકૃતિ, શીલ); "ઉમેદ" (આશાવંતપણું); "ખુરસંદી" (સંતોષીપણું); "દીન" (અવસ્તા "દેના"=અંતઃકરણ, દિયાનત); અને "હમપુરસ-ગીએ-દાના" (દાનાવો સાથે મશવરત)."

સ૦—એ દરએક મીનોનાં પોતપોતાનાં કામો શું શું છે?

જ૦—"આસન-ખેરદ" (જાતી અકલ) નું કામ (એ છે કે) "નગીરબનને લગતા" (પરની મતા અથવા સ્ત્રીપર બદ-નજરે જોવાને લગતા) ગુનાહ કરવાનું ભયંકારપણું તથા જેમાંથી કાંઇ હાંસેલ નહી થાએ એવી મેહનત—એઓથી પોતાને જાલવવું; બાકી દોલત પરસંબંધી થશે અને શરીરની આજેરી આવશે એ વાત લક્ષમાં રાખવી, અને તેથી (રવાને) પોતાની "ક્રશોકરદને લગતી દોલત" (સવાબ, નેકી) ને નહી ઘટાડવી, તથા પોતાની બદકારીને નહી વધારવી (ઇત્યાદિ રવાનને સુચવવું).—"ગોશોસ્રૂત-ખેરદ" (શીખેલી અકલ) નું કામ (એ છે કે) નેક રસ્તાની નસીહતને પીછાનીને તે ઉપર કાયમ રેહવું; જે ચીજ (નજર) આગલ પસાર થાય તેને અવલોકવી તથા જે પછીથી (થવાના) તેથી ખબરદાર થવું; જે ચીજ હોઇ નહી શકે તે નહી માનવી; અને જે કામ આખેર કરી નહી શકાય તે હાથ નહી ધરવું (ઇત્યાદિ રવાનને સુચવવું). "હીમ" (શુદ્ધ મનોવૃત્તિ) નું કામ (એ છે કે) પોતાને ખરાબ આદત અને બુરી ખાહેશની આરજુ-

મંદીથી જાલવવું અને (તેઓની ઉપર) કાબુ મેલવવો અને મીજાજ તથા આદતને નેક રીતે સમારતા રહેવું એ વાતોને લક્ષમાં રાખવી (ઇત્યાદિ રવાનને સૂચવવું).—"ઉમેદ" (આશાવંતપણાં) નું કામ (એ છે કે) પોતાને કામનો નફો મેલવાવતાં નેક કામનીજ મહેનત તરફ પોતાને ચલાવવું (ઇત્યાદિ રવાનને સૂચવવું).—"ખુરસંદી" (સંતોષીપણાં) નું કામ (એ છે કે) પોતાને બેઅદાજે ખાહેશથી જાલવવું અને અસંતોષથી રંજ તથા બેઅંદાજગીથી ભય (છે) તે વાત લક્ષમાં રાખવી; જે ચીજ (સવાબ)ને માટે અંતે તેને માંગણીઓ થશે તે કોઇબી ચીજને માટે નહી આપી દેવી; જે ચીજ ચુનંદી નહી હોય તેને માટે હાયવાય, તથા જે (જેમ બની ચુકેલું તેથી) જુદી રીતનું કરી નહી શકાય તેને માટે રંજ અને આજાર નહી ભોગવવા (ઇત્યાદિ રવાનને સૂચવવું).—"દીન" (અંતઃકરણ)નું કામ (એ છે કે) ગુનાહની સજા અને સવાબનાં ઇમાનથી (રવાન) ને વાકેફ કરવું અને ભલા માનોઓની શીખામણો તથા માર્ગ બુરા માનોઓની (શીખવણી તથા માર્ગ) થી જુદાં છે તે (ઇત્યાદિ રવાનને સૂચવવું).—"હમપુરસગીએ-દાના" (દાનાઓ સાથે મશવરત) નું કામ (એ છે કે) પોતાને બદ ખાહેશ તથા સ્વચ્છંદીપણાંથી જાલવવું અને એવી રીતે ચલાવવું કે જ્યારે હલાકી પોહચી શકે ત્યારે (તેની) પોતાની કરણીને એબ નહી લાગે (એ વગેરે રવાનને સૂચવવું)."

સ૦—માણસોની જાતમાં (રવાનને મદદ કરનારી) આ (તથા બીજી) કેટલીએક માનોઇ ચીજો છે તેઓ મધ્યેથી કોણ કોણ (શી શી બાબતમાં) ઘણી કૌવતમંદ છે?

જ૦—"ખેરદ" (અવસ્તા "ખ્રતુ"=જ્ઞાન) ઘણું જોઇ શકનાર છે. "મિનબન" (અવસ્તા "મનહ્હુ"=

વિચાર) ઘણો દરીઆફત કરનાર છે. "હોષ" (અવસ્તા "ઉષિ"=હોશીઆરી) ઘણું ધારણ કરનાર છે. "હીમ" (શુદ્ધ મનોવૃત્તિ) ઘણો સુવિનય કરાવનાર છે. "ખોય" (આદત) ઘણું સમારનાર છે. "ખુરસંદી" (સંતોષ) ઘણો એસ્તવારીવાળો છે. "ઉમેદ" (આશાવંતપણું) ઘણી જાથુકીવાળું છે. "અખો" (અવસ્તા "અહુવા"=જીવતત્વ) ઘણી ખાલેસીવાળું છે. "બોય" (અવસ્તા "બોધહ્"=બુદ્ધિતત્વ) (ઇન્દ્રિઓની મારફતે) ઘણી ખબર મેલવનાર છે. અને "ફરોહર" (અવસ્તા "ફ્રવષિ"=એક ઉત્તમ મીનોઇ તત્વ) (તન, જાન, મન, અને રવાન એ સર્વેનાં હિત કીજે) ઘણી રંજ ખેંચનાર છે."

સ૦—ઇનસાનોમાં કયા ગુણો સારા?

જ૦—દાનાઇ અને અકલ.

સ૦—એઓ કેવી રીતના (હોય તો) સારા?

જ૦—જો તેઓ ઇનસાનને વધારે નિર્ભયતાએ, વધારે નિર્દોષતાએ અને વધારે કષ્ટ વિના ચલાવી શકે તો.

સ૦—ઇનસાનોમાં ગ્નાન (હોય તો) સારૂં કે સમજ (હોય તો)?

જ૦—(બંને—કેમકે) ગ્નાન હોય તો કામની વાકેફી, અને સમજ હોય તો કામનું પસંદ કરવું (થઇ શકે).

સ૦—કઇ સારી ખુનીઆદની અસર?

જ૦—નમનતાઇ અને શીરીન-જુબાની.

સ૦—આદત કઇ સારી?

જ૦—(પોતાને) છુપું રાખવું, અને ખુદાના પેગમ્બર સાથે સારી ભાઇબંધી રાખવી.

સ૦—તરીકો કયો ભલો?

જ૦—નેકીનો.

સ૦—ઇચ્છા કઇ વધારે સારી ?

જ૦—નિર્દોષિતપણાંની.

સ૦—સવાબ કયો સારો ?

જ૦—સબુરીવાળાએ (દુઃખ ખમીને જે સવાબી) દોલતવાળા થવું તે.

સ૦—શું કરનાર ભલું ?

જ૦—દીનનો શુમાર (કરનાર ભલું).

સ૦—કેળવણી કઇ સારી ?

જ૦—જેથી વખતનો (અથવા શરીરનો) (કારોબાર) ચલાવવો અને "રવાન રુખ્તગી" (આત્માની મુક્તિ) ઘણી સરસ જાણી શકાય તે.

સ૦—સારી ઇજ્જત કઇ ?

જ૦—ભલાંની દોસ્તી અને રાંકપણું.

સ૦—મોટી નામદારી શી ?

જ૦—આપ-ઉદ્યોગ.

સ૦—ઘણો જાલેમ શત્રુ કયો ?

જ૦—બદ કરણી.

સ૦—ઇનસાનોમાં કેળવણી (હોય તો) સારૂં કે ઓલાદે ઉતરેલી અકલ (હોય તો) ?

જ૦—(બંને—કેમકે) કેળવણીથી હરએક શખસનું ખીલવું છે; અને તેઓમથી ઉતરેલી અકલથી (તેમાં) સારી મનોવૃત્તિનું રહેવું, (તે) શખસના સ્વભાવને સમારવું, અને (તેના) જીવની પાસબાની છે.".....

"સ૦—સારી મનોવૃત્તિ, સારી આદત, અકલ, અને બીજા ઇનસાનોમાંના ગુણો કેમ ઘણી ઓછી ઘાત ઉત્પન્ન કરનારા અને ઘણા વગર હાનિના (થઇ શકે) ?

જ૦—"ખરદ" (જ્ઞાન) (એવી રીતે રહેવી જોઇએ) કે જેને ગર્વ નહિ હોય; "હુનર" (ચંચલાઇ) (એવી રીતે) કે

જેને તિરસ્કાર નહિ હોય; "વીરઓમંદી" (તર્કશક્તિ) (એવી) કે જેને જૂઠી સમજાવટ નહિ હોય; "નેહાની" (ગુપ્ત રાખવું) (એવું) કે જેને વેરભાવ નહિ હોય; "ખુરસંદએરી" (સંતોષી નમનતાઇ) (એવી) કે જેને નીચ નજર નહિ હોય; "વેહ-હીમી" (સુશિલતા) (એવી) કે જેને (બીજાજનું) ઉથલપાથલ થવું નહિ હોય; "નેક-અંદાજગી" (સારી કરકસર) (એવી) કે જેને વળી છેકજ કંજુસાઇબી નહિ હોય; "રાસ્તી" (ન્યાયીપણું) (એવું) કે જેને દયાહીનપણું નહિ હોય; "ઉમેદ" (આશાવંતપણું) (એવું) કે જેને આલસુપણું નહિ હોય; "રાદી" (ઉદારતા) (એવી) કે જેને વળી છેકજ મોહતાજ થઇ પડવુંબી નહિ હોય; "હુદરવેષી" (નેક ગરીબી) (એવી) કે જેને અસંતોષ નહિ હોય; "તન-પાનગી" (શરીર પાલણ) (એવી) કે જેને આજાર દેનારપણું નહિ હોય; "ફરોતની" (નમનતાઇ) (એવી) કે જેને ફરેબીપણું નહિ હોય; "તરસગાહી" (નુકસાનની ધાસ્તી રાખીને અગાઉથી વાકેફી રાખવી) (એવી) કે જેને બેપરવાઇ નહિ હોય; "વેહ દોસ્તી" (નેક દોસ્તી) (એવી) કે જેને વેષધારીપણું નહિ હોય; "એગાનગી" (એકસંપી) (એવી) કે જેને ખુલ્લું કરવું (ફોડી મારવું) નહિ હોય; "એષકારી" (આપ-ઉદ્યોગ) (એવા) કે જેને સુસ્તી નહિ હોય; "તોક્ષાકી" (મહેનત) (એવી) કે જેને અદેખાઇ નહિ હોય; "દાનાઇ" (દાનાઇ) (એવી) કે જેને હોઠ ઉઘાડવા (લપલપાટ અથવા બહુ હસવું) નહિ હોય."........ ..

પાઠ ૧૮ મો.

આપ બડાઈ કરવી નહી.

[illegible]

ખેષ્ તન્ મ સતાએ.

(આદરબાદનું પંદનામું, ક૦ ૬૫).

અર્થ.

"પોતે પોતાને મા વખાણ."

આપ સ્તૂતી ફરિયાનો છે પુકાર—
ભાવ જેનો કોઇ નવ પૂછે લગાર.
આપ મુખથી આપની કરવી બડાઇ—
વાગતા ખાલી ચણા સમ તે જણાઇ.
આપ સ્તૂતી કીર્તિનો ગુમ્બજ કરે—
લોકમાં તે વા ભર્યા ડબ્બા ઠરે.
આપ સ્તૂતીને ખુશામદ જઇ મલે—
જેમ મેંડકને સરપ લવતાં ગળે.
આપ સ્તૂતી આપ ખામી ના જુએ—
ઝટ બતા ખાઇ ખુણે બેસી રૂએ.
આપ સ્તૂતીથી ગુમાવો મા વજન—
આપ વિસરી પરતણાં કરજો કથન.

પાઠ ૧૯ મો.

પૂરજ એટલે શું? અને તે બજાવવાની જરૂર.

[illegible]

[illegible]

[illegible]

યથા આત્ ઉતા ના વા નાઇરી વા વેદા હઇથીમ્,
અથા હત્ વોહૂ તત્ એ એ આ દૂ વેરેજ્.યોતૂચા ઇત્.
(યસ્ના હપ્તહંગ્હાઇતિ, હા ૧ લો; યજશ્ને, હા ૩૫, ક૦ ૬).

અર્થ.

"શું નર કે શું નારી **ખરો (ફરજ)** ને જેમ **જાણે તેમ** (તે) બંધે (નર કે નારી) એ તેને સારીપેઠે થાય તેમ **બજાવવી.**"

"ફરજ" એ શબ્દનું લક્ષણ એવું આપી શકાય કે હરએક પ્રસંગે હરએક બાબતમાં જેમ કરવું અથવા નહીં કરવું ઘટારત હોયછે તે. જોકે એ શબ્દ માત્ર એક નાનો ત્રણ અક્ષરનો છે તોપણ દરએક માણસને તે સમજવા વગર અને તે મુજબ અમલ કીધા વગર કદી નહી ચાલે એવું છે.

પુખ્ત વિચાર કરતાં માલુમ પડેછે કે પ્રાણીમાત્રમાં ફરજનો વિચાર કુદરતી રીતે આવેછે. ગોયા છેક અદના પંક્તિનાં જાનવરોથી તે ઉંચામાં ઉંચી પંક્તિનાં ઇનસાન-જાત લગીનાં તમામ પ્રાણીઓમાં પોતા તરફ તેમજ નજદીક અથવા દૂરનાં બીજાંઓ તરફ ફરજ બજાવવાનું અંગ ગ્નાન વધતું કે ઓછું કુદરતે મુકેલું છે. જો કુદરતથીજ ચોકસ ફરજો બજાવવાની સૂચના આપોઆપ થતી ન હોત તો પ્રાણીઓ પોતાનાં શરીર તરફની કેટલીએક ફરજો બજાવેછે તે તેઓ બજાવતાં દેખાતે નહી. જેમકે દાખલા તરીકે તમામ ખનીજ પદાર્થો અને ઘણીખરી વનસ્પતિઓ આપ-બચાવ શું તે જાણતાં નથી પણ પ્રાણીઓ પોતા તરફની એ ફરજ બજાવી જાણેછે. કેટલાંએકો દરમાં ભરાયછે, કેટલાં-એકો ઝાડોઓ કે ગુફાઓમાં સંતાયછે, કેટલાંએકો ઉંચાં ઝાડો ઉપર માળા કરીને તેમાં છુપાયછે, અને એ પ્રમાણે એક કે

બીજી અનેક રીતીઓએ તેઓ આપબચાવની ફરજ બજાવેછે. વળી જ્યારે કોઇ રીતે ભરાઇ છુપાઇને બચાવ કરવાનો દીરગ રહેતો નથી ત્યારે તેઓ પોતાને મારનાર કે દુઃખ દેનારની ઉપર પોતાથી બને તેવો હુમલો કરીને અથવા તેની સોડથી હરએક તજવીજથી છટકી જઇને પોતાનો બચાવ કરવાની ફરજ બજાવેછે. કેટલાંએક પ્રાણીઓ જ્યારે બની આવે ત્યારે નાહીધોઇને પોતાનાં શરીર તરફની ફરજ બજાવેછે. બચ્ચાં મોટાં થઇને પોતે પોતાનું શોધી લીએ ત્યાંલગી દરએક પ્રાણી તેઓની સંભાળ રાખવાની પોતાની ફરજ સમજેછે અને બજાવેછે. જેમ જેમ નીચી પંક્તિનાં પ્રાણીઓથી ઉપર આવતાં જઇએ તેમ તેમ પોતાની તેમજ બીજાંની તરફ તેઓને વધારે અને વધારે ફરજો બજાવતાં જોઇએ છીએ. નીમકહલાલ કુતરૂં પોતાના ધણી અથવા મોહલાની પાસબાની કરવાની ફરજ સમજેછે અને બજાવેછે. શ્યાનો અને વફાદાર ઘોડો પોતાના ધણીની નોકરી બરાબર બજાવવાની ફરજ સમજતો જણાયછે. એ પ્રમાણે જ્યારે મુગાં પ્રાણીઓ વટીક પોતાની ફરજ બજાવવાનો ઉત્તમ સદગુણ ધરાવેછે અને તેને અમલમાં લાવેછે ત્યારે મનુષ્ય જેવાં કુલ પેદાયશોના સરદાર પ્રાણીમાં એ સદગુણ ઘણો ખીલીને નજદીક સંપૂર્ણતા ઉપર આવવો જોઇએ એમ આશા રાખવામાં કાંઇ ખોટું નથી.

અને એટલામાટેજ સઘળા ધર્મોમાં દરએક ઇનસાને પોતા તરફની તેમજ બીજાંઓ તરફની ફરજો બજાવવાની તાકીદ અને ચેતવણી આપેલી મળેછે. અવસ્તામાં મથાળે ટાંકેલા કલામો ઉપરાંત બીજે અનેક ઠેકાણે દરએક જણે પોતે પોતાની ફરજો બજાવવી ઘટારત છે તેના ઇશારા મલેછે. જેમકે જરતોશ્તી દીનનાં એકરારનામામાં દરએક જરતોશ્તી

કબૂલાત આપેછે કે "ઉસ્ત્ મેઈન્ સ્તુયે તાથ્રાઅતચ્ચા હન્જુ-હત્ચ્યા" યાને "હું ઉપયોગી પ્રાણીઓનો ચોર અને લુટારાઓ વગેરેથી બચાવ કરવાની ફરજ બજાવીશ." "ઉસ્ત્ મજ્દયસ્નનાંમ્ વીસાંમ્ જ્યાનયેચ્ચા વીવાપતચ્ચા" યાને "હું મારાં હમદીન મજ્દયસ્નાનાનાં ઘરબાર, માલમતા, અને કુટુંબ કબીલાને હરએક તરેહનાં નુકસાનથી બચાવ કરવાની ફરજ બજાવીશ." (યજશને, હા ૧૨, ફ૦ ૨). પોતાનાં લાગતાંવલગતાંઓ તેમજ દૂરનાંઓ તરફની ફરજો અજબતે દરજે-બ-દરજે બજાવવા લાયક ગણાય. તેમ છતાં પતેતોનાં પાજંદ ભણતરોમાં જેમ લાગતાંવલગતાંઓ તરફની ફરજો બજાવવામાં કસુર કરવાનું ગુનાહભરેલું ગણ્યુંછે તેમજ દૂરનાં અને પારકાંઓ તરફની ફરજો બજાવવામાં કસુર કરવાનું બી ગુનાહભરેલું ગણ્યુંછે. એ સઘળું દેખાડેછે કે દરએક જરતોસ્તીએ પોતાની ફરજો બજાવવામાં અત્યંત ચોંપ રાખવી એ તેના દીનની રૂએ તેને અતિ જરૂરનું છે.

જો કોઇ કહે કે આપણે ફરજો કાં બજાવવી જોઇએ? અને નહી બજાવીએ તો તેમાં શું છે? તો તેનો જવાબ એટલોજ છે કે હરએક પ્રસંગે હરએક બાબતમાં આપણું અંતઃકરણજ આપણને આપણી ફરજ બજાવવી જોઇએ એવી ચેતવણી આપેછે અને જો આપણે તે ચેતવણી મુજબ અમલ કરીએ છીએ તો તે આપણને શાબાશી આપેછે અને જો આપણે તેમ કરતાં નથી તો તે પ્રસંગ હાથથી જવા પછી તેજ અંતઃકરણ આપણને ઠપકાના જખમ કરેછે. આ કુદરતી ઇનામ અને સજાજ કાંઇ નહી તો દરએક જણે પોતાની ફરજો બજાવવાની ખાતરી કરી આપેછે.

પોતાની ફરજ બજાવવાથી મળતાં સુખો અને ફાયદા અનેક છે, અને તેમજ તેથી ઉલટું પોતાની ફરજો નહી બજાવવાથી મળતાં દુઃખો અને ગેરફાયદાબી અનેક છે. દરએક જણને અનુભવ મલ્યો હશે કે એકવાર બજાવેલી ફરજની જયારેબી યાદ પડેછે ત્યારે કેટલાબધો દીલાસો અને સંતોષ મલેછે અને તેમજ જયારે ફરજ નહી બજાવવાની યાદ પડેછે ત્યારે કેવો પસ્તાવો અને દિલગીરી ઉપજેછે.

ફરજની લાગણી અને ફરજનો વિચાર માણસનાં દીલ તથા મન સાથે હમેશનાં જોડાયલાંછે. એકબારગી તેની સત્તા અથવા દોલત જાય, તેના વિચારો અને મતો ફેરવાય, તેનાં દીલના જુસ્સા ચહડ ઉતર થાય, પણ ઇનસાન તરીકે તેની હરએક પ્રસંગે જેટલી બજાવી શકાય તેટલી ફરજ તો કાયમ રહેછે. તેની હાલત, વિચાર, કે લાગણી ફેરવાવા છતાં તે પોતાની ફરજનાં બંધનમાંથી સદનતર મોકલું થઇ શકતું નથી.

ફરજ એક એવી મકમ ચીજ છે કે તેને વાંકી વાલવી કે બસેડવી, કે સુવાડી દેવી કે છુપાવવી એ નહી બની શકે એવું છે. જે કરવું અથવા નહી કરવું દરકારતજ છે તે કોઇબી રીતે કોઇથી ના પાડી શકાયજ નહી.

ફરજ બજાવવાના ફાયદા અને તે નહી બજાવવાના ગેર-ફાયદા અનેક છે. ફરજ બજાવવામાં આબરૂ છે અને તે નહી બજાવવામાં હીનપસ્તી છે. જે પોતાની ફરજ સાધા-રણ રીતે બજાવેછે તેને વટીક શાબાશી મળેછે. જો ફરજ બજાવવામાં કાંઇ મોટું કામ થાયછે તો તેથી તે બજાવ-નારની વાહવા થાયછે, અને જો ફરજ બજાવતાં કાંઇ મહા-

ભારત કામ થાયછે તો તે બજાવનારની નામદારી રહી જાય-છે. જેમકે એક ઉતરતે વાંધેનો કામદાર જો પોતાની ફરજ ચોંપથી બજાવેછે તો તેના વડાઓથી તેને શાબાશી મલેછે. જો કોઇ વડો માણસ પોતાની ફરજ સંપૂર્ણ રીતે બજાવેછે તો લોકમાં તેની વાખ્ખવાખ્ખી થાયછે. જો કોઇ દોલતમંદ સખ્ખી દાતારપણે પોતાની ફરજ બજાવી જાયછે, જો કોઇ સપેહસાલાર જંગ જીતવામાં પોતાની ફરજ બજાવી જાયછે, જો કોઇ ધર્મગુરૂ ઉત્તમ રહેનુમાઇથી પોતાની ફરજ બજાવી જાયછે, તો તે દરએકની નામદારી દુનીઆમાં રહી જાયછે.

જે માણસ આખી જીંદગીમાં સ્વલાભને પડતો વટિક નાખીને સચ્ચાઇ તથા વાજબીપણાંને ખાતર પોતાની ફરજ બજાવવામાં મજબુત રહેછે, તેને જોકે જીંદગીના માર્ગમાં ઘણીએક મુશકેલીઓના કાંટા ખુંચેછે તોપણ અંતે તે સઘળા તેને ફુલોનાં જેવું સુખ અને ખુશહાલી હાંસેલ કરાવેછે. અલબતે ફરજ બજાવવાનો માર્ગ ઉભી અને ઉંચી ટેકડી ઉપર ચહડવા જેવો રંજભરેલો હોયછે તોપણ જે કોઇ સાબેત કદમથી તેની ટોંચ ઉપર ચહડેછે તેને ત્યાં અંતે ઘણો ઉંચી પંક્તિનો આરામ મલેછે.

ફરજ બજાવવા જેવું બલવાનપણું નથી અને ફરજ નહી બજાવવા જેવું નબલાપણું નથી. એક માણસ જર, જોર, વગેરે બીજી બધી જાતનાં કુવતો ધરાવતું છતાં જો તેમાં ફરજ બજાવવાનું મકમપણું ન હોય તો તેની તે શક્તિઓ નકામી છે. ગમે તેવી મનશની અથવા ગમે તેવી ઉંચી ખાસીઅત ફરજ બજાવવાના સદગુણ વિના સંપૂર્ણ ફલદાયક કહેવાય નહી. ફરજ બજાવવાની મનની મજબુતાઇ તમામ નેક ખસલતોની ઇમારતનું જોડાણ રાખેછે. એ મજબુતાઇ વિના ગમે તેવું જ્ઞાન, ભલાઇ, દાનાઇ, સચ્ચાઇ

અને ભલી મનશની કમજોર અને વગર ઉપયોગનાં થઇ પડી રહેછે.

ફરજ વિષેનું ગ્નાન માત્ર રાખીને બેસી રહેવું કાંઇ કામનું નથી, કેમકે તે માત્ર ખ્યાલને રૂપે રહેવા કરતાં બીજું વધારે કાંઇ કરી શકે નહી. પણ જ્યારે ફરજ મકમપણે બજાવવામાં આવે ત્યારેજ તેનું ફલ નક્કર રૂપ ધારણ કરેછે.

લોક ગમે તો ઠપકો આપે કે વખાણ કરે તેની દરકાર કીધા વિના જે આપણી ફરજ હોય તે ખંતથી બજાવવી. વાજબી ફરજ વાજબી વખતે અને વાજબી જગાએ બજાવવાથી આપણે કાંઇ ખોશું નહીં.

પોતાની ફરજ બજાવવા પછી કોઇબી માણસનું મન મુઝાશે નહી. જો તે અંતઃકરણના હુકમ મુજબ મકમપણેથી એકાદ નેક કામ બજાવશે, કે એકાદ વખતે ખોટી લાલચની સામણે ટકી રહેશે, કે એકાદ આપમતલબી ઇચ્છાનો ફરજની આગલ ભોગ આપશે, તો તેથી તે ઓર પોતાનાં મનમાં ખુશહાલી અને સંતોષ હાંસેલ કરશે.

દરએક માણસે ત્રણ પ્રકારની ફરજો બજાવવાની હોય-છે. પેહેલી પોતા તરફની, બીજી દુનિયા તરફની, અને ત્રીજી ખુદા તરફની. આ દરએક પ્રકારની ફરજોની સંખ્યા અનેક છે, અને વળી તે દરએકને વિગતવાર સમજવા તથા બજાવવા માટે ઘણુંએક વિદ્યાનું, કાયદાનું, અને ધર્મ-શાસ્ત્રનું ગ્નાન મેલવવાની જરૂર છે. તોપણ તે મધેથી જરતોસ્તી દીનની રૂએ બજાવવાની કેટલીએક ફરજોનું થોડુંએક બયાન નીચલા પાઠોમાં કીધું છે.

બેતો.

ફરજની લાગણી છે આદમીને,
બજાવે ના ફરજ તે આપ હીણે.
શરમ છે ફલ ફરજને ચૂકવાનું,
વળી દિલ ડંખથી સુખ લૂટવાનું.
ફરજ હરવકત હર જાગે બજાવો,
ખુશી દિલની હમેશાં હાથ લાવો.

સવાલો.—"ફરજ એટલે શું અને તે બજાવવાની જરૂર" એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. ફરજનું લક્ષણ કહો. ફરજનો વિચાર પ્રાણીમાત્રમાં કેમ છે તે સમજાવો. ફરજ ધર્મનું ફરમાન કેમ છે તે સમજાવો. આપણે ફરજો કાં બજાવવી જોઇએ તે સમજાવો. ફરજનો વિચાર અને લાગણી માણસમાં જોડાયલાં કેમ રહેછે તે સમજાવો. ફરજ બજાવવાના ફાયદા અને નહી બજાવવાના ગેરફાયદા દર્શાવો. ફરજ બજાવવાની મુશકેલી સમજાવો. ફરજ બજાવવી એ એક બળવાનપણું છે તે સમજાવો. ફરજ બજાવતાં લોકનો વિચાર નહી કરવાથી થતો ફાયદો જણાવો. દરએક માણસે કેટલા પ્રકારની ફરજો બજાવવાની હોયછે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૨૦ મો.

માણસની પોતા તરફની ફરજો.

[illegible]

યો વ્હીંમ્ અડ્વ્હીંમ્ યોજ્‌દદાઇતિ..........
(વંદીદાદ, ફરગરદ ૫, ક૦ ૨૦).

અ ર્થ.

"(તે છે માણસ) જે પોતાની હૈયાતીને (બી) ચોખ્ખી રાખે."............

આ અવસ્તાઇ કલામો સૂચવેછે કે માણસે પોતા તરફ તદ્દન બેદરકાર રહેવું એ જરતોસ્તી ધર્મનીતિને અનુસરતું નથી. દરએક માણસે જે અનેક ફરજો બજાવવાની છે તેમાં કેટલીએક પોતા તરફ બજાવવાનીબી છે. જો ઇનસાને કોઇનેબી ગેરઇનસાફ કરવો સજાવાર નથી તો તેને પોતે પોતાને પણ ગેરઇનસાફ કરવો સજાવાર નથી. અને એ ઉપરથી ખુલ્લું છે કે દરએક જણે પોતા તરફની ફરજો બજાવવામાં પછાત રહેવું નહીં. એ ફરજો અનેક છે, જેમાંના થોડીએક તો મુખ્ય અને જરૂર યાદ રાખવાજોગ છે.

જરતોસ્તી ફીલસુફી પ્રમાણે માણસ જે અનેક દેખાઇતા તથા અણદેખાઇતા ભાગો સાથે મલવાથી બન્યુંછે તેઓને સહેલાઇને ખાતર સાધારણ રીતે તન, મન, અને રવાન યાને આત્મા, એવા ત્રણ મુખ્ય ભાગોમાં વેંહચેલાછે. એ ઉપરથી દરએક જણે પોતા તરફ બજાવવાની ફરજો સાધારણ રીતે મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાઇ શકાયછે. એ દરએક ભાગને લગતી મુખ્ય ફરજો આપણે ટુંકમાં નીચે પ્રમાણે જોઇ જઇએ.

દરએક જણની પોતાની પેહલી ફરજ એ છે કે પોતાની જીંદગીનું રક્ષણ કરવું. વંદીદાદમાં (પરગરદ ૭, ફ૦ ૭૧) કહેછે કે "ઉશ્તાનેમ્ અનજ્યાત્" યાને "(માણસને) જીવ બચાવવો." આ ઉપરથી જણાયછે કે કોઇબી કારણથી કોઇબી ઇનસાનના જીવને હાણી થવા જેવું હોય તો તેમ કરવાથી પરહેજ રહીને જેમ બને તેમ તેના જીવને બચાવવાની

તદબીરો કરવી. વંદીદાદનું આ ફરમાન અકલને અનુસરતું છે, એટલુંજ નથી પણ તે કુદરતના કાયદાનેબી મલતું છે. ઝીણુંમાં ઝીણાં જીવજંતુથી તે મોટાંમાં મોટાં પ્રાણીઓ અને વનસ્પતિઓનું અવલોકન કરતાં જણાયછે કે તેઓ પોતાના જીવનું રક્ષણ કરવામાં જરાબી કસુર કરતાં નથી. દરએક પ્રાણી તથા વનસ્પતિને કુદરતે પોતાની જીંદગીનો બચાવ કરવાનાં જેટલે દરજે ઉતરતાં કે ચહડતાં લાયક સાધનો આપ્યાંછે તેનો ઉપયોગ જરૂર પડતાં કરીને તે પોતાનો જીવ બચાવેછે. એક પ્રાણીને જીવ જવાની જરાબી નીશાની અંગજ્ઞાનથી કે ઇંદ્રિયોથી માલુમ પડેછે કે તુરતજ તે બનતા ઉપાયો લેવા માંડેછે. તે પોતાને મારવા આવનારથી નાહસી જાયછે, અથવા જો કંઇજ ઉપાય ન રહે તો પોતાના દુશ્મન ઉપર હુમલો કરીને તેને ડંખવા, કરડવા, શીંગડાં ભોકવા, પંજો મારવા, અથવા હરએક બીજી રીતે દુઃખ દઇને જો બને તો તેના સપાટામાંથી છુટી જવા અનેક તજવીજો કરેછે. માણસબી એ કુદરતી કાયદાને આધીન છે. માટે જ્યારેબી તેના જીવ જવાનો પ્રસંગ આવી પડે તે વખતે જો તે પોતાથી બનતા ઉપાયો વાપરીને પોતાનો જીવ બચાવે તો તેમાં ખોટું કાંઇ નથી. બલકે તેમ કરવામાં તે કાંઇજ નહી પણ પોતાનો જીવ બચાવવાની ખાસ ફરજ બજાવેછે.

એકાએક જીવ જવાના સંજોગ આવી મળવાના પ્રસંગેજ માત્ર નહી પણ બીજા જીંદગીના તમામ ચાલુ વખતમાંબી પોતાના જીવનું રક્ષણ કરવાની દરએક જણની ફરજ છે. જીંદગીની કાયમી તનદરૂસ્તીને આધારે છે. માટે દરએક જણની તન તરફની એક મુખ્ય ફરજ એ છે કે તનદરૂસ્તી જાળવવાનો કોઇબી કાયદો તોડવો નહી. તનદરૂસ્તી જાળવવાના અનેક કાનૂનો અને ફરમાનો જેમ વૈદક વિદ્યા

શીખવેછે તેમ જરતોશ્તી દીનબી શીખવેછે. જેઓને અમલમાં લાવવાથી માણસ પોતાનાં તન તરફની ફરજો ઘણી સારી રીતે બજાવી શકે. જેમકે દાખલા તરીકે તનને નુકસાનકારક મુરદાર અને ગલીચ વસ્તુઓથી દૂર રાખવાની અનેક તાકીદો અવસ્તામાં કીધીછે અને તેમજ તેઓનો સંયોગ થવા પછી શરીરને ચહડતાં ઉતરતાં "બરશનુમો" યાને સ્નાનોથી ધોઇને ચોખ્ખાં કરવાની તરતીબો જણાવીછે. ભૂખ અને પ્યાસથી તનદરૂસ્તીને નુકસાન નહી કરવાની તાકીદો ફરમાવીછે. ખરાબ ખોરાક, ખરાબ પાણી, ખરાબ હવા, ખરાબ કપડાં લતાં અને ઘરબાર તથા રાચરચીલાં વગેરેથી તનદરૂસ્તીને નુકસાન થવાનો ઘણો સંભવ હોયછે, તેથી તે સઘળી વસ્તુઓનેબી ચોખ્ખી રાખીને પોતાના ઉપયોગમાં લેવાની તાકીદો કીધીછે, અને તે પ્રમાણે જે માણસ અમલ કરે તે જરતોશ્તી દીનની મકસદ પ્રમાણે પોતાનાં તન તરફની એક ખાસ ફરજ બજાવે એમાં કાંઇ શક નથી.

તનની અંદર મન મુકાયલું છે, અને માણસે જેમ તનની તરફ તેમજ મનની તરફબી ફરજો બજાવવાની છે, કેમકે મન એ માણસનો એક મુખ્ય ભાગ છે, એટલુંજ નહી પણ તનને અને મનને એકબીજાં સાથે ઘણો સંબંધ છે તેથી તનની દરૂસ્તી અથવા નાદરૂસ્તીની અસર મન ઉપર થાયછે, અને મનની દરૂસ્તી અથવા નાદરૂસ્તીની અસર તન ઉપર થાયછે. માટે જેમ તનનું તેમજ મનનું રક્ષણ કરવાની ફરજ છે. હવે મનને દરૂસ્ત રાખવાના કાનૂનો અને રીતીઓ અનેક છે જેમાંથી થોડાએક તો જરૂર યાદ રાખીને અમલમાં લાવવા જોઇએછે. જેમકે મનને કાબુમાં રાખવું; તેને કલ્પિત ફીકર ચિંતા અને ધાસ્તીથી મોકળું રાખવું. કીનો, કપટ, ક્રોધ, અદેખાઇ, વગેરે દુર્ગુણો

કે જેથી મન અવશ થઇને રોગીષ્ટ થઇ જાયછે તેઓને મનમાંથી દૂર રાખવાં; વગેરે, વગેરે. મન તરફ બજાવવાની સઘળી ફરજોમાં મુખ્ય ફરજ તો તેને પેહેલી જોગવાઇએ કેળવણી આપવાની છે. મનને કેળવવાનો વખત કાંઇ ફકત બચપણમાંજ નથી. જે માણસ ચાહે તે પોતાની આખી જીંદગી લગી પોતાનાં મનના બાગને ગ્નાનનાં ફુલોના રોપાઓથી ખુશબોદાર કરતું રહે. ગમે તેટલી કામધંધાની અથવા બીજી હરએક તરેહની રોકાણો છતાંબી દરએક માણસ દરરોજ થોડાબી વખત પોતાનાં મનના સુધારા માટે નવું નવું ગ્નાન મેળવવામાં તેને રોકી શકે. એક લક્ષાપતી માલેતુજારથી તે એક ગરીબ મજુર લગી દરએક જણ જો ચાહે તો પોતાનાં મનને ગ્નાનનાં અમૃતથી તૃપ્ત કરી શકે. ગ્નાન મળવાથી મનને જે મોજ અને કુવત મળેછે તે બીજાં કશાંથી મળી શકતાં નથી. જે માણસ પોતા તરફની ફરજો ચોંપથી બજાવવાને આતુર હોય તેણે એ પ્રમાણે મન તરફની ફરજો બજાવવામાં કસુર કરવી નહી.

તન તથા મન તરફની ફરજો વિષે ઉપર ટુકમાં જણાવ્યા પછી આપણે રવાન તરફની ફરજો ઉપર આવીએ છીએ. જરતોસ્તી દીનની કેતાબોમાં રવાન તરફ બજાવવાની ફરજો ટુકમાં "અશોઇએ રવાન" યાને "રવાનની અશોઇ" એવા બે બોલોમાં જણાવીછે. હવે અશોઇ શબ્દનો અર્થ ઘણો બોહલો થાયછે. અશોઇમાં તમામ નેક વિચારો, નેક સખુનો, અને નેક કામો અખત્યાર કરવાનો તથા તમામ બદ વિચારો, બદ સખુનો, અને બદ કામોથી પરહેજ રહેવાનો સમાવેશ થઇ રહેછે. એ પ્રમાણે જોતાં એકેએક નીતિ અમલમાં લાવવી અને એકેએક અનીતિથી પરહેજ

રહેવું એ દરએક જણે પોતાનાં રવાન તરફ બજાવવાની ફરજો છે, અને એજ સબબથી મથાળે ટાંકેલા અવસ્તાઇ કલામના ફકરામાં દરએક માણસે પોતાની હૈયાતીને ચોખ્ખી રાખવા શીખવતાં દરએક જણે કેમ ચાલવું તે વિષે આગળ જતાં ત્રણ બોલીમાં સમજ આપીછે કે "હુમતાઇશ્ચ હૂખ્તાઇશ્ચ હુવર્શ્તાઇશ્ચ" યાને નેક વિચારો, નેક સખુનો, અને નેક કામો કરવાં. મતલબ કે જે માણસ આ જરતોસ્તી દીનની ત્રણ મુખ્ય નીતિના પાયા ઉપર સાબેત કદમ રહીને જીંદગી ગુજારશે તે માણસે જેમ પારકા તરફની તેમજ પોતા તરફની ફરજો સંપૂર્ણ રીતે બજાવેલી ગણાશે. એજ પ્રમાણે ધરાની પતેતમાં દરએક માણસે પોતા તરફ બજાવવાની ફરજોનો કાનૂન ટુંકમાં કહ્યોછે કે "પાકીએ તન વ અશોઇએ રવાન" યાને "તનની પાકીજગી અને આત્માની અશોઇ" જાલવવી.

ઉપર ટુકમાં સમજાવેલી દરએક જણે પોતાનાં તન, મન, અને રવાન તરફ બજાવવાની મુખ્ય ફરજો ઉપરાંત કેટલીએક ચોકસ ફરજો બીજાંઓ સાથે વેહવારમાં આવતાં પોતા તરફ બજાવવાની છે. જેમકે દરએક જણે બીજાંઓની નજરમાં પોતાની આબરૂ અને આંટ જાલવવી એ પોતા તરફની એક ફરજ છે. શું પોતીકાં કે શું પારકાં, શું દોસ્ત કે શું દુશમન, શું નાનાં કે શું મોટાં સાથે હરએક બાબતમાં વર્તતી વખતે એવી ચાલ ચલાવવી કે જેથી આપણી આબરૂ અથવા આંટ શું તેની નજરમાં કે શું આલમની નજરમાં હલકી નહી પડે. જે માણસ પોતે પોતાની આબરૂ અથવા આંટ જાલવે નહી તે પોતેજ પોતાના દુશમન જેવું છે.—વળી આખી એક ઇનસાની ખવાસની નબળાઇ છે કે ઘણું કરીને તે પોતે જયાંલગી કાંઇ સજજડ ખતા ખાતું નથી ત્યાંલગી તે પોતાની તરફ

ઘણી ઢીલી દોરી રાખેછે. પણ તેથી તેને ઘણી ઠોકડા ખાવી પડેછે. માટે એ નબલાઈ પોતામાંથી કહાડી નાખવાની દરએક જણની એક મોટી ફરજ છે.—વળી દરએક જણે આ જીંદગીમાં દરએક સારી બાબતમાં આગળ વધવાની ફરજ છે અને આગળ વધવા માંટે જરૂરનું છે કે દરએક સારી બાબતની આપણી ચાલુ હાલત ઉપર સંતોષી થઇને અટકી નહી રહેવું. દરએક સારી બાબતમાં પોતાથી ઉતરતાં અથવા પોતાની બરાબરીઆં સાથે પોતાની સરખામણી નહી કરવી પણ પોતાથી ચહડતાં સાથેજ સરખામણી કરીને તેની બરાબરીઆં અથવા તેના-થીબી સરસ થવાની બને તેટલી કોશિશ કરવી. હમેશાં યાદ રાખવું કે જીંદગી ગોયા સારી બાબતોની એક ચાલુ શરત દોડવાની મીસાલ છે. તેમાં સીધે રસ્તે જાથુક આગળ વધતા રેહવું જોઇએ. તેમાં અટકી રેહવું પછાત પડવા બરાબર છે, અને પછાત પડવામાં જેમ લાભ તેમજ સાખ ખોહવા જેવું છે. માટે જે માણસ એ કાનૂન પ્રમાણેની જીંદગી ગુજારેછે તે પોતા તરફની એક ફરજ સારી પેઠે બજાવેછે.—વળી દરએક જણે ઘણીએક બાબતોમાં અમલ કરતાં પોતે પોતાથીજ ઘણું ચોંકુલાં રહેવાની ફરજ છે, જેમ દરએક જણને પોતાનું ગમે તેવું બદસુરત ફરજંદબી ખુબસુરત લાગેછે તેમજ દરએક જણને પોતાનીજ બુદ્ધિ બીજાંઓની બુદ્ધિ કરતાં શ્રેષ્ઠ હોય એવો ખોટો ખ્યાલ રેહછે. પણ તેમ માનવાના ભુલાવાથી પોતે પોતાને ખુબ સંભાળવાની ફરજ છે. જે માણસ પોતાની બુદ્ધિને અચુક સમજે તેને ખરૂં મૂર્ખ જાણવું. જે પોતે પોતાની મૂર્ખાઇને જોઇ શકે તેજ માણસ ડાહ્યું છે. માટે એ બાબતમાંબી સંભાળ રાખવી એ પોતા તરફની ફરજ છે.—વળી દરએક જણે ચોકસ

વ્યવહારી પ્રસંગોએ પોતે પોતા ઉપર કાબુ રાખવાની ફરજ છે. આપણી જીંદગીમાં બીજાંઓ સાથના અનેક વહેવાર કરતાં ગુસ્સો, અદેખાઇ, ધાસ્તી, આપખુદી, તકોબરી, વગેરે અનેક ખરાબ વિકારોથી આપણું મન આપણા કબજામાંથી છુટી જાયછે તેને પુરતા કાબુમાં રાખવાની ફરજ છે. જે માણસ પોતાનાં મન ઉપર એવે પ્રસંગે કાબુ રાખેછે તે પોતા તરફની એક અગત્યની ફરજ બજાવેછે.—શેવટે દરએક જણે પોતા તરફ બજાવવાની એક ફરજ દર વખતે પોતે પોતાની બારીક તપાસ લેવાની છે. જ્યારેબી એકાંતમાં ફુરસદ મલે ત્યારે પોતે પોતાની અનેક બાબતો ઉપર તદન અપક્ષપાત રીતે વિચાર કરીને પોતાની ખુબીઓ તથા ખામીઓનું તોલ કરવાની અને તે ઉપરથી પોતે પોતાનો સુધારો કરતા જવાની એક મોટી ફરજ છે. એટલુંજ નહી પણ તેથી ઘણું ડહાપણ અને અનેક ફાયદા હાંસેલ થાયછે. "બનામે અહુરમજ્દ" નામની એક પાજંદ સિતાયશમાં કહેછે કે—

"૫ મિનશને હરરોજ્ ઇન મેહમાનીદે અંદેશીદ કે ઇમરોજ્ ચંદ કેરફેહ કરદમ, ચંદ કેરફેહ તવાંનમ કર્દ;—ચંદ વનાહ કરદમ, ચુન અજ વનાહ તવાંનમ પેહરીખ્ત."

અર્થ.

"મનમાં દરરોજ આ (વાત) ઉતારીને અંદેશો કરજો કે આજ રોજે મેં કેટલો સવાબ કીધો, જોકે હું કેટલો (વધારે) સવાબ કરી શકતે તોબી;—અને મેં કેટલો ગુનાહ કીધો, જોકે હું શી રીતે ગુનાહથી (વધારે) પરહેજ રહી શકતે તોબી."

આ કલામોમાં દરએક જણે પોતાનાં દરરોજનાં કામની બારીક તપાસ લેવાની નસીહત દીધીછે તે જેમ દરરોજના ગુજરેલા દીવસને તેમજ જીંદગીના સઘળા આગલા ગુજરેલા દાહડાઓનેબી લાગુ પડી શકેછે. માટે દરએક ઇનસાનની ફરજ છે કે જયારેબી વખત મળે ત્યારે અને ખસુસન આરામગાહમાં જતી વખતે પોતાના ગયલા વખતના વિચાર, વાણી, અને કામો યાદ કરીને તેમાંથી જે જે કાંઇ સારૂં લાગે તે પ્રમાણે હમેશાં વધારે અને વધારે અમલ કરવાનો અને જે જે કાંઇ ખરાબ માલુમ પડે તેથી વધારે અને વધારે પરહેજ રહેવાની ચોંપ રાખવાનો ઠેડાવ કરવો. એમ કરવામાં પોતા તરફની એક મોટી અગત્યની ફરજ બજાવવી છે.

રોળાવૃત્ત.

તન મન આત્મા તરફ, બજાવો સઘળી ફર્જો—
ગફલત, સુસ્તી, આપ તરફની વહેલી વર્જો.

સવાલો.—"માણસની પોતા તરફની ફરજો" એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો, એની સમજણ આપો. દરએક જણની પોતા તરફની ફરજો કેટલા ભાગમાં વહેંચાઇ શકેછે તે સમજાવો. માણસની પોતા તરફની પેહેલી ફરજ શું છે તે અવસ્તાની શાહાદત સાથે સમજાવો. તનદરૂસ્તી જાળવવાની ફરજ જરતોશ્તી દીનની રૂએ શી તરેહથી છે તે વિગતે સમજાવો. દરએક જણે પોતાનાં મન તરફ શી શી ફરજો બજાવવાની છે તે સમજાવો. દરએક જણની રવાન તરફની ફરજો કેવી છે તે સમજાવો. એ ઊપરાંત માણસની પોતા તરફની કેટલીએક બીજી ફરજો શી શી છે તે વિગતે સમજાવો. આ પાઠનો નીતિસાર તથા તેની કવિતા સમજાવો.

પાઠ ૨૧ મો.

માણસની બીજાંઓ તરફની ફરજો.—

ભાગ ૧ લો.

.....[illegible]

નિપાયોઇષ્ મષીમ્ ઉર્વૈથેમ્.......

(હોરમજ્દ યશત, ક૦ ૨૪).

અર્થ.

"દોસ્તી ધરાવનાર માણસની તું પાસબાની કરજે."

[illegible]

મરદુમ્રા યારી ન દાદમ્...પ પતેત્ હોમ્.

(પતેત ઇરાની).

અર્થ.

"માણસોને મદદ નહી આપી....તેના ગુનાહનો પસ્તાવો કરૂંછું."

જે માણસ આપણી તરફ દુશ્મની નહી રાખે તે કાંઇજ નહી તો એક મનુષ્ય ભાઇબંધ તરીકે ગોયા આપણા એક દોસ્ત બરાબર છે—પછી તેની સાથે આપણને દોસ્તીનું કે સગાઇનું કે હરએક બીજા ભાઇચારાના સંબંધનું વધારે નજદીકનું નાતું બંધાયું હોય અથવા ન હોય. આ પ્રમાણે જોતાં એવું અનુમાન નીકલેછે કે ઉપલાં અવસ્તાઇ ફરમાન અને પા:ઝંદ પસ્તાવાની રૂએ દરએક જરતોશ્તીએ દરએક માણસ કે જે તેને ખરેખરૂં દુ:ખ દઇને તેની સાથે દુશ્મની

કરતું ન હોય તેને એક મનુષ્ય ભાઇબંધ ગણીને તેની તરફ ઘટતી ફરજો બજાવવા પોતાને બંધાયલું સમજવું.

માણસોમાં પરસ્પર ચહડતી, બરાબરની, અને ઉતરતી એવી ત્રણ કીસમની પદવીઓ હોયછે. એથી કરીને દરએક જણને પોતાથી ચહડતાં, પોતાની બરાબરનાં, અને પોતાથી ઉતરતાં એવાં ત્રણ કીસમનાં માણસો સાથે વર્તણુક કરવાની હોયછે. વળી દરએક જણનો બીજાંઓ સાથનો સંબંધ યા તો નજદીકનો હોયછે કે યા તો દૂરનો હોયછે. એ સબબથી દર-એક જણે નજદીકનાંઓ તરફ પહેલાં અને દુરનાંઓ તરફ પછી પોતાની ફરજો બજાવવાની હોયછે. એ પ્રમાણે જોતાં દરએક જણે એવાં ચહડતાં, બરાબરીઆં, કે ઉતરતાં તેમજ નજદીકનાં કે દૂરનાં વધતાઓછા સંબંધવાળાં અનેક માણસો-ની તરફ બજાવવાની ફરજોનો એક મોટો જુમલો થાયછે. એ ફરજો જોકે દરજે-બ-દરજે બજાવવાની હોયછે તોપણ તે બજાવવી જોઇએછે. માટે તે વિષેની તાકીદોના અને તે બજાવવામાં કસુર કરવાની તકસીરોના ઇશારા અવસ્તા, પાજંદ, અને જરતોશ્તી દીનને લગતાં બીજાં અનેક લખાણોમાં કીધેલાછે.

નજદીકના સંબંધવાળાંઓમાં સહુથી પેહેલી દરએક જણે પોતાનાં માબાપ તરફ અનેક ફરજો બજાવવાની છે અને તે બજાવવામાં કસુર કરવાનો ગુનાહ છે એમ દેખાડવાના કેટલા-એક ઇશારા અવસ્તા વગેરે જરતોશ્તી દીનનાં લખાણોમાં મળેછે. જેમકે હાદોખ્ત નુસ્કમાં કહ્યુંછે કે "ઓ જરતોશ્ત! તારા બાપ પોઉરૂશસ્પને અને તારી મા દોગદોને આજુરદા મા કરતો." "બનામે-અહુરમજદ" નામની પાજંદ સેતા-યશમાં કહ્યુંછે કે "જે કોઇ માબાપને નાખુશ કરે તે કદી બેહેસ્ત નહિ પામે." આદરબાદ મારેસ્પંદની નસીહત છે કે

" પોતાનાં માબાપ તરફ તાબેદાર, તેઓનું કહેલું સાંભળનાર, અને તેઓના હુકમો માનનાર થજે." લગનના આશીરવાદમાં તાકીદ કરવામાં આવેછે કે " બાપની નામદારી વધારજો, માને કોઇબી રીતે દુઃખી મા કરશો." સઘળી પતેતોમાં માબાપ તરફ થયલી તકસીરોનો પશ્ચાતાપ કરવામાં આવેછે. એ વગેરે બીજા અનેક ઇશારાઓ ઉપરથી જણાયછે કે જરતોસ્તી દીનમાં દરએક જણને માથે પોતાનાં માબાપની ભલી તાબે-દારી કરવાની, તેઓનું માન રાખવાની, તેઓની ઘટતી બરદાશત અને પરવરશ કરવાની, અને એવીજ બીજી વાજબી ફરજો મુકીછે, અને તે બની આવે તેમ બજાવવામાં કસુર કરવાનો મોટો ગુનાહ ઠરાવ્યોછે.—માબાપનાં એહસા-નોનો પાડ કદીબી પુરેપુરો વાલી શકાય એવો નથી. દર-એક માણસને પોતાની જીંદગી સહુથી વાહલી અને અમૂલી છે. કોઇબી માણસ પોતાની જીંદગી કરતાં બીજાં કશાંને વધારે પ્યારૂં ગણતું નથી. એવી દરએક જણને અવશ્ય જરૂરની ચીજ જે જીંદગી તે તેને તેનાં માબાપે મેળવી આપીછે, અને તેથી તે તેમને હમેશનું આભારી છે. બાલ-પણમાં પાલણપોષણ કરીને ઉછેરવાનાં, કેળવણી આપવાનાં, અને બીજાં અનેક એહસાનો ઘડીભર એક બાજુ રહેવા દઇએ, તોપણ જીંદગી હાંસેલ કરાવીને આ દુનિયાની રંગભૂમી દેખાડવાનાં એકજ એહસાન માટે દરએક જણ પોતાનાં માબાપને એટલુંબધું આભારી છે કે તે ગમે તેટલી તેઓની સેવા બજાવે તોપણ તે એહસાન તેથી કદી ફીટાડી શકાય નહી.

જેમ માબાપ તરફ તેમજ પોતાનાં ભાંડુઓ તરફબી દરએક જણે તન, મન, અને ધનથી તેઓને મદદ કરવાની ફરજો છે. તેથી પતેતોમાં ભાંડુઓ તરફ ખરાબ વર્તણુક

કરવાને ગુનાહભરેલું કામ જણાવ્યું છે, અને તે તદન વાજબી છે. કેમકે આપણે અને આપણાં ભાંડુઓ એકજ ઝાડની શાખાઓ છીએ. તેથી આપણાં સુખમાં તેઓનો હીસ્સો પાડવાની અને તેઓનાં દુઃખમાં ભાગ લેવાની આપણી ફરજ છે. તેઓની ચહડતી તે ગોયા આપણીજ ચહડતી છે અને તેઓને જે માન મળે તેનો આપણને પડછાયો મળેછે. માટે તેઓનું હરપ્રકારે ભલું કરવામાં કસુર કરવી નહી. એક-બારગી જો કોઇ ભાંડુ નાદાનીથી અથવા હરએક બીજા સબબથી આપણને નાખુશ અથવા ગુસ્સે થવાનું કારણ આપે તોપણ બને ત્યાંલગી તેને દરગુજર કરી જવું. કહેવત છે કે "ડાંગે માર્યાં પાણી જુદાં પડે નહીં." તેમ એક ઘરનાં કે કુટુંબનાં ભાંડુઓ ગમે એટલાં એકબીજાં સાથે રીસાય તોપણ તેઓથી પોતાનો અતલગનો સંબંધ તો કદી ના પાડી શકાવાનો નથી. માટે હમેશાં ભાંડુઓમાં સલાહસંપજ રાખીને તેઓ તરફની પરસ્પરની ફરજો બજાવવામાં કસુર કરવી નહીં.

ભાંડુઓ પછી આપણી તરફની સારી વર્તણુક ઉપર એશાવંદોનો દાવો છે. માટે તેઓ તરફ નજદીકી તથા દુરી પ્રમાણે દરજે-બ-દરજે ઘટતી ફરજો બજાવવામાં કસુર કરવી નહી. એશાવંદ એ શબ્દ એશ એટલે પોતીકું ઉપરથી નીકલેલોછે. માટે જેમ આપણાં ભાંડુઓ આપણાં પોતીકાંજ છે, તેમજ એશાવંદોબી આપણાં પોતીકાંજ છે. બંધે વચે ફેર માત્ર વધતી ઓછી નજદીકી અને દુરીનોજ છે. માટે તેઓ તરફ જેમ ઘટે તેમ દરએક જણે પોતાની ફરજો બજાવવામાં કસુર કરવી નહીં. કેટલાંએકો ચાપલુસીથી તવંગર એશાવંદોની ખુશામદ કરેછે અથવા તકોબરીથી ગરીબ એશાવંદને હીણેછે. પણ તેમ કરવું બહુ ખોટું છે. માટે

એક એશાવંદ તવંગર હોય કે ગરીબ હોય તોપણ તેની તે હાલત તરફ નહિ જોતાં ફક્ત તેની એશાવંદીનો હક યાદ રાખીને તેની તરફની ફરજો બજાવવી. પતેતોમાં એશાવંદો તરફ પોતાની ફરજો બજાવવામાં કસુર કરવાનેબી ગુનાહ-ભરેલું ગણ્યુંછે.

• નજદીકના સંબંધવાળાંઓ પછી દૂરના સંબંધવાળાંઓ ઉપર આવતાં દરએક જણ ઉપર સૌથી પેહલો દાવો તેના ઉસ્તાદ તરફની ફરજો બજાવવાનો છે. માબાપ તરફની ફરજો જેવી પવિત્ર છે તેવીજ ઉસ્તાદ તરફનીબી છે. માબાપથી આપણે જીંદગી મેલવીએ છીએ પણ ઉસ્તાદથી કેળવણીની રોશની મેલવીએ છીએ. માબાપ આપણાં તનને ઉધારીને ઉછેરેછે, પણ ઉસ્તાદ મન તથા આત્માને કેળવી આપણને બેહુ જેહાનનું સુખ હાંસેલ કરવાને શક્તિવાન કરે-છે. માબાપ આપણી બાળઅવસ્થામાં તનની હાજતો પુરી પાડીને તેને ખીલવેછે, પણ ઉસ્તાદ તેજ વખતે આપણાં મનમાં ગ્નાન અને નીતિના છોડવા રોપી તેઓ ઉપર વખત આવવે લાયકીનાં ફુલો ઉગાડેછે. એ સબબથી જેમ માબાપનો પાડ કદી નહિ ફીટી શકે એવો છે તેમજ ઉસ્તાદનો આભારબી કદી વાલી નહિ શકાય એવો છે.

આપણો ધર્મગુરૂ આપણો એક ચહડતી પદ્વીનો ઉસ્તાદ છે. પુરાતન જરતોસ્તીઓમાં એવો રેવાજ હતો કે દરએક જણ ધર્મ સંબંધી બાબતોને માટે પોતાના ખાસ ગુરૂ તરીકે એક કામેલ પરહેજગાર, અને લાયક અથોરનાનને ચુંટી કહાડીને દીનઆઇનને લગતી પુછપરછ અને મશવરત તેનીથી કરતું હતું, અને તેના આભારમાં તે તેને તન, મન, અને ધનથી બનતી મદદ કરવા ઉપરાંત તેને પુરતું માન આપતું હતું. એ ફાયદેમંદ રેવાજ પ્રમાણે દરએક જરતો-

સ્તીએ ચાલવાની ફરજ છે, અને દીનઆઇનની બાબતો બીજાં જ્ઞાનની બાબતો કરતાં ચહડતી છે તેથી દરએક જણનો ખાસ ધર્મગુરૂ તેનો ચહડતો ઉસ્તાદ છે, અને એ સબબથી તેની તરફની તે મુજબની ફરજો દરએક જણે બજાવવાની છે.

જેમ પોતાના ધર્મગુરૂ તરફ તેમજ પોતાનાં મંડળને લગતા બીજા દરએક બુજોરગવાર માણસ તરફની દરએક જણે પોતાની ઉપર લાગુ પડતી કેટલીએક ફરજો બજાવવા-ની છે. કાંઇજ નહિ તો તેઓના તરફ બેઅદબ નહિ થવાની અને તેઓને નમનતાઇથી માન આપવાની તો ફરજ છેજ. એ વિષેનાબી અનેક ઇશારા અવસ્તા વગેરેમાંથી મળી આવેછે. જેમકે અવસ્તાઇ જમાનામાં ઘરપતિ (નમાનો-પઇતિ), મોહલ્લાપતિ (વીસ્પઇતિ), ગામપતિ (જંતુપઇતિ), અને દેશપતિ (દહ્યુપઇતિ), એવા અનુક્રમે ચહડતી પદ્વીના ઓહ્દાઓ જરતોસ્તીઓમાં ભોગવવામાં આવતા હતા. તેથી દરએક જણે કાંઇજ નહિ તો પોતપોતાના સંબંધ-ના તે દરએક બુજરગવારને તાબે રહેવાની, તેને માન આપવાની અને બીજી ઘટતી ફરજો બજાવવાની જરૂર ગણાતી હતી. (જુઓ યજશને, હા ૧૭, ફ૦ ૧—૩.) હાલમાં જોકે એવા ઓહ્દા સત્તાભરેલી રીતે ઠરાવવામાં આવતા નથી તોપણ એ અવસ્તાઇ જમાનાના રેવાજ ઉપરથી અનુમાન નીકલેછે કે જેમ તે પુરાતન જમાનાઓમાં લાયક અને માનવંત બુજોરગવારો તરફ દરએક જણે તેમને માન આપવાની તથા બીજી ઘટતી ફરજો બજાવવામાં આવતી હતી તેમ હમેશાં થતું રહેવું જોઇયે. વળી કોમના આગેવાનોને માન આપવાનું એક કારણ એ છે કે હરએક ટોળાની પાય-દારીનો આધાર બીજાં અનેક કારણો ઉપરાંત તે ટોળાના બુજોરગવાર, અનુભવી, અને લાયક આગેવાનો તરફ દરએક

જણે માનભરેલી લાગણી રાખવા ઉપરખી છે. એક શાયર કહેછે કે "જે શેહરમાં ઓધેદારો ઇનસાફી નહી હોય, જે શેહરમાં વજીરો અકલમંદ નહી હોય, અને જે શેહરમાં બુજોરગવારોને ઇજત નહી હોય, તે શેહેર જો વેરાન થઇ જાય તો તેમાં અજબ જેવું નથી."

હવે તમામ બુજોરગવારોમાં સહુથી સરતાજ બુજોરગવાર તે દરએક જમાનાનો પાદશાહ છે. માટે પાદશાહ તરફ વફાદારી અને જાનફેશાનીની ફરજ જેમ છેક પુરાતન જમાનેથી ઇરાનીઓમાં સમજાતી આવીછે તેમ દરએક જરતોશ્તીએ યાદ રાખીને તે મુજબ ચાલવાની અતિશય જરૂર છે. પોતાના ઇનસાફી રાજકર્તા તરફ વફાદાર રેહેવાનાં અનેક કારણો માંહેલું એક મુખ્ય કારણ એ છે કે તે પોતાનાં રાજબળથી આપણા જાનમાલની પાસબાની કરીને આપણી ઉપર મોટો ઉપકાર કરેછે. પોતાના નેક પાદશાહ તરફ વફાદાર રેહેવાના અને તેઓનાં સુખે સુખી અને દુઃખે દુઃખી થવાના અને તેઓના હકમાં હમેશાં ભલી દુવાઓ ગુજારવાના અનેક ઇશારા અવસ્તા વગેરે જરતોશ્તી લખાણોમાં મળી આવેછે જે વિષે આગળ આ જરતોશ્તી ધર્મનીતિની પુસ્તકમાળાના અંક ત્રીજાના પાંતરીસમા પાઠમાં શીખવવામાં આવ્યું છે.

રોળા વૃત્ત.

માત તાત 'ને ભ્રાત, બેહેન 'ને સગાં સહોદર,
ગુરૂ, વડાં જે જ્ઞાતિ દેશમાં હોય નિરંતર,
તે સઘળાં જણ તરફ બજાવો ફરજ ઘટે જે—
ફરજ તણાં છે કરજ, સહેલથી નહી ફિટે તે.

સવાલો.—"માણસની બીજાંઓ તરફની ફરજો—ભાગ ૧ લો" એ વિષેના અવસ્તા અને પાજંદના કલામો અર્થ સહીત કહો. એઓની સમજણ આપો. માણસોમાં કેટલી જાતની પદવીઓ હોયછે તે જણાવો અને તે ઉપરથી માણસે બીજાંઓ તરફ બજાવવાની ફરજો કેવી રીતે વહેંચાયછે તે સમજાવો. નજદીકના સંબંધવાળાંઓમાં દરએક જણે પેહેલી ફરજ શી બજાવવાની છે તે સમજાવો. માબાપ પછીની મુખ્ય ફરજ કોણ તરફની છે તે સમજાવો. ભાંડુઓ પછી બજાવવાની ફરજ કોણ તરફની છે તે સમજાવો. દૂરના સંબંધવાળાંઓમાં પેહેલી ફરજ કોણ તરફની છે તે સમજાવો. ધર્મગુરૂ તરફની ફરજ કેવી ગંભીર છે તે સમજાવો. કોઇ બુજરગ માણસ તરફની ફરજ કેવી અગત્યની છે તે સમજાવો. પાદશાહ તરફની વફાદારી અને જાનફેશાની કેવી જરૂરની છે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા સમજાવો.

પાઠ ૨૨ મો.

માણસની બીજાંઓ તરફની ફરજો—ભાગ ૨ જો.

[illegible]

[illegible]

[illegible]

મા તેમ્ ઉર્વથેમ્ ક્રાયવયોઇશ્ સ્નથાઇ, મા દુજ્-બેરેતેએ જ્યાનાંમ્ અપયતેએ.

(હોરમજદ યશ્ત, ક૦ ૨૪).

અર્થ.

"તે દોસ્તી ધરાવનારને જખમી થવા મા દે, દુઃખો ખમવા મા દે, અને નુકસાન પામવા મા દે."

સરખી પદવીનાં માણસોએખી પરસ્પર કેટલીએક ફરજો બજાવવાની હોયછે જે દરએક કીસમના સંબંધમાં તે સંબંધને અનુસરતી હોયછે. માટે તે સમજી યાદ રાખીને બજાવવી જોઇએછે.

પ્રથમ ઘર મધે જોઇએ તો ખાવંદ અને મોહરદારે પરસ્પર અનેક ફરજો બજાવવાની છે. જરતોસ્તી લખાણોમાં મોહરદારની પદવી ખાવંદથી જોકે સેહેજ ઉતરતી જણાવીછે તોપણ તે લગભગ સરખી થવા જાય એવી જણાયછે. જેમ બદામનાં એક કોટલાંમાં બે બીજ એકબીજાંને સગવડ થાય તેમ ગોઠવાઇ રહેછે તેમજ એક ઘરમાં ખાવંદ અને મોહરદારે મલી સમજીને રહેવાની ફરજ છે. ખાવંદ તે એક ઘરનો રાજા છે અને તેની મોહરદાર તે તેના પ્રધાન સમાન છે. જેમ રાજા અને પ્રધાન બંને પોતાના દેશને આબાદ રાખવા સારૂ પરસ્પર ફરજો બજાવેછે તેમ ઘર-ધણી અને ઘરધણીઆણીએ સુલેહસંપજ જાળવીને પોતાનાં ઘરને આબાદ રાખવાની ફરજ છે. એક પરણેલાં જોડાંમાં સ્ત્રી પુરૂષે પરસ્પર બજાવવાની ફરજો સંખ્યાબંધ છે, એટલુંજ નહી પણ તે ઘણીખરી દરએક એકબીજાંની જીંદગીના છેડા લગી નજદીક દરરોજ બજાવવાની હોયછે. તેઓનું વર્ણન અતિ લંબાણ છે. પણ તેમાંથી ટુંકમાં સામટી રીતે યાદ રાખવાજોગ અશો જરતોસ્તે પોતાની છેલ્લી વસી-અતમાં દરએક પરણેલાં જોડાંને ફરમાવેલી વસીઅત છે. તે એ છે કે "રાસ્તીએ તમો એકબીજાંને વિશેષ પ્યારથી ચહાતાં રેહજો." (ગાથા વહિશ્તોઇશ્તિ, હા વહિશ્તોઇશ્તિષ્, ફ૦ ૫). આ દરએક પરણેલાં જોડાંની પરસ્પર મુખ્ય ફરજ છે.

દોસ્તો સંસારી હાલત, દરજાજા, અને પદવીમાં એક-બીજાથી ગમે તેમ તફાવત ધરાવતા હોય તોપણ જ્યાં ખરી

દોસ્તીનું નાતું બંધાય ત્યાં યાદ રાખવું કે તે પ્રીતિનો સંબંધ તેઓને પોતપોતાની દોસ્તો તરીકેની વર્તણુકમાં એકબીજાં સાથે બરાબરની પદવીના બનાવેછે. સાચા દોસ્તો વચે એક શાંત અને નિર્મળ કાચ જેવાં પાણીની સપાટી જેવું સરખાપણું બની રહેછે. માટે દરએક દોસ્તે બીજા દોસ્ત તરફની ફરજો બજાવતી વખતે તેઓ વચેના બીજા સઘળા તફાવતો એક બાજુ રાખી દોસ્તનું હિત પોતાનાં હિત પ્રમાણેજ ગણવાની ફરજ છે. અશો જરતોશ્ત અને કએ ગુશ્તાસ્પ વચે દુનિયાઇ પદવીનો તફાવત હતો. જરતોશ્ત માત્ર એક ગરીબ ધર્મગુરૂ હતા અને ગુશ્તાસ્પ એક મોટાં પ્રાંતનો પાદશાહ હતો. તોપણ તેઓ વચે જ્યારે પવિત્ર દોસ્તીનું નાતું બંધાયું ત્યારે તેઓએ એકબીજાંને મદદ કરવામાં અને પોતાના સામાન્ય પક્ષનો બચાવ કરવામાં લડાઇઓ વટિક લડવા સુધીના અનેક મોટા જોખમો માંથે ખેંચવામાં કસુર રાખી નહી હતી. જેમ એ મહા પુરૂષોએ પોતાની દીન ફેલાવવાની મહાભારત બાબતમાં એકબીજા તરફ સાચા દોસ્ત તરીકેની પોતાની ફરજો બજાવી હતી તેમ દરએક જણ ચાહે તો પોતપોતાનાં મંડળમાં પોતાની જે કાંઇ સામાન્ય નેમ અથવા નેમોને પોતે ઘણી ઉમદા તરીકે ગણતો હોય તેઓનો ફેલાવો કરવા માટે પરસ્પર તન, મન, અને ધનની મદદ કરવાની ફરજો બજાવે. દોસ્તીની ફરજો અને તેઓની ગંભીરાઈ ઘણી ઉંચી કીસમની હોયછે જે વિષે કેટલુંએક આગળ આ જરતોશ્તી ધર્મનીતિની પુસ્તકમાળાના અંક ત્રીજામાં (પાઠ ૪, ૫, ૬) શીખવવામાં આવ્યું છે.

દરએક જણને માંથે ચહડતી પદવીનાં તથા બરાબરી-આંઓ તરફની ફરજો બજાવવાનો જેટલો જુમ્મો છે

તે કરતાં ઉતરતી પદવીનાંઓ તરફ બજાવવાનો કાંઇ ઓછો નથી. પ્રથમ તો ઘરમાંથીજ શરૂ કરીએ તો માબાપને શીર પોતાનાં ફરજંદોને બની આવે તેમ સરસમાં સરસ રીતે ઉછેરવાની અને કેળવવાની ફરજ છે. પોતાને પેટનાં ફરજંદ તરફ બેદરકાર થવાનો વંદીદાદમાં (પરગરદ ૧૫, ફ૦ ૧૩—૧૯) તથા અશીશવંગ યશ્તમાં (ફ૦ ૫૭—૫૮) મોટો ગુનાહ જણાવ્યોછે. પોતાનાં ફરજંદને ઉછેરવાની ફરજમાંથી નીકળી જવાની કોશેશ કરવી એ કુદરતના કાયદાથી ઉલટું છે. મુંગી વાચાનાં જાનવરો વટીક પોતાનાં બચ્ચાં મોટાં થઇને પોતે પોતાનું ગુજરાન શોધી લેતાં થાય ત્યાંલગી તેઓની પરવરશી કરેછે તો ઇનસાન જેવાં ચહડતી બુદ્ધિનાં પ્રાણીને તો પોતાનાં બચ્ચાંઓ તરફની ફરજો નહિ બજાવવામાં કેવું નીચું જોવાડનારી હીનપસ્તી છે તે સમજવા-ની ઘણી જરૂર નથી. વંદીદાદમાં (પરગરદ ૧૫, ફ૦ ૧૯) ફરજંદ કાંઇજ નહિ તો ઓછામાં ઓછું સાત વર્ષનું થાય ત્યાંલગી દરએક માબાપને શીર તેની પરવશ કરવાની ફરજ ફરમાવીછે. પુરાતન જરતોશ્તીઓના રેવાજોની રવા-યતોમાં કીધેલી નોંધો ઉપરથી જણાયછે કે તેઓમાં જે ઓરત પોતાનાં જણેલાં બચ્ચાંને ટવલાવીને પૈસાની લાલચથી અથવા હરએક બીજા સબબથી કોઇ પારકાં છોકરાંને ધવાડે અને એ પ્રમાણે અથવા બીજી હરએક નામુનાસેબ મતલબથી જે દુધ ઉપર તે બચ્ચાંનો હક કુદરતે ઠરાવેલોછે તે લુટી લીએ તેને જરતોસ્તી દીનની રૂએ ગુનેહગાર ઠરાવી-છે. વળી તેજ રવાયતોમાંની નોંધોમાં લખેછે કે જે જર-તોસ્તી પોતાનાં ફરજંદોને દીનદુનિયાની લાયક કેળવણી અને તરબીઅત નહિ આપે કે જેથી તે અગ્નાનપણાં, અધર્મીપણાં અને દુરાચારીપણાંથી, નાનાં કે મોટાં હરએક

ગુનાહનાં કામો કરે તો તેનાં પાપને માટે તે માબાપોબી જવાબદાર છે. આદરબાદ મારેસ્પંદ પોતાના બેટા જરતો-શ્તને નસીહત કરેછે કે તારાં ફરજંદને બચપણથીજ મકતબમાં મુકજે, કેમકે કેળવણી આપવી એ એક રોશન ચશમ આપવા બરાબર છે. (આદરબાદનું પંદનામું, ફ૦ ૫૭). આ ઉપરથી ખુલ્લું છે કે દરએક માબાપે પોતાનાં ફરજંદ તરફની સઘળી ફરજો બજાવવાની મોટી અગત્યતા પુરાતન ઇરાનીઓ સમજતા હતા. તેઓજ માત્ર નહિ પણ તે જમાનાની બીજી કેટલીએક સુધરેલી પ્રજાઓમાંબી માબાપે પોતાનાં ફરજંદને ઉધારીને કેળવણી આપવાની ફરજ છે એમ સારીપેઠે સમજવામાં આવતું હતું. કહેછે કે પુરાતન આથીનીઅનોમાં સોલને એવો કાયદો કીધો હતો કે જે માબાપે પોતાનાં બચ્ચાંને કેળવણી આપવામાં ગફલત કીધી હોય તે ફરજંદ મોટું થવા પછી જો પોતાનાં માબાપનું ઘડપણમાં પોપણ નહિ કરે અને તે વિષે જો તેઓ ફરિયાદ કરે તો તેઓની તે ફરિયાદ ચાલે નહિ. એ વગેરે બીજી અનેક ગવાહી-ઓથી એવો સારાંશ નીકળેછે કે દરએક જરતોસ્તીએ પોતાનું ફરજંદ લાયક ઉમરે પોંહચીને પોતે પોતાનું શોધી લેવાને શક્તિવાન થાય ત્યાંલગી તેને ઉછેરવાની, કેળવણી આપવાની, અને બીજી હરએક જરૂરની મદદો કરવાની ફરજ છે.

વળી જરતોસ્તી દીનમાં દરએક શેઠ અને શેઠાણીએ પોતાના દરએક નોકરચાકર તરફબી ઘટતી ફરજો બજાવવા-ની છે. એ વિષેની તાકીદના ઇશારાબી જરતોસ્તી દીનને લગતાં લખાણોમાં મળેછે. નોકરો તરફની ફરજો બજાવવા-માં કસુર કરવાના ગુનાહનો પસ્તાવો પતેત પશેમાનીમાં જોવામાં આવેછે. હરએક ઘરનાં વડાંઓએ તેમજ હરએક ખાતાંના વડાઓએ પોતાના ફરમાંબરદાર નોકરચાકરો અને

હાથ હેઠલનાઓ સાથે સભ્યતાથી વર્તવાની, એટલુંજ નહી પણ તેઓ ઉપર માયા અને મેહેરબાની રાખીને તેઓ ઉપર કોઇબી તરેહની બેદાદી અને અઘટીત સખ્તી ગુજારવાથી પરહેજ રેહવાની ફરજ છે. કેમકે નોકરચાકરોબી શેઠ શેઠાણીના મનુષ્ય ભાઇબંધ છે, એટલુંજ નહી પણ જેમ શરીરમાં હાથપગ જોકે ઉતરતા તોપણ ઉપયોગી અવયવો છે તેમજ ઘરમાં કે કચેરીમાં નોકરચાકરો અને હાથ હેઠલનાં માણસોબી જરૂરનાં છે. માટે જેમ દરએક જણે પોતાના હાથપગની સંભાળ રાખવાની ફરજ છે તેમજ પોતાના નોકરો અને કામદારોનીબી કદર બાવાની ફરજ છે.

વળી દરએક જણે નોકરચાકરો તો શું પણ, જરતોસ્તી દીનની રૂએ જોતાં, પોતાને તાબેનાં અને પાલેલાં બેઆજાર જાનવરો તરફ વટીક ઘટતી ફરજો બજાવવાનું અનુમાન નીકળી શકેછે. યજશનેમાં (હા ૧૧, ફ૦ ૧–૨) દરએક જણે પોતાને હસ્તકનાં ગાવ ગોસ્પંદ, ઘોડા, વગેરેની પુરતી બરદાશ્ત કરવાની તાકીદ કીધેલી જોવામાં આવેછે. વંદીદાદમાં (પરગરદો ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮) ઉપયોગી કુતરાંઓની બરદાશ્ત લેવાનાં અનેક લખાણો મલી આવેછે. ટુકમાં શું અવસ્તા કે શું પાજંદ લખાણોમાં ગોસ્પંદોને આજાર નહી દેવાની તાકીદો અનેક મલેછે. તે સઘળાં ઉપરથી અનુમાન નીકળેછે કે જરતોસ્તી ધર્મે પોતાથી ઉતરતાંઓ તરફની ફરજો બજાવવાની તાકીદ કરતાં મુગાં જાનવરોને વટિક તેમાંથી બકાત રાખ્યાં નથી. માટે તે પ્રમાણે ચાલવાની દરએક જરતોસ્તીની ફરજ છે.

રોલાવૃત્ત.


સ્ત્રી ભરથારો! ફરજ પરસ્પર તમે બજાવો,
સંતતિનું કલ્યાણ, કરી લેઓ જશનો લાહવો.

મિત્રો! મિત્રો તરફ, વફાદારી દિલ જોડો,
શેઠો! નોકર તણી, કદરદાની નવ છોડો.
પશુ પંખીને વળિક, જતન કરી સાચવી રાખો,
ફરજ બજાવી ખરી, રીતથી જશ ફળ ચાખો.

સવાલો.—"માણુસની બીજાંઓ તરફની ફરજો—ભાગ ૨ જો" એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. ખાવંદ તથા બોહરદારની પરસ્પર ફરજો શું છે તે સમજાવો. દોસ્તોની એકબીજાં તરફની ફરજો સમજાવો. માબાપની ફરજંદો તરફની ફરજો સમજાવો. શેઠ અને શેઠાણીની નોકરો તરફની ફરજો સમજાવો. બેઆજાર જાનવરો તરફની ઘટતી ફરજો સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૨૩ મો.

માણસની બીજાંઓ તરફની ફરજો—ભાગ ૩ જો.



અંદર...હમ્ગેહાનીઆં હમ્ખાસ્તગાં હમ્સાયગાં હમ્શેહેરીઆં...ગુનેહગાર્ બુદ્ એસ્તેદ્ હોમ્, અન્ આં ગુનાહ...૫ પતેત્ હોમ્.

(પતેત પશેમાની, કરદા ૪ થો).

અર્થ.

"એક જગે રહેનારાં, ભાગીદારો, પડોશીઓ, (અને) હમશેહેરીઓ તરફ તકસીરવાર હોઉં, તે ગુનાહનો પશ્ચાતાપ કરૂં છું."

આ કલામમાં કામધંધાનાં, રહેઠાણનાં, અથવા હરએક બીજાં ઘટીત કારણથી જે એક જણમંડળ અથવા જણસમુદાય આપણા સંબંધમાં આવેલો ગણાય તે આખાં મંડળ અથવા સમુદાયમાંનાં હરકોઇને અથવા તે આખાં મંડળને નુકસાન કરવાનો ગુનાહ જણાવ્યોછે. તે ઉપરથી અનુમાન થાયછે કે એવાં જણમંડળ તરફ તેમજ તે માંહેલા દરએક જણ તરફ દરએક જરતોસ્તીએ પોતાની ફરજો બજાવવી જોઇએછે. માટે જેમ ઉપલા બે પાઠોમાં દરએક જરતોસ્તીએ નજદીક અથવા દૂરના સંબંધવાળાં એકેક માણસ તરફ બજાવવાની ફરજો વિષે ટુકમાં વિવેચન કરવામાં આવ્યુંછે તેમ આ પાઠમાં દરએક જરતોસ્તીએ માણસોનાં ચોકસ મંડળો અથવા સમુદાયો તરફની સામાન્ય તેમજ લોકહિતની સાર્વજનિક ફરજો બજાવવાની બાબત ટુકમાં જણાવીછે.

પોતાના અનેક સંબંધોના અનેક જણસમુદાયો તરફની સામાન્ય ફરજોમાં સહુથી પેહેલી અગત્યતાની ફરજો દરએક જણે પોતાના હમદીન ભાઇબંધોનાં ભલાંમાં શામેલ થવાની છે એમ અવસ્તા ઉપરથી જણાયછે. અવસ્તામાં દરએક મજદયસ્નાનનો બીજા હમજાતીઓ સાથેનો સંબંધ તેના બીજા હરએક સંબંધો કરતાં સર્વોપરી ગણ્યોછે. એક જણ એકબારગી એકજ તોખમનું બલકે ભાઇ બેહન જેવું અતઝગનું હોય તે છતાં જો તે મજદયસ્ની દીન છોડીને વટલી જાય તો તેને પોતાની સગાઇના સંબંધમાંથીબી

ગોયા તે છુટું પડેલું હોય તેમ ગણવા વંદીદાદમાં ઠરાવ્યું છે. (વંદીદાદ, પરગરદ ૧૨, ફ૦ ૨૧-૨૪). અને બીજા હાથ ઉપર જે મજદયસ્નાન હમદીનો જોકે આપણાં ખરેખરાં સગાં નહી હોય તોપણ તેઓને સગાં જેવાંજ ગણવાને અવસ્તામાં ઇશારા મલેછે. જેમકે જરતોશ્તી દીનનાં એકરારનામાંમાં (યજશને, હા ૧૨, ફ૦ ૩) કહેછે કે "હું મજદયસ્નાનોના મોહલ્લાઓને નુકસાનથી અને આફતથી બચાવીશ." "કે જેથી કરીને મજદયસ્નાન મોહલ્લાઓ તરફ જીઆન અને બેઆબાદી નહી રેહ." મેહેર યશ્તમાંથી (ફ૦ ૧૧૭) મજદયસ્ની દીન પાળનારાંઓ વચ્ચે ઘણી મોટી મોહબત રેહવી જોઇએ એવો ઇશારો મલેછે. વંદીદાદમાં (પરગરદ ૪ થી, ફ૦ ૪૪) હમદીનોને માલમતાની, લગ્ન કરવાની, કેળવણી લેવાની, અને એવીજ બાજી હરએક ભલી બાહેશ પાર પાડવામાં મદદ કરવાની ફરજ જણાવીછે. એ વગેરે અનેક ઇશારાઓ ઉપરથી સામટું અનુમાન નીકળેછે કે દરએક જરતોશ્તીએ પોતાનાં હમદીનોનાં સામાન્ય ભલાંમાં તેમજ પ્રત્યેકનાં ખાસ ભલાંમાં પોતાથી બની આવતી મદદ કરવાની ફરજ છે. આ પ્રમાણે હમદીનપણાંને અતિ અગત્યતા આપવાનું કારણ એ છે કે દરએક જરતોશ્તીનાં મનસે આ દુનિયામાં સહુથી ઉત્તમ ચીજ તેની પાક દીન છે કે જે દીનનો ફેલાવો અને જાળવણી કરવાની તેની સહુથી પેહેલી ફરજ છે, અને એટલામાટે જો એક જરતોશ્તી પોતાની હમદીનીના સંબંધ આગળ બીજા સઘળા સંબંધોને પછાત રાખે તો તેમાં અજબ જેવું નથી.

પોતાની દીન ઉપર એટલાબધો અત્યંત પ્યાર હોવાનાં પરીણામમાં તે દીનના ધર્મગુરૂ અથોરનાનો તરફથી જો દરએક જરતોસ્તી પોતાથી બનતી ફરજો બજાવવાને કબલ

થાય તો તેબી સમજી શકાયછે. એ સબબથી દરએક જરતોશ્તીએ સામાન્ય રીતે પોતાના ધર્મગુરૂઓનેબી માન આપવાની અને તેઓને ઘટતી મદદ કરવાની તાકીદો અવસ્તા વગેરે જરતોશ્તી દીનને લગતાં લખાણોમાં મલી આવેછે. જેમકે યજશનેના તેરમા હામાં (ફ૦ ૩) કહેછે કે "મજદયસ્ની દીનના ઘણા મોટા, વિદ્વાન, અને શીખવનારા અથોરનાનોને સરદાર તરીકે કબૂલ રાખુંછું." ખુદ અશો જરતોશ્ત પોતાના ગાથામાં કામેલ ધર્મગુરૂનો ઉપકાર માનતાં તેને માટે દુવા ચાહેછે કે "ભલાંથી વધારે ભલું તે મરદ પામો, જે અમોને ફાયદાના રાસ્ત માર્ગો શીખવે, આ તનોમંદ તેમજ મીનોઈ જીંદગીના." (ગાથા ઉશ્તવઇતિ, હા ઉશ્તવઇતિ, ફ૦ ૩). ઇરાની પતેતમાં ધર્મગુરૂઓને આજુરદા કરવાનાં કામને ગુનાહભરેલું જણાવ્યું છે. એ વગેરે બીજે અનેક ઠેકાણે તે વિષેના ઇશારા મલેછે, અને તેનું સમજવું મુશકેલ નથી. કેમકે ધર્મગુરૂઓ પોતાના હમદીનોને બેહુ જેહાનના ફાયદાને લગતી રેહનુમાઇ કરવાથી તેઓની ઘણી અગત્યની સેવા બજાવેછે, અને એ સબબથી દરએક દીનદાર માણસે તેઓને તન, મન, અને ધનથી બની આવતી મદદ કરવાની ફરજ દેખાઇતી છે.

મથાળે ટાંકેલા કલામમાંથી એકજ જગાએ સાથે રહેનારાંઓ તરફ દરએક જરતોશ્તીએ ચોકસ ફરજો બજાવવાનું અનુમાન નીકળેછે, અને તેનું કારણ સેહેલથી સમજી શકાયછે. એકજ જગાએ સાથે રહેનારાંઓથી કેટલાએક ફાયદા અને સગવડો પરસ્પર દરએક જણને મલેછે, અને તેટલામાટે તે સર્વેનું સામાન્ય ભલું થવાનાં કામો અને સાધનોમાં દરએક જણે પોતાથી બનતી મદદ કરવાની દેખાઇતી ફરજ છે. જે માણસ તેમ કરતું નથી તેને

નગુણાપણાંનો દોષ લાગેછે, એટલુંજ નહી પણ જેઓ એકજ જગાએ આપણી સાથે રહેછે તેઓનું જે સામાન્ય ભલું તેમાં આપણુંબી ભલું છે. કેટલીએક કીસમનાં જાનવરો વટિક જેવાંકે કીડી, કાગડા, હરણ વગેરે જો એક દરમાં, કે એક ઝાડ ઉપર, કે કોઇ એકાંત જગામાં સાથે વસતાં હોયછે તો તેઓમાંનાં એકને કાંઇ સામાન્ય ભયની નીશાની જણાતાંજ તેઓ ઇશારા અથવા આવાજ કરીને પોતાની સાથે રેહનારાં બીજાંઓને ચેતવણી આપેછે અને દરએક જણ તે સામાન્ય બળા દૂર કરવામાં પોતાથી બની શકતી મદદ આપેછે. હવે જો મુગા પ્રાણીઓ વટિક એ પ્રમાણે પોતાનાં ટોળાં તરફની સામાન્ય ફરજ બજાવી છુટેછે તો મનુષ્ય જેવાં સ્યાણાં પ્રાણીએ તો તેમ કરવાની કેટલીબધી જરૂર છે તે ખુલ્લું છે.

વળી મથાલે ટાંકેલા કલામ ઉપરથી એવુંબી અનુમાન નીકળેછે કે દરએક જરતોસ્તીએ પોતાના હમશરીક કામદારો કે ભાગીદારો તરફની સામાન્ય ફરજો બજાવવાની તેમજ તેઓમાંનાં દરએકનું ભલું કરવાનીબી ફરજ છે. હરએક કામ અથવા હરએક ધંધામાં મલી શકતા વાજબી નફા અને ફાયદાઓનો આધાર ઘણુંકરીને તે કામ કે ધંધો કરનારાઓ વચે પરસ્પર એખલાસ, એકદીલી, અને સામાન્ય હિત જાળવી રાખવા ઉપર છે. એ પ્રકારનું સામાન્ય હિત જાળવી રાખવાથી દરએક કામદાર કે ધંધાદાર જેમ પોતાના ભાઇબંધ કામદાર કે ધંધાદારને મદદ કરેછે તેમ તેની તરફથી તે પોતે પણ મદદ મેલવેછે, અને એ પ્રમાણે હરએક પ્રકારના કામદારો અથવા ધંધાદારોએ એકબીજા તરફ ઘટતી ફરજો બજાવતા રહેવાથી દુનિયાના અનેક કામ ધંધા સગવડે ચાલતા રહેછે અને તેથી દુનિયાને અનેક

ફાયદા થાયછે. માટે એ પ્રકારની ફરજો બજાવવાનું વાસ્તવિકપણું કોઇથી ના પાડી શકાય એવું નથી.

વળી ઉપલા કલામો ઉપરથી દરએક જણે પોતાના હમશેહરીઓ તરફ પોતાની ફરજો બજાવવાનું અનુમાન નીકળેછે. આ પ્રકારની ફરજોનું વાસ્તવિકપણું તો આફતાબની મીસાલે જાહેર છે. જે ઘર, મોહલ્લા, ગામ, કે શેહરમાં તમે રેહતાં હોવો ત્યાંનો કચરો અને ગલીચાઇ સાફ કરાવવી, રસ્તા સુધારવા, છંટકાવ કરાવવા, રાત્રે દીવા મુકાવવા અને એ વગેરે તમામ હમશેહરીઓની તનદરૂસ્તી, સુખશાંતિ, અને સગવડો જાળવવાના તમામ ઉપાયો અમલમાં લાવવા એ તમારી મુખ્ય ફરજ છે. ટુકમાં હાલ જમાનાની રૂઢી પ્રમાણે શેહેર સુધરાઇના કારોબાર ચલાવવામાં મદદ કરવાની ભલા શેહેરી તરીકે દરએક જરતોસ્તીની ફરજ છે. વંદીદાદ ઉપરથી સામટો સારાંશ નીકળેછે કે શેહેર સુધરાઇનાં સઘળાં કામોમાં મદદ કરવામાં એક ખરા જરતોસ્તી તરીકેની ફરજ બજાવી શકાયછે એટલુંજ નથી પણ એમ કરવામાં દરએક જણ પોતાના સવાબનો વધારો અને ગુનાહની તોજેશ કરેછે. શેહેર સુધરાઇ ઉપરાંત શેહેરીઓની જાહેર કેળવણી વગેરે અનેક બાબતો કે જેથી તેઓને સામાન્ય ફાયદા થઇ શકે તે સઘળાં કામોનો હમશેહરીઓ તરફની ફરજોમાં સમાવેશ થઇ રહેલો જાણવો.

હમશેહરીઓ પછી સ્વદેશીઓને મદદ કરવાની આપણી ફરજ છે. જેવાં કારણોથી હમશેહરીઓને મદદ કરવાની આપણી ફરજ થઇ પડેછે તેનેજ લગભગ મલતાં કારણોથી સ્વદેશીઓનેબી મદદ કરવાની આપણી ફરજ છે.

સ્વદેશીઓ પછી પરદેશીઓ તરફ દરએક જણે બનતી ફરજ બજાવવાની છે જે વિષે આગલ આ જરતોસ્તી ધર્મ

નીતિની પાઠમાળાના અંક ચોથામાં (પાઠ ૪૬ મો) શીખ-વવામાં આવ્યું છે.

પોતીકાં કે પરાયાં, ચહડતાં, ખરેખરીઆં કે ઉતરતાં, નજદીકના કે દુરના સંબંધવાળાં, સ્વદેશી કે પરદેશી, નેક માણસો તરફ દરએક જરતોસ્તીએ દરજજે-બ-દરજજે ફરજ બજાવવી એ તો ખરૂં છે પણ તેમાં તેણે હમેશાં આટલું યાદ રાખવું જોઇએ કે શક્તિવાન કરતાં નાચાર તરફ, પરધર્મી કરતાં સ્વધર્મી તરફ, અને મવસરવાળાં કરતાં મુફલેસ તરફ, પોતાની ફરજ તેને પ્રથમ બજાવવી ઘટેછે. ભલાં ગરીબોની પરવરશી કરવી એ તો જરતોસ્તી દીનનો એક મુખ્ય કાનુનજ છે જે વિષે આપણે આગળા અંકોમાં કેટલેએક ઠેકાણે જોઇ ગયા છીએ.

સેવટે આ ફરજો બાબતના પાઠોમાં જે જે અનેક તરેહના અને જુદા જુદા સંબંધોવાળાં માણસો તરફ દરએક જણે પોતાની ફરજો બજાવવાનું શીખવ્યું છે તે જો તનદરૂસ્ત અને સુખી માણસોના બાબમાં વાજબી છે તો આજારી અને દુઃખી માણસોના બાબમાં તો તે બેવડું વાજબી થઇ પડેછે. માટે બીમારોની બરદાશત લેવામાં અને દુઃખીઓને દિલાસો દેવામાં સૌથી વધારે કોશેશ કરવાની દરએક જરતોસ્તીની ફરજ છે એમ હમેશાં યાદ રાખવું.

શોભાવૃત્ત.

હમદીનો હમકાર,[૧] વળી હમશેહરી સજ્જન,
એ સર્વે જણ તરફ, બજાવો ફરજ નિરંજન.
દેશી પરદેશીઓ, વિશેષે માંદાં રોગી,
જેને કરવી ઘટે, મદદ કરજો સંજોગી.

૧. સાથે કામ કરનાર.

સવાલો.—"માણસની બીજંઓ તરફની ફરજો—ભાગ ૩ જો" એ વિષેનો પાજંદ કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો. અનેક જંણુ સમુદાયો તરફની સામાન્ય ફરજોમાં દરએક જરતોસ્તીએ બજાવવાની પેહેલી ફરજ શી છે તે વિગતવાર સમજાવો. દરએક જરતોશ્તીએ પોતાના ધર્મ-ગુરૂ તરફ ફરજો બજાવવી જોઇએ તે અવસ્તાની શહાદતો સાથે સમજાવો. દરએક જરતોશ્તીએ એકજ જગોએ સાથે રહેનારાં તરફ ફરજો બજાવવી જોઇએ તે સમજાવો. દરએક જરતોશ્તીએ પોતાના હમશરીક કામદારો તરફ ફરજો બજાવવી જોઇએ તે સમજાવો. દરએક જણની પોતાના હમશેહરીઓ તરફની શી શી ફરજો છે તે સમજાવો. માણસની સ્વદેશીઓ તથા પરદેશીઓ તરફની કેવી ફરજો છે તે સમજાવો. ફરજ ઉપરના પાઠો ઉપરથી ઉપજતો નીતિસાર કહો. આ પાઠના નીતિસારની કવિતા સમજણ સાથે કહો.

પાઠ ૨૪ મો.

વેષધારીપણાંની બદી.

[illegible]

[illegible]

[illegible]

...... અષેમઓંઘહે...... માંસ્‌-વચ દથાનહે
નોઇત્‌ સ્કયઓથ્‌નાઇશ્‌ અપયંતહે......

(યશ્ને, હા ૯, ક૦ ૩૧).

અર્થ.

"વિચાર અને બોલવું કરનાર, (પણ તે પ્રમાણે) કામો નહી બજાવનાર **અશોઇનો વેષધારી.**"

મનમાં રાખવું જુદું અને મોહડે બોલવું જુદું, મોહડે બોલવું જુદું અને કામ કરવું જુદું, એ એક જાતની ઠગાઇ છે જેને રીઆકારી અથવા વેષધારીપણું કહેછે, પછી તે ધર્મના સંબંધમાં હોય કે બીજી હરએક બાબતમાં હોય. ઉપલા અવસ્તાઇ કલામમાં દીનની વાકેફી ધરાવવા છતાં અને દીનદારીની વાતો કરવા છતાં તે મુજબનાં ભલાં કામો નહી કરનાર જાણીજોઇને ખોટે રસ્તે ચાલનારને "આષમોઘ" યાને રાસ્તીનો વેષ ધારણ કરીને ઠગનાર ગણીને તેને ધિક્કાર સાથે સજા કરવા જણાવ્યું છે. એજ પ્રમાણે વંદીદાદની અઢારમી પરગરદની શરૂઆતમાંથી વેષધારીપણાંથી ધર્મ-ગુરૂનું ડોળ ઘાલનારને ધિક્કાર્યોછે. એ ઉપરથી જણાયછે કે જરતોશ્તી દીનમાં રીઆકાર આદમી ઘણા ધિક્કારને લાયક ગણાયછે.

અશો જરતોશ્તને વેષધારી ધર્મીપણાં તરફ અતિશય ધિક્કાર હતો. પગે માછલાં મારતાં ઇશ્વરનું નામ પોકાર-નાર તરફ તે ઘણો ગુસ્સો બતાવતો હતો. તેણે પોતાના ગાથામાં (ગાથા અહુનવઇતિ, હા બેતુમઇતિ, ફ૦ ૭—૧૦, ૪૦) ખુલ્લી રીતે જણાવ્યુંછે કે ખોટાં કામો કરવા સાથે ગમે તેટલું ભણવું ગણવું કરશો તે બધું રદ જશે પણ નીતિવાન સંસારી જીંદગી સાથે ભણવું ગણવું કમતર હશે તોબી તે ખુદાની દરગાહમાં કબૂલ થશે.

રીઆકાર તરફ સર્વેનો ગુસ્સો ઉસ્કેરાયછે. કેમકે તે મેંઢાંના લિબાસમાં વરૂ છે. રીઆકાર ફરેશતાનાં રૂપમાં દેવ છે, કબુતરનાં પીછાંમાં કાગડો છે, આબરૂદારના લેબાસમાં લુચ્ચો છે, અને પરહેજગારીનો ઝભો પેહરેલો દાજખી છે. તે એક સુનેરી હરફે લખેલું પણ અનીતિનું પુસ્તક છે. તે ખુદાના વલીનો લિબાસ ધારણ કરેછે, પણ અહરેમનની

નોકરી બજાવેછે. તે બાહેરથી ખુશબોદાર પણ અંદરથી ગંધીલું છે. તે બાહેરથી સોહામણું પણ અંદરથી બદસુરત છે. તે ધર્મીના શાહેપામાં પાપીનાં કામો કરેછે. તે મોંહ ઉપર મીઠું પણ દીલમાં જેહેર ભરેલું છે. તેના હોઠો ઉપર શાકર પણ પેટમાં ખંજર હોયછે.

રીઆકાર મોટું ફરેબકાર છે, તેથી તે મંડળીમાં રાખવાજોગ નથી, તેને હમેશાં હાંકી કહાડવું ઘટેછે, કેમકે તે બીચારાં ભોલાં અને શંકા વગરનાંઓને પોતાના છુપા ફાંદામાં ફસાવેછે. તે ખોટો કોલ આપેછે અને લાગ ફાવતાં તેને તોડતાં વાર લગાડતું નથી. ડાહ્યાં માણસો વટીક રીઆકાર તરફ શંકા કદાચજ કરી શકેછે તો બીચારાં ભોલાંઓનું તો કેહવુંજ શું ? તેઓ સહેલથી તેનાં શીકાર થઇ પડેછે.

રીઆકારી જેવું નીચપણું બીજું એકે નથી. તેના જેવું લ્યાનતીપણું બીજું એકે નથી. તે એક ખોટો રૂપીઓ છે, જેને ખરો માનવાને ભરોસે ઘણાંએકો થપેર ખાયછે. તેને જેમ ખુદા તેમજ દુનિયાનાં માણસો ધિક્કારેછે.

રીઆકાર કોઇ માણસને ઠગવાથી મનમાં ફુલાતું હશે પણ તે જાણતું નથી કે તે પોતે પોતાથી કેવું ઠગાયછે ! રીઆકારી માણસને ગમે તેટલી ઠગે પણ શું તે ખુદાને ઠગી શકનાર છે ? રીઆકારી અંતે પકડાઇ આવ્યા વિના રેહેતી નથી. રીઆકાર ગમે તેવો ખુશીભરેલો ચહેરો દેખાડે તોપણ અંદરખાનેથી તેનું દીલ પોતે પકડાઇ આવવાની ફીકરના બોજા તલે કચડાઇ જાયછે. રીઆકારીનો પાયો સચ્ચાઇના સખત ખડક ઉપર નહીં પણ જુઠાઇની રેતી ઉપર હોયછે, તેથી કરીને તે મોડે કે વેહલે ખસી પડયા વિના રહેતો નથી.

રીઆકારી પોતેજ પોતાનું એબ્બીએલપણું સાબીત કરી આપેછે. કેમકે તે નેકીનો હરીફ છતાં તેને તેજ નેકીનો લેબાસ ઉછીનો લેવો પડેછે, અને પોતાનો કદરૂપો આકાર નેકી સોડથી માંગી લીધેલા કકડા પુરચાઓનાં ઠીંગણાંની નીચે ઢાંકવો પડેછે.

રીઆકારની વેદના કાંઇ થોડી નથી. તેને એકજ વખતે મન ગુસ્સાથી પેચ ખાતું અને મોહડું હસતું રાખવું પડેછે, દીલ બળતું પણ દેખાવ ખુશીભરેલો રાખવો પડેછે. સરડો જો દિવસમાં સો વાર રંગ બદલેછે તો રીઆકારને હજાર વાર રંગ બદલવા પડેછે. વાદલ વિના આકાશથી વર્ષાદ વર્ષાવી શકાતો નથી પણ રીઆકારે તો વગર દલગીરીએ આંસુ પાડવાં પડેછે. વાદલ દર પળે તરેહવાર રૂપો ધારણ કરેછે. તેની તો તે ખાસીઅતજ છે તેથી તેમ કરવાને તેને કાંઇ મેહેનત પડતી નથી. પણ રીઆકારને તો પોતાની ઉત્તમ મનુષ્ય ખાસીયતનો ભોગ આપીને વારે ઘડીએ ખોટાં રૂપો ધારણ કરવાં પડેછે.

દુનિયા માંહેલી રીઆકારીને લીધે કેટલીએક વખતે ખરી નેકીનેબી ખમવું પડેછે. કેમકે રીઆકારીનો જુઠો નેકીનો વેષ ખરી નેકી ઉપરબી તેની ઢગાઇની શંકા ઉપજાવે-છે. રીઆકારો પોતાના બોલવાની ગવાહીમાં ધર્મશાસ્ત્રોના કલામો ટાંકી શકેછે તેથી ખરા ધર્મીઓ તરફબી શંકાશીલ લોકો મુછમાં હસેછે.

રીઆકારીથી વળી દુનિયામાં બીજો એક ગેરફાયદો એ થાયછે કે કેટલાંએક નઠારાં માણસો જેઓ સુધરીને સારાં થઇ શકે એવાં હોયછે તેઓ રીઆકારમાં ગણાવાની ધાસ્તી-થી ભલાં થવા માંગતાં નથી.

શેખશાદી કહેછે કે “ એક દહાડે એક પાદશાહના મહેલમાં એક મેજબાની હતી. ત્યાં બોલાવેલા એક ધર્મગુરૂએ બંદગી કરતી વખતે તે જોઇએ તે કરતાં ઘણો વધારે વાર કીધી, અને જમતી વખતે પોતાના રાબેતા કરતાં ઘણુંજ કમતર ખાણું ખાધું. તેની મતલબ એવી હતી કે તેનું અતિ જીઆદા ભણવું ગણવું અને અતિશય કમતર ખાવું પીવું જોવાથી પાદશાહનાં તેમજ બીજા સઘળાઓનાં મનમાં તેની દીનદારી વિષે વધારે ઉંચું મત બેસે. પછી જ્યારે તે ઘર આવ્યો ત્યારે કાંઇ ખાવાનું માગ્યું. તે જોઇને તેના એક ચંચલ બેટાએ તેણે પાદશાહી મેજબાનીમાં શું શું કીધું તેની વાત પુછી. તે બોલ્યો કે બીજાંઓને દેખાડવા સારૂં મેં ત્યાં જોઇએ તે કરતાં વધારે બંદગી કીધી, અને જમતી વખતે અતિશય થોડું જમ્યો તેથી મારી ભુખ મટી નથી અને મને કાંઇએક ખાધાની જરૂર છે. દીકરાએ વિવેચન કીધું કે જો બીજાંઓને દેખાડવા સારૂ કમ ખાધેલું કામ પુરતું નહી ગણાય તો બીજાંઓને દેખાડવા સારૂ કીધેલું ઘણું ભણવું ગણવુંબી રદ થવું જોઇએ.”

વળી એજ શાયર કહેછે કે “એક પરહેજગારીનો દેખાવ ધારણ કરનાર વિષે એક પાદશાહનાં મનમાં કાંઇએક મોટો વિચાર આવ્યો જેથી તેણે તેને પોતાને ત્યાં બોલાવ્યો. તે નાદાન રીઆકારે વિચાર્યું કે હું કાંઇ એવી દવા લઉં કે જેથી ઘણો દુબલો દેખાઉં તો પછી મારી ઉપર પાદશાહનો જે એતેકાદ છે તે વધારે થાય. કહેછે કે તેણે જે દવા લીધી તે કાતેલ જેહેર હતું જેથી તેનું મરણ નીપજ્યું ! જે કોઇ કે લોકોને દેખાડવાની પરહેજગારી રાખેછે તે ખુદાની નહી પણ લોકોની પરસ્તેશ કરેછે. જેને ખુદાનો બંદો થવું હોય

તેને તો ઘટેછે કે ખુદા સિવાય બીજાંને પરહેજગાર દેખાવાની આતુરતા નહીં રાખે."

હરિગીત છંદ.

વેષધારીના વિચારો, વાણીઓ, કર્મો જુદાં—
લોકને રૂડાં બતાવે, પણ ખરાં તે તો કુડાં.
વેષધારી પાત્ર નાટક રંગભૂમિ શોભવે—
અન્ય સ્થાને વેષધારી માનહાનિ ભોગવે.
વેષધારી રૂપીઆ ખોટા જગત ચોરે ગણો—
એકદમ નાણાવટી લે ભાવ પરખી તે તણો.
વેષધારી પર સદા ધિક્કાર નાખી ચાલજો—
તે તણાં કુડાં કપટથી સર્વને સંભાળજો.

સવાલો.—વેષધારીપણાંની બદી વિષેના અવસ્તાના કલામ અર્થ સહીત કહો. વેષધારીપણું શાને કહે? ઉપલા અવસ્તાના કલામની વિગતે સમજણ આપો. વેષધારીપણાં વિષે અશો જરતોસ્તનું મત કેવું હતું તે સમજાવો. રીઆકારી કેવી ખરાબ બદી છે તે સમજાવો. રીઆકાર માણસ બીજાંઓની સાથે શું શું બદીઓ કરેછે તે સમજાવો. રીઆકારને પોતાને ખોટો વેષ ધારણ કરતાં શું શું વેદના ખમવી પડેછે તે સમજાવો. રીઆકારીને લીધે કેટલીક વાર નેકીનેબી ખમવું કેમ પડેછે તે સમજાવો. રીઆકારની કેટલીક તમસીલો આપો. રીઆકારી વિષે એક શેખશાદીની કહેલી નીતિભરેલી વાર્તા કહો. એ વિષેની એક બીજી શેખશાદીએ કહેલી વાર્તા કહો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૨૫ મો.

સુલેહસંપજમાં સલામતી—જુદાઈથી નાશ.

ગ જ઼ લ.

દાદાર ! જહાંદાર ! નગેહદાર ! અહુરમજ઼્દ !
રયોમંદ, ખુરેહમંદ, તું સરદાર અહુરમજ઼્દ.
બરપા થઇ તુજ કુદરતે મીનો અને ગેતી—
બારીક કે બુજરગનો તું આધાર અહુરમજ઼્દ.
ખલકત બને જર્રાઓને[1] સંયોગે જગતમાં—
સંયોગ ઠરાવી તું સરજનાર અહુરમજ઼્દ.
સંયોગ લગી કાયમી, જૂદાઇ થતાં નાશ—
એ કાયદે આલમને તું રચનાર અહુરમજ઼્દ.
સંયોગ અમારો સુલેહસંપજથી રહે ખૂબ—
તેવી તું હિદાયત કરો, દાદાર અહુરમજ઼્દ !

ગ જ઼ લ.

સુલેહ આદમીજાદની યાર હોજો !
સુલેહવાળી ગોફતારો કેરદાર હોજો ! સુલેહ૦
સુલેહ જે વધારે ખલકમાં તે જનને
ખુદાવંદ ફિરોજી બખ્શનાર હોજો !
સુલેહના જે દુશ્મન નરો નારીઓ તે
સદા દર્દ-ગમમાં ગેરફતાર હોજો ! સુલેહ૦
સુલેહ દીને જ઼રતોશ્તની મૂલ મકસદ—
સુલેહ હફતકેશવરની રફતાર[2] હોજો !
અહુરમજ઼દ! અમોને સુલેહનો તું સાહેબ
હિદાયત સુલેહનીજ કરનાર હોજો ! સુલેહ૦

---

૧. રજકણોને. ૨. ચાલચલગત.

પાઠ ૨૬ મો.

ઊંઘ તનદરૂસ્તી જાળવવાનું એક સાધન છે.

𐬐𐬈 𐬵𐬎𐬀𐬞𐬃 𐬓𐬀𐬟𐬥𐬆𐬨𐬗𐬁 𐬛𐬁𐬙 𐬰𐬀𐬉𐬨𐬁-
𐬗𐬁

કે હ્વાપાઓ ખફ્નેમ્ચા દાત્ જ્અઁમાચા.

(ગાથા ઉશતવઇતિ, હા તત્-થ્વા-પેરેસા, ક૦ ૫).

અર્થ.

" (તું અહુરમજ્દ નહિ તો બીજા) કયા કારીગરે ઊંઘ અને જાગૃતિ બનાવીછે?"

આ પવિત્ર ગાથાઇ કલામમાં બેશક અહુરમજ્દની એક અજબ કારીગરીનો ઇશારો છે. આપણે દરરોજ ઉંઘીએ છીએ અને જાગીએ છીએ તેથી ઉંઘ આપણને એવી સાધારણ થઇ ગઇછે કે તે ઉપર આપણે કશો ખ્યાલ કરતાં નથી. પણ વિચાર કરતાં જણાયછે કે માણસો તથા જાનદારોને માટે ઉંઘ અને જાગૃતિ સરજવામાં દાદારની એક મોટી કરામત, દાનાઇ, અને મેહરબાની છે.

જેમ એક ભીત ઉપરથી ચુનો ઘસારાથી ખરી જઇને દાંતા નીકળી આવેછે તેને પાછી મરામત કીધાથી ભીત દરૂસ્ત થઇ રહેછે તે પ્રમાણે, કહેછે કે, જાગૃતિમાં મગજ તથા જ્ઞાનતંતુઓનો ઘસારો થઇને તેઓનો જથો અને શક્તિ ખરચાઇ જાયછે તેની ખોટ ઉંઘમાં પાછી પુરાયછે જેથી પુરતી ઉંઘ લઇ ઉઠવા પછી આપણે તાજાં બનીએ છીએ. હવે મગજ અને જ્ઞાનતંતુનો જે ઘસારો થાય તેની ખોટ જો વખતસર અને બરાબર રીતે નહિ પુરાય તો રફતે રફતે

તેથી તે નાજુક અવયવોમાં બિગાડા થઇને તનની તેમજ મનની દરૂસ્તી લથડી જાય. આગળા જમાનાઓની યુરોપની ઘાતકી સજા કરવાની અનેક રીતીઓ માંહેલી એક રીત માણસને તદન નાહી સુવા દેવાની હતી. કહેછે કે જેઓને એ સજા કરવામાં આવતી હતી તેઓ પ્રથમ દીવાનાં થઇને બકબકારો કરવા લાગતાં હતાં અને પછી અંતે મરી જતાં હતાં. આ ઉપરથી પુરતી ઉંઘ માણસને કેવી અવશ્ય છે તે ખુલ્લું જણાઇ આવેછે.

અને એ ઉપરથી જણાયછે કે આપણાં તનની બાંધણીમાં કિર્તારે જે બેમિસાલ હુનર બતાવ્યોછે તે કરતાં વળી તેને જીવતું અને ચાલુ રાખવાનાં સાધનો ઠરાવવામાં તેણે જે પુખ્ત હુશીઆરી વાપરીછે તે ઓછી અજાયબી પમાડનારી નથી. દમનું ચાલુ રહેવું, ખોરાકનું રૂપાંતર થવું, લોહીનું ફરતું રહેવું, બદનમાંથી મેલા પદાર્થોનું નીકલી જવું, એ વગેરે બીજા અનેક શરીરધર્મો જે અતિ અચરતી પમાડનારા છે તેઓ માંહેલો એક નિયમ ઉંઘ અને જાગૃતિ જોઇએ તેમ થતી રહેવાનો છે. ઉંઘને અવસ્તામાં એક ઠેકાણે (વીસ્પરદ, કરદો ૭, ફ. ૩) "અહુરમજદે આપેલી" એક બખશેશ તરીકે વખાણીછે તે તદન વાજબી છે, કારણકે તે અવસ્તામાં કહેવા મુજબ તે "પશુ તથા માણસની" તનદરૂસ્તી જાળવવાનું એક મુખ્ય સાધન છે.

તનદરૂસ્તી જાળવવી એ જરતોશ્તી દીનનો એક મુખ્ય કાનુન છે, અને તનદરૂસ્તી જાળવવાના અનેક નિયમો છે. દાખલા તરીકે ખાવાપીવામાં મિતાહારીપણું, સફાઇ અને સુઘડાઇ, ચોખ્ખી હવા દમમાં લેવી, માફકસરની હીલચાલ અને કામકાજ વગેરેની કસરત રાખવી, વગેરે. એ સઘળા નિયમો માંહેલો એક નિયમ કાયદાસર ઉંઘ લેવાનો છે.

દરએક જણે ચેતવણી લેવી જોઇએ કે જેમ કામ પછી આસાયશની તેમજ જાગૃતિ પછી ઉંઘની કેવળ જરૂરીઆત છે. કેટલાંએકો વિદ્યા અભ્યાસને માટે ઉજાગરા કરેછે. કેટલાંએકો નાટકો વગેરે મોજમજાહોને માટે ઉજાગરા કરે-છે. કેટલાંએકો બીજી ખરાબ રીતોએ ઉજાગરા કરેછે. પણ તેઓએ જરૂર ચેતવણી લેવી ઘટેછે કે એ પ્રમાણે કુદરતના કાયદાની વિરૂધ થવાની સજા અંતે ભોગવ્યા વિના છુટકો નથી. ઘણો વિચાર કરવા માટે અને ઘણું મગજનું કામ કરવા માટે તો વધારે ઉંઘની જરૂર છે કે જેથી મગજ અને જ્ઞાનતંતુનો થયેલો ખપ પાછો પુરાય. કુદરતી ઉંઘનો ભોગ આપીને કીધેલું કામ અને મેલવેલો વખત નફા તરીકે ગણાય નહિ, કારણકે તે મેલવવાને માટે તન તથા મનનો મારો કરવાની મોંઘી કીમત આપવી પડેછે. ઇંગ્રેજીમાં કહેવત છે કે 'સકારે સુવું અને સકારે ઉઠવું એ માણસને તનદરૂસ્ત, ધનવાન અને ડહાપણવાલું કરેછે.' આ કહેવત પ્રમાણે પુરાતન ઇરાનીઓ વર્તતા હતા એમ અવસ્તા ઉપરથી માલમ પડેછે કે જેમાં સકારે સુવા જવાના અને બામદાદ અગાઉ ઉઠવાના ઇશારા મલેછે. (વંદીદાદ, ફરગરદ ૧૮, ફ૦ ૧૫—૨૯).

ઉંઘ અને જાગૃતિના નિયમ વિષેના પુરાતન ઇરાનીઓના વિચારો કેવા હતા તેના બીજા કેટલાએક ઇશારા અવ-સ્તામાં આ પ્રમાણે મલેછે. આતશ નિયાયશમાં (યજશ્ને, હા ૬૨, ફ૦ ૫) દિવસ અને રાતના સામટા વખત માંહેલો એકતૃત્યાંશ ભાગ ઉંઘ અને આસાયશમાં તથા બાકીના બેતૃત્યાંશ ભાગો કામકાજમાં રોકવા જણાવ્યું છે. અવસ્તાઇ જમાનામાં વિદ્યાર્થીઓ દિવસના ત્રણ અને રાતના ત્રણ એ પ્રમાણે છ ભાગો કરતા હતા અને દિવસના વચલા તથા

રાતના વચલા એ બે બાગોમાં ઉંઘાતા હતા (વંદીદાદ, પરગરદ ૪, ફ૦ ૪૫). વળી વંદીદાદમાં (પરગરદ ૧૮, ફ૦ ૧૬) કહેછે કે "લાંબા વખત લગી સુઇ રહેવું, ઓ માણસ! તુને સજાવાર નથી." આ ઉપરથી જણાયછે કે ઉંઘનો જેમ ફાયદાભરેલો તેમજ ગેરફાયદાભરેલોબી ઉપયોગ થઇ શકેછે. માંટે તેનો સારો ઉપયોગ કરવો અને ખોટો ઉપયોગ કરવાથી પરહેજ રહેવું, એ દરએક માણસની ફરજ છે.

હવે ઉંઘનો સારો અને ખરાબ ઉપયોગ કેમ થાય તે દેખાડવું છે કે જોઇતી અને માફકસરની ઉંઘ લેવી એ તેનો સારો ઉપયોગ છે—પણ હદથી જયાદા ઉંઘવું અથવા જોઇએ તે કરતાં ઓછું ઉંઘવું એ તેનો ખોટો ઉપયોગ છે. અનુભવ ઉપરથી જણાયછે કે જીઆદા સુવાથી તેમજ કમતર સુવાથી તનદરૂસ્તીનો બીગાડો થાયછે અને કુદરતી કાયદા પ્રમાણે દરએક જણે પોતાનાં શરીરને માફક આવતી નિયમસરની ઉંઘ લેવાથી તનદરૂસ્તી જાલવાયછે.

કુદરતી ઉંઘ ખુદાતાલાની એક ઉત્તમ બખશેશ છે. તે એવી કીમતી છે કે જો તેને નિયમસર જાળવી રાખી નહી હોય તો પાછળથી બેહદ પસ્તાવો થાયછે. તે એક નાજુક હાથે પસવારતી, આસ્તેથી પંખો નાખતી, મધુર સાદે હાલરડું ગાતી, મેહરબાન માતા છે. તેની તરફ નાફરમાન થશો મા. અત્યંત ફીકર ચિંતારૂપી ડાકણ તેમજ ગુનાહરૂપી દેવની જો તમે સોહબત પકડશો તો એ મેહરબાન માદર તમારી ઉપર કોપીને રીસાઇ જશે અને પછી તમોને તેની સાથે સલાહ કરવા માટે પુષ્કલ ફાંફાં મારવાં પડશે. નરમ બીછાનાં, ખુશબોદાર ધૂપો, અને શાંતિ આપનારાં મધુર ગાયનો એકવાર તમોથી રીસાઇ બેઠલી ઉંઘને પાછી તેડી લાવી શકશે નહી. નીચી ઝુપડીમાં સખત સાદડી

ઉપર સુતેલા મુફલેસ મજુરને દિવસની મેહનત પછી સંતોષ-ભરેલી બેફીકરાઇથી અને નિર્દોષ અંતઃકરણથી જે મીઠી ઉંઘ આવેછે તેનો ખ્યાલ કરો, અને તેની તે સુખી હાલતનો મુકાબલો ઉંચા મેહલોમાં આરામ અને આસાયશ-નાં તમામ સાધનોની વચે આખા દિવસની આલસાઇ અને તરેહવાર અણગમતા વિચારોથી ઉપજતી બેચેનીને લીધે ઇંતેજારીથી ઉંઘની વાટ જોતા રાજવંશીની સાથે કરો, અને પછી કહો કે તમે એ બેમાંથી કઇ હાલતને પસંદ કરોછો.

ઉંઘની અનેક ખુબીઓ કવિઓએ વર્ણવીછે. તે શાંતિ બખ્ખશનાર, દુઃખો વિસરાવનાર, ગરીબની દોલત, અને બંધીવાનનો છુટકારો છે. તે ચડતાં કે ઉતરતાં સર્વેની તરફ અપક્ષપાત રીતે વર્તેછે. તે શું કામકાજની કે શું રંગ મોજની ચહડેલી થાક ઉતારનાર તેમજ શોકની દલગીરીને ભુલાવનારખી છે. આ તેના સઘળા ગુણો મોતના ગુણોને મળતા આવેછે. એક લેખે જોઇએ તો ઉંઘ હયાતી અને મોતની વચેની હાલત છે, અને એ ઉપરથી જો કવિઓએ ઉંઘને મોતનો નહાનો ભાઇ કહ્યો હોય તો તે તેઓની બોલવાની રીતીને અનુસરતું જ છે. જે મોટા ભાઇની ભેટ અંતે એક દહાડ આપણને લેવાની છે તેની અગાઉ તેનો નાનો ભાઇ ગોયા આપણને તેની ચેતવણી આપવા સારૂ આવીને દરરોજ બગલગીરી કરેછે. માટે આપણને સંભાવાર છે કે દરરોજ જયારે એ નાનો ભાઇ આપણી મુલાકાતે આવવાની નિશાન બતાવે ત્યારે તેને હસ્તક પોતાને સોંપવા અગાઉ કિર્તારની ટુક યાદ અને બંદગી કરવાને ચુકવું નહી.

બેત.

ઉંઘ છે દાદારની બખશેશ બેમૂળી ખરી—
ભોગવે જેને નિયમસર, તે રહે સુખમાં ઠરી.

સવાલો.—"ઊંધ" વિષેનો ગાથાનો કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો. કુદરતી ઊંઘ માણસને અવશ્ય કેમ છે તે સમજાવો. ઊંઘને અવસ્તામાં "અહુરમજદે આપેલી" કરી વખાણીછે તેનું વાજબીપણું સમજાવો. તનદુરસ્તી જાલવવાના મુખ્ય નિયમો કયા કયા છે? તે ઊપરથી શું નીતિ-સાર મલેછે તે સમજાવો. આગલા ઇરાનીઓમાં ઊંઘ અને જાગૃતિના નિયમ વિષે કેવા વિચારો હતા તે અવસ્તાની શહાદતે સાથે સમજાવો. ઊંઘનો ઊપયોગ સારો તેમજ માઠોબી કેમ થાય તે સમજાવો. કુદરતી ઊંઘ ખુદાતાલાની એક કીમતી બક્ષેશ કેમ છે તે સમજાવો. ઊંઘની કેટલીએક ખુબીઓ વર્ણવો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૨૭ મો.

અશોઓની પરવરશ.

[illegible]

[illegible]

નરેમ્ય અષવનેમ્ કુઋન્વાંનો અસ્નાઅત્ જસેંતેમ્ દૂરાઅત્ચ.

(હાદોખ્ત નસક, ફ૦ ૧૪)

અર્થ.

" નજદીકથી અથવા દૂરથી આવી ચહડતા અશો નરને તૃપ્ત કરનાર (બેહસ્તી)."

આ અવસ્તાનો કલામ ગુજરવા પછી બેહસ્ત પામનારનાં રવાનની હકીકતમાં આવેલીછે. જે ઉપરથી જણાયછે કે બીજી ભલાઇઓ સાથે અશોઓને સંતોખનાર મરણ પછી બેહસ્ત પામેછે. એજ મતલબના બીજા કેટલાએક કલામો અવસ્તામાં આવેલાછે. જેમકે "દહમાન આફરીન" કે જેને અવસ્તામાં "દહ્મ આફ્રીતિ" કહેછે અને જેનો અર્થ ભલી દુઆ કરી છે તે અવસ્તાઇ દુઆનું ભણતર દર વખતે યજશને તથા આફરગાન કરનારાઓ પઢતી વખતે જે જે દુઆઓ તેમાં માંગેછે તેઓમાં એક દુવા એવી માંગેછે કે "આ ઘરમાં પોંહચો **અશોઓની તૃપ્તિ અને મેહમાનદારી"** (યજશને, હા ૬૦, ફ૦ ૨). એ ઉપરથી જણાયછે કે અશોઓને તૃપ્ત કરવાનું અને તેઓની મેહમાનદારી કરવાનું કામ પુરાતન જરતોસ્તીઓમાં સવાબનું અને નેક બદલો પમાડનારૂં ગણાતું હતું. વળી સરોષ યશતમાં કહેછે કે "તે ઘરથી ..... ખરાબ દરદો અને વિઘ્નો દૂર જાયછે, જે ઘરમાં ..... **અશો મરદ તૃપ્ત કીધેલો અને મેહમાનદારી કીધેલો થાયછે"** (યજશ્ને, હા ૫૭, ફ૦ ૧૪). એ ઉપરથીબી જણાયછે કે અશોઓની મેહમાનદારી કરનારનાં ઘરમાંથી ઘણીખરી બલા અને આફતો દૂર થાયછે એમ પુરાતન જરતોસ્તીઓમાં મનાતું હતું, અને તેમાં કાંઇ અજબ જેવું નથી. કેમકે અશો માણસની બરદાસ્ત લેનારને તે અશોની દાનાઇ તથા નેકીભરેલી હાજરીથી એટલાબધા લાભો થાય કે ગોયા તેની બલા અને વિઘ્નો દૂરજ થઇ જાય.

એ વગેરે જરતોસ્તી દીનને લગતી ઘણીએક કેતાબોમાં અશોઓને જમાડવાનો ઘણો સવાબ જણાવેલોછે. (વંદીદાદ, પરગરદ ૧૪, ફ૦ ૧૭; આફરીગાને ગહમબાર, ફ૦ ૪,

ઇત્યાદિ). તેનું કારણ વિચાર કરતાં આપણને તુરત જણાયછે કે જો એક જરતોસ્તીએ બેગાનાંની વટિક મેહમાનદારી નહી કરવી ધરાની પતેતમાં કહ્યા પ્રમાણે પસ્તાવો કરવા જોગ છે તો તેણે અશોઓની મેહમાનદારી અને પરવરશ કરવાની તો ખાસ તાકીદજ હોવી જોઇએ. અશો માણસો એક હાથ ઉપર પોતે નિર્દોષ રહીને દુનિયાની ખરાબી કરતાં નથી તેમ બીજા હાથ ઉપર તેઓનો ઘણોખરો વખત દુનિયાનું ભલું કરવામાં ગુજરેછે. એ પ્રમાણે જો તેઓ દુનિયાને એવડાં લાભકારી છે તો તેથી તેઓની બરદાસ્ત ચાકરીનો સવાબ મોટો ગણવો વાજબી છે.

અશો માણસ રાસ્તી અને યકીનદારી, મધ્યમપણું અને મિતાહાર, સંતોષ અને સબૂરી, પવિત્રાઇ અને પરહેજ-ગારી, માયા અને ભાઇબંધી, શુકર અને દરગુજર, વગેરે અનેક નેકીઓનો ગોયા એક ભંડાર છે. એટલામાટેજ તેને આપણી પોતાની સંગતમાં સંગરવાની જરૂર છે. પણ એટ-લુંજ નથી. તેની નેકીઓનો કીમતી ખજાનો જેમ જેમ આસપાસ વેરાયછે તેમ તેમ તે એક અખુટ ઝરાની મીસાલે ચોમેર ભલાઇ અને નેકીની આબાદાની વધારતો ચાલેછે. તે પોતાના દાખલાથી અને શિક્ષણથી બીજાંઓને નેકી અને ભલાઇની રાહ ઉપર આવવાને ઉસ્કેરેછે. આ તેનાં અતિઉપયોગીપણાને લીધે તેના પરવરશ કરવાનું પુણ્ય ગોયા નેકીઓના એક જાથુકના ઝરાની જાલવણી કરવાનાં પુણ્ય સમાન છે.

જેમ ગલીચી, સરદી, અને ભેજથી અંદર રહેનારાં-ઓની તનદરૂસ્તીનો બીગાડ થાય એવાં ઘરમાં ખુર-શેદનાં ગરમ કીરણોનો તડકો દાખલ થવાથી ત્યાંની બીમારીઓનાં બીજ નાશ પામેછે અને તેટલામાટે તે ત્યાં

ઘણો આવકારદાયક છે તેમ હરએક ઇનસાનો કે જેઓ અગ્નાન, બદી, અને ગુનેહગારીથી ગુમરાહ થવાને યોગ્ય છે તેઓએ પોતાનાં મગજમાં ગ્નાન, નેકી, અને સવાબકારીનો બોધ દાખલ કરવા માટે અશો માણસોને આવકાર દેવાની અને તેઓની આગતાસ્વાગતા કરવાની જરૂર છે, કેમકે તેથી તેઓને ખરેખરો ફાયદો થઇ શકેછે.

અશો જરતોશ્તના ગાથામાં એક ઠેકાણે એવી દુઆ માંગવામાં આવીછે કે "તે ભલાંથી વધારે ભલો નર અહીંઆં આવો, કે જે અમોને રાસ્ત અને ફાયદાના માર્ગો શીખવે !" (ગાથા ઉશ્તવઇતિ, હા ઉશ્તવઇતિ, ફ૦ ૩.) વળી ગાથામાં બીજે ઠેકાણે અશો માણસને ગોયા અહુરમજદને મળતો આવે એવો કહ્યોછે. (ગાથા અહુનવઇતિ, હા "તા-વે-ઉર્વાતા", ફ૦ ૧૬.) અશોઓની એ સીફતો તદન વાજબી અન મઆકુલ છે, કેમકે અશો માણસ પોતાના દાખલાથી અને પોતાની જુબાનથી બીજાંઓને અશો કરેછે. માટે તેનું આવી મલવું ગોયા આકાશથી એક ફરેશતાના ઉતરી આવવા બરાબર થઇ પડેછે. આપણાં લોકોમાં સાધારણ રીતે માનને ખાતર અશો માણસને કહેવામાં આવેછે કે તમારાં કદમથી અમારૂં ઘર પવિત્ર થયું. આ સાધારણ આબરૂ આપવાનું વાકય પોતામાં સચ્ચાઇનો કેટલોક અંશ ધરાવેછે એમાં કાંઇ શક નથી, કારણકે જે ઘરમાં અશો માણસનો સમાગમ થાયછે તે ઘરકુટુંબને લગતાંઓ થોડે કે ઘણે દરજે પવિત્રાઇ તથા અશોઇની રાહ ઉપર આવવા માંડેછે. અશો માણસ પોતાના અનેક સદ્‌ગુણો અને ભલાઇઓથી ત્યાં ગોયા એક ભાંત ભાંતનાં ફુલોનો તોરો થઈ પડેછે જે પોતાની હાજરીથી તે ઘરને મઘમઘાવેછે અને કુટુંબનાં મગજોને તર કરેછે.

હવે અશો માણસ પોતાના જે અનેક સદ્‌ગુણોથી દુનિયાને અનેક ફાયદા કરેછે તે સદ્‌ગુણો કાંઇ તેણે સેહેલાઇથી હાસેલ કીધેલા હોતા નથી અને તે સદ્‌ગુણો જાળવી રાખવાને માટે તેને કાંઇ થોડી મુશકેલીઓ ખમવી પડતી નથી. બદી એક થુવડ કે બાવળનાં ઝાડ સમાન છે કે જે સહેલાઇથી તેમજ જલદીથી વધી જાયછે. પણ અશોઇ એક એવા નાજુક રોપા સમાન છે કે તેને ઉગાડવાને માટે ઘણી મેહનત, ઘણો વખત, અને ઘણી સંભાળ જોઇએછે. એવો કીમતી રોપો ઉગાડવા તથા જાળવી રાખવામાં જીંદગીનો મોટો ભાગ રોકી રાખવાને લીધે અશો માણસથી પોતાની સંસારી હાલત સુધારવાને ઘણું થોડું બની શકેછે. રોજે અવલથી દુનિયામાં દેખાતું અને બોલાતું આવ્યુંછે કે જેઓ અશોઇમાં યાને ભલાઇમાં વધારે હોયછે તેઓને ઘણુંકરીને આજારો અને મુશકેલાતો વધારે પોંહચેછે. દુનિયાઇ ફાયદા જેટલા જલદીથી અને સેહલાઇથી સાધારણ ઇનસાનોને હાસેલ થઇ શકેછે તેટલા અને તેવી રીતે ઘણુંકરીને જેઓ અશોઇના માર્ગને પકડી રહેછે તેઓને કદાચજ થઇ શકેછે. એથી તેઓને બીજાંઓની મદદની વધારે જરૂર રહેછે અને એથીજ તેઓની બરદાશત ચાકરીનું વધારે પુણ્ય સાબેત થાયછે. આપણી આસપાસ અવલોકન કરતાં જણાયછે કે સાધારણ રીતે અશો માણસો મુફલેસ અને પછાત રહી જાયછે. એ સબબથી બીજાંઓએ તેઓની પરવરશી અને મદદ કરવાની ઘણી જરૂર છે. વળી જે અશોઓથી દુનિયાને નેકી અને નીતિનાં ફરમાનો મળે અને જેઓના દાખલાથી ઇનસાનોની જીંદગીનો ઘણો સુધારો થાય તેઓને મદદ કરવાથી તે કરનારને જે સુખ લાગેછે તે કાંઇ જેવું તેવું હોતું નથી.

આ ફરજ, ફાયદા, પુણ્ય, અને સુખ પુરાતન જમાનેથી માણસો જોતાં આવ્યાંછે, અને તેથી તેઓમાં—વિશેષે એશીઆટીક લોકોમાં—પવિત્ર પુરૂષોની આગતાસ્વાગતા કરવાનો રેવાજ પુણ્ય મેળવવાનાં એક સાધન તરીકે ઉતરતો આવેલોછે. એ રેવાજ ઘણો ફાયદેમંદ છે. તોપણ તેનો ગેરઉપયોગ નહી થાય તેની ઘણી સંભાળ રાખવી ઘટેછે. પવિત્ર માણસોને જમાડવામાં અને અશોદાદ, દક્ષણા કે ખેરાત કરવામાં જો ચોકસી નહી રખાએ અને ખરાં લાયક અશોઓને બદલે આળસુ અથવા બીજી હરએક રીતે નાલાયક શખશોને જો તેનો ફાયદો મલે તો તે સવાબને બદલે સામણો ગુનાહ હાંસેલ કરવા જેવું છે. માટે યાદ રાખવું કે જોકે અશોઓની પરવરશ કરવી એ જેમ ફાયદાનું તેમજ સવાબનું કામ છે તોપણ ખરા અશોઓનીજ પરવરશ કરવાથી તે ફાયદા અને પુણ્ય મલેછે.


બેતો.

અશોની પરવરશ કરવી ઘટેછે,
કે જેથી દુઃખ તનમનનાં મટેછે.
અશો જે રાહ નેકીની બતાવે—
ખલકને લાભ બેમૂળા ચખાવે—
ભલા ઉપકાર તેના તે થકી છે,
ફરજ પાલણ તણી તેનાં નકી છે.
અશોની પરવરશનું પુણ્ય જાણો—
અશો સંતોખતાં સુસ્તી ન આણો.

સવાલો—અશોઓની પરવરશ વિષેના અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. એની સમજણ તથા અવસ્તાની બીજી વધુ શાહાદતો આપો. જરતોસ્તી ધર્મપુસ્તકોમાં અશોઓને જમાડવાનો સવાબ જણાવ્યોછે તેનું કારણ આપો. અશોઓની પરવરશ કરવાની અગત્ય છે તેની સાબેતીઓ આપો. ગાથામાં અશો માણસની કેવી સીફતો કરવામાં આવીછે તે સમજાવો. તે સીફતોનાં વાજબીપણાંના કારણો દર્શાવો. અશોઓને બીજાંઓની મદદની જરૂર છે તે તેઓને અશો જીંદગી ગુજારતાં મળતી મુશકેલીના દાખલાથી સમજાવો. અશોઓની પરવરશ કરવામાં શી સાહુચેતી રાખવી જોઇએ તે સમજાવો. આ પાઠના નીતસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૨૮ મો.

સોગંદ ખાવાની ટેવ રાખવી નહિ.



મ પ રાસ્ત્, મ પ દરોધ્, સોગંદ્ ખુર્.

(આદરબાદનું પંદનામું, ક૦ ૪૧).

અર્થ.

"ખરાં માટે કે ખોટાં માટે સોગંદ મા ખા."

આ વાકયમાં દસ્તુર આદરબાદ મારસ્પંદે પોતાના બેટાને શિખામણ દેતાં સોગંદ ખાવાની મનાઇ કીધીછે. જુઠા સોગંદ ખાવા એ તો જેમ ધર્મની રૂએ તેમજ સરકારી કાયદાની રૂએ મોહટો ગુનાહ છેજ, પણ ખરા સોગંદખી સરકારી કચેરીમાં રાજના ધારાની રૂએ કે એવાજ બીજા

કોઇ અતિ ગંભીર પ્રસંગે મજબૂત ફરજ થઇ પડે તોજ લેવા જોઇએ. તે સિવાય બીજે કોઇબી વખતે સોગંદ ખાવા એ એક જરતોસ્તીને શોભાભરેલું નથી. અજ્ઞાન તથા જંગલી લોકો જરાજરામાં સોગંદ ખાયછે. સોગંદ ખાવા એ તેઓમાં ઘણું સાધારણ હોયછે. પણ સુધરેલાં લોકો સોગંદ ખાવાની ટેવને ધિક્કારેછે. દસ્તુર આદર-બાદની ઉપલી નસીહત ઉપરથી માલુમ પડેછે કે આગળા ધરાની લોકો સોગંદ ખાવાની બાબતમાં આજની સુધરેલી પ્રજાઓને મળતા હતા.

જુઠા સોગંદ ખાવા એ તો બેશક ગુનાહનું કામજ છે. પુરાતન અવસ્તાનાં વંદીદાદ પુસ્તકમાં (પરગરદ ૪, ફ૦ ૫૫) ખોટા સોગંદ ખાવાનો ગુનાહ જણાવ્યોછે. જુઠા સોગંદ ખાનાર અવસ્તા ભાષામાં 'મિથ્રોદ્રુજ' અને પાછલી ધરાની ભાષાઓમાં 'મેહેર દરૂજ' ના હીણા એલકાબને લાયક થાયછે.

કેટલાંએકોને જરા જરામાં સમ ખાવાની ટેવ હોયછે. પણ એ ટેવ ઘણી ખરાબ છે. જે માણસ વગર કારણે સમ ખાયછે તે પોતે પોતાને અપમાન આપેછે, કારણકે તે પોતે જુઠું છે તેથી તે જે કાંઇ બોલેછે તે ખરૂં મનાવવા સારૂ સમ ખાયછે એમ તે પોતાની સમ ખાવાની ચાલથીજ ગોયા કબૂલ કરેછે. જે માણસને સ્વમાનની લાગણી હોય તે તો કદીબી વિના કારણે સોગંદ ખાય નહિ. સોગંદ ખાતી વખતે એક માણસ ગોયા પોતે જુઠું બોલનારૂં છે અને તે અમુક બાબતમાં જુઠું બોલશે નહિ એવો આડકતરો એકરાર કરેછે.

વળી સમ ખાવાની ટેવથી અજ્ઞાનોમાં જુઠાઇને ઉત્તેજન મળેછે, કારણકે તેથી તેઓ એવું સમજેછે કે ગોયા જ્યારે સોગંદ ખાઇએ ત્યારેજ સાચું બોલવાની ફરજ છે અને બીજી વખતે જુઠું બોલીએ તેની ફીકર નહિ.

પણ જુઠું તો કદીબી નહી બોલવું એવી દરએક જણની ફરજજ છે અને સાચું બોલવા માટે સમ ખાવાની જરૂર નથી એમ તેઓને શીખવવા માટે કોઇએબી સમ ખાવાની ટેવ રાખવી નહીં, અને હમેશાં સાચું બોલવાની ફરજજ છે એમ સર્વેએ યાદ રાખવું.

સમ ખાવામાં જે ચીજના આપણે સમ ખાઇએ તેને ગોયા આપણે માઠું થવાનું ચાહીએ છીએ, અને કોઇનુંબી માઠું ચહાવાની વાણી ઉચ્ચારવી એ જરતોશ્તી દીન પ્રમાણે દુઝમત અને દુઝુખ્તના બેવડા પાપનું કામ છે. માટે સમ ખાવા એ ગોયા બેવડું ગુનાહભરેલું થઇ પડેછે.

વળી જરતોશ્તી દીનમાં ખુદાને હાજર નાજર જાણીને સાચુંજ બોલવાનું ફરમાવ્યુંછે. તેથી દરએક જરતોશ્તીએ સાચુંજ બોલવું અવશ્ય છે, અને જ્યારે એમજ છે ત્યારે એક જરતોશ્તી જો પોતાનાં બોલેલાંને તે સાચું છે એમ ઠરાવવા સારૂ સમ ખાય તો તે ગોયા એકલેએ ખુદાની હમેશની હર જગેની હાજરી ના પાડવાનો ગુનાહ કરે.

હરએક સાધારણ વખતે સોગંદ ખાવાની ટેવથી કેટલાં-એક જેઓ ઘણુંકરીને હલકે દરજેનાં અજ્ઞાનો હોયછે તેઓ રફતે રફતે જુઠા સોગંદ વગર અચકવે ખાવા લાગેછે, કારણકે હરએક દુર્ગુણનો ધારો છે કે શરૂઆતમાં રમત-ગમત તરીકે તેનો સંગત કરતાં રફતે રફતે તે આપણામાં પોતાનું ઘર કરી બેસેછે.

સોગંદ ખાવાથી કોઇબી માણસને કાંઇ લાભ થતો નથી, કે કાંઇ ડહાપણ કે કાંઇ સુખ મલતું નથી. નથી તો તેથી કાંઇ રીતભાંતમાં સુધારો થતો કે મંડળીમાં કાંઇ માન મલતું. બલકે ઓર તેથી સારાં કેળવાયલાં સુઘ્ર માણસોને કંટાલો છુટેછે. માટે ડહાપણભરેલું એજ છે કે બીનજરૂરે સોગંદ ખાવા નહીં.

કોઇ કહે કે હસવા બોલવામાં, કે રમતગમતમાં, કે મજાખ મશ્કરીમાં સોગંદ ખાવા એ તદન નિર્દોષ છે. પણ આટલું યાદ રાખવું કે સોગંદ જો એક ઘણી ગંભીર વાણી અને કામ છે તો તે ગંભીર પ્રસંગો સારૂજ રેહવા દેવા જોઇએ. જો સોગંદને હરએક પ્રસંગે ઉચ્ચારવાની હલકી પદવી ઉપર ઉતારી દઇએ તો ગોયા એક પવિત્ર તથા ગંભીર કામને હલકે દરજ્જે ઉતારવાની તકસીર કરવા બરાબર થઇ પડેછે.

સમજુ લોકો જાણેછે કે ઊંચી પંક્તિનાં લોકોને સમ ખાવાની ટેવ હોતી નથી. તેથી તેઓ જેઓને જરા જરામાં અને વગર કારણે કે વગર જરૂરે સમ ખાતાં જુએછે કે તુરત પામી જાયછે કે તેઓ નીચ પંક્તિનાં છે.

ચોપાઈ.

સોગંદ લેવા ઠામેઠામ,
છે હલકાં લોકોનું કામ.
ઉંચી પંક્તિનું જણ જે,
આદત એ નવ રાખે તે.

સવાલો.—"સોગંદ ખાવાની ટેવ રાખવી નહી" એ વિષેના પાજંદ કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો. "મેહેર દરૂજ" એટલે શું તે ઊપર વિવેચન કરો. સમ ખાવાની ટેવ ખરાબ કેમ છે તે સમજાવો. સમ ખાવાની ટેવથી જુઠાઇને ટેકો કેમ ગળે તે સમજાવો. સમ ખાવાનો ગુનાહ બેવડો કેમ છે તે સમજાવો. સમ ખાનાર ખુદાની હમેશની હરજગેની હાજરીનો ઇનકાર કરવાનો ગુનાહ કરનાર કેમ ઠરેછે તે સમજાવો. સોગંદ ખાવાના બીજા ગેરફાયદા જણાવો. હસવા બોલવામાં સોગંદ ખાવા વાજબી છે કે કેમ? આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૨૯ મો.

ખુજરચે-મેહેરનાં પંદનામાં મધેથી ચુંટી કહાડેલા સખુનો—ભાગ ૨ જો.

"સ૦—ઇનસાનોને જે જે કાંઇ પહોંચેછે તે 'બખ્ત' (ખુદાના આપવા) થી કે (તે ઇનસાનનાં) 'કામ' (કરવા) થી?

જ૦—બખ્ત અને કામ તે મીસાલે એકત્ર થઇને (તે પોંહચે છે) કે જેમ તન અને જાન. યાને જાન વિના તન એક નકામું કાલબુદ છે, અને તન વિના જાન એક નહિ પકડી શકાતી પવનની ફુંક છે. પણ જ્યારે તેઓ એકત્ર મિશ્ર થાયછે ત્યારે તેઓ કુવતમંદ અને બુલંદ ફાયદો કરનાર થાયછે (તે મીસાલે નસીબ અને ઉદ્યોગ વિષે સમજવું)....

સ૦—કોણ છે ઘણું પસંદ કરવાજોગ?

જ૦—જે ઘણાં દાબેલાં રાખે બદ ખાહેશને શરમ નીચે, ક્રોધને ક્ષમા નીચે, અદેખીને રખે નઠારી સાખ પડે એવા વિચાર નીચે, લાલચને સંતોષની નીચે, અને મારવાને ઇનસાફની નીચે .. ..

સ૦—કોણ છે ઘણું ખુશહાલ કરનાર?

જ૦—લાયકીવાળું ફરજંદ અને ખાવંદની મરજી રાખનારી ઓરત .. ..

સ૦—કોણ છે ઘણું બળાપો પોંહચાડનાર?

જ૦—ધમકાવનારો અને નહિ દરગુજર કરનારો માઠી અને ઘણું સંતાપકારક ફરજંદ .. ..

સ૦—કોણ છે ઘણા બળાપાવાળું?

જ૦—ઇજજતદાર જે બેઇજતી પામે, શક્તિવાન જે અશકતાઇ પામે, ઉમેદવાર જે નાઉમેદી પામે, અને આપરંગીલું જે (પોતાની હઠને લીધે) કામના નાશને પહોંચ્યું હોય (કામમાં નિષ્ફળ થયું હોય).

સ૦—કોણ છે ઘણું દુઃખી ?

જ૦—તવંગર જેને (પેટે) દાનાવ અને લાયકીવાળું ફરજંદ નહિ હોય તથા (તે કે) જેનું ફરજંદ નાલાયક અને ઘણું દુઃખી કરનાર હોય.

સ૦—ઘણું આફત ખમનારૂં કોણ ?

જ૦—લાયક કે જેની ઉપર નાલાયક ગાલેબ; દાનાવ કે જેની ઉપર મૂર્ખ હુકમ ફરમાવનાર; ભલું કે જેની ઉપર ભુંડું શક્તિવાન .. ..

સ૦—દોસ્ત કયો ભલો ?

જ૦—જે ઘણો દાદ લેનાર અને મુશકેલીમાં ઘણો મદદ કરનાર.

સ૦—દોસ્ત કયો વધારે ?

જ૦—જે ઘણો વિનયી મનનો, ઘણો જાથુકીવાળો, અને ઘણો પટાવી ફોસલાવી લેનાર .. ..

સ૦—ઇનસાનોને આ દુનિયામાં શું ઘણું જરૂરનું લાગેછે ?

જ૦—જયાંલગી શરીર દરૂસ્ત ત્યાંલગી મોરાદનું પાર પડવું, જયારે તન બીમાર થાય ત્યારે તનનું દરૂસ્ત થવું, અને જયારે તનની જીવવાની નાઉમેદી થાય ત્યારે આત્માની મુક્તિ .. ..

સ૦—ઇનસાનોએ આ દુનિયામાં ઘણો અંદેશો શાથી રાખવો જોઇએ ?

જ૦—માઠા વખતથી, બુરાં કામથી, ફરેબકાર દોસ્તથી, અને બદ મનશનીના બેરહેમ પાદશાહથી.

સ૦—શાથી મગરૂર થવું જોઇએ ?

જ૦—સારા હીંગામથી, નેક કામથી, ફરેબ વગરના દોસ્તથી, અને રેહમદીલ તથા ઇનસાફી હમદીન અને સરદારથી.

સ૦—કયો હીંગામ ભલો ?

જ૦—જે વખતમાં બદોની ગાલેબી અને શક્તિ કમ હોય.

સ૦—દીન કઈ ભલી ?

જ૦—જેથી ભલા મીનોઓની ભલાઇ અને બુરા મીનોઓની બુરાઇ, સવાબનો બદલો અને ગુનાહની સજા ઘણી જાહેર થાય, અને ઘણો ભલો રાહ રસ્તો અને ઘણો વાજબી સવાબ બની આવે.

સ૦—આકેબતને લગતો દોસ્ત કોણ ?

જ૦—નેક કામ.

સ૦—આકેબતને લગતો દુશમન કોણ ?

જ૦—બદ કામ.

સ૦—જે આકેબતમાં કાયમ રહે અને ખરાબ નહી થાય તે શું ?

જ૦—સવાબનો જથ્થો.

સ૦—ઘણું ફાયદેમંદ શું ?

જ૦—દાનાવો સાથે બેસવું.

સ૦—ઘણું ભરોસાદાર શું ?

જ૦—સાચું બોલનારાંઓની જુબાન.

સ૦—ઘણું ખુશીભરેલું શું ?

જ૦—નિર્ભયતા.......

સ૦—શું છે ઘણું રાહતભરેલું ?

જ૦—નિર્દોષપણું અને સંતોષી વિનયીપણું.

સ૦—શું છે ઘણું કીમતી ?

જ૦—દાનાવો અને ભલાઓની સાથે પ્રીતિ.

સ૦—શું છે ઘણું રોશન ?

જ૦—દાનાવોનાં કામ.

સ૦—શું છે ઘણું મોકળું ?
જ૦—સખીઓના હાથ.
સ૦—શું છે ઘણું તંગ ?
જ૦—બખીલોના હાથ.....
સ૦—શું છે ઘણું પમરતું ?
જ૦—નેકનામી."

પાઠ ૩૦ મો.

આપઘાતનો અજીમ ગુનાહ.

𐬛𐬀𐬭𐬆𐬖𐬄𐬨 𐬛𐬀𐬭𐬆𐬖𐬋.𐬘𐬍𐬙𐬍𐬨

દરેઘાંમ્ દરેઘો-જીતીમ.

(યજશને, હા ૬૮, ક૦ ૧૧.)

અર્થ.

"ઘણી લાંબી જીંદગી."

આ અવસ્તાઇ કલામો દરએક જરતોશ્તી પોતાનાં અનેક ભણતરોને છેડે "અહ્માઇ રએશ્ચ" પઢતાં બોલેછે, જેમાં તે બીજી દુઆઓ ભેગી એક દુઆ લાંબી જીંદગીની માંગેછે.

ઇનસાને તેના પેદા કરનારે ઠરાવેલી હદ લગીની પૂરેપૂરી જીંદગી ભોગવીને તેની મકસદ બર લાવવી અને નહી કે તે વખત આગમજ તેનો અંત લાવી મુકવો એ જરતોશ્તી દીનનો એક ખાસ કાનૂન છે એમ લાંબી જીંદગીની પસંદગીના અને અકાલ મોતની નાપસંદગીના અનેક ઇશારા અવસ્તા, પાજંદ, વગેરે ભણતરોમાં મલી આવેછે તે ઉપરથી અનુમાન કરી શકાયછે. જેમકે અશો જરતોશ્ત પોતાના ઉશ્તવત ગાથાના પેહેલા હામાં (ક૦ ૨ જો) દુઆ માંગેછે કે—

"એ મજદ! તું આપ રાસ્તીએ ભલી મનશનીની મોજ દરરોજ **લાંબી જીંદગીની** ખુશહાલી સાથે."

હોમ યશતમાં (યજશ્ને, હા ૯, ફ૦ ૧૯) કહેછે કે "માંગું છું.. .. જીવની **લાંબી જીંદગી.**" વંદીદાદમાં (પરગરદ ૭, ફ૦ ૭૧) કહેછે કે "(માણસના) જીવને બચાવવો." દુઆ તનદરૂસ્તીની શરૂઆતમાંજ બોલવામાં આવેછે કે "તનદરૂસ્તી દેરજિવશની" યાને તનદરૂસ્તી અને **લાંબી જીંદગી.** એહરેમનને અવસ્તામાં "પોઉરૂમહરકો" યાને મોતભરેલો કહેવામાં આવેછે. અહુનવત ગાથામાં "તાવેઉર્વાંતા" હામાં (યજશને, હા ૩૧, ફ૦ ૧૮) મોતને નાપસંદ કીધુંછે. હોમ યસ્તમાં (યજશને, હા ૯, ફ૦ ૫) મોતને નાપસંદ કીધુંછે. એ વગેરે જરતોશ્તી દીનને લગતાં તમામ લખાણોમાં અનેક ઠેકાણે માણસે જીંદગી બચાવવા તથા લંબાવવાની અને મોતને અટકાવવા તથા દૂર રાખવાની મતલબનાં એટલાંબધાં ખુલ્લાં વચનો તેમજ ઇશારા મલેછે કે તે ઉપરથી વગર શકે માની શકાયછે કે માણસની જીંદગીને બચાવવી તથા લંબાવવી એ જરતોશ્તી દીનનો એક મુખ્ય કાનૂન છે, અને જો એમ છે તો એ ઉપરથી સિદ્ધ થાયછે કે આપઘાત જરતોશ્તી દીનની રૂએ એક અજીમ ગુનાહ છે.

વળી પુરાતન ઇરાનીઓનાં તમામ લખાણો અને તેઓની ભરોસાભરેલી તવારીખો તપાસી જોતાં તેઓમાં કોઇબી ઠેકાણેથી આપઘાતનો દાખલો અથવા તેની પસંદગીનું કાંઇબી લખાણ કે ઇશારો મલતો નથી. તે ઉપરથીબી અનુમાન કરી શકાયછે કે પુરાતન ઇરાનીઓમાં આપઘાતની હસ્તીજ નહી હશે, કેમકે જો તેઓમાં આપઘાત થતા હતે તો તે વિષેનો કાંઇબી પતો તેઓનાં લખાણોમાંથી કે તવારીખમાંથી મલતે. અને એ ઉપરથીબી સિદ્ધ થાયછે કે

આપઘાતની બદી જેમ જરતોશ્તીદીનની રૂએ એક ગુનાહ ઠરેછે તેમજ તે જરતોશ્તીઓમાં આગળા જમાનામાં જોવામાંબી આવતી નહી હતી.

એક જણે પુરતી અકલ હુશીઆરી સાથે જાણીજોઇને માણસના જીવની હત્યા આગલથા ઇરાદા અને ગોઠવણ કરી રાખીને કરવી એ જો ખુનનો અપરાધ છે તો આપઘાતનો ગુનાહ અને ખુનનો ગુનાહ એ બે વચે ઝાઝો ફરક રહેતો નથી, કેમકે જેમ એક ખુની તેમજ એક આપઘાતી એક જીવનો અંત આણેછે, અને એ ઉપરથી એક ખુની જેટલા ફિતકારને લાયક છે તેટલોજ એક આપઘાતીબી છે.

એકલએ જોતાં ખુની કરતાં આપઘાતી વધારે ધિક્કારવા જોગ છે, કેમકે ખુની એક માણસનો જાન લેવાથી તેનાં લાગતાંવલગતાંઓ જેઓ ઘણું કરીને તેને પરાયાં હોયછે તેઓને માતમપોશીમાં લાવી મુકેછે. પણ એક આપઘાતી પોતે પોતાનોજ જીવ લઇને પોતાનાંજ લાગતાંવલગતાંઓ કે જેઓ દુઃખી નહી થાય તેની સંભાળ રાખવાની તેની ખાસ અને નજદીકની ફરજ છે તેઓને શોકમાં નાખી જાયછે.

વળી એક ખુનીને તે ગુનાહ કીધા પછી પોતાના ગુનાહનો પસ્તાવો કરવાનો વખત મલી શકેછે. તે સરકાર તરફથી આ દુનિયામાં ઘટતી સજા ભોગવી જાયછે, અને તેથી બીજાંઓને જીવહાનિ કરવાનો ગુનાહ નહીં કરવાનો ડર રાખતાં કરી જાયછે, અને તે પછી અંતે તે પોતાના ગુનાહની ઘટતી સજા મરણ પછી ભોગવેછે, પણ આપઘાતીને તો નથી પોતાનાં પાપનો પસ્તાવો કરવાનો વખત મલતો કે નથી આ દુનિયામાં પોતાના ગુનાહની સજા કે તાજેશ બની શકતી. એ ઉપરાંત વળી તે બીજાંઓને એ જબુન

ગુનાહનો દાખલો આપીને ગેયા તેમ કરવાનું ઉત્તેજન આપી જાયછે.

ખુદાતાલાએ દરએક માણસને તેનું તન અને જાન ચોકસ ઉમદા કારકીર્દી કરી જઇને ચહડતો બદલો મેળવવાનાં એક સાધન તરીકે સોંપી આપેલું છે. તેણે તે સાધનં બરાબર વાપડીને પોતાનું કામ બરાબર બજાવી જવાની ફરજ છે. પણ આપઘાતી ખુદાની તે મતલબને ઉંધી વાળેછે. તે પોતે પોતાની કારકીર્દી પુરી કીધા પછી ઇનામનો બદલો મેળ-વવાની તેને મળેલી તક ગુમાવીને પોતે પોતાના હકમાં નુકસાન કરવા સાથે ખુદાતાલાની નાફરમાની કરેછે, અને એથી તેને વધારે ભારી સજા મળવી જોઇએ એમ માની શકાયછે.

જરતોસ્તી દીનની રૂએ અનેક ગુનાહો એવા છે કે જેઓની તોજેશ તરીકે નેક કામો કરવાથી તેઓને ફિટાડીને મરણ પછી તેની સજામાંથી ખલાસી મેળવી શકાય તેમજ નેક કામો કરવાથી મરણ પછી બદલો મેલવી શકાય. હવે એ ગુનાહો ફિટાડવાનો અને સવાબ મેલવવાનો આધાર જીંદગી સલામત રહેવા ઉપર છે. જીંદગી ગેયા આત્માને માટે એક નાવ છે, જે નાવ સલામત રહે તો તેમાં બેસીને પાર ઉતરવાની આશા છે. પણ આપઘાતી તો જીંદગીનોજ અંત લાવી મુકેછે એટલે પોતાને હાથે પોતાની નાવ ભાંજીને પોતે ડુબી મરેછે. તે પોતાના ગુનાહ ફિટાડવાની અને સવાબ વધારવાની તેને મળી શકતી મુદતનોજ આંકો લાવી મુકેછે. તે ઉપરથી ખુલ્લું છે કે આપઘાતી પોતે પોતાને એટલું બધું ભારી નુકસાન કરેછે કે જેટલું તેને બીજાં કોઇ કરી શકે નહિ. આપઘાતી જેટલી પોતે પોતાની દુશમની કરેછે તેટલી બીજું કોઇ તેની દુશમની કરતું નથી.

દરએક માણસની એક એવી કુદરતી ઇચ્છા હોયછે કે તેનાં મરણ બાદ તેની નામદારી રહે અને કાંઇજ નહિ તો

એટલું તો જરૂર થાય કે તેનાં નામ ઉપર કાંઇ કલંક નહિ રહે. એ ઇચ્છા કિર્તારે ઘણી સારી નેમથી મુકીછે કે તેથી દરએક માણસ બને તેમ ખરાબ કામથી દૂર રહીને સારાં કામ કરે. હવે જે માણસ આપઘાત કરેછે તેને જોકે અંતઃકરણથી ચેતવણી મલતી હશે કે તે કામ કરવાથી તેનાં નામની ઉપર સદા કાલનો બટો રહી જશે તોપણ તેની દરકાર વગર તે આપઘાત કરેછે, અને એ ઉપરથી ખુલ્લું છે કે આપઘાતી પોતેજ પોતાનું નામ ડુબાવેછે.

દરએક માણસની જીંદગીનો ખરો માલિક તેનો પેદા કરનાર છે. તે જીંદગી તેના નેમી આપેલા કાયદા પ્રમાણે આખેર થવા નહિ દેતાં તે વખતની અગાઉ તેનો અંત લાવવામાં આપઘાતી તેના પેદા કરનારનો ચોર થાયછે, અને તે પોતાના કિર્તારનો કેહેર પોતા ઉપર ખેંચી લેવાથી પેલી જેહાનમાં સખત સજા ભોગવે એમ માની શકાયછે.

આપઘાત ગમે તે હેતુથી કરવામાં આવે તોપણ તેમાં તે કરનારને કશું માન તો છેજ નહિ. કોઇ મોટા ગુનાહ કરીને તેની સજા થવાથી જે નામોસી લાગે તેમાંથી બચવા સારૂ આપઘાત કરેછે. પણ તેથી તો તે બેવડી નામોસીને લાયક થાયછે. એક તો તે ગુનાહની અને બીજી આપઘાતની. કોઇ મોજમજાહ અને ફીશીઆરીઓથી મોટાં મોટાં કરજો કરીને પછી તે વાલવાને અશક્ત થઇ પડવાથી રખેને બાકીના દહાડા ગરીબીમાં રેહવું પડે એવી ખોટી લાજથી આપઘાત કરેછે. એ કામમાં ગુનાહ સાથે બેવકુફાઇ મલેછે. કોઇ કજીઆકંકાસ અથવા સેહેજ બોલાચાલીમાં ફક્ત ખીજાજ અને ગુસ્સાને કાબુમાં રાખી નહિ શકવાથી આપઘાત કરેછે જેમાં ગુનાહ સાથે મનની નબલાઇનો દોષ લાગુ પડેછે. કોઇ સંસારવેહવારમાં બીજાંઓની તરફથી

જાણતાં કે અનજાણતાં કાંઇ હસી, રીશખંદી, કે અપમાન થતાં આપઘાત કરેછે. એમ કરનારને ગુનાહ સાથે નાસબૂર થવાનો ઠપકો લાગુ પડેછે. એ સિવાય અનેક હેતુઓથી લોકોમાં આપઘાત થાયછે. તે હેતુઓને જો તપાસી જોશો તો તેઓમાં કોઇબી હેતુ વખાણવા લાયક બલકે બચાવ કરવા લાયક વટિક નહી જણાશે. તે આપણી તપાસનું પરિણામ આપઘાત કરનારને આપણી નજરમાં હલકુંજ પાડશે.

આપઘાતનો ગુનાહ નિપજવાનું મુખ્ય કારણ માણસે પોતાનાં મન ઉપર પુરતો કાબુ નહી રાખવાનું છે. મન ઉપર અંકુશ નહી રાખવાથી માણસ મોજમજાહ, અનીતિ, વગેરેમાં અતિશય લંપટ થાયછે. મન ઉપર અંકુશ નહી રાખવાથી તે ગુસ્સા વગેરે અનેક મનોવિકારોને આધીન થાયછે. પછી પરિણામે ઘણુંકરીને આપઘાત કરેછે. માટે આપઘાતનો અટકાવ સંવેલાએ મન ઉપર અંકુશ રાખવામાં છે.

કિર્તારે માણસને ચોકસ મુદત લગી જીવવા માટે સરજ્યુંછે. તે મુદતની અગાઉ જે કોઇ તેનો અંત લાવે તે તે પેદા કરનારના કાયદાની વિરૂધ જાયછે. નાતિ અને ધર્મ આપઘાતને ગુનાહભરેલું કામ ઠરાવેછે. માટે તે કરનાર કિર્તારના નિયમ, નીતિ, અને ધર્મનો તિરસ્કાર કરેછે. તે ધીરજ, સબુરી, અને સંકટ ખમવાની હીમત, વગેરે અનેક સદગુણોને તજી દીએછે, અને તેથી તે સર્વેની નજરમાં બેવજન ઠરેછે. તે મંડળીના ચાલુ કારોબારમાં કવખતે અડચણ લાવી મુકેછે. તેથી તે કોઇનીબી દયાને અથવા માનને લાયક નથી. સુધરેલા દેશોમાં આપઘાત કરનારની લાશને પાયદસ્તનું માન પુરતું આપવામાં આવતું નથી. માણસનો આત્મા તેનાં શરીરરૂપી કીલ્લાનો રાજા છે. મોત તેનો શત્રુ છે. તે હર વખતે અને હર બહાને એ

જીંદગીના કીલ્લા ઉપર હુમલા લાવેછે. દરએક જણે બહાદુરીથી તેને મારી હટાવીને એ કીલ્લો બચાવવાની ફરજ છે. પણ આપઘાત કરનાર તેમ કરવાને બદલે પોતે પોતાને હાથેજ એ કીલ્લો ભાંગી પાડેછે. માટે તે માત્ર હીચકારૂં કરેછે એટલુંજ નહી પણ ધિક્કારનેબી લાયક છે.

જરતોસ્તીઓ પાક ક્રિયા કરીને આતશખાનાંમાં રાખેલા આતશની જાળવણી કરેછે. માણસની જીંદગીબી એક પ્રકારનો છુપ્યો આતશજ છે જે તેના ગેબી કિર્તારને હાથે બદનનાં આતશખાનાંમાં તખ્તનશીન કરવામાં આવ્યોછે. માટે દરએક જરતોસ્તીએ એ જીંદગીના આતશનીબી પુરતી જાળવણી કરવાની ફરજ છે. તેમ નહી કરતાં જે જરતોસ્તી આપઘાત કરીને તેનો અંત લાવેછે તે જરતોસ્તી કેહવાવાને લાયક રેહેતું નથી.

જરતોસ્તી દીનની રૂએ આ દુનિયા નેકી અને બદી વચેનાં જંગનું મેદાન છે. તેમાં દરએક ઇનસાન અહુરમજદની તરફનો એક સીપાહ છે જેનું કામ નેકીને બચાવવાનું અને બદીને શીકસ્ત આપવાનું છે. હવે જે માણસ એ લડાઇનાં મેદાનમાંથી પોતે કુચ કરી જવાનો હુકમ પોતાના સરદાર અહુરમજદથી મેલવવા અગાઉ આપઘાત કરીને ચાલી જાય તે માત્ર હીચકારૂંજ નહી પણ નાફરમાન અને સજાને લાયક થાયછે.

જરતોસ્તી ધર્મનો મુખ્ય કાનૂન દુનિયામાં વૃદ્ધિ, આબાદી, ખુશી અને નીતિ ફેલાવવાનો તથા નાશ, વેરાની અને બદી દૂર કરવાનો છે. વિચાર કરો કે આપઘાત કરનાર શું કરેછે? તે એક જીવતું તન કે જે અશોઇમાં કામે લગાડવું જોઇએ તેનો કવખતે નાશ કરેછે, જેમ કરવું જરતોસ્તી ધર્મથી તદન ઉલટું છે એ ખુલ્લું છે.

દરએક જણને મરજીનું છુટાપણું મલેલું છે, અને તેને વગર માંગવે તેની જીંદગી મળીછે માટે તે પોતે પોતાની જીંદગીના માલેક તરીકે પોતાની મરજી પ્રમાણે તેનો નાશ કરવાને મુખ્ત્યાર છે એવી તકરાર લાવીને જો કોઇ આપઘાતનો બચાવ કરે તો તે આ બે દલીલથી રદ થઇ શકેછે. (૧) જો માણસને મરજીનું છુટાપણું મલેલું છે તેથી તે ગમે તે કરવાને મુખ્ત્યાર ગણાય, તો ખુની, ચોર, લુટારો, વગેરે દરએક અપરાધી કહી શકે કે તે જે અપરાધ કરેછે તે પોતાની મરજીને આધીન રહીનેજ કરેછે. શું તેનું કહેવું કોઇથી કબૂલ રખાશે? મરજીનું છુટાપણું આપવા સાથે મરજીપર અંકુશબી રાખવા ઠરાવેલું છે. અંકુશ વિનાનું જે મરજીનું છુટાપણું તેનુંજ નામ ગુનાહ. હવે આપઘાતી પોતાની મરજી ઉપર અંકુશ ન રાખતાં પોતે પોતાનું ખુન કરેછે. માટે તે મરજીનાં છુટાપણાંનો ગેરઉપયોગ કરવાના તકસીરમાં આવેછે, અને તેટલામાટે તેનો બચાવ રદ થાયછે. (૨) જોકે દરએક જણ પોતાની જીંદગીનું માલેક છે તોપણ તે તેના કિર્તાર તરફથી તેને ઠરાવેલી ચોકસ મુદત લગી સપુરદ કરવામાં આવેલી ચીજ છે, અને તેટલામાટે તેટલો વાર તેનો વહીવટ કરવા તેને નિભાવવાની ફરજ છે —નહી કે તેનો કવખતે નાશ કરવો. જેમ એક ભાડુત પોતે જે ઘરમાં રહેતો હોય તેનો નાશ કરવાથી તે ઘરધણીનો તકસીરવાર થાય તેમજ આપઘાતી ખુદાનું તકસીરવાર થાયછે, અને એ ઉપરથીબી આપઘાતનો બચાવ રદ થાયછે.

પોતે પોતાની જીંદગીનો ભોગ આપનાર તરફ કેટલાંએકો દયા બતાવેછે બલકે બાજેક તો તે કામ તેને માનભરેલું ગણેછે, અને ખરૂં છે કે જો કોઇ માણસ

કોઇ પરમાર્થને ખાતર અથવા કોઇ બીજી ઉમદા નેમથી કોઇ માનવંત કે બહાદુરીનું કામ કરતાં પોતાની જીંદગીનો ભોગ આપે તો તે માન આપવા લાયક છે. પણ જે કોઇ તેવી કોઇ ઉમદા અને સાધુસંતને શોભા આપે તેવી ઉંચી મતલબે નહી પણ ખોટી, હીચકારી, નાલાયક, બેહોરમતી-ભરેલી, કે એવીજ કોઇ બીજી નાપસંદ મતલબે આપઘાત કરે તો બેશક તે જરતોસ્તી દીનની રૂએ ગુનાહભરેલું, ધિક્કારભરેલું, અને શરમભરેલું છે.

બેતો.

ઘણો દુષ્ટ અપરાધ છે આપઘાત—
ખુદા કેમ મીનોમેં બક્ષે નજાત?
મનુષ દેહ ધારણ કરે જે રવાન,
મલેલી ખુદાની અનામત તું જાણ.
કરે નાશ તેનો ગુનેહગાર જે,
લુટારૂ ખુની છે ખરૂં દુષ્ટ તે.
સજાથી ન પાપી છુટે તે કદી—
ઘણી છે જબુન એ ગુનાહની બદી.

સવાલો.—આપઘાતના ગુનાહનું અનુમાન નિકલે એવો અવસ્તાનો કલામ અર્થ સહીત કહો. એની સમજણ આપો. માણસની જીંદગીને લંબાવવી એ જરતોસ્તી દીનનો મુખ્ય કાનૂન કેમ છે તે અવસ્તાની શહાદતો સાથે સમજાવો. પુરાતન ઇરાનીઓમાં આપઘાતની હસ્તીજ નહી હતી એવું અનુમાન સાબેત કરો. આપઘાતનો ગુનાહ ખુનના ગુનાહની બરાબર બલકે તે કરતાં વધારે કેમ છે તે સમજાવો. આપઘાતી પોતાને નુકસાન કરવા સાથે ખુદાતાલાની નાફરમાની કેમ કરેછે તે સમજાવો. આપઘાતનો ગુનાહ તાજેશ વિના ઘણો

ભયંકર કેમ થાયછે તે સમજાવો. આપઘાતી પોતેજ પોતાનું નામ કેમ ડુબાવેછે તે સમજાવો. આપઘાતી પોતાના પેદા કરનારનો ચોર કેમ થાયછે તે સમજાવો. આપઘાત કરવાના સઘળા હેતુઓ ધિક્કારને પાત્ર કેમ છે તે સમજાવો. આપઘાતનો અટકાવ કરવાનો મુખ્ય ઊપાય શું છે તે બરાબર સમજાવો. આપઘાત કરનાર કયા કયા સદ્‌ગુણોની વિરૂદ્ધ જાયછે અને તેથી તે કેટલા દોષને પાત્ર થાયછે તે સમજાવો. આપઘાતી જરતોસ્તી (૧) શરીઅતની રૂએ, તથા (૨) ધર્મ-મતની રૂએ મોટું ગુનેહગાર કેમ ઠરેછે તે સમજાવો. માણસને મરજીનું છુટાપણું હોવાથી તે આપઘાત કરવાને મુખત્યાર છે એવો આપઘાતનો બચાવ કેઇ બે દલીલોથી રદ થાયછે તે સમજાવો. પોતાની જીંદગીનો ભોગ આપવામાં માન કયારે છે અને કયારે નથી તે સમજાવો. આ પાઠના નીતિ-સારની કવિતા સમજાવો.

પાઠ ૩૧ મો.

આપઘાતના ગુનાહનો ધિક્કાર.

ખુદાવા તું ખરો દાદાર મીનો પાક અહુર—
કરીએ તારાં શુકર.
મરજાયાં તેં અમોને બક્ષી ફજીલત ખરી પુર—
ન રાખી કાંઇ કસર.
દીધું તન જાન દીધો, બુદ્ધિ સાથ રવાન દીધું—
અતિ અહેસાન કીધું;
લેવાને લાહવો એ આલમનો ભુમિસ્થાન દીધું—
ધરમથી દેઇ ખબર.
અમોને જીંદગી, માલિક! તેં અમાનત આપી—
ઉમરની અવધ સ્થાપી.
કરે જે આપઘાતી નાશ છે કેવુંજ પાપી?—
મુરખ તે નાર કે નર.

ખુની ને ફાંસીગર કાલી તીલી બસ લેઇ સદા—
બહૂ ક્રિતકારી થતા.
કરે જે આપઘાત તેને કેવી ત્યાં થાય સજા!—
ધ્રુજે બસ દીલ થરથર.
બખ્શ તોફીક સદા નેક, અહુરમજદ અશો!—
રહમ નજરે જરા જો;
અરે આપઘાતી દમનો તોડ જુસ્સો દેઇ ખુશખો—
બખ્શ તું દુખમેં સબર.

પાઠ ૩૨ મો.

વિપત્તિઓ ફાયદાથી ખાલી નથી.

𐬀𐬘 𐬀𐬥𐬁𐬌 𐬑𐬎𐬭𐬯𐬀𐬥𐬛 𐬵𐬋𐬨 ⸫

અજ્ અનાઇ ખુરસંદ્ હોમ્.

(પતેત પશેમાની)

અર્થ.

"વિપત્તિમાં સબૂરી રાખું."

માણસ જોકે સંપત્તિમાં હમેશાં રહેવા ઇચ્છેછે અને વિપત્તિથી દૂર નહાસવા માંગેછે તોપણ વિપત્તિખી તેના હકમાં ચોકસ દરજજે ગુણગારી છે. વિપત્તિનું ઝાડ કડવું તો છે પણ ઘણી વખતે તે મીઠાં ફલ આપેછે, માટે જયારે વિપત્તિ આવી પડે ત્યારે તદન નાસબૂર નહિ થવું પણ ઉપલા કલામ મુજબ ધીરજ રાખવી અને તેને મીટાડવાના બની શકતા ઉપાયો કરવા તથા તેથી જેટલા ફાયદા મેલવી શકાય તે મેલવવા. વિપત્તિનો જખ્મ જેટલો નાસબૂરને અકલામણ કરનારો થઇ પડેછે તેટલો સબૂરીવાલાંને થતો નથી.

વિપત્તિમાં જેટલું ડહાપણ શિખાયછે તેટલું સંપત્તિમાં કદાચજ શિખાયછે.

જેમ કડવાં ઓસડ બદનમાંથી રોગનું નિવારણ કરીને તનદરૂસ્તી બક્ષેછે તેમ વિપત્તિ આપણી મૂર્ખાઇઓ તથા દુર્ગુણોને હાંકી કહાડીને આપણને ડહાપણવાલાં તથા સદ્‌ગુણી કરેછે. જેમ ધાતુઓ ભઠ્ઠીમાં ગલાઇને ચોખ્ખી થાયછે અને હથોડીથી ટીપાઇને તેનાં સુંદર અને ઉપયોગી રાચરચીલાં તથા ઘરેણાં બનીને તે શોભા પામેછે તેમ વિપત્તિઓના મારા તલે પસાર થવાથી ઘણીવાર ઇનસાન અનુભવી, ડાહ્યું, નમનતાઇભરેલું, અને માન પામેલું થાયછે. નિશાળમાં ભણતાં છોકરાંને તાલીમ અને તરબીઅતને તાબે રહેવાનું ઘણું ભારી લાગેછે. પણ તેથીજ તેનાં મોટપણમાં તે સુખી અને આબરૂવાલું થઇ શકેછે. તેમજ આપણ ટુંકી અકલનાં ઇનસાનોને આ દુનિયાની નિશાળમાં આપણને જે વિપત્તિઓની તરબીઅતમાંથી પસાર થવું પડેછે તે આપણી હાલની તથા આવતી જીંદગીની બેહતરીને માટેજ હશે એમ સમજીને વિપત્તિથી મલતા બોધ અને ફાયદા જેમ બને તેમ મેલવી લેવામાં કસુર કરવી નહી.

જે માણસ વિપત્તિઓના મારા વચે હીમતથી અને ધીરજથી ટકી રહેછે તે એક શુરા પહેલવાન જેવું છે. જે માણસ વિપત્તિની સામણે ટકી શકે નહીં તેના જેવું નાહિમત અને હીચકારૂં બીજું કોઇ નથી.

દરએક માણસની જીંદગીમાં તેની ઉપર થોડી કે ઘણી વિપત્તિઓ આવી પડવા વિના રહેતી નથી. કોઇબી માણસની આખી જીંદગી કાંઇબી વિપત્તિ વિનાની ગુજરે એમ જોવામાં આવતું નથી. કોઇ વખતે બીમારીની, કોઇ વખતે દલગીરીની, કોઇ વખતે વહાલાંનાં મોતની, કોઇ વખતે પૈસા

ટકાની, કોઇ વખતે આસમાની ગરદેશની, એવી કોઇ નહી ને કોઇ વિપત્તિ દરએક માણસ ઉપર ગુજરેછે, તોપણ જો પુરતો વિચાર કરીએ તો માલુમ પડેછે કે દરએક માણસની હયાતીની મુદત સાથે સરખાવતાં તેની જીંદગીમાં વિપત્તિ માત્ર થોડો વખત રહેછે. કેટલીએક વિપત્તિઓ તો જેમ એક વાદલ થોડો વાર ઘેરાઇને વિખરાઇ જાય તેમ થોડા વખતમાંજ દૂર થઇ જાયછે. તે છતાં તેટલો થોડો વારબી ઇનસાન તેના બોજા તલે દબાઇ જાયછે. તેનું કારણ એ છે કે તેને આખી જીંદગીમાં સુખો કેટલોબધો લાંબો વખત મળેછે, અને વિપત્તિઓ કેટલો થોડો વખત આવી નડેછે તેનો મુકાબલો તે કરતું નથી. જો તે તેમ કરે તો તેને તુરત સંતોષ માની લેવાને કારણ મલે કે સુખમાં ગુજરતા વખતની સાથે સરખાવતાં વિપત્તિ અને દુઃખનો વખત માત્ર થોડોજ હોયછે. માટે તે ઘણી ફરિયાદ કરવાજોગ નથી. એટલુંજ નહી પણ વળી પેદા કરનારે જેમ ઘણીખરી માઠી બાબતો-માંથીબી સારા ફાયદા ઇનસાનને મળવાનું ઠરાવ્યુંછે તેમજ વિપત્તિમાંથીબી ઇનસાનને ઘણું કરીને ફાયદાજ થાયછે, કાંઇ નહીં તો ડહાપણ તથા અનુભવ મળેછે. માટે વિપત્તિમાં સબૂરી રાખવી.

વિપત્તિ આપણને આપણી ખરી હાલત કેવી છે તેનો બરાબર વિચાર કરવાની ફરજ પાડેછે. તથા તે આપણને ઘણી ફાયદો કરનાર છે. સંપત્તિમાં માણસ તેટલીબધી ચોપથી કદાચજ વિચાર કરેછે.

વિપત્તિ વખતે આપણાં સગાંવાહલાં, લાગતાંવલગતાં, અને દોસ્તઆશનાવોની આપણી તરફની લાગણીનું ખરૂં માપ થઇ શકેછે, તેમજ આપણીબી ખરી પરીક્ષા તેજ વખતે થાયછે. આપણી વિપત્તિઓ વખતે તેઓની આપણી તરફ

અપમાન, મગરૂરી, અને બેપરવાઇભરેલી વર્તણુક તેઓની આપણી ઉપર કેટલી પ્રીતિ છે તે દેખાડી આપેછે, તેમજ આપણેબી જો પોતાનો ટેક ખોઇ દઇને તેઓની નીચ ખુશામદ કરવા પડીએ તો આપણામાં સ્વમાનની લાગણી કેટલી છે તેનું બી માપ થઇ જાયછે. માટે વિપત્તિ વખતે માણસને જેટલી ટેક રાખવાની જરૂર પડેછે તેટલી બીજી વખતે પડતી નથી, અને દરએક જણે પોતાનો ટેક રાખવાની આદત રાખવી એ કાંઇ તેને જેવોતેવો ફાયદો નથી.

વિપત્તિના મુકાબલાથી સંપત્તિ અને સુખની ખરી કીમત ઇનસાન જાણેછે. જીંદગીના ચહડતા પોહરમાં જો વિપત્તિનો અનુભવ મલ્યો હોયછે તો પાછલા વખતમાં ઇનસાન તેથી ફાલીફુલી ન જતાં તેનો શુભ ઉપયોગ કરેછે. જો જીંદગીના આગલા દહાડા સુખસંપત્તિના ગુજરીને પાછલા દહાડામાં વિપત્તિ પડેછે તો તે વખતેબી પોતાના આગલા વખતની ભૂલચુકો સુધારીને તે વધારે ડહાપણવાળુંજ બનેછે. એ પ્રમાણે વિપત્તિ હમેશાં માણસને સુધારવાનું એક મોટું સાધન છે.

વળી આપણી ઉપર વિપત્તિ પડવાથી બીજાં વિપત્તિ પડેલાંઓની દાઝ અને કદર આપણે ઘણી સારી રીતે ખાવા શીખીએ છીએ, અને તેઓનાં દુઃખો કમ કરવા માટે આપણથી બની શકતી મદદ આપીએ છીએ. એ પ્રમાણે વિપત્તિ આપણને પરોપકારી અને પરદુઃખભંજન થવા શીખવેછે. એ પણ વિપત્તિથી મલતો એક ફાયદો છે.

વળી વિપત્તિ આપણને પાપ કરવાની લાલચથી બચાવેછે. જેમ શિક્ષકની સોટીનો ચમચમાટ નઠારા નિશાળીઆને મસ્તીતુફાન કરવાથી અટકાવીને પોતાના અભ્યાસ ઉપર ચોંપથી લગાડેછે તેમ વિપત્તિ માણસને ખરાબ કામોથી પાછું રાખીને પોતાની ખરી ફરજનાં કામો ઉપર લગાડેછે.

શેખ સાદી કહેછે કે "એક પરહેજગાર મરદને એક ચિત્તાએ જખમી કીધો હતો. તેથી તે લાંબા વખત લગી ખાટલે પડેલો હતો. ત્યાં તે દમ–બ–દમ ખુદાના શુકર ગુજારતો હતો. કોઇએ તેને તે શુકર ગુજારવાની મતલબ પુછી. તેના જવાબમાં તે બોલ્યો કે 'ગુનાહની ગેરફતારીને બદલે મુસીબતની ગેરફતારી મલી તે શુકરાના કરવાજોગ છે.'"

વળી વિપત્તિ પડવાથીજ માણસ આવતી જીંદગી ઉપર વધારે આશા અને વિશ્વાસ રાખતું થાયછે. તે વિચારેછે કે આ દુનિયામાં હું માત્ર એક ત્રણપાંચ દહાડાનું મુસાફર છું. હું કાંઇ આ દુનિયામાં અમરપટો લઇને આવ્યું નથી. મારૂં હમેશનું રેહેઠાણ તો આવતી જીંદગીમાં છે. અહીંઆંનાં સુખદુઃખો થોડીજ વારનાં છે પણ આવતી જીંદગીનાં હમેશનાં છે. માટે મારે પોતાની આવતી જીંદગીનો તોશો એકઠો કરવા ઉપર વધારે ધ્યાન આપવું જોઇએ.

પોતે રાસ્ત, વાજબી, અને નિર્દોષ રાહે ચાલવા છતાં બીજાંઓની અઘટીત વિરૂધતા અને બદગોઇ તથા ઠપકા જોકે એક દુઃખકારક વિપત્તિ છે તોપણ તેથીબી આપણને ફાયદાજ થાયછે, કેમકે આપણે તેથી વધારે નમ્રતાવાલાં થઇએ છીએ અને ખોટું અભીમાન છોડી દઇએ છીએ. એટલુંજ નહિ પણ પોતાના શાહેદ તરીકે સર્વવ્યાપી ખુદાતાલા ઉપર વધારે વિશ્વાસ રાખતાં થઇએ છીએ. આપણે સબૂરીથી સંતોષ માની લઇએ છીએ કે બીજાંઓ અણઘટતી રીતે મને ગમે તેટલાં સતાવેછે તોપણ મારૂં નિર્દોષપણું જોનારો તે સર્વશક્તિવાન સાહેબ છે જે દરએકને તેનો વાજબી બદલો ઘટતે વખતે આપેછે. એ પ્રમાણે વિપત્તિ આપણને શીખવેછે કે બીજાંઓ આપણને દીલાસો દીયે કે નહિ દીયે તોપણ આપણે દીલાસા માટે આપણા પેદા કરનાર

ઉપરજ ભરોસો રાખવો. પેગમબર સાહેબ અશો જર-તોસ્તને દોસ્તો અને એશાવંદોથી અનેક વિપત્તિઓ વખતે દીલાસા મળતા હતા કે નહી મળતા હતા તોપણ તે સાહેબ ખરો દીલાસો પોતાના ખરા દોસ્ત દાદાર અહુરમજદથી મેળવતા હતા. અશો જરતોસ્ત ગાથામા બોલેછે કે "નથી મને કોઇ ખુશ કરતું.....ઓ અહુરમજદ! તું દીલાસો આપ જેમ એક દોસ્ત બીજા દોસ્તને આપે તેમ." (ગાથા ઉશ્તવઇતિ, હા કામ્નેમએજામ્, ૬૦ ૧-૨).

ડાહ્યાં માણસો વિપત્તિ વખતે હમેશાં સબુરી રાખેછે. તે વખતે તેઓ વિચારેછે કે આપણ ઇનસાનની અકલ ટુકી છે તેથી આપણે દૂરના વખત લગીનું જોઇ શકતાં નથી. પણ સબુરી રાખીશું તો થોડા વારમાં જેમ એક વંટોળીઆ અથવા તુફાનનો અંત આવી જાયછે તેમ આ આપણને જણાતી વિપત્તિનોબી અંત આવી જશે.

વિપત્તિઓ એક ધર્મી માણસને વધારે ધર્મી બનાવેછે. તે તેનું આવતી જીંદગીનું યકીન, આશા અને તેને માટે બને તેટલાં વધારે નેક કામો કરી લેવાની ખંત વધારી આપેછે. કેમકે તે એમજ વિચારેછે કે આ ગેતી દુનિયાની મારી નાશ પામનારી જીંદગી જોકે મને ઘણી દુઃખોવાળી અને કમભલાઇવાળી લાગેછે તોપણ મારી આવતી મીનોઇ જીંદગી નાશ વિનાની અને નુકસાન વગરની છે. માટે મારે તે જીંદગીને વાસ્તે સઘળી તૈયારીઓ કરવામાં વધારે ઉલટથી મંડી જવું ઘટેછે. વિપત્તિની રાતનું અંધારૂં કાંઇ સદા કાળનું નથી. તેનો છેડો આવીને સુખની બામદાદ જરૂર દેખાશે. ધર્મ ઉપરના વિશ્વાસથી તે માનેછે કે આ જીંદગીની વિપત્તિઓ મને ગમે તેટલી બેકરારી આપે તોપણ આવતી જીંદગીમાં મારે માટે સદાની શાંતિ નિશ્ચય છે.

બેતો.

વિપત્તિ સુધારે મનુષને ઘણું,
વધારે ડહાપણુ વળી તે તણું.
તજાવે ગરૂરી દિયે નમ્રતા,
બુઝાવે કદર તે દુખીની સદા.
રખાવે ભરોસો ખુદાપર ખરો,
ધરાવે વળી માર્ગ જે પાધરો.
વિપત્તિ સમે મા ઘણો ગમ કરો,
કરી યાદ અહુરમજ્દ સબૂરી ધરો.

સવાલો.—"વિપત્તિઓ ફાયદાથી ખાલી નથી" એને લગતો પાજંદ કલામ અર્થ સહીત કહો. વિપત્તિનો શો ઉપયોગ છે તે સમજાવો. વિપત્તિથી અંતે ફાયદાજ છે તે તમસીલો આપીને સમજાવો. વિપત્તિ ખમનાર માણસ કેવું છે ? માણસની હયાતીની મુદતમાં વિપત્તિનો વખત થોડો છે, અને તે ફાયદેમંદ કેમ છે તે સમજાવો. વિપત્તિ વખતે આપણે શું શું નસીહતો શીખીએ છીએ તે સમજાવો. વિપત્તિના મુકાબલાથી સુખની કીમત કેમ માલુમ પડેછે તે સમજાવો. વિપત્તિ માણસને પરદુખભંજન થવા કેમ શીખવેછે તે સમજાવો. વિપત્તિ પાપ કરવાથી કેમ અટકાવેછે તે સમજાવો. વિપત્તિ પડવાથી ઇનસાન આવતી જીંદગી ઊપર વિશ્વાસ રાખવા કેમ શીખેછે તે સમજાવો. પોતે રાસ્ત અને નિર્દોષ હોવા છતાં બીજાંઓ તરફની અઘટિત સખતાઇઓની વિપત્તિ સબૂરીથી ખમવામાં ફાયદો કેમ છે તે સમજાવો. વિપત્તિ વખતે ડાહેઆં ઇનસાનો કેમ વર્તેછે તે સમજાવો. વિપત્તિઓ ધર્મીને વધારે ધર્મી કેમ કરેછે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૩ મો.

ગમગીની રાખવાના ગેરફાયદા.

...... [illegible]

[illegible]

અંદોહે અવીપદ્માને ખુરદન્...૫ પતેત્ હોમ્.
(પતેત ઇરાની).

અર્થ.

"બેઅંદાજ ગમ ખાવો (એ ગુનાહથી) પસ્તાવો કરૂં છું."

ઉપલો પાજંદ કલામ બેઅંદાજ ગમગીની રાખવાને ગુનાહ તરીકે જણાવેછે. જરતોશ્તી તરીકામાં ગમે તેવાં વહાલાંનાં મરણ વખતે અથવા ગમે તેવી હાનિ કે આફત વખતે વટિક માતમ અને કલાપીટ કરવાને નાપસંદ અને ગુનાહભરેલું ગણ્યું છે. તેની શહાદતો વંદીદાદ, પતેતો, વીરાફનામું વગેરે બીજે કેટલેએક ઠેકાણે મળેછે, અને જો એવે પ્રસંગે વટીક ગમ પકડવો નારવા છે તો પછી બીજાં ઉતરતાં દુઃખો આવી પડે તેનો તો ગમ રાખવોજ નહિ જોઇએ એ ખુલ્લું છે. વળી જો નહાનાં કે મોહટાં પણ એકાદ ખરાં દુઃખ વખતે ગમ પકડવો ઘટારત નથી તો કલ્પિત દુઃખોથી ગમગીન થવું તો બેશક નામઅકૂલ અને મૂર્ખાઇભરેલુંજ છે.

સહેજ વિચાર કરો. ઇનસાનનો આત્મા ખુદાતાલાની ઉત્તમમાં ઉત્તમ પેદાયશ છે. તેને હરગેજ દુઃખી નહિ થવા દેવો એ તમામ ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રની નેમ છે. એ રીતે જોતાં જેમ પારકાના આત્માને દલગીરી અને ગમમાં નાખવો એ ગુનાહભરેલું છે, તેમજ પોતાના આત્માનેબી

દલગીરી અને ગમના બોજા તળેથી છુટો રાખવાની ફરજ છે. અલબતે દુઃખ, દલગીરી, અને ગમ તો કોઇ કોઇ વખતે આવી પડેછે. તોપણ જરતોશ્તી દીનની વલણ જે તમામ દુઃખોને ઓછાં કરવા માટે કોશેશ કરવાની છે, તેના તે તરીકા પ્રમાણે તે દુઃખ, દલગીરી, અને ગમને મનમાંથી કહાડી નહિ નાખવો એ નાપસંદ અને ગુનાહભરેલું ઠરેછે, અને જો હરએક દલગીરી અને ગમ મનમાંથી કહાડી નાખવાની જરૂર છે તો પછી કલ્પિત દુઃખોથી પોતાનાં સુખનો ઘટાડો કરવો એ તો બેશક જેમ અકલથી તેમજ જરતોશ્તી તરીકાથી ઉલટું છે.

આપણને જે દુઃખ કે દલગીરી મળેછે તે જેટલો વખત આવી પડે તેટલોજ વખત સોસવાનું છે. તોપણ કેટલાંએકો ઘણી વખતે ડહાપણની કોતાહીને લીધે કોઇ ચોકસ દલગીરી આવે તેની અગાઉ તેથી બીહીને કેટલીએક દલગીરી અને ફીકર ભોગવેછે. વળી કેટલાએકો ડહાપણની કોતાહીને લીધેજ કેટલાંએક દુઃખોના પ્રસંગ વીતી જવા પછીબી લાંબા વખત લગી તેઓને યાદ કરીને કેટલુંએક દુઃખ અને દલગીરી ભોગવેછે. આ અગાઉની તથા પાછલની દલગીરી અને ગમ જે સમજની કોતાહીને લીધે ભોગવવામાં આવેછે તે ફોકટની છે. જે કોઇ ડહાપણ વાપડે તેને એ ફોકટની દલગીરી ખમવી પડે નહિ.

જે માણસો એવી રીતે ફોકટની દલગીરી ભોગવેછે, તેઓએ સમજવું જોઇએ કે જે દુઃખ આવી પડવાનું હશે તે તો પડશેજ, અને તે વખતે તેની દલગીરી ભોગવી લેવાશે. પણ તેની અગાઉ ભોગવેલી દલગીરી ફોકટ છે. માટે એવી દલગીરી ભોગવવાને બદલે જો તે દુઃખને અટકાવવાના ઉપાય કરવા ઉપર ચિત્ત લગાડયું હોય તો તે કાંઇબી ફાયદો કરનારૂં

થઇ પડે, તેમજ જેઓ એક દુઃખ વીતી ગયા પછી તેને વારે ઘડીએ યાદ કરીને બળાપો કરવાનું દુઃખ ભોગવેછે તેને બદલે તે ઉપરથી અનુભવ મેળવીને ભવિષ્યમાં આવી પડતાં દુઃખોના ઉપાયો યોજી મુકવાની કોશિશો કરવામાં રોકાએ તો તેમ્ની ખરેખર ડહાપણભરેલું ગણાય.

દરએક મનસાને જે જે નાનાં કે મોટાં દુઃખો અને દલગીરીઓ ભોગવવાં છે તે સર્વેને જો એકઠાં કરીએ તો ગોયા એક ગાંસડો થાય. તે ગાંસડો જો એકદમ તેને માથે ચહડાવ્યો હોય તો તેનો બોજો તેને ભારી લાગ્યા વિના રહે નહીં. પણ ઘણી વખત ખુદાતાલા દયાથી તે આખો ગાંસડો એકદમ તેને માંથે આવી પડવા દેતો નથી પણ તેમાંથી થોડો થોડો બોજો એક એક વખત તેના ઉપર પડવા દેછે. હવે જો દરએક માણસ તેટલોજ બોજો ઉઠાવવાની કોશિશ કરે તો તેને તે ભારી જણાય નહી. પણ ઘણાંએક માણસો કમસમજને લીધે જે બોજો આગળ આવી પડયો હતો અથવા જે આવતા વખતમાં કદાચ આવી પડવાનો હશે તેને હાલના બોજા સાથે ઉમેરીને પોતાનાં હાલનાં દુઃખની અંદર ગયા વખતનાં અને આવતા વખતનાં ફક્ત કલ્પિત દુઃખો ફોકટ વધારે છે!

કલ્પિત દુઃખોથી ખરાબી કેટલી વધારે થાયછે અને કલ્પિત દુઃખોનો વિચાર મનમાંથી કહાડી નાખવાથી કેટલું દુઃખ ઓછું કરી શકાયછે તે આ નીચલી વાર્તા ઉપરથી સમજી શકાયછે.

"એક વખતે એક શેહેરમાં બે આબરૂદાર બહેનો રહેતી હતી. બંધે બહેનો જોકે ઘણી ભલી અને નીતિવાન હતી તોપણ તેઓ બુદ્ધિમાં એકસરખી નહી હતી. વડી બહેન સમજુ અને હિમતવાળી હતી તેથી તે કોઇબી કલ્પિત

દુઃખનો વિચાર મનમાં ઉઠાવતી નહી હતી. નાની બ્હેન તેવી નહી હતી તેથી તે તરેહવાર દુઃખોના કલ્પિત વિચારો મનમાં ઉઠાવીને નહી દુઃખનાં દુઃખ ખમતી હતી. તેણીનો ખાવંદ તનદરૂસ્ત અને કમાઉ હોવા છતાં તે હમેશાં પોતાનાં મનમાં કલ્પિત તુરંગો ઉઠાવ્યા કરે કે જો મારા ખાવંદને કાંઇ માઠું થશે તો મારી અને મારાં બચ્ચાંની શી વલે થશે? મારાં અને મારાં બચ્ચાંનાં સુખનો આધાર એકલા તેનીજ ઉપર છે, અને જો કાંઇ તેને માઠો બનાવ બને તો અમો સઘળાંઓની શી હાલત થાય? કજાથી એવું બન્યું કે તેનો ખાવંદ માંદો પડયો. ત્યારે તેણીએ પેલા પોતાના કલ્પિત વિચારો વધારે અને વધારે કરવા માંડ્યા. તેની માઠી અસરથી તે બાપડી પોતેબી માંદી પડી. તેણીથી પોતાના ખાવંદની બરાબર બરદાશત નહી થવાથી તે વેહલોજ મરણ પામ્યો. ત્યારે વળી તેના શોકમાં પેલા વધારે ગમમાં ગીરફતાર રહીને પોતાનાં દુઃખની આગમાં તેલ હોમાવતી ચાલી. તેથી તેણીની જીંદગી ઉપર વધારે અને વધારે માઠી અસર થઇ, અને તે પણ પોતાનાં બચ્ચાંને નિરાધાર મુકીને મરણ પામી. પછી તે અનાથ બચ્ચાં પેલી વડી અને શ્યાણી બ્હેને પોતાના આશ્રયમાં લીધાં. કેટલાએક વખત પછી માઠાં ભાયગે તેની ઉપરબી પ્રથમ પોતાના ખાવંદનો ખાટલો વેઠવાની અને અંતે તેને ખોહવાની આફત આવી પડી. પણ તે સઘળો વખત તેણીએ ડહાપણ અને હીમત રાખીને પોતાથી બનતા ઉપાયો કરવાના ચાલુ રાખ્યા. જયાંસુધી તેણીના ખાવંદે માંદગી ભોગવી ત્યાંસુધી કાંઇપણ કલ્પિત દુઃખનો વિચાર કર્યા વગર તેને સાજો કરવાની કોશિશ કીધી. જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેણીએ સબુરીથી તે દુઃખ ખમ્યું અને ખુદાના બનાવ

આગળ આપણુ માનવીઓનો કશો ચારો નથી એવો દીલાસો લઇને તે પછીથી મેહનત લઇને પોતાનાં તથા પોતાની બહેનનાં છોકરાંઓને ડહાપણથી લાયક રીતે ઉછેર્યાં અને સંસારમાં મુકયાં." આ બે બહેનોની વર્તણુકોના મુકાબલા ઉપરથી જે ધડો મળેછે તે એજ કે ખરાં અથવા કલ્પિત કોઇબી દુઃખની ગમગીની રાખવાથી કાંઇ ફાયદો થતો નથી, એટલુંજ નહિ પણ ઘણો અનર્થ થાયછે. માટે તેમ કરવાને બદલે એકવાર એક દુઃખ આવતું જણાય તેટલાં તેને અટકાવવાના અને તે આવી પડે ત્યારે તેને મીટાડવાના બને તેટલા ઉપાયો કરવા એજ ડહાપણભરેલો રસ્તો છે. વળી એકાદ દુઃખ ગુજરી જવા પછી તેને વારેઘડીએ યાદ કરીને દુઃખી થવાથીબી કાંઇ ફાયદો નથી, માટે તે મનમાંથી કહાડી નાખીને પોતાની ફરજો બજાવવા ઉપર મંડી જવું.

બેતો.

ન ખા ગમ દુખ તણો હદથી જીઆદા—
કે દાનેશમંદ ફોકટ ગમ ન ખાતા.
નથી કંઇ ગુણ થતો ગમ રાખવાથી—
મુફતમાં દિલ બલે ગમ ચાખવાથી.
ઘણું ગમગીન જો કોઇ રહે જાણ,
જરાતોસ્તી ધરમથી પાપ તે ગણ.

સવાલો.—"ગમગીની રાખવાના ગેરફાયદા" એ વિષેનો પાજંદ કલામ અર્થ સહીત કહો. એ વિષેની બીજી શહાદતો આપો. કલ્પિત દુઃખોનો ગમ પકડવો જરતોશ્તી તરીકાથી ઊલટું કેમ છે તે સમજાવો. કેટલાંએકો ડહાપણની કોતાહીને લીધે શું શું દુઃખો ફોકટનાં ખમેછે તે સમજાવો. તેવાંઓએ શું વિચારવું જરૂરનું છે તે સમજાવો. ચાલુ દુઃખ વખતે

ગયા નથી આવતા વખતનાં દુઃખો ફીકર કેમ દુઃખમાં વધારો કરેછે તે સમજાવો. કલ્પિત દુઃખોથી થતી ખરાબી વિષેની એક વાત તે ઊપરથી મળતા બોધ સાથે કહો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૪ મો.

મહાત્મા કુરૂષ (સાયરસ) ની ખુબીઓ.

"ઓ મર્દ! તું ગમે તેવો હોય, અને ગમે ત્યાંથી પણ આવ્યો હોય.......પણ હું કુરૂષ પારસી શેહનશાહત સ્થાપનાર છું. એટલામાટે આ થોડી માટી જે મારાં હાડકાં ઢાંકેછે તેની તું અદેખાઇ કરતો ના."

(કુરૂષનાં અસ્તોદાનમાં સેકંદરને મળેલો લેખ.—પ્લુટાર્ક).

પુરાતન ઇરાનમાં પેશદાદી તબકાની પાદશાહી ગયોમરદ પછી હુશંગે સ્થાપી, કયાની ટોલાની પાદશાહી કૈકોબાદે સ્થાપી, હખામની ખાનદાનની શેહનશાહત કુરૂષે (સાયરસે) સ્થાપી, અને છેલ્લી સાસાની વંશની શેહનશાહત અરદેશર બાબેકાને સ્થાપી. એઓમાં છેલ્લા બે પોતાના ખાસ પ્રલકાબે "પારસી" કરી જણાયાછે અને તેઓએ સ્થાપેલી શેહનશાહતો બી બહુ બોહળા વિસ્તાર ઉપર ફેલાયલી હતી. એક માણસ દોલતથી, પરાક્રમોથી, ફતેહથી, પરોપકારીપણાંથી, વિદ્યા હુનર વગેરે હરએક બીજી નામદારીથી પોતાની પુઠે પોતાનાં ખાનદાનની સ્થાપના કરી જાય તેથી તેનું નામ લાંબો વખત સુધી પ્રખ્યાત રહેછે. પણ સઘળા પ્રખ્યાતી પામનારાઓ હમેશાં નેક માણસ બી હોય એમ હોતું નથી. પણ હખામની વંશનો સ્થાપનાર

કુરૂષ (સાયરસ) એક પ્રખ્યાત પુરૂષ હોવા ઉપરાંત એક નેક મરદખી થઇ ગયેછે. જેથી તેની જીંદગીની ટુક હકીકત દરએક જણને જાણવા લાયક અને તે ઉપરથી નીતિ તથા નેકીનો બોધ લેવા લાયક છે.

ઇરાન દેશમાં એક નહાનો "પારસ" નામનો પ્રાંત આવેલોછે જ્યાં કુરૂષનો હખામનીષ નામનો છઠી પેહડીનો વડીલ રાજ્ય કરતો હતો. તે ઉપરથી કુરૂષનાં ખાનદાનનું નામ હખામનીઆન પડયુંછે. પણ જો કુરૂષે પોતાનાં ખાનદાનની બુજરગી વધારી તે ન વધારી હોત તો હખા-મનીઆન વંશ અંધારાંમાંજ રહેતે અને તેનું નામ વટીક કોઇ જાણતે નહી, કેમકે એક તો પારસ એક નાહનો અને નજીવો પહાડી પ્રાંત હતો, તેમાં વળી તેના આગલા રાજ-કર્તાઓખી તેવાજ અપ્રસિદ્ધ હતા. પણ તેઓની ઓલા-દના કુરૂષે મહાભારત કામો બજાવ્યાં તેથી તે પછીથી તેનું ખાનદાન તેમજ એ પ્રાંતના રહેવાસીઓ યાને પારસીઓ દુનિયામાં પ્રખ્યાત થયા. એ પ્રમાણે જોતાં દરએક પારસીને જો પોતાનાં "પારસી" નામની મગરૂરી હોય તો તેને માટે તે મહાત્મા કુરૂષને ઉપકારી છે. માટે તેણે તેનાં રવાન ઉપર આફરીન કરવી જોઇયે, એટલુંજ નહી પણ કુરૂષના દાખલા મુજબ દરએક માણુસે પોતાનાં ખાનદાન તથા વતનને શોભા મળે એવાં કામો બને તેમ કરીને તેઓને પ્રખ્યાત કરવાનો બોધ લેવો જોઇયે.

કુરૂષના બાપનું નામ "કમ્બુજીય" (કમબાઇસીસ) અને તેની માનું નામ "મંદાની" હતું. તે પારસ પ્રાંતની સોડે આવેલા મીડીઆ પ્રાંતના મોહટા પાદશાહ "અસ્તિયા-જીસ" ની બેટી હતી. અસ્તિયાજીસ ઘણો મોજમજાહમાં પડયો હતો. તેણે પોતાના વજીર હારપેગસના નિર્દોષ બેટાને

દગાઇથી મારી નાખ્યો તેથી તે વજીર તેનું વેર લેવા તલપેલો હતો. વળી કુરૂષને વિષે અસ્તિયાજીસનાં મનમાં એવો વેહમ હતો કે એ મારી સામણે માથું ઉચકશે તેથી તેને તે પોતાનાં પાયતખ્તમાંથી બાહેર જવા નહી દેતો હતો. પણ એક વખત લાગ જોઇને કુરૂષ ત્યાંથી પોતાના બાપના પ્રાંતમાં નીકળી ગયો. ત્યારે અસ્તિયાજીસે તેના બાપની હકુમત તળેના પ્રાંત પારસ ઉપર મોહટી ફોજ સાથે ચઢાઇ કીધી. એ વખતે કુરૂષે પોતાના હમવતની પારસીઓને તરબીયત આપવા માટે તેઓને જંગલમાં ભેગા કરી એક આખો દહાડો કામ કરાવી સાંજે ભુખ્યા પાછા વીદાય કીધા, પણ પછી બીજે દહાડે તેઓને એક મોહટી જીઆફત આપી અને તે ઉપરથી તેઓને ધડો શીખવ્યો કે કામ અને મેહેનત પહેલાં અને મોજમજાહ પછી કરવી—રંજ એંચેઆ વિના ગંજ મળે નહી. પછી તેઓની આગળ અસ્તિયાજીસની વાત કહાડી અને તેઓને ઉલટ આપીને પોતાની સાથે રાખ્યા અને પોતાનાં વતનના બચાવ માટે તૈયાર રહ્યો. અસ્તિયાજીસનું લશ્કર આવી પહોંચતાં કેટલીએક લડાઇઓ થયા પછી હારપેગસની મદદથી કુરૂષ ફતેહ પામ્યો અને પારસ સાથે મીડીઆની બોહલી શેહનશાહતનો ધણી થયો.

કહેછે કે એક વાર પારસીઓ એ લડાઇમાંથી બીહીને નહાસી ગયા ત્યારે તેઓની બાનુઓએ તેમને ઘણા તાણા માર્યા કે તમે હીચકારા અને નાહીમત છો કે હરીફોની સામેથી નહાસી આવ્યાછો. એ ઉપરથી તે પારસીઓને ઘણી શરમ લાગી અને તેઓ મારવું કે મરવું એવો પકો ઠરાવ કરીને મીડીઅનો સાથે લડયા જેમાં તેઓ અંતે ફતેહ પામ્યા હતા. કેવી સ્વજાતિ—અભિમાનવાળી બાનુઓ !

કુરૂષ સાદી અને મહેનતુ જીંદગીને ચાહતો હતો તેથી તે પાદશાહી મેહલની સઘળી મોજમજાહો કે જે બદીને લીધે અસ્તિયાજીસે રાજ ખોયું તેઓને ધિક્કારતો હતો. નચિંતનતાઇથી આનંદમાં મોજ મારવી એ તેને ગમતું જ નહી હતું. તેથી તે બધો વખત પોતાનાં મનની શક્તિ અને તનનું બળ જેમ વપરાય તેમ ડહાપણથી વાપડવામાં ગુજારતો હતો.

ઇરાનની આથમણે આવેલા લીડિયા પ્રાંતનો દોલતમંદ રાજા ક્રીસસ કે જેણે આસપાસના ઘણાએક પ્રાંતોને તાબે કરી પોતાનાં રાજ સાથે જોડી દીધા હતા તેણે પોતાના બનેવી અસ્તિયાજીસનું વેર લેવા સ્પાર્ટન લોકોની મદદનો ભરોસો મેળવી હેલીસ નદી પસાર કરીને કુરૂષનાં મુલક ઉપર ચઢાઇ કીધી. પણ તેમાં કાંઇબી હાંસેલ કીધા વગર તે પોતાનાં પાયતખ્ત સારદીસ તરફ પાછો ફર્યો, અને બીજા રાજાઓની મદદ મેલવવાને ભરોસે સુસ્ત પડી રહ્યો. તે તકનો લાભ લઇને કુરૂષ એકદમ તેનાં પાયતખ્ત આગળ વધી ગયો. બીજી લડાઇમાં ક્રીસસ હારીને કિલ્લામાં જઇ ભરાયો, અને કુરૂષે તેની આસપાસ ઘેરો ઘાલ્યો. બીજા રાજાઓની મદદ તો આવી નહી પણ ઓર ક્રીસસને કુરૂષને તાબે થવાની ફરજ પડી. કહેછે કે ક્રીસસ પોતાના આગલા સુખી દીવસોમાં એવું ગુમાન રાખતો હતો કે તે સર્વે માણસો કરતાં વધારે સુખી હતો, અને તેજ પ્રમાણે હમેશાં સુખી રેહેવાની તેને આશા હતી. પણ જયારે તેની આ પ્રમાણે પડતી થઇ ત્યારે તેણે ગ્રીક ફીલસુફ સોલને એક વાર તેને કહેલું વચન યાદ કીધું કે કોઇબી માણસ હમેશાં સુખી રહી શકે નહી. ક્રીસસને જીત્યા પછી કુરૂષે તેને કોઇબી રીતે

અપમાન નહી આપતાં પોતાના એક દોસ્ત અને સાથી તરીકે પોતાની સાથે રાખ્યો. કેવી કુરૂષનાં મનની મોહટાઇ !

એ પછી કુરૂષે હારપેગસને મોકલીને એશીઆ ખાતેનાં ઘણાંએક નાહનાં રાજયો જેઓએ તેની સામણે માથું ઉચક્યું હતું તેઓને એક પછી એક તાબે કીધાં, અને પોતે પૂર્વ તરફની "બાકત્રીઅન" (બલ્ખ, બોખારા, વીગેરે) તથા "સકજી" (સીસતાની) પ્રજાઓ ઉપર ફત્તેહ મેળવી. તે પછી "હીરકાનીઆ" (ગુરગાન), "ખોરાસમીઆ" (ખારજમ), "પારથીઆ" (પહલવ), "સોગદીઆના" (સોગદ), "આરીઆ" (હરી અથવા હેરાત), "દ્રાંગીઆ-ના" (મકરાન ?), "અરકોશીઆ" ("હર ખઇતી" અથવા "હીલમંદ"), "સતગીદીઆ" (સદગાવીટોળાંનો પ્રદેશ ?), અને "ગનદારીઆ" (કંદહાર)—એ પ્રાંતો એક પછી એક કુરૂષના હાથમાં આવ્યા. એ વખતે પૂર્વે કાબૂલની સહેજ ઉત્તરે આવેલાં "કપસા" (કફશાન) લગી, ઉત્તરે સોગદીઆના લગી, દક્ષિણે સીસતાન સુધી, અને આથમણે લીડીઆથી વધારે આગળ યુનાની સંસ્થાનો લગી સઘળો મુલક કુરૂષને તાબે થયો હતો.

એ પછી "બાબીલોન" (બાબુલ) પ્રાંતના પાદશાહ નબોનાદીયુસે ક્રીસસનું વેર લેવાને બહાને કુરૂષની સામણે લડાઇ ઉઠાવી. બાબીલોન (બાબુલ) શહેરની કિલેબંદી એવી તો મજબૂત હતી કે કોઇથી તે જમાનામાં તે સહેલથી જીતી નહી શકાય. એથી કરીને તે શહેરનાં લોકો તે ઉપર મુશતાક રહીને બેફીકર રહ્યાં હતાં. કુરૂષે યુફરેતીસ (ફરાત) નદી જે બાબુલ શહેરના કીલ્લામાંથી પસાર થતી હતી તેનાં પાણીને બે તરફ મેદાન અને બયાબાનમાં વહેંચી નાખ્યું. પછી એક દીને બાબુલીઓ પોતાના તહેવારને લીધે ખાઇપીને

કેફમાં ચકચુર બન્યા હતા તેવામાં કુરૂષે યુફરેતીસને માર્ગે બેઉ બાજુથી શેહેરમાં દાખલ થઇને લડાઇના પોકારો કીધો. પેલા રંગરાગ અને ખાનપાનમાં ચકચુર થઇ ગયલા બાબુલીઓ તેની સામણે જઇ શકયા નહિ તેથી કુરૂષે સહેલાઇથી બાબુલ ફત્તેહ કીધું. તોપણ કુરૂષે તેમને તેઓની જમીન એડી ખાવા આપી અને કોઇ સબબથી કાંઇ કર લીધો નહિ. તેઓનો પાદશાહ નબોનાદીયુસ કુરૂષને શરણે આવ્યો તેને જીવતદાન બક્ષીને "કરમાનીઆ" (કિરમાન) પ્રાંતમાં જઇ વસવાની પરવાનગી આપી. બાબીલોનનું બોહલું રાજ તાબે થવા પછી તેને તાબેનાં "સુસીઆના" (ખુજિસ્તાન), "સીરીઆ" (સુરીઆન), "પેલેસ્તાઇન" (ફુલસ્તીન) ઇત્યાદી પ્રાંતો કુરૂષને તાબે થયા જેથી તેની શેહનશાહતની હકુમતમાં બીજા અઢી લાખ ચોરસ માઇલ જમીનનો વધારો થયો. એ પછી કુરૂષે યાહુદીઓ ઉપર ઘણી મેહેરબાની બતાવી. તેઓ બાબુલી લોકોના હાથમાં ૭૦ વર્ષ લગી બંધવા થયલા હતા તેમાંથી છોડવાને તેઓને પોતાને દેશ જવા દીધા. એટલુંજ નહિ પણ, કહેછે કે, તેણે તેઓને નાણાંની મદદ આપીને તેઓનું પવિત્ર ધર્માલય ફરીથી બંધાવી આપ્યું. અહીંઆંથી કુરૂષ મીસર દેશ ઉપર ચઢાઇ લઇ જનાર હતો કેમકે ત્યાંના રાજાએ તેની સામણે કાવતરૂં કીધું હતું. પણ તેટલામાં તેની શેહનશાહતનાં ઇસાન ખુણાં તરફ આવેલી "માસા-ગીતી" નામે એક ભટકતી પ્રજાએ તેને તાબેનાં દેશો ઉપર ઉતરી પડી લૂટફાંટ ચલાવી તેઓની સામે તેને લડવા જવું પડયું. એ માસા-ગીતી ટોળા સાથની લડાઇ પછી કુરૂષ મરણ પામ્યો (ઇ૦ સ૦ પૂર્વે પર૯).

જેનોફોન નામે એક યુનાની ગ્રંથકાર કહેછે કે કુરૂષ દયાળુ, ગ્નાન મેળવવાને ખંતી, અને ઇજતનો બહુ ખાહેશમંદ

હતો. તે શીકારમાં તેમજ લડાઇમાં ઘણી બહાદુરી દેખાડતો હતો. તે તેના ઇનસાફ, દયા, ભલમણસાઇ, અને મોહટાં મનને લીધે સર્વેનું દીલ વશ કરી લેતો હતો. તે મીઠા શબ્દ બોલતો હતો. તે બહાદુરોને ઇનામો આપીને નવાજતો હતો. તે સઘળા સિપાહો સાથે મળતાવડો હતો. તે ફલદ્રુપ જમીનને અને ખેડુત તથા ઉદ્યોગી પ્રજાને હમેશ આગળ વધારતો હતો. તે એક દીનચુસ્ત પાદશાહ હતો તોપણ પારકા ધર્મોની આડે આવતો ન હતો. તે સર્વેને ધર્મ સંબંધી છુટ આપતો હતો. તે કોઇનાબી ધર્મનાં મકાનની ભાંજફોડ કરતો ન હતો. તે ઉદાર અને નેકીને પસંદ કરનાર હતો. તે મરણ પામ્યો ત્યારે તેની શેહનશાહતનો વિસ્તાર ઉત્તરે છેક માસા-ગીતીક પ્રજાનાં મુલકની સરહદથી તે દક્ષિણે ઇરાની અખાત સુધી અને ઉગમણે સિંધુ નદીથી તે આથમણે ભૂમધ્ય સમુદ્ર માંહેલા ટાપુઓ સુધી હતો. તે છતાં એક કે બે ઠેકાણાં સિવાય તેનાં ઓગણત્રીસ વર્ષનાં રાજ્યમાં તેની શેહનશાહતમાં કોઇ બલવા ઉઠયા નહિ હતા, કારણકે તે સર્વે પ્રજાઓને વશ રાખવાની નરમાસ અને દયા ધરાવતો હતો. જીતાયલા હરીફોને તે હમેશાં જીવતદાન આપતો હતો અને તેઓનો દરજ્જો જાળવતો હતો. તે જેમ પોતાના જાતભાઇઓને તેમજ પારકાઓને રાજના સઘલા ઓધા આપવાનું મોહટું મન દેખાડતો હતો. તે ઘણો રૂહો, ઇનસાફી, દયાલુ અને ભલમણસાઇવાળો, બહાદુર છતાં સાદો, અને કશી વડાઇ વગરનો હતો. તે આખી જીંદગીમાં માત્ર એકજ રાણી પરણ્યો હતો, જેણીનાં મરણ પછી તેણે બીજી રાણી કીધી ન હતી.

કુરૂષનાં ડહાપણનો આ એક સરસ દાખલો છે કે રાજ્યનો વિસ્તાર વધવા પછી પારસી સરદારોએ તેની આગળ

આવીને અરજ કીધી કે આપણાં સ્વદેશની ભૂમી ઘણી અફળદ્રુપ છે ત્યાંથી નીકળીને કોઇ બીજી ફળદ્રુપ જમીન ઉપર જઇ વસવાને તું અમને પરવાનગી આપ. તેને તે વાત પસંદ આવી નહી તોપણ તેઓને રજા આપી અને સાથે ચેતવણી આપી કે આબાદ મુલકોમાં જમીન સારાં ફળ આપે પણ તેથી માણસો મોજમજાહમાં પડવાથી પોચાં થવા લાગેછે અને તેઓની બહાદુરી ઘટી જાયછે. એ ઉપરથી તેઓએ પોતાનો તે વિચાર છોડી દીધો.

કુરૂષ પોતાનો બેહદ ખજાનો પોતાના નીમકહલાલ નોકરો અને વફાદાર પ્રજાને વહેંચી આપતો હતો. તે કહેતો હતો કે "મારી નેમ એકજ છે, અને તે એ કે જેઓ નીમકહલાલીથી સેવા બજાવે તેઓને હું ખજાનાથી નવાજું, અને જેઓને તેની જરૂર હોય તેઓને તે આપીને તેઓની તંગી દૂર કરૂં. જે પેટીઓમાં હું મારી દોલત રાખુંછું તે મારી પ્રજાઓનાં દીલ અને તેમની પ્રીતિ છે."

જેનોફન કહી જાયછે કે એકવાર કુરૂષે પોતાના દરબારી-ઓને કહ્યું કે "એક હાકેમ તે તેની પ્રજાનો ગોવાળ છે. માટે તેની ફરજ છે કે તેની રૈયત સલામતી અને સુખ ભોગવેછે કે નહી તેની ખબરદારી રાખવી. તેણે જંજાળ અને ચિન્તાથી તેઓને મુકત કરીને તે બોજો પોતાને માથે લેવો જોઇએ, તેમની આબાદી અને તેમનો વધારો એજ તેની ખુશહાલી હોવી જોઇએ, તેમના બચાવ અને સંરક્ષણને માટે તેણે બહાદુરીથી ઝીપલાવવું જોઇએ, તેમને સુખી કરવા માટે તેણે તસ્દી ખેંચવી જોઇએ, કેમકે એક માણસને પાદશાહી મળવાની મકસદ એજ હોવી જોઇએ." આગલા જમાનાઓમાં પાદશાહની જે મરજી તેજ કાયદો ગણાતો હતો. પણ કુરૂષ તેવી આપખુદી નાપસંદ કરતો

હતો. તે કાયદાને માન આપતો હતો અને વગર કારણે લડાઇ ઉઠાવવામાં ગુનાહ છે એમ સમજતો હતો.

વળી જેનોફન કહેછે કે "સર્વેમાં પ્રીતિ ફેલાવી તેઓને મિત્ર કરી લેવાના ગુણમાં કુરૂષ કરતાં વધારે કુશલ કોઇ નહી હતું. સર્વેને કાંઇબી મોજ મળે યા કાંઇબી ભલું થાય એવું કરવામાં તે પોતાનો વખત ગાળતો, પણ કોઇનાં બુરામાં તે ન હતો." તેની આગમજ થઇ ગયલા કોઇબી પારસીએ કે ઇરાનીએ કદી નહી સ્થાપેલી એવી મોહટી શેહનશાહતનો પાયો નાખી જનાર પોતે છતાં તે કેટલોબધો નમનતાઇવાળો હતો કે પોતાને એક મુઠી ખાકથી વધારે ગણતો ન હતો જે આ પાઠને મથાળે તેના ટાંકેલા શબ્દો ઉપરથી ખુલ્લું માલુમ પડેછે.

બેતો.

કુરૂષ પારસી શેહનશાહની વખાણ
જગતમાં રહીછે ભલી જાવિદાન—
સબબ તે તણો જાણ રૂડો ખવાસ,
સહ સાથ નેકી, ગુલાબી સુવાસ.
ગરૂરી તજી રાખતો મન ઉદાર,
કપટ, વેર, ઇચ્છા બુરી, નવ લગાર.
કરે શત્રુને મિત્ર, વર્તેજ ન્યાય,
કદી કોઇ તેથી ન દિલમાં દુભાય.
વ્યસન ના કઇં જે કરે તન ખરાબ,
ન મિષ્ટાન મોંઘાં, ન પીવો શરાબ.
ગુજારે ભલા ઉદ્યમે રાત દીન,
રહે રાસ્ત વાણી, ધરમ પર યકીન.

ખુદાથી ડરે, ચાહે ઇનસાન જાત,
સહુ સદગુણોમાં ન રેહતો પછાત.
અરે ભાઇ! તું પણ ભલાઇ વધાર,
કુરૂષ સમ થશે ખ્યાતિ તારીબી સાર.

સવાલો—મહાત્મા કુરૂષને લગતો સેકંદરને મળેલો લેખ બોલી સમજાવો. ઇરાનની જુદી જુદી શેહનશાહત સ્થાપનારાઓનાં નામ કહો. કુરૂષની જન્મભુમિ, માબાપ, અને વડીલોની ટુક હકીકત કહો. તે ઊપરથી મળતો બોધ કહો. કુરૂષ મીડીઆની શેહનશાહતનો ધણી કેમ થયો તે ટુકમાં સમજાવો. લીડીઆ પ્રાંત કુરૂષના તાબામાં કેમ આવ્યો તે, અને તે વખતે તેણે દેખાડેલી તેનાં મનની મોહટાઇનું બયાન કરો. લીડીઆ પછી કુરૂષના હાથમાં બીજા કયા પ્રાંતો કેમ આવ્યા હતા તે સમજાવો. કુરૂષે બાબીલોન કેમ તાબે કીધું તે સમજાવો. કુરૂષના જાતી ગુણોનું વર્ણન કરો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૫ મો.

હીમતની ખુબીઓ.

[illegible]
[illegible]

દુખ્શ્ હે સ્તરેતો અપદ્વરત્ ....
ક્ષુસત્ જરથુશ્ત્રો અસરેતો ....

(વંદીદાદ, પરગરદ ૧૯, ક૦ ૨–૪):

અર્થ.

"'દરૂજ' તે (જરતોસ્ત) થી મુંઝવણ પામેલી થઇને દૂર નહાઠી ....

(પણ) જરતોસ્ત નાહીમત થવા વગર આગળ ચાલ્યો" ....

વંદીદાદની ૧૯ મી પરગરદની શરૂમાં પેગમબર અશો જરતોસ્તની જીંદગીના એક ચોકસ મહાભારત બનાવની નોંધ કીધેલીછે તેમાં આ મથાળે ટાંકેલો કલામ આવેલોછે. એ વાકય દરએક જણે યાદ રાખવાજોગ છે. કેમકે એમાં જેમ અશો જરતોસ્તની તેમજ દરએક શખસની તમામ ફત્તેહની કુંચી સમાયલીછે. એક પ્રસંગે અશો જરતોસ્ત ઉપર એવો સખ્ત હુમલો લાવ્યામાં આવ્યો હતો કે જો તે વખતે તે સાહેબ હીમત હારી જતે તો જે ફત્તેહ તેવણે મેલવી તે મેલવી શકતે નહી. એજ પ્રમાણે દરએક માણસને તેની જીંદગીમાં એવા અનેક પ્રસંગો આવી પડેછે કે જે વખતે જો તે હીમત રાખેછે તોજ ફત્તેહ મલેછે. માટે હમેશાં હીમત રાખવાની દરએક માણસને જરૂર છે.

હીમતના અનેક પ્રકારો હોયછે. જેવાકે અંગબળનાં કામો કરવાની હીમત, આવતા ભયની સામણે ખડું રહેવાની હીમત, આવી પડેલી આફતો અને દુઃખો સહન કરવાની હીમત, કોઇએક અસાધારણ અથવા નવું કામ શરૂ કરવા માટે પહેલું પગલું ભરવાની હીમત, કોઇની દરકાર કીધા વિના જાહેરમાં ખરેખરૂં બોલવાની હીમત, અને એ વગેરે બીજી અનેક બાબતોની હીમત. એ દરએક જાતની હીમત જો બરવખતે અને ખરી રીતે અમલમાં આવે તો તેથી ઘણા ફાયદા થાયછે.

કોઇ વખતે દુઃખ કે આફત અણચિંતુ આવી પડેછે અને કોઇ વખતે આવતાં દુઃખ કે આફત વિષે દીલમાં ભય રહેછે તેવે દરએક પ્રસંગે આદમીનાં મનના બચાવ માટે હીમત એક મજબૂત ઢાલ થઇ પડેછે. જે માણસ હરએક પ્રસંગે હીમત રાખેછે તે એકદમ અથવા સહેલાઇથી હાર પામતું નથી. જે માણસ આવી પડેલાં સંકટ અથવા દુઃખને હીમતથી ખમેછે તે એક ખરેખરૂં મોહટાં મનવાલું કહેવાવાને લાયક છે. હીમતથી અડીભીડી વખતે આપણી ઇંદ્રીઓ અને અકલ ગભરાઇ જતી નથી પણ શાંત રહેછે, અને તેથી આપણને શું અને કેટલું નુકસાન થનાર છે તે આપણે બગબર જાણીને તેનો ઉપાય કરવા ઉપર મંડી શકીએ છીએ. એક હીમતવાન માણસ ઘણું કરીને સાવધાન રહેછે અને ગફલત કરતું નથી. વલી જો કોઇવાર કોઇ સબબથી દુઃખ આવી પડે તો તે હીમતથી ખમેછે તેથી તેને તે ઘણું લાગતું નથી.

સાધારણ સમજવાલાંઓ બોલેછે કે હીમત તો ફકત લડવઇઆને જરૂરની છે. પણ યાદ રાખવું કે અંગબળની લડાઇ ઉપરાંત બીજા હરએક હરીફની સામે થવામાંબી હીમત બહુ ઉપયોગી છે. એક ધારાના હીમાયતીને પોતાનો કજીઓ લડતાં, એક વિદ્વાનને પોતાની તકરાર ચલાવતાં, એક વેપારીએ પોતાની આપલે કરતાં, ટુકમાં દરએક જણે પોતાનાં હરએક કામમાં હીમત રાખવી જરૂરની છે. હીમત વિના કાંઇપણ બજાવી શકાતું નથી.

હીમત વગરનાં ગાઉદી જોર કરતાં હીમત સાથની સમયસૂચકતાભરેલી યુક્તિ કેટલીએક વખતે વધારે સરસ રીતે ફાવી નીકલેછે. “ કહેછે કે એકવાર એક પાદશાહને પોતાનાં એક દુર્બળ શરીરના પણ ચાલાકી અને સમય-

સૂચકતાવાળા વજીરની સાથે તકરાર થતાં વજીરે અંગબળ કરતાં હીમત વધતી એવો અભિપ્રાય આપ્યો. એ ઉપરથી પાદશાહે કેટલોએક વાર જવા પછી વજીર નભરવસ ઉભેલો હતો ત્યારે એક હાથીના મહાવતને ઇશારત કરી ફરમાવ્યું કે વજીરને હાથીના પગ તલે કચડી નાખ. પણ જેવો તે હાથી વજીરની નજદીક આવી પુગો કે વજીરે સમયસૂચકતા અને હીમત વાપડીને પાસે ઉભેલું એક કુતરૂં ઉપાડીને તે હાથીનાં મોહડાં ઉપર જોરથી અફાડી માર્યું તેથી તે હાથી ગભરાઇને પાછો હઠી ગયો. એ ઉપરથી વજીરે કહેલું ખરૂં પડયું કે અંગબળ કરતાં હીમત વધારે જરૂરની છે."

હીમતવાન માણસની હરએક ઠેકાણે વાખવાખી થાયછે અને બીહકણને માટે કોઇ માનભરેલો વિચાર ધરાવતું નથી. ખરૂં છે કે કોઇબી કામ કરવામાં હુલડાઇ વાપડવી સારી નથી તોપણ જ્યારે કાંઇ કામ કરવાનો પ્રસંગ આવી પડે ત્યારે જલદીથી ઘટતો શુમાર કરીને હીમતથી તેમાં ઝીપલાવવું એ બીહકણપણે તેથી દૂર રહેવા કરતાં બહેતર છે. હીમતથી કોઇબી કામમાં ઝીપલાવતાં કેટલીએક વખતે જોકે નિષ્ફળતા મલેછે તોપણ ઘણી વખતે તો ફત્તેહજ મલેછે. બીજા હાથ ઉપર બીહકણ આમ કરશું તો તેમ થશે અને તેમ કરશું તો આમ થશે, એવા એવા વિચારો કરીને કોઇબી કામ કરતું નથી. તે પોતાને હાથ આવેલી અનેક કીમતી તકો જતી મુકેછે અને શેવટે તેને પસ્તાવા સિવાય બીજું કાંઇ મલતું નથી. હીમતવાન માણસ સ્વતંત્ર હોયછે. તે પોતાનાં બળ ઉપર મુશતાક રહેછે. તે પોતે પોતાને માન આપેછે તેથીજ તે બીજાઓથીબી માન પામેછે. બીહકણ દુનિયાની હરીફાઇનાં મેદાનમાં ઉતરતું નથી અથવા જો ઉતરેછે તો જલદીથી પૂછડી અંદર ખોસીને નહાસી

જાયછે, અને એ પ્રમાણે તે પોતે પોતાને માન આપતું નથી તો બીજાંઓ તેને કયાંથી માન આપે? હીમતવાનને સહુ કોઇ ચાહેછે અને બીહકણને બધાં હીણેછે તે વાજબી છે. કેમકે પહેલું પોતાની હીમતના દાખલાથી બીજાંઓની છાતીમાં એક જાતની તેજીભરેલી ઉસ્કેરણી કરેછે ત્યારે પેલું પોતાના બાયલા દાખલાથી બીજાંઓની છાતીમાંનો હીમતનો આતશ ગોયા ઠંડો પાડી નાખેછે.

તવારીખો ઉપર નજર કરો અને તમોને માલૂમ પડશે કે તેઓમાંથી જે જે બાબતો તમારાં દીલને ઉસ્કેરશે અને બુલંદ મકસદો પાર પાડવાની તમોને પ્રેરણા કરશે તે કોઇજ નહીં પણ તે અમર સફાઓ ઉપર નોંધાયલા હીમતવાનોના દાખલા હશે. અવસ્તા અને ગાથામાં જગેજગ અશો જરતોસ્તની હીમતનાં વખાણ તમે જોશો. શાહનામું, હીરોડોટસની કે જેનોફોનની તવારીખો, રોમ કે ગ્રીસ, ઇંગ્લાંડ કે યુરોપ, હિંદુસ્થાન કે તુર્કસ્થાન, વગેરે દેશ-દેશની અનેક તવારીખોમાં જેઓ પોતાનાં નામો અમર કરી ગયાછે તેઓ ઘણે દરજજે પોતાની હીમતને લીધે તેમ કરી શકયાછે. હીમતથી ઇનસાન સિંહના જેવી દલેરી કરી શકેછે, હીમત વગર તે લોંકડીની મીસાલે ભરાતું ફરેછે. હીમતથી કોલમબસ જેવા નાવિકોએ દુનિયામાં નહી જણાયલા ભાગોની શોધો કરવામાં ફત્તેહ મેલવી. હીમતથી કુરૂષ (સાયરસ), સીકનદર અરદેશર બાબકાન, જુલીઅસ સીજર, નેપોલીઅન, અને બીજા અનેક જંગીઓએ મુલકો ફત્તેહ કીધાં અને શેહનશાહતો સ્થાપી. હીમતથીજ ન્યુટન, ગેલીલીઓ, વગેરે મહાવિદ્વાનોએ આકાશના ગંજાવર ગોલાઓની શોધો કીધી. હીમતથીજ જેમ્સ વોટ અને સ્ટીવનસનથી તે હાલ જમાનેના એડીસન લગીના

યાંત્રિકોએ અનેક સંચા શોધીને દુનિયાનું રંગરૂપ ફેરવી નાખવા સાથે તેને નહીં ધારેલાં સુખો બક્ષ્યાંછે.

જૂઠું બોલવાની હીમત કામની નથી બલકે અંતે ઠપકો દેવાડનારી અને શરમમાં નાખનારી છે. માટે હમેશાં તમારી હીમતનો પાયો તમારાં નિર્દોષપણાં, વાજબીપણાં, અને સાચવટ ઉપર રાખજો. બેહુદી અને હુલડાઇભરેલી હીમત મૂર્ખાઇભરેલી અને નુકસાનકારક છે માટે તેથી દૂર રહેજો. તમારી હીમતમાં ડહાપણ અને દૂરઅંદેશી રાખજો, બેસમજપણે રાખેલી હીમત તે ખરી હીમત નથી પણ ઉદ્ધતપણું છે. વલી હીમતની ગરજ કાંઇ માત્ર મહાભારત કામો પાર પાડવામાંજ પડતી નથી, પણ આપણાં દર-રોજનાં સાધારણ કામોમાંબી હમેશાં હીમતની ગરજ પડેછે. માટે યાદ રાખવું કે હુલડાઇભરેલી નહી પણ વાજબી, ડહાપણ અને દૂરઅંદેશાવાળી હીમત દરએક જણે રાખવાની અતિશય જરૂર છે.

બેતા.

હિમ્મતે ઇનસાન જય પામે ઘણું,
ભય ટલીને શાંત રહે મન તે તણું.
હિમ્મતે આફત તણો સૂઝે ઉપાય,
હિમ્મતે સંકટ ટલે, દુખ નવ જણાય.
હિમ્મતે નાવિક ઝુકાવેછે વહાણ,
હિમ્મતે કમ્મર કસે તેનાં વખાણ.
હિમ્મતે જરતોસ્તની ફત્તેહ થઇ,
કુલ જેહાંમાં નામદારી રહી ગઇ.
હિમ્મતે કંઇ લોક નામાંકિત થયાં,
બીહકણો પાછલ પડેલાં રહી ગયાં.

ડાહપણે હિમ્મત ધરો નિજ કામમાં,
જશ નગારાં વાગશે શુભ ગામમાં.

સવાલો.—હીમતની ખુબીઓ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. એની સમજણ આપો. હીમતના અનેક પ્રકારો સમજાવો. સંકટ અથવા દુખ વખતે હીમત કેવી ફાયદેમંદ થઇ પડેછે તે સમજાવો. હીમત હરએક માણસને જરૂરની છે તે સમજાવો. ગાફેલી જોર કરતાં હીમત સાથની સમય-સૂચકતાભરેલી યુક્તિ વધારે ભલી છે તે વિષેની એક વાર્તા કહો. હીમતના બીજા અનેક ફાયદા દર્શાવો. હીમતની ખુબી વિષેના તવારીખના દાખલા આપો. જૂઠું બોલવાની તથા ડહાપણ વિનાની હીમત કેવી ખરાબ છે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૬ મો.

નેક કામ કરવામાં મકમપણું રાખવું.

[illegible]

[illegible]

ક્ષ્યતાને જ.મા પઇતિ
ત્બએંષો તઉર્વાઓ દ્રુજેમ્ વનો.

(હોમ યશ્ત, પજશને, હા ૯, ફ૦ ૨૦).

અર્થ.

"કાયમ રહું જમીન ઉપર
આજારોને તોડતો અને બદીને શીકસ્ત આપતો."

બ રાસ્તી એસ્તમ્; બ ફરારૂની એસ્તમ્.

(પતેત ઇરાની).

અર્થ.

"રાસ્તી ઊપર કાયમ રહું,—નેકી ઊપર કાયમ રહું."

મથાળે ટાંકેલા કલામોમાંનો પેહલો અશો જરતોશ્તનાં મોંહમાં મુકાયલોછે, અને તે તદ્દન ખરો છે, કેમકે ગાથા અને અવસ્તામાંથી માલૂમ પડતી અશો જરતોશ્તની તમામ કારકીર્દી એ ધોરણને અનુસરતી છે. અશો જરતોશ્તની તાલીમ, જીવતો દાખલો, અને જાથુકની સંગતને લીધે પાદશાહ ગુશ્તાસ્પ તથા બીજા તે પેગામબર સાહેબના શાગેરદો અને સાથીઓની કારકીર્દીબી ઘણીખરી એજ વલણની હતી એમ ગાથા અને અવસ્તાના ઘણાએક ઇશારા ઉપરથી અનુમાન કરાયછે. એ સઘલા નેક મરદોની જીંદગી તરેહવાર ચહડતી પડતી અને વિટંબણાઓ વચ્ચે પસાર થઇ હતી. કોઇ વખતે ફત્તેહ તો કોઇ વખતે હાર, કોઇ વખતે ખુશાલી તો કોઇ વખતે દલગીરી, તેઓને મલતીજ રેહતી હતી. પણ તે સઘળે પ્રસંગે તેઓ પોતે હાથ ધરેલાં મજદયસ્ની દીનનો ફેલાવો કરવાનાં નેક કામમાં મકમ રહેલા હતા. દીન દુશમન અરજાસ્પ અને તેના સાથી સોહબતીઓ સાથે શાહ ગુશ્તાસ્પ અને તેનાં પાદશાહી કુટુંબને ખુનખાર લડાઇઓ થઇ હતી તે કાંઇ રાજ્યનાં કારણોથી થઇ નહીં હતી, પણ માણસજાતને નેક રાહ બતાવનારી ભલી મજદ-

યસ્ની દીન ફેલાવવાનાં નેક કામના સબબથી થઇ હતી. એ નેક કામને ખાતર ઉઠેલા ઝઘડામાં તે પહેલા જરતોસ્તીઓને ગમે તેવી અગવડો, અડચણો, અને આફતો આવી પડી તોપણ તેઓ પોતાનાં નેક કામમાં મકમપણે રહ્યા હતા. તેઓનો ઉત્તમ દાખલો દરએક જણે તેમાં ખાસ રીતે દરએક જરતોસ્તીએ પકડવો જોઇએ.

વંદીદાદની ઓગણીસમી પરગરદની શરૂઆતથી જણાયછે કે અશો જરતોસ્તને તેનાં નેક કામથી પાછો રાખવા માટે સામણી પક્ષે પ્રથમ તો ગુપચુપ રીતે જીવ લઇને તેનું કાટલુંજ કહાડવાની કોશેશ કીવેલી જણાઇ આવી હતી. આ ભયંકાર કાવતરૂં કોઇબી નબળાં માણસને પોતાનાં કામથી હાથ ઉઠાવવાને પુરતું થઇ પડે, પણ અશો જરતોસ્ત પોતાનાં નેક કામમાં મકમ રહ્યા હતા. તે પછી તેમનાં માબાપનો વેહમી દાખલો આપીને અને બાજી ચાપલુસીઓથી વાહી પટાવીને તેમનું મકમપણું મુકાવી દેવાની તજવીજ થઇ હતી તેમાંબી તેઓ નિષ્ફળ થયા હતા. અતે દુનિયાની પાદશાહી આપવા જેવી મોહટી લાલચ વટીક દેખાડવામાં આવી હતી. તોપણ તે સાહેબે પોતાનું મકમપણું છોડયું નહિ હતું. આ કેવું મહાપુરૂષનું લક્ષણ! આ બુલંદ ચલગતનો દાખલો દરએક જણને હરએક નેક કામમાં મકમપણું જાલવી રાખવા માટે પુરતો છે.

આ દુનિયામાં નેક કામ કરનારાંઓને ઘણું કરીને હરીફાઇથી હેરાની ખમવી પડેછે. તેઓને મદદ કરનારાં થોડાંજ નીકળેછે, પણ તેઓને વાલનારાં અથવા તોડી પાડનારાં ઘણાં નીકલી આવેછે. કોઇ આપસ્વાર્થને લીધે, કોઇ ચોકસ મતલબ કે મતલબોને લીધે, કોઇ લુચ્ચાઇ કે હરામખોરીને લીધે, તેઓની નેક નેમો પાર પાડવામાં

આડ આવેછે. તેઓનાં નેક કામોથી જેઓને કાંઇ ખોવાનું હોયછે તેઓ તેમનાં દુશમન થઇ લાગેછે, તેઓને હરએક વખતે ઇજા દીએછે, ધમકી આપેછે, લાલચો દેખાડેછે, અને એવા એવા બીજા અનેક ઉપાયોથી તેઓને તેમની નેક કોશેશોથી પાછા રાખવાના પ્રપંચો રચેછે. ઘણાંએક નબળાં પોચાં ઇનસાનો તેઓથી હારી ખાઇને ઘર બેસેછે. પણ જેઓ પોતાનાં નેક કામમાં હીમતથી સાબેત કદમ રહેછે તેઓની અંતે વાખવાખી થાયછે. જેઓ શેવટ લગી મકમપણું જાલવી રાખતાં નથી તેઓ પોતાને વિષે બીજાંઓનાં મનમાં સારો વિચાર બેસાડી શકતાં નથી.

જે માણસ નેકીનાં કામોમાં ગમે તેવી હરીફાઇ, દુશમની, અને નુકસાનો વઠીક થાય તે છતાં પોતાનું મકમપણું જાલવી રાખેછે તેને પોતાનાં અંતઃકરણની શાબાશી અને લોકોથી વખાણ મલવા ઉપરાંત બેહુ જેહાનમાં નેક બદલો મલ્યા વિના રહેતો નથી. જે માણસ નેકીનાં કામમાં મકમપણું છોડી દીએછે તેને અંતઃકરણમાં પસ્તાવો, લોકમાં નબલાઇનો દોષ, અને બેહુ જેહાનમાં નેક બદલાથી બેનસીબી હાંસેલ થાયછે.

નેક કામને માટે મકમપણું રાખતાં નુકસાનો અને સંતાપો આવી પડેછે ખરાં, પણ તેનું દુઃખ પાછલથી લાગતું નથી. કેમકે આપણાં મનમાં દીલાસો રહેછે કે આપણો પક્ષ ખરો હતો અને આપણને દુનિયામાં તેમજ કિરતારની હજુરમાં તેના બદલામાં ખરી ઇજત મલી ચુકીછે.

ગમે તેવા દરિયાના મોજા રાતદિવસ આવીને ખડકની સાથે અથડેછે તોપણ તે પોતાનું મકમપણું જાલવી રાખેછે. ગમે તેવાં જબરદસ્ત તોફાનો પર્વતને અથડીને પસાર થાયછે તોપણ તે પોતાની જગાએથી ખીસતો નથી.

તેજ પ્રમાણે નેકીનાં કામો કરવામાં આપણી ઉપર ગમે તેવી સખ્તીઓ આવી પડે તોપણ તેઓથી હઠી જવું નહી. એમ કરનારનીજ વખાણ અને વાખ્વાખ્વી થાયછે. જે કોઇ મધમાખોના ચટકાથી ડરીને ખસી જાય તે મધપુડાનું મધ ચાખી શકે નહીં, તેમજ જે શખ્સ નેકીને ખાતર હરીફો અને દુશમનોથી થતાં નુકસાનો હીમતથી ખમે નહી તે બેહુ જેહાનમાં બુજરગી મેલવી શકે નહીં. એક ગાડું ભરી મેટાડું ખોદી લાવવામાં જોકે મહેનત અને મજુરી છે તોપણ તેમાં સલામતી છે તેથી તેની કીમત થોડી થાયછે. પણ દરિયામાં ડુબકી મારીને મોતીની શીપો કહાડવામાં ઘણો મોહટો જોખમ ખેડવો પડેછે તેથી તેની કીમત વધારે થાયછે. એજ પ્રમાણે એક નેકીનું કામ સેહલાઇથી અને વગર હરીફાઇએ કરવાની જેટલી કીમત ગણાય તે કરતાં એક નેકીનું કામ મુશકેલીઓ વચે અને હરીફાઇઓ અને દુશમનીની સામે મકમપણું જાલવીને કરવાની કીમત વધારે થાંય એ દેખાઇતું છે. માટે જયારેબી કોઇ નેક કામ કરતાં હરીફાઇ કે દુશમની કે નુકસાન ખમવાં પડે ત્યારે હીચકારાપણાંથી હઠી જવું નહીં પણ હીમતથી મકમ રહીને તે કામ પાર ઉતારવું.

બેતો.

ભલું કામ કરવા રહો મુસ્તકીમ,
અગરચે નડે મુશકિલો કંઇ અજીમ.
જરાતોસ્તનો દાખલો લઇ સદા,
ખમો નેક કામો થકી બહુ જફા.
સરંજામ નેકી તણું ફલ મલે,
ભલું બેહ ભવમાં અને દુઃખ ટલે.

સવાલો.—"નેક કામ કરવામાં મકમપણું રાખવું" એ વિષેના અવસ્તા તથા પાજંદ કલામો અર્થ સહીત કહો. એઓની સમજણ આપો. અશો જરતોસ્તે અને તેમના સોબતીઓએ નેકીમાં કેવું મકમપણું રાખ્યું હતું તે સમજાવો. જરતોસ્તની હકીકત વંદીદાદ મધેથી સમજાવો. માણસને નેકીમાં દૃઢપણું રાખતાં શી રીતે ખમવું પડેછે તે સમજાવો. નેકીનાં કામમાં મકમપણું રાખનારનો તેમ નહિ કરનાર સાથે મુકાબલો કરો. નેકીનાં કામમાં મકમપણું રાખવાથી અંતે તેનાં ફળ સારાંજ નિપજેછે તેની કેટલીક તમસીલો આપો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૭ મો.

તેહવારોની મતલબો—જરતોશ્તી તેહવારોની ધોરણની ખુબી.

𐬬𐬍𐬯𐬞𐬀𐬉𐬌𐬠𐬌𐬌𐬋𐬹 𐬀𐬌𐬌𐬁𐬭𐬀𐬉𐬌𐬠𐬌𐬌𐬋𐬹 𐬭𐬀𐬙𐬎𐬠𐬌𐬌𐬋𐬹 𐬫𐬋𐬌𐬹

𐬵𐬆𐬥𐬙𐬌𐬹 𐬀𐬴𐬀𐬵𐬉𐬹 𐬭𐬀𐬙𐬀𐬬𐬋𐬹 ......

વીસ્પયઍંઇબ્યો અયૅંઇબ્યો રતુબ્યો યોઇ હેન્તિ અષહે રતવો ......

(યજશને, હા ૧, ફ૦ ૧૦; ઇત્યાદિ).

અર્થ.

"તમામ તે હીંગામો, જે છે અશોઇના હીંગામો" ......

[illegible]

મરદૂમ પદષ્ આસાનીઅંદ્ ઉ રામષીઅંદ્.

(દીનકર્દ, દફતર ૪ જું).

અર્થ.

"માણસો ત્યારે આસાયશ લીયેછે અને રામ-શની કરેછે."

જરતોસ્તી ધર્મ આલસાઇ, હરામખોરી, અને બેપરવાઇને ધિક્કારેછે, અને ઉદ્યોગ, હલાલ મહેનત અને ચોંપને પસંદ કરેછે એ ખરૂં છે તોપણ યોગ્ય આસાયશ લેવાને તે મના કરતો નથી. એ ધર્મમાં કુદરતના કોઇબી કાયદાને તોડવો એ ગુનાહભરેલું ગણેલું છે. હવે કુદરતનું અવલોકન કરતાં એક કાયદો તેનો એવો જણાયછે કે કોઇબી પેદાયશની હાલત—હમેશાં કીટાતી અથવા હમેશાં ઘસાતી—એકસરખી ચાલુ રહેવી નહી જોઇએ, અને જે પેદાયશ તેમ રહે તે પોતાનાં કામને નાલાયક થાય અને નાશ પામે. કુદરતે સુરજને ચોવીસ કલાક લગી એકસરખી રીતે જમીન ઉપર તપતો અને સઘળાં ઝાડપાન તથા જાનવરોને અકલાવી મુકતો રાખ્યો નથી. પણ દિવસની પુઠે રાત ઠરાવીછે, કે જેથી ઝાડપાન, જીવજંતુઓ, અને ઇનસાનો દિવસે કામ કરે અને રાતે રાહત મેલવે. કુદરતે ગરમીની રૂતની પુઠે ઠંડીની અને ઠંડીની રૂતની પુઠે ગરમીની એમ વારાફરતી મોસમો ઠરાવીછે, જેથી પેદાયશોને અનેક ફાયદા થાયછે, અને એજ પ્રમાણે માણસના સંબંધમાં જોઇએ તો કામ પછી આસાયશ અને આસાયશ પછી કામ એ તેને માટે કુદરતે ઠરાવેલો એક કાયદો છે. માણસ જો વર્ષના ત્રણસો પાંસેઠ દહાડા સહવારથી તે સાંજ સુધી કામમાં રોકાઇ રહે અથવા આઠે પહોર આસાયશમાં અલોટયા કરે તો તે કુદરતથી ઉલટું છે અને તેની સજા કુદરત મોડે કે વહેલે કીધા વિના રહેતી નથી. એમ છે તેથી માણસને નિયમિત ઉદ્યોગ સાથે અઠવાડીએ કે પખવાડીએ અથવા વર્ષમાં ઠરાવેલા કેટલાએક હીંગામો

ઉપર પોતાનું ચાલુ કામકાજ કેટલોએક વખત બંધ રાખીને આસાયશ લેવાની જરૂર છે. તે લેવાને બની આવે એવી એક મતલબથી ચોકસ દહાડા અને હીંગામો ઉપર તેહવારો પાલવામાં આવેછે. એ પ્રમાણે તેહવારોની એક મતલબ યોગ્ય આસાયશ લેવાની છે.

આપણું શરીર અને મગજ ચાલુ કામકાજની થાકથી કંટાલી જાયછે, અને સુસ્ત થઇ જાયછે. તેઓને જ્યારે કેટલોએક વખત આસાયશ મલેછે ત્યારેજ નવેસરથી તેઓને તાજગી મલતાં આપણુને પોતાનાં કામ ઉપર બેવડી ઉલટ અને કુવતથી મંડી જવાને બની શકેછે. માટે ઉદ્યોગી માણસોએ તેહવારો પાલવા જોઇએછે. બચીત તેહવારો પાલવાનો એ એક મુખ્ય ફાયદો છે. સવારીનાં કે ભારબરદારી જાનવરોને તેઓ સોડથી કામની મહેનત લીધા પછી જો યોગ્ય આસાયશ આપવામાં આવેછે તો તેથી તેઓ ઘણાં આસુદાં અને તાજાં થઇને વધારે સારી રીતે પોતાનાં કામ કરી શકેછે. જો તેઓનાં કોઇ કમસમજ માલેકો તેઓને યોગ્ય આસાયશ આપતાં નથી તો પરીણામમાં તે માલેકોનેજ નુકસાન થાયછે. કેમકે તે જાનવરોથી જોઇએ તેવું કામ થતું નથી બલકે બાજેક વખતે તો તેઓ ઘણાં જલદીથી મરણ પામેછે. એજ દાખલા પ્રમાણે જો ઇનસાનોબી નિયમિત તેહવારો પાલીને યોગ્ય આસાયશ નહી લીએ તો અંતે તેઓનેજ નુકસાન થાય. એ ઉપરથી જણાયછે કે હરએક કોમમાં તેહવારો ઠરાવ્યાછે તેમાં બહુ દુરઅંદેશી અને ડહાપણ સમાયલુંછે. જો તેહવાર બરાબર રીતે પાલવામાં ગુજારેલો વખત વધારે કામ કરવાનું કોવત અને તાજગી આપેછે તો તે ગુમાવેલો મુદલ કહેવાય નહીં. વલી શું રાજદરબારી કે શું વ્યાપારી, શું ધંધાદાર કે શું

મજૂર, ટુંકાંમાં દરએક ઉદ્યોગી માણસને આખાં વર્ષમાં કેટલાએક દિવસો તેહવારના તરીકે પાલવાની જો જરૂર છે તો મગજનું કામ કરનારા જેવાકે અભ્યાસીઓ, શિક્ષકો, ન્યાયાધીશો, ધારાના હીમાયતીઓ, ગ્રંથકારો, જાહેર લખનારાઓ, વગેરેને તો તેઓનાં કામથી યોગ્ય આસાયશ મેલવવા સારૂ તેહવારો પાલવાની વધારે જરૂર છે. કેમકે મગજને લગતાં કામથી શરીરનાં તંતુઓનો ઘસાડો વધારે થાયછે અને જીવશક્તિ વધારે જલદી ખપી જાયછે. એ ઉપરથી ખુલ્લું છે કે તેહવારો ઉપર યોગ્ય આસાયશ લેવી એ ઉદ્યોગી અને કામદાર લોકોના હકમાં ઘણું ગુણગારૂં છે.

વલી ઘણાંખરાં સંસારી અને ઉદ્યોગી માણસોને દુનીઆઇ કામકાજોની રોકાણોને લીધે કિર્તારની યાદ અને બંદગીમાં દરરોજ નિરાંતથી વધારે વખત અને ધ્યાન રોકવાને બનતું નથી, તેઓને વર્ષમાં ચોકસ નિયમિત વખતે ઠરાવેલા હીંગામો ઉપર પોતાનાં કામકાજથી ફરાગત મેલવીને એકચિત્તે પુરતો વખત એબાદતમાં ગુજારવાને અને તેથી પોતાનાં દીલોને ખુદાઇ તકવો અને આત્મિક સુખ હાંસેલ કરવાને બની આવે એ તેહવારો ઠરાવવાની બીજી મતલબ છે. જેમ એક ફરજંદ લાંબે વખતે પોતાનાં માબાપને મલતાં તેમની આગળ પોતાનાં દીલનો ભરમ ખોલીને વાત કરવાથી તેનાં દીલને આરામ થાયછે, તેમ ઇનસાનોને જીંદગીની ચાલુ સફરમાં જે અનેક નામુરાદીઓ અને નાસીપાસીઓ મલેછે તેથી તેમજ પોતાની ભુલચુકોથી અને પોતાના ગુનાહોથી દીલપર બોજો એકઠો થાયછે કે જે બધાંના બોજા તલે તેનું દીલ દબાઇ જાયછે તે બોજો હલકો કરવા માટે જો તે આ તેહવારોના હીંગામો ઉપર ખરાં દીલથી પોતાનાં દીલનો

મેદ બોલીને પોતાના કિર્તારથી મદદ ચાહે, પોતાના ગુનાહોનો પસ્તાવો કરે, જીંદગીની બાકીની મુસાફરી બેહતર રીતે પુરી કરવાના મજબૂત ઠરાવો કરે, તો તેથી કાંઇ તેને થોડો ફાયદો નહી થાય, અને એટલામાટે વર્ષમાં ચોકસ દિવસો એ કારણને માટે જુદા પાડવાની જરૂર છે જે જરૂર તેહવારોના દિવસો પુરી પાડેછે.

વળી આપણી આસપાસ અવલોકન કરતાં માલુમ પડેછે કે ઘણુંખરાં માણસો એવાં હોયછે કે જયાંલગી રૂતુની સખતાઇ, શરીરની બીમારી, કે એવાંજ બીજાં કોઇ કારણથી કાંઇ ફરજ પડવા જેવું થઇ પડતું નથી ત્યાંલગી તેઓ પોતપોતાનાં કામની હેજગારીમાંથી ફરાગત લેતાંજ નથી. તે બાપડાંઓ પોતાની જીંદગી ગોયા એક ઘાંચીના બેલની મીસાલે મજુરીમાંજ પૂરી કરેછે. એટલુંજ નહી પણ વળી જુદાં જુદાં કામધંધાવાળાં સઘળાં હમેશાં એકજ ચોકસ અને નિયમિત વખતે પોતપોતાના ધંધાથી ફરાગત લઇ શકે નહી. તે સઘળાંઓને એકજ વખતે ફરાગત લેવીજ પડે અને તેથી તેઓને આસાયશ, ભક્તિ, વગેરેમાં વખત ગુજાર્યા વિના છુટકોજ નહી રહે એબી વર્ષમાં ચોકસ દિવસો ઉપર ખાસોઆમને માટે સામાન્ય તેહવારો ઠરાવવા-ની એક મકસદ છે. ઇનસાને કામકાજ તો કરવાનું છે પણ હમેશાં તેની ગુસરીમાં જોડાઇ રહેવા માટે તેને જીંદગી અપાઇ નથી. તેને બાજુંબી કેટલુંએક કરવાનું છે. જેમકે એક ઘર કે એક કુટુંબ કે એક કોમ કે એક ગામ કે એક શેહરનાં માણસો પોતપોતાનાં નાહની કે મોહટી સંખ્યાનાં મંડલોમાં એકઠાં મલે અને પોતાની ભાઇબંધી અને મોહબતનો વધારો કરે એ ઇનસાનોને માટે ઘણું ફાયદેમંદ છે. હવે તેમ થવાને માટે પ્રસંગો અને તકો મલવી જોઇએ.

એ પ્રસંગો અને તકો મેળવી આપવામાં તેહવારો ઘણા મદદગાર થઇ પડેછે. તેહવારોના હીંગામો ઉપર માબાપ અને ફરજંદો વચ્ચે, નજદીક અથવા દૂરની સગાઇવાળાંઓ વચ્ચે, હમદીનો તથા હમશેહરીઓ વચ્ચે, જેટલો પરસ્પર મોહબતનો વધારો થઇ શકેછે તેટલો આડ દહાડે થવાનો સંભવ થોડા રહેછે. આડ દહાડે દરએક જણ ઘણુંકરીને પોતપોતાનાં કામમાં ગુંતાયલું હોવાથી તેને બીજાંઓ સાથે ફરાગત અને આસાયશથી હેતપ્રીતનું બોલવાની અને એખ્લાસ તથા પ્રેમ વધારવાની જોગવાઇ કમ મળેછે. પણ તેહવારને ટાંકણે તેમ સારીપેઠે બની શકેછે. એ ઉપરથી જણાયછે કે તેહવારોની એક મતલબ માણસોમાં લાગતાંવળગતાંઓ વચ્ચે મોહબતનો વધારો કરાવવાની છે.

વળી દરએક ઇનસાનને પોતપોતાની ગુંજાસ પ્રમાણે ખાવાપીવાની, પેહરવાઓઢવાની, ફરવાહરવાની, અને એશઆરામ કરવાની કુદરતી ઇચ્છા હોયછે. તે ઇચ્છા જયાંસુધી હદમાં રહીને પાર પાડવામાં આવે ત્યાંસુધી તેમાં કાંઇ ખોટું નથી. હવે એમ છે તેથી માણસોને એકાદ સપરમે દહાડે વાજબી હદમાં રહીને મોજમજાહ કરવાને બની શકે એવી તેહવારો ઠરાવવાની એક મકસદ છે. ખરૂં છે કે હમેશાં ચાલુ મોજમજાહ અને એશઆરામ કોઇને પરવડે એવી ચીજ નથી. બલકે ખચીત તે તેનો નાશ કરનારી છે. તોપણ કોઇએ કશી રીતે મોજમજાહ કરવીજ નહિ એવી ઘણું સખ્તાઇભરેલું છે. માટે મોજમજાહમાં છેકજ ઓટરૂં નહિ થાય પણ વાજબી હદમાં રહીને વર્ષમાં કેટલાએક ચોકસ હીંગામો ઉપર ઇનસાનો મોજમજાહ ભોગવે કે જેથી તેઓની જીંદગી કંટાળાભરેલી થઇ નહિ પડે એ દેખાઇતો તેહવાર પાળવાનો એક ફાયદો છે, અને એને અનુસરીને

અસલ જમાનેથી દરએક કોમનાં લોકો પોતપોતાના તેહવારો-ના દિવસો ઉપર સાધારણ દિવસો કરતાં વધારે મોજમજાહ ભોગવતાં આવ્યાંછે.

તોપણ આટલું યાદ રાખવું કે ઘણાંખરાં સાધારણ લોકો એમજ સમજેછે કે તેહવારો ફકત મોજમજાહ કરવાની હલકી મતલબેજ ઠરાવેલાછે તે તેઓનો વિચાર તદન ભૂલ-ભરેલો છે. તેહવારોની મતલબો ઉપર જણાવ્યા મુજબ ઘણી ઉમદા છે.

એ ઉપરાંત તેહવારોની એક બીજી મતલબ દુનિયામાં બનેલા ચોકસ મહાભારત બનાવોની યાદગારી રાખવાનીબી છે. કોઇ પીરપેગમબર કે સાધુસંતને જનમવાનો કે ગુજરવા-નો દહાડો, આપણે માથે રાજકર્ત્તાના જન્મનો કે તખ્તે બેસવાનો દહાડો, આપણી કોમે કે પ્રજાએ કોઇ નામીચી ફતેહ મેલવવાનો દહાડો, ટુકાંમાં કોઇબી મહાભારત બનાવની યાદ રાખવા લાયકનો દહાડો કે દહાડા તેહવાર તરીકે પાલવામાં આવેછે તે પણ ઘણું મઆકુલ છે. કેમકે તે પાલવાથી કોઇને ઘણું નુકસાન થતું નથી પણ ઘણું કરીને ફાયદોજ થાયછે.

હવે જરતોશ્તી કોમના જેટલા જાહેર તેહવારો ઠરાવેલા છે તેઓની ઉત્પત્તિ ત્રણ કારણોથી થયલી જણાયછે. કેટલાએક જરતોશ્તી તેહવારોની ઉત્પત્તિ આપણી આસ-પાસની કુદરતમાં જુદા જુદા ફેરફારો થવાના ચોકસ હીંગામો ઉપરથી છે—કેટલાએકની પુરાતન ઇરાનના ચોકસ મીનોઓને વખાણવાના રેવાજ ઉપરથી છે—અને કેટલા-એકની ચોકસ તવારીખી બનાવોની યાદગારી રાખવા ઉપરથી છે. એઓમાં પહેલી જાતના કુદરતી, બીજી જાતના મીનોઓ સંબંધી, અને છેલી જાતના તવારીખી તેહવારો કેહવાય.

એ જરતોસ્તી તરીકાના પેહલી જાતના યાને કુદરતી તેહવારો ઘણાખરા ભૂગોળ તથા ખગોળ વિદ્યાને અનુસરતા ઉત્તર ગોલાર્ધનાં દેશોના તેમાં ખસુસન ઇરાન દેશના કુદરતી દેખાવો તથા રૂતુઓના ફેરફારોને લગતા છે. એ તરીકાના બીજી જાતના યાને મીનોઓ સંબંધી તેહવારો પુરાતન જમાનેથી ઉતરતા આવેલા વિચારો અને રાહરસમોની જાલવણીને માટે ઠરાવેલા છે, અને છેલ્લા યાને તવારીખી તેહવારો જેઓની સંખ્યા મોહટી નથી તે જરતોસ્તી કોમની તવારીખના બનાવોની યાદગારી રાખવા માટે ઠરાવેલા છે.

આ ત્રણે કીસમના જરતોસ્તી તેહવારોની વિગત જાણીને તેઓને દરોબસ્ત રીતે અને બરવખતે પાલવાની દરએક જરતોસ્તીએ ચોંપ રાખવી, કેમકે તેથી જેમ પુરાતન અવસ્તાના જમાનાથી જરતોસ્તીઓ કુદરતનાં અવલોકન ઉપર મંડેલા રહીને કુદરતને લગતી વિદ્યાઓની શોધોને ધર્મ તથા રાહરસમોના સંબંધમાં ખુબીભરેલી રીતે લાવતા હતા, અને કુદરત ઉપરથી કુદરતના કારીગરને પીછાનીને તેની કીર્તિ ગાતા હતા તેમજ તેઓ કરતા રહે.

રોળા વૃત્ત.

ઇશ્વર ભક્તિ સાથ જણો વિશ્રાંતિ પામે,
ખાણી પીણી વસ્ત્ર અભૂષણ સુન્દર જામે.
નાના કરે વિનોદ, લોક પ્રીતિથી ભેટે,
પશુ પક્ષિબી મુદિત હૃદયથી સુખમાં લેટે.
ઋતુઓના વિધવિધ પૃથ્વીપર રંગ મચે જે,
સર્વ જણો સુખ સાથ ભોગવે રસ તેના તે,
સાધુ સંત જે કરી ગયા ઉપકારી કામો,
રહે તેમની યાદ, ભલાં કીર્તિવંત નામો,—

એ આદી મતલબે બધા તેહવારો પાલો,
જગકર્તાને યાદ કરી શુભ રસ્તે ચાલો.

સવાલો.—"તેહવારોની મતલબો અને જરતોશ્તી તેહવારોની ધારણની ખુબી" એ વિષેના અવસ્તા અને દીનકરદના સખુનો અર્થ સહીત કહો. તેહવારોની એક મતલબ યોગ્ય આસાયશ લેવાની કેમ છે તે કુદરતના કાયદાની રૂએ સમજાવો. તેહવારો પાલવા એ ઊદ્યોગી તથા કામદાર લોકોને ગુણગારૂં કેમ છે તે સમજાવો. તેહવારો પાલવા માટે ચોકસ દહાડા ઠરાવવાનું કારણ સમજાવો. ખાસોઆમને સારૂ ચોકસજ દહાડા તેહવારો તરીકે ઠરાવવાની એક બીજી મકસદ શું છે તે સમજાવો. તેહવારો માણસોમાં મોહબ્બતનો વધારો કેમ કરેછે તે સમજાવો. તેહવારોને દિવસે માણસો વધારે મોજમજાહ કાંય કરેછે તે સમજાવો. શું તેહવારોની મતલબ ફકત મોજમજાહ કરવાનીજ છે?—જરતોશ્તી કોમના જાહેર તેહવારો કેટલાં કારણોથી ઊત્પન્ન થયલા જણાયછે તે સમજાવો. તે ત્રણરૂ જાતના તેહવારોની સામટી રીતે ટુંકમાં સમજણ કહો. આ પાઠનો નીતિસાર તથા તેની કવિતા બોલી સમજાવો.

પાઠ ૩૮ મો.

મોત હમેશાં હાજર છે.

ખલક મોતની રાહમાં જાયછે—
પલક વારમાં દમ ખતમ થાયછે.
મનુષ માછલાં સમ, હયાતીજ જાલ,
અજલ હાથ દોરી, કરો કંઇ ખિયાલ.
ઘડીનો ભરોસો નથી કોઇને—
મરણ ના મુકે નેક બદ જોઇને.

બુલંદ પર્વતે કોરપર છે ગુજર,
કરે જાનદારો, તથાપી ખબર.
ન રાખે કે નિર્દય મરણ બેવફા
ઝપાટેજ ગગડાવી કરશે જફા.
સિકંદર 'ને દારા 'ને નોશીરવાન—
ફલાતુન, અરસ્તુ, 'ને અસ્પીતમાન,
ફરેદુન, જોહાક, અફરાસીઆબ—
અજલને શરણ તે થયા સૌ શિતાબ.
ભલું યા બુરૂં, પાદશાહ યા ફકીર,
અભણ યા ભણેલું, અધમ યા અમીર,
તવંગર કે મુફલિસ, જઈફ કે જુવાન,—
ન રાખે મરણ કોઇપર કાંઇ ધ્યાન.
મરણ ! ફકત કેશવરમેં તારો તહરાસ—
તું ખેંચી લીએ ચાહે તેને તું પાસ.

પાઠ ૩૯ મો.

ગફલતના ખુઆબથી બેદાર થા.

ગઝલે મુસ્તજાદ.

ખ્વાબે ગફલતથી, રે દિલ ! થા હવે ઝટ તુ બિદાર—
વેલ વહિ જાય ખરી.
ક્યાં લગી પાપ-બેડીમાં ફસી રહેશે ખુઆર?—
નેકી કર ચોંપ ધરી.
નાબુદીથી બુદીમાં આવ્યાનું પરમાણ રે શું,
નેકી જલ જો ન પીધું ?
ગાૈહર અણમોલ જો જીવતરતણું બરબાદ કીધું—
ન તે મલશેજ ફરી.

સંગ્રેહ જે જુવાનીમાં, તે રેહ બુઢાપે નચીતે—
જીવે જે રૂડી રીતે.
આ ભવે પુન્ય કરે, પેલે ભવે સ્વર્ગ જીતે—
નહી પસ્તાય જરી.
આવશે કામ મુવા બાદ શું કૈં માલ'ને જર?—
અરે કૈં ખ્યાલ તો કર.
છોડી દે બેહુદી વાતો, પક્ષો નેકીતણો ધર—
ડહાપણુ દીલ ભરી.
બામદાદે ચહારમની થશે તારો ઇનસાફ—
થશે કૈં ત્યાં નહી માફ.
ધોઇ પાપોની ગલીચી યહાં કર ખુદને તું સાફ—
હમેશાં રખથી ડરી.

પાઠ ૪૦ મો.

જીંદગી સફલ કેમ કરવી?

[illegible] .... [illegible]

.[illegible]

જરથુશ્ત્રહે ...... અહ્‌હુયઓશ્‌ અષચિનહ્‌હો.

(યજશને, હા ૧૬, ૬૦ ૨—૩).

અર્થ.

બેહુ **જીંદગીની અશોઇને** ચહાનાર જરતોસ્ત.

માણસે પોતાની જીંદગી કેમ ગુજારવી એ સવાલ ઉપર જુદા જુદા ધણીઓ જુદાં જુદાં મતો આપેછે. કોઇ કહેછે

કે તમામ જીંદગી જેમ બને તેમ દુઃખ અને દલગીરીથી છટકી જવામાં અને મોજમજાહમાં મશગુલ રહેવામાં ગુજારવી. કોઇ કહેછે કે તમામ જીંદગી સમભાવથી ગુજારવી. સમભાવ એટલે દુઃખ કે દલગીરી જે કાંઇ આવી પડે તે વગર એદ ખમવાં અને જો સુખ કે મોજ મલે તો તેબી વગર મજાહ લેવે જાણે તે હોય તોબી સરખાં અને નહિ હોય તોબી સરખાં તેવી રીતે તેની તરફ બેદરકાર રહેવું. કોઇ કહેછે કે સંસારનાં સુખોનો લાહવો લેવો. કોઇ એવું વિચારેછે કે સંસાર અસાર છે માટે તેનો ત્યાગ કરવો. કોઇનું એવું મત છે કે તન ફના થનાર છે પણ આત્મા અમર રેહનાર છે, માટે તનની જાલવણી કરવા ઉપર જરાબી વખત કે કોશેશ ગુમાવવાં નહિ. કોઇ કહેછે કે તનની પરવરશ કીધાથી પાપી ઇચ્છાઓ ઘણી જાગૃત થાયછે માટે શરીરનું કુવત નબલું કરવું અને દેહને ઘણું કષ્ટ આપતા રહેવું કે જેથી આત્મા વધારે પવિત્ર થાયછે. એવાં એવાં અનેક મતો એ બાબતમાં જોવામાં આવેછે. પણ એ સવાલનો ખુલાસો મથાળે ટાંકેલા અવસ્તાઇ કલામો ખાતરીભરેલી રીતે સુચવેછે. એ કલામોમાંથી પેગમબર સાહેબ અશો જરતોસ્તની જીંદગી ગુજારવાની રીતનો જે ઇશારો મલેછે તે કુલ દુનિયાના સૌથી પહેલા (ફરવરદીન યશત, ફ૦ ૮૮–૯૫) અને સંપૂર્ણ દરજાનાં માણસનો છે. માટે એ સંપૂર્ણ નમૂનાને અનુસરીને જે માણસ જેટલે દરજે ચાલે તેટલે દરજે તેની જીંદગી સફલ થાય.

અશો જરતોસ્તના ગાથા તેમજ તમામ અવસ્તામાં તે સાહેબની જીંદગી વિષેના ઇશારાઓ આવેલાછે તે ઉપરથી સારાંશ નીકલેછે કે તે સાહેબે પસંદ કીધેલી જીંદગી ગુજાર-

વાની રીતિ કેટલેએક દરજે નીચલા મુખ્ય છ નિયમોમાં સમાતી હોવી જોઇએ. (હોમ યશ્ત; યજશને, હા ૯, ફ૦ ૧૯–૨૧).

(૧) આવતી જીંદગીમાં બેહશત મેલવવાની હમેશાં તલબ રાખવી.

આ નિયમની ખૂબી અને કારણ એ છે કે આપણી આ જીંદગી થોડા વખતની છે અને આવતી જીંદગી હમેશની છે. આ જીંદગીમાં તો આવતી હમેશની જીંદગીમાં આપણી કરણીનો બદલો મેલવવા માટે સઘળી ગોઠવણ અને તૈયારી કરવાની છે. માટે આપણે જેબી કાંઇ વિચારીએ, બોલીએ અથવા કરીએ તે વખતે હમેશાં યાદ રાખવાની જરૂર છે કે તે આવતી જીંદગીમાં આપણને કેવો બદલો અપાવે તેવું છે. જો નેક બદલો અપાવે તેવું હોય તો તે કરવા મંડવું; જો તેથી ઉલટું હોય તો તેથી પરહેજ રહેવું. બીજા બોલોમાં બેહેશત મેળવવાની હમેશાં તલબ રાખવી.

(૨) તનદરૂસ્તી જાલવવી.

જો કોઇ કહે કે આવતી જીંદગીજ આપણી હમેશની છે તો આ જીંદગી અને તનની જાલવણી શું કરવા કરવી? તો એમ વિચારવું ભૂલભરેલું છે. ખરૂં છે કે આ જીંદગી આવતી જીંદગીને માટે છે, અને તન ફક્ત આત્માએ કામ કરવાનું એક સાધન છે, તોપણ તેથી કાંઇ આ જીંદગીની અને તનની અગત્યતા ઓછી થતી નથી. બલકે તે ઓર વધારે થાયછે, કારણકે આત્માએ આવતી જીંદગીમાં સફલ થવા માટે જે જે કાંઇ કરવાનું છે તે આ જીંદગી અને તનની દરૂસ્તી હોય તોજ થઇ શકેછે. માટે તનદરૂસ્તીની સંભાળ જરૂર રાખવી. એ ઉપર "ગોશ્તે ફરીઆન"

અને "અશ્નિય"* વચ્ચે થયલો નીચલો સવાલ જવાબ યાદ રાખવાજોગ છે.

"**સવાલ.**—ઘણી અગત્યની જીંદગી આ દુનિયાની કે આવતી દુનિયાની?

"**જવાબ.**—આ દુનિયાની. કેમકે જો આ જીંદગીમાં નેક કામો નહિ કરીએ તો આવતી જીંદગીમાં કાંઇ મદદે આવે નહિ."

(૩) લાંબી ઉમર ભોગવવી.

કિર્તારે માણસજાતને જીવવાની જે ઉમર ઠરાવીછે તે તેનો એક નિયમ છે. જે કોઇ બરાબર તનદરૂસ્તી જાલવે તે તેટલી લાંબી ઉમર ભોગવી શકે. એમ છતાં જેઓ તનદરૂસ્તીના કાયદા તોડીને પોતાનું કવખતે મોત લાવી મુકેછે તેઓ તે સાહેબના કાયદા તોડવાનાં ગુનેહગાર થાયછે. એટલુંજ નહિ પણ જીંદગીનાં વાજબી સુખો ભોગવવાની અને નેકીનો પુરતો જથો મેળવીને આવતી જીંદગીમાં નેક બદલો મેલવવાની ફરીથી કદી નહિ મલે એવી તક ખોહી દીએછે. માટે તનદરૂસ્તીનો દરએક નિયમ જાલવીને કુદરતી લાંબી ઉમર લગી જીવવાની ફરજ છે.

---

* "ગોશ્તે ફરીઆન" (જેનું અપભ્રંશ "ગોશ પરીઆન" કરીબી મલેછે) એ નામ અવસ્તાના "યોઇશ્તો યો ફ્રિયાન નાંમ" નું અપભ્રંશ છે અને એનો અર્થ "ફ્રિયાન" નાં ખાનદાનનો "યોઇશ્ત" કરીછે. "ફ્રિયાન" અશો જરતોશ્તને જણાયલો હતો. તે એક તુરાની હતો. (ગાથા ઉશ્તવઇતિ, હા 'કામ નેમેજા ંમ' ફ૦ ૧૨). તેની ઓલાદમાં અવતરેલો મજકુર "યોઇશ્ત" ઘણો અશો, પરહેજગાર, અને દાનાવ હતો. તેને વાસ્તે કહેછે કે તેના વખતમાં "અખ્ત્રિય" અથવા "અખ્તય" (જેનું અપભ્રંશ "અખત" અથવા "અખદ" બી થયું છે) નામનો એક પાદશાહ હતો, જે હુશીયાર હતો પણ ઘણો જાલેમ અને ખુની હતો. તે અને ગોશ્તે ફરીઆન વચ્ચે સવાલ જવાબો થયા હતા, જેમાંના કેટલાએક એક પેહલવી રીસાલામાં નોંધાયલાછે. તે મધેનો એક ઉપલો સવાલ છે.

(૪) ભલાઈ અને આબાદીનો વધારો કરવો.

તનદરૂસ્તી અને લાંબી ઉમર મેલવવા છતાં જો તેનો સારો ઉપયોગ નહિ કીધો હોય તો તે એકલેએ ખુદાતાલાની તે અતિ કીમતી બખ્શીશો નિરૂપયોગીપણે ગુમાવવાની તકસીર થઈ પડેછે. માટે તેને સ્પેંતોમઈન્યુષને તરીકે આબાદી અને નેકીનો વધારો કરવામાં કામે લગાડવાની ફરજ છે.

(૫) બુરાઈ અને નાશનો ઘટાડો કરવો.

ઉપલા નિયમ પ્રમાણે તનદરૂસ્તી અને લાંબી ઉમરનો ઉપયોગ જો બરાબર કરવો હોય તો તે જેમ સ્પેંતોમઈન્યુષને મદદ કરવામાં ગુજારવાની ફરજ છે, તેમજ તે અંગ્રોમઈન્યુષની શીકસ્ત કરવામાં ગુજારવાનીબી ફરજ છે. તનનું કુવત અને ઉમરની દરાજી જો આ દુનિયાનાં દુઃખ દરદો ટાલવામાં અને બદીઓને તોડવામાં કામે નહિ લાગે તો તે મલેલાંબી સરખાં અને નહિ મલેલાંબી સરખાં.

(૬) દરએક વખતે અગમબુધ્ધિ વાપરવી.

આ જીંદગીના સઘળા કારોબારમાં અગમબુધ્ધિ રાખવાની મોટી જરૂર છે. માણસોની ઘણીખરી નિષ્ફળતા તેઓએ અગમબુધ્ધિથી કામ નહિ કરવાને લીધે તેઓને મલેછે. એક માણસ એક કામ કરવાને માટે પુરતું તન મનથી શક્તિવાન હોય. તેને જોઈતો અને પુરતો વખ્ત મલ્યો હોય. તે કામ નેકીની તરફેણનું અને બદીની વિરૂધનું હોય. ટુકાંમાં તે બધી બાબતમાં અનુકૂલ અને વાજબી હોય. તે છતાં જો તે અગમબુધ્ધિનાં ડહાપણં વગર કરાય તો તે ઘણું કરીને નિષ્ફળ થાય. માટે અગમબુધ્ધિ અને દૂર અંદેશી હમેશાં રાખવી.

આ છ નિયમો જોકે અશો જરતોસ્ત જેવા મહાગુરૂની જીંદગીના છે તોપણ તે દરએક ઇનસાનની જીંદગી માટે એક-

સરખી રીતે લાગુ પડતા છે એમ સેહેજ વિચાર કરતાં માલુમ પડેછે. તે છતાં એ નિયમોની વધારે ખુબી અને મઆકુલપણાંની ખાતરી નીચે પ્રમાણે વિચાર કરતાં થાયછે.

દરએક જણે યાદ રાખવું કે તેની જીંદગી તેના કિર્તારે વિના કારણે ઠરાવી નથી. કિર્તારનું કાંઇએક ભેદભરેલું બોહલા વિસ્તારનું કામ આ દુનિયાની હસ્તીમાં ચાલુ રહેલુંછે, જેની શરૂઆત કે આખેરતની આપણ નાકેસ અકલનાં ઇનસાનોને ખબર પડતી નથી. તોપણ દરએક ઇનસાન એ કામમાં કાંઇએક બારીક હીસ્સો લેવાને માટે અવતરેછે. માટે તે હીસ્સો બરાબર બજાવવાની તેની ફરજ છે, અને એટલામાટે તેણે દુનિયા તજેલી નહી પણ સંસારી અને શેહરી જીંદગી ગુજારવાની ફરજ છે. સંસારી અને શેહરી જીંદગીવાલાંએ કામધંધો કરવાની જરૂર છે. કામધંધો કરવા માટે તનદરૂસ્તીની અને પુરતી ઉમરની જરૂર છે. વળી ધંધો ગમે તે કીસમનો હોય, ચહડતો હોય કે ઉતરતો હોય, ઘણી કમાણીનો હોય કે થોડી કમાણીનો હોય, મગજનો હોય કે હાથપગથી કરવાનો હોય, તોપણ તે કરતાં હમેશાં સાચી મનશનીથી વિચારવાની, સાચી ગવશનીથી બોલવાની, અને સાચી કુનશનીથી કામ કરવાની ફરજ છે. કોઇ કહે કે દુનિયાઇ ધંધામાં તો પેટને વાસ્તે હજાર જુઠું સાચું બોલવું જોઇએ, નહિ તો ધંધો કરી શકાયજ નહી. પણ જરતોશ્તી દીન કહેછે કે ના, એ રસ્તો ખોટો છે. જોકે ધંધોરોજગાર જરૂર કરવો તોપણ તેને લગતો વહેવાર સાચી દિયાનતે કરવો, અને પોતાના વાયદા, લેણદેણ, અને કબૂલાતો બરાબર બજા લાવવાં. બીજા બોલોમાં દરએક જણે એવી વર્તણુક રાખવી કે કોઇપી હકદારનો હક બરાબર રીતે અદા થાય. પોતાથી પૈસાદાર થઇ નહી શકાય તો ખેર,

પણ પોતાની આબરૂ અને આંટ જવા દેવાં નહી. વલી દરએક જણે પોતાના ધંધામાં મશગુલ રહેવા છતાં જુદા જુદા વખતોની અને જુદા જુદા અવસરોની પોતાની બીજી હરએક ફરજો બજાવવામાં અને દીનને લગતાં કામો સરંજામ પોંહચાડવામાં કાહેલી કે ગફલત કરવી નહી. યાને કેટલાં-એકોમાં જેમ જોવામાં આવેછે કે તેઓ રાત દીન દામની પૂઠે લાગતાં દીન અને દુનિયાને વીસારી મુકેછે તેમ કરવું નહી. વળી દરએક જણે પોતાના રોજગાર ધંધા તેમજ બીજો બધો કારોબાર એવી રીતે ચલાવવો અને દીન દુનિયાની ફરજો એવી રીતે બજાવવી કે જેથી દુનિયામાં અશોઇનો વધારો થઇ શકે, યાને નીતિ અને નેકી સાથે દુનિયાને આગલ વધવામાં મદદ થઇ પડે. બીજા બોલોમાં સ્વહિત સાથે સાર્વજનિક હિતનો વધારો થઇ શકતો હોય એવો ઉપયોગી માર્ગ પકડવો. (જુઓ યજશ્ને, હા ૧૯, ફ૦ ૧૭). હવે એ પ્રમાણે ત્યારેજ થાએ કે જયારે ઉપલા નિયમોને અનુસરીને ચાલવામાં આવે. માટે એ નિયમો ગોયા દરએક માણસે દુનિયા તરક નહી કરતાં દુનિયાદારીમાં સાધારણ રીતે કેમ વર્તવું તેની એક ટુક યાદી છે.

વળી એ નિયમો ઉપરથી કેટલાંએકો કે જેઓ રાત દીન સોનું રૂપું મેલવવાને માટે ઘાંચીના બેલની મીસાલે ઘાણીમાં જોડાયલાં રહેછે તેઓએબી બોધ મેલવવાનો છે. તેઓએ વિચારવું જોઇએ કે તેમની જીંદગી તે શી તરેહની છે? શું ખુદાતાલાએ આપણને ફકત પૈસા એકઠા કરવા માટેજ આ દુનિયામાં મોકલ્યાંછે? ના, જીંદગીમાં બીજુ ઘણું એક કરવાનું છે. પૈસા કરતાં તનદરૂસ્તીની કિમત વધારે છે. તન-દરૂસ્તી ઉપરાંત મનનો સુધારો કરતા રહેવાની જરૂર છે, અને દરએક જણનું આ દુનિયામાં સર્વોપરી કામ પોતાના

આત્માની પવિત્રાઇ વધારવાનું છે. જો સંસાર તર્ક કરવાથી આત્માનો સુધારો થતો હોય તો તે માનવામાં ભૂલ છે, અને એ મત જરતોસ્તી દીનનાં મતની વિરૂધ છે, તો જે ઇનસાન આ દુનિયામાં આવીને પોતાનો તમામ કીમતી વખત માત્ર સોનું રૂપું એકઠું કરવામાંજ ગુમાવે તેની તે રીતિબી કાંઇ મઆકુલ નથી. માટે જેમ એક હાથ ઉપર તમામ વખત ધંધા-રોજગારની હેંજગારીમાં નહિ ગુમાવવો, તેમજ વળી બીજા હાથ ઉપર ધંધોરોજગાર એક બાજુએ મુકીને બધો વખત શરીરના એશઆરામમાં, કે મનની મોજ મેલવવામાં, કે વેરાગીઓની મીસાલે માળા જપવામાં—કે ટુકમાં કોઇબી એકજ જાતની મશગુલીમાં નહિ ગુજારવો; પણ દરએક બાબતને જેટલી અગત્યતા ઘટે તેટલી આપીને જીંદગીના વખતનો એવી રીતે ઉપયોગ કરવો કે જેથી અંતને વખતે જ્યારે આ દુનિયા છોડીને જવા નીકલીએ ત્યારે એવો પસ્તાવો નહિ થાય કે શામાટે મેં ફલાણાં કામમાં કીમતી ઉમર ગુમાવી અને તેને બદલે જો ફલાણાં કામમાં હું રોકાતે તો કેવું સારૂં! પોતાનાં દીલ સાથે એવો પસ્તાવો નહિ થાય તે વિષે ખુબ ચોંપ રાખીને જીંદગીને લગતાં સઘળાં કામો કરવાં. હમેશાં યાદ રાખવું કે આપણા કિર્તારે હમેશ-ગીમાંથી વખતનો એક કકડો કાપીને આપણને ઉધાર ધીર્યોછે અને તે કકડાની દરએક પલનો આપણને અંતે હીસાબ આપવો છે. માટે એ વખતનો આપણે એવી લાયક રીતે ઉપયોગ કરી જઇએ કે જ્યારે આપણે તેનો હીસાબ તેના મીનોઇ માલેકને આપિયે તે વખતે આપણને પસ્તાવો કે શરમીંદગી હાંસેલ નહિ થાય. વળી યાદ રાખવું કે કિર્તારે આપણને જીંદગીનો કીમતી વખત બક્ષ્યોછે તે ફકત આપણા ઉપયોગને માટેજ નથી પણ આપ ઉપરાંત

પરઉપયોગને માટેખી આપેલાછે, અને એટલામાટે મથાળે-ના અવસ્તાઇ કલામા મુખ્તેસરમાં યાદ રાખવાલાયક છે કે દરએક જણે એવી રીતે જીંદગી ગુજારવી કે જેથી બેહુ જેહાનમાં અશો ઠરી શકાય. એ વિષે "ગોસ્તે ફરીઆન" અને "અખ્ત્ય" વચ્ચે થયલો નીચલો સવાલ જવાબ યાદ રાખવાજોગ છે.

"**સવાલ.**—ભર્યુંપુર્યું કોણ? અરધું ભર્યુંપુર્યું કોણ? અને તમામ ખાલી કોણ?

"**જવાબ.**—જે આદમી જીંદગીમાં બખ્તાવર અને શક્તિવાન ઉપરાંત ગુજરવા પછીખી બેહસ્તી થઇ શકે તે ભર્યુંપુર્યું. જે આદમી જીંદગીમાં મુફલેસી, દલદર, અથવા દુઃખમાં ભવ કહાડે પણ જો મુવા પછી બેહસ્તી થઇ શકે તો તે અરધું ભર્યુંપુર્યું. જે માણસ જીંદગીમાં મુફલેસ તથા દુઃખમાં ભવ કહાડેલું, અને મુવા પછીખી જેનો આત્મા દોજખી થાય, તે તો તમામ ખાલી."

દોહરા.

આ ભવનો ફેરો સફળ, કરે ભાગ્યવંત તે,
તન મન આત્મા હિત વિષે, રહે બહુ સાવધ જે.
વર્તમાનનો શુભ રીતે, કરતું જે ઉપયોગ,
ભલો ભવિષમાં તેહને, મલે સ્વર્ગનો જોગ.

સવાલો.—"જીંદગી સફલ કેમ કરવી" એ વિષેના અવસ્તાના કલામ અર્થ સહીત કહો. જીંદગી કેમ સફલ કરવી એ સવાલ ઊપરજુદા જુદા ધણીઓનાં શું શું મતો છે તે સમજાવો. સમભાવ એટલે શું? માજદયસ્નની જરતોસ્તી દીનનું જીંદગી ગુજારવા વિષે શું મત છે તે સમજાવો. ગાથા તથા અવસ્તા ઊપરથી માલુમ પડતી અશો જરતોસ્તે પસંદ કીધેલી જીંદગી

સફલ કરવાની રીતીઓ જણાવો. પેહેલા નિયમ ઊપર શરેહ કરો. બીજા નિયમ ઊપર શરેહ કરો. ત્રીજા ઊપર. ચોથા ઊપર. પાંચમા તથા છઠા ઊપર. એ છ નિયમોની ખુબીઓ શું શું છે તે બરાબર સમજાવો. એ નિયમોનો ગેરઊપયોગ કરવામાં કેટલું ખોટું છે તે સમજાવો. એ વિષે "ગોસ્તે ફરીઆન" અને "અખ્તિય" વચ્ચે શું સવાલ જવાબ થયો હતો તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૧ મો.

ઊમદા મકસદો રાખવી અને પાર પાડવી એમાં જીંદગીનું સાર્થક છે.

ૐ 𐬫𐬁 · 𐬀𐬴𐬁𐬝 · 𐬵𐬀𐬗𐬁 · 𐬘𐬬𐬁𐬨𐬀𐬵𐬍 ....

યા અષાત્ હચા જવામહી.

(ગાથા અહુનવઇતિ, હા તાવે-ઉર્વાંતા, ક૦ ૨).

અર્થ.

"(અશો જરતોસ્ત કહેછે) કે **અમે અશોઇથી જીવીએ.**"

ખાવું પીવું, એશ આરામ કરવો, વિદ્યા હુનરમાં પ્રવીણ થવું, પૈસા કમાવા, માન મરતબા મેળવવા, અને વાજબી કે ગેરવાજબી ઉપાયો લઇને એવી સઘળી ખાકી મકસદો પાર પાડવી—એને ઘણાંખરાં સાધારણ માણસો જીંદગીની નેમ અને સાર્થક હોય એવું સમજેછે. ખરૂં છે કે જ્યાંલગી વાજબી રસ્તે ચાલીને જો એ ખાકી ન્યામતો કોઇ મેળવે તો તેમાં તે કશી તકસીર કરતું નથી, તોપણ યાદ રાખવું કે કિર્તારે ઇનસાન જેવી ઉંચી પેદાયશને ફકત એવી ઉતરતી બાબતોની પુઠ પકડી રહીને જીંદગી તેમાંજ આખેર કરવા

પેદા કીધું નથી. તે સાહેબે તેને એ સિવાય બીજી કાંઇ વધારે ચહડતી અને ઉમદા મકસદો રાખવા અને પાર પાડવા પેદા કીધું છે. માટે દરએક જણે હમેશાં ઉંચી નેમો ધ્યાનમાં રાખીને તે નેમો પાર પાડવાની કોશેશમાં મચ્યાં રેહવું. જે માણસ એ રીતે જીંદગી ગુજારે તેજ ઉપલા મથાળે ટાંકેલા પાક ગાથાઇ કલામ મુજબ ચાલનાર અને અશો જરતોશ્તને બરાબર અનુસરનાર કેહવાય. એ કલામમાં જીંદગી ફકત સંસારી મોજમજાહ અને ચોલબોલમાં નહી પણ અશોઇમાં યાને ભલા વિચાર, ભલી વાણી, અને ભલાં કામમાં ગુજારવા જણાવ્યું છે.

હવે જો ઉમદા મકસદો ધ્યાનમાં રાખીને તેઓને પાર પાડવામાંજ જીંદગીનું સાર્થક છે તો તે નેમો કેવી હોય તેનો કાંઇએક ખ્યાલ આપવા સારૂ નમુના તરીકે અશો જરતોશ્તના પેહલા ગાથા "અહુનવઇતિ"ના પેહલા હા "અહુનવઇતિ" માંથીજ થોડાએક કલામો આપણે જોઇ જઇએ.

યાસા......વહુહેઉષ્ ખ્રતૂમ્ મનહ્હો, યા ક્ષ્નેવીષા ગેઉષ્ચા ઉર્વાનેમ્. (ક૦ ૧).

"હું માગું છું......ભલી મનશનીની અકલ, કે હું રાજી કરૂં ભલી જીવતી આલમના આત્માને."

યે વાઓ મજ્દા અહુરા પઇરીજસાઇ વોહૂમનહ્હા.(ક૦૨).

"કે મારાં રવાનને અશોઇવાલું કરૂં ભલી મનશનીએ."

અષા કત્ થ્વા દરેસાની મનસ્ચા વોહૂ વેદેમનો. (ક૦ ૫).

"અશોઇથી કયારે હું તું (અહુરમજ્દ) ને જોઉં, ભલી મનશનીને જાણતો થઇને?"

યા દઇબિષ્વતો દ્વૂષાઓ તઉર્વયામા. (ક૦ ૬).

"કે આજાર દેનારના આજારોને અમે તોડીએ."

અનાઇષ્ વાઓ નોઇત્ અહુરા મજ્દા અષેમ્ચા ચાનાઇષ્ જરનેમા. (ફ૦ ૯).

" આ (ફરેબ દેનારાંઓની ગમે તેવી) બક્ષેશો છતાં, ઓ અહુરમજ્દ! અમે તમોને અને અશોઇને આજુરદા નહિ કરીએ."

જુઓ કે આ પાક કલામો અશો જરતોસ્તની કેવી કીસમની ઉમદા નેમો અને આતુર ઇચ્છાઓ જાહેર કરેછે! એઓની મકસદો કેવી ઉંચી અને ઉમદા છે! અશો જરતોસ્તના પાંચ ગાથામાંથી એવી એવી બીજી કેટલીએક તે સાહેબની ઉમદા મકસદોનો પતો મલેછે જે ઉપરથી એવું અનુમાન નીકલેછે કે માણસની જીંદગીનું પુરૂં સાર્થક ત્યારેજ થાય કે તે તેને ઉમદા નેમો પાર પાડવામાં ગુજારે.

એક જરદાર કે સત્તાદાર જો ઉંચી નેમો અખતીઆર કરે અને તે પાર પાડવામાં કોશેશ કરે તો તેને પોતાનાં જરથી અથવા સત્તાથી જેટલી મદદ થઇ પડે તેટલી એક નિર્ધન અથવા સત્તા રહિત માણસને તેમ કરવા માટે સેહલાઇ થઇ પડતી નથી. તોપણ જો તેબી તે માટે પોતાથી બનતી કોશેશ કરે તો તેનેબી સંતોષ મલેછે કે તેણે પોતાની જીંદગીનો ભલો ઉપયોગ કીધો.

જીંદગીનું પુરૂં સાર્થક મેલવવા માટે ઉંચી મકસદોનો તથા બુલંદ કારકીરદીનાં ઇનસાનોનો નમુનો મનની ચશમો આગળ રાખવો, અને તે મકસદો બરાબર પાર પાડવામાં ચાલુ કોશેશ કરતાં રેહવું, એ બે જરૂરનાં સાધનો છે અને એ બંનેનો પુરેપુરો ઉપયોગ કરવો જોઇયે.

ઉંચી નેમો અને ઉંચા નમુના નજર આગળ રાખવા છતાં તેઓને પાર પાડવામાં કોશેશ નહિ કરવી તે જેમ નકામું છે તેમજ કોશેશ પુરતી છતાં તે જો ઉમદા નેમો પાર

પાડવામાં નહિ પણ ઉતરતી અથવા હલકી મકસદોની પુઠે કામે લગાડી હોય તો તેથી વખાણવાજોગ નથી. ઉમદા નેમો કોશીશ વગર જેમ હવાઇ ખ્યાલો તરીકે નિરૂપયોગી થાયછે તેમજ ઉતરતી અથવા હલકી નેમો પછવાડે ખરચેલી આતુરતાભરેલી કોશીશથી ગધેડાંની ઉપર સોનેરી જીન બાંધવા સરખું થાયછે. ઉમદા નેમો રાખવા છતાં તેઓને પાર પાડવાની કોશીશ નહિ કરનાર પોતાને નબલું સાબેત કરેછે. તે જેમ વિચારેછે અને બોલેછે તેમ ચાલતું નથી. તે ગોયા એક સ્વપ્નો જુએછે અથવા એક ખોટો ફાકો માત્ર રાખેછે. બીજા હાથ ઉપર ઉતરતી અથવા હલકી બાબતોમાં ઘણી કોશીશ ખરચી નાખનાર પોતાને અવિચારી સાબેત કરેછે. જોકે તેને કદાચ કોઇ આગલાંને જેટલું હવાઇ કીલ્લા બાંધનારૂં નહિ ગણે, તોપણ એ બંને સાધનો— ઉંચી નેમો અને ઉલટભરેલી કોશીશ—એકબીજાંથી છુટાં પડે તો જીંદગીનું પુરૂં સાર્થક થતું નથી. માટે એ બંધેને એકસરખી રીતે સાથે કામે લગાડવાં જોઇયે.

હવે દરએક માણસ પોતાની જીંદગીમાં કેટલીએક નેમો પાર પાડવાની ઉમેદ રાખેછે. તેઓમાં ચહડતી કઇ અને ઉતરતી કઇ તેનું માપ તે પોતાનાં ગ્નાનની રોશની પ્રમાણે કરેછે. જ્યાંલગી તે પોતાને જણાતી ઉમદા નેમો પાર પાડેછે ત્યાંલગી તેને પોતે પોતાને ઠપકો દેવાનું કારણ રહેતું નથી. તોપણ દરએક જણે યાદ રાખવું કે માણસજાતની ઉમદા નેમો કઇ કહેવાય તે વિષે ખંતથી પોતાની વાકેફી વધારવાની તેની ફરજ છે. જેમ જેમ એ બાબતમાં તે વધારે વાકેફી મેલવશે અને વિચાર કરશે તેમ તેમ તેને એકથી એક ચહડતી ઉમદા નેમો માલુમ પડતી જશે, અને જેમ જેમ તે તેઓને બજા લાવવામાં ફતેહ

પામતું જશે તેમ તેમ તેને સંતોષનું પરમ સુખ હાંસેલ થતું જશે.

સંસારી માણસોને પોતાનાં દુનિયાઇ કામકાજોમાં રોકાવા માટે જીંદગીનો ઘણો વખત આપવો પડેછે, અને કેટલાંએકોને તો ઉમદા શું છે અને કનિષ્ટ શું છે તે ઉપર પુરતો વિચાર કરવાનેબી વખત મલતો નથી એ ખરૂં છે તોપણ એ બાબત એટલી તો અગત્યની છે કે તેનો વિચાર કરવા માટે અગર દરરોજ નહિ તો અઠવાડિયે કે પખવાડિયે કે મહિનેબી થોડો વખત છુટો પાડી રાખવાની જરૂર છે, અને એ કારણસર તેહવારો અને છુટીના દિવસો ઘણા બંધબેસતા વખતો છે. ખાસોઆમ લોક તેહવાર અને છુટીના દિવસોને ભક્તિ, આસાયશ, અથવા મોજમજાહને માટે છુટા પાડેલા દિવસો ગણેછે તે બરાબર છે તોપણ તે દિવસોનો કેટલોએક વખત જો ઉપલી રીતે ઉમદા મતલબોનો વિચાર કરવા ઉપર ગુજાર્યો હોય તો તેથી બેશક ઘણો ફાયદો થયા વિના રહે નહિ.

જો કોઇ કહે કે ઉમદા નેમો શાને શાને કહેવી તો તેનો જવાબ એ છે કે તેઓની સંખ્યા બેશુમાર છે, અને તે છતાં તેઓનાં થોડાંએક નામોની વટિક ટીપ ઉપજાવી શકાતી નથી. આ દુનિયામાં આપણી આસપાસ ખરાબીઓ એટલીબધી છે કે આપણે તેઓને ટાળવાની નેમ હમેશાં રાખીએ તો આપણી જીંદગી ખપી જાય તોપણ આપણે તેઓનો નીકાલો આવેલો જોઇ શકીએ નહિ, તેમજ વળી આપણી આસપાસ ઘણીએક ચીજો અને બાબતો એવી છે કે તેઓને આપણે જો ચહડતી હાલતમાં લાવવા માંગીએ તો તેઓનોબી નીકાલો આવે નહિ. એમ છે માટે ઉમદા નેમો વિષે એટલુંજ યાદ રાખવું

કે તે કાંઇ કોઇની કહેલી અથવા સમજાવેલી જાણી શકાતી નથી પણ તે દરએક જણને પોતાનાં દરરોજનાં કામકાજમાં અને બીજાંઓ સાથની વર્તણુકમાં એક પછી એક આપોઆપ સુઝ પડતી જાયછે. કેટલીએક ઉમદા નેમો એવી હોયછે કે તેવી માત્ર એકાદ નેમ પાર પાડવામાંજ એક માણસ જો તેના પુંઠે લાગી રહે તો તેની આખી જીંદગી ખપી જાય. યુરોપખંડમાં કેદખાને પડેલા બંદીવાનોની હાલત ઘણી સખ્તીભરેલી હતી. તેઓનો તેમાંથી છુટકારો કરવાની એકજ ઉમદા નેમ પછવાડે પરોપકારી હાવર્ડની આખી જીંદગી ખપી ગઇ. હિંદુ ધર્મના સુધારાની શરૂઆત કરવા માટે બ્રહ્મોસમાજ સ્થાપીને ચલાવવામાં રાજા રામમોહનરાયની આખી જીંદગી ખપી ગઇ. પોતાના હમદીનોની તથા સ્વદેશીઓની અનેક હાજતો ટાલવાને માટે હજારો રૂપિયાની સખાવતો અને તેઓની લાયક વ્યવસ્થા કરવામાં પેહલા સર જમશેદજી જીજીભાઇ બૅરોનેટે પોતાની જીંદગી ગુજારી. હિંદુસ્થાન દેશ ગરીબીમાં આવી ગયોછે, તેનો કાંઇબી ઉપાય જો ઇંગ્લાંડની પારલામેન્ટમાં એ વિષેની ચુનોચેરા થાય તોજ થઇ શકે એવી એક ઉમદા મકસદથી કાંઇએક વર્ષો લગી પ્રોફેસર દાદાભાઇ નવરોજજી એમ. પી. એ પોતાની કોશિશો ચાલુ રાખીછે જેનો જીવતો દાખલો આપણી આગલ મોજુદ છે. એવા બીજા અનેક દાખલા તવારીખોમાંથી અને આપણી આસપાસ બનતા બનાવોમાંથી મળી શકેછે. અલબત્તે એવી એવી જાહેર જીંદગીને લગતી ઉમદા મકસદો પાર પાડવાના દાખલા કાંઇ ઘણા નહિ હોય. તોપણ યાદ રાખવું કે દુનિયામાં એકેએક માણસને પોતાની ખાનગી કે જાહેર જીંદગીમાં કાંઇ નહિ ને કાંઇ, આ કે પેલી, ઉમદા નેમો

રાખીને તે પાર પાડવાના સંજોગો હમેશાં મળેછે તે જો તે ચાહે તો પાર પાડીને પોતાની જીંદગીનું સંપૂર્ણ સાર્થક કરી શકે.

બેતો.

મકસદો ઉમદા હમેશાં જીંદગીમાં રાખજો,
પાર પાડી યત્નથી સંતોષ શરબત ચાખજો.

સવાલો.—ઊમદા મકસદો રાખવી અને પાર પાડવી એમાં જીંદગીનું પુરૂં સાર્થક છે એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. માણસ આ દુનિયામાં ખાકી મકસદોજ પાર પાડવા માટે જનમ્યું છે કે કેમ તે સમજાવો. ઊમદા મકસદો પાર પાડવામાં કેવી નેમો હોવી જોઇએ તે ગાથાના કલામો બોલીને સમજાવો. શું ફકત પૈસા કે સત્તાથીજ ઊમદા મકસદો પાર પડે? એ વિષેનાં બે મુખ્ય સાધનો કયાં? ઊમદા નેમો રાખવા છતાં તેઓને પાર નહી પાડવી અને ઊતરતી બાબતોમાં કોશેશ કરીને તેઓને પારપાડવી એ કેવું છે તેનું વિવેચન કરો. ઊમદા નેમો કેમ માલુમ પડે? તેઓને માટે વિચાર કેમ અને કયારે સારાપેઠે થઇ શકે તે સમજાવો. ઊમદા નેમો શાને કહેવી તે દાખલા સાથે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા કહી સમજાવો.

પાઠ ૪૨ મો.

સ્વસુધારાની સૂચનાઓ—તન સુધારો.

..... [illegible]

[illegible]

[illegible]

અઓતા ગેઉષાઇશ્ વહિશ્તા .....

આવરેનાઓ વીચિથઆ નરેમ્ નરેમ્ ખખ્યાઇ તનુયે.

(ગાથા અહુનવઇતિ, હા 'અત્ તાવક્ષ્યા,' ક૦ ૨).

અ ર્થ.

"સાંભળો કાનથી ઉત્તમ વાતો .....

દરએક જણ પોતપોતા માટે અખત્યાર કરવાની ખાહેશ રાખનાર થઈને."

ઇનસાન આ દુનિયામાં તેને ફાયદાકારક તેમજ તેને નુકસાનકારક વસ્તુઓની અને બાબતોની અસરો અને હરીફાઇઓ વચે મુકાયલું છે, માટે તેણે પોતાને માટે સારૂં શું અને નરસું શું તે વિવેકથી ચુંટી કહાડીને પોતે પોતાનો સુધારો હમેશ કરતાં રહેવું, એમ ઉપલા ગાથાઇ કલામમાં પેગમબર સાહેબ અશો જરતોશ્તે કીધેલી તાકીદ ઉપરથી સિદ્ધ થાયછે.

અવસ્તાનાં લખાણોમાં ઇનસાનને મુખ્યત્વે શારીરિક યાને દેખાઇતા ખાકી અને આત્મિક યાને અણદીઠ મીનોઇ એવા બે કીસમના ભાગોના સંયોગથી બનેલું જણાવ્યું છે. એથી કરીને દરએક જણનો સ્વસુધારો આપણે પ્રથમ બે ભાગમાં વેંહચીશું—શારીરિક અથવા ખાકી તનનો સુધારો, અને આત્મિક અથવા મીનોઇ ભાગોનો સુધારો. આત્મિક અથવા મીનોઇને લગતા સુધારાને વળી બે વિભાગોમાં વેંહચીશું—મન સુધારો અને રવાન સુધારો.

સ્વસુધારા મધ્યે ઇનસાનનો શારીરિક સુધારો તેનાં તનને લગતો છે. ગાથામાં અને અવસ્તામાં તન સુધારાના અનેક કલામો મળી આવેછે. અહુનવઇતિ ગાથાના છઠા હા

"વાંચ્યોહના" માં (ફ૦ ૧૦) કહેછે કે **"શરીરને** ભલા વિચારે, ઉત્તમ અશોઇએ, અને કુવતે **ખીલાવ."** હોમ યશ્તમાં (યજશ્ને, હા ૯, ફ૦ ૧૯) કહેછે કે "માંગું છું.... દરૂસ્તી આ તનની." એ વગેરે બીજા અવસ્તાના એજ મતલબના અનેક પાક કલામો છે.

સેહેજ વિચાર કરતાં તન સુધારાની અનેક ખુબીઓ માલુમ પડી આવેછે. આધાર વિના આધેય નહિ રહે એ જગતનો એક કાયદો છે. જેમકે પાયા વિના ઘર ટકી નહિ રહે, જડ વિના ઝાડ નહિ ઉગે, બડવાં અથવા ચણીઆરાં વિના બારણાંબારી ઉઘાડબંધ કરતાં ફરી નહિ શકે. ટુકમાં આ જગતમાં જેબી વસ્તુ કાયમ છે તે પોતામાં આ દાખલાઓ પ્રમાણે એકાદ ભાગ તેના મૂલ પાયા તરીકે ધરાવેછે જે ભાગ તેની અંદર ગમેતેવો ઉતરતી પંકતીનો જણાય તોપણ તે આખી ચીજ તેની આધેય અને તે ભાગ તેનો આધાર હોયછે. એજ પ્રમાણે માણસનાં મન તથા આત્માની શક્તિઓને ઠરવાનો તથા મજબૂત રેહેવાનો આધાર તેનાં તનની દરૂસ્તી ઉપર છે. માટે સ્વસુધારો કરનારે પોતાનાં તનની દરૂસ્તી રાખવાની પહેલી જરૂર છે.

ઘણાંએક માણસો, તેમાં ઘણું કરીને અભ્યાસીઓ, તનદરૂસ્તી જાળવતાં નથી તેથી તેઓને મોડવહેલે ઘણું નુકસાન ખમવું પડેછે. અભ્યાસીઓ તેમજ લખનારા વગેરે હાલચાલ કમ થાય એવા ધંધાવાલાઓ જો તનદરૂસ્તીની સંભાલ રાખતા નથી તો મોડે કે વહેલે તેઓ મનની ચંચલાઇબી ખોહી બેસેછે. તન જે છે તે આત્માનું ઓજાર છે. કોઇબી કીસબી કારીગર પોતાનાં ઓજારોને બિગડવા નહિ દે. એમ છે માટે દરએક જણે પોતાની તનદરૂસ્તીની સંભાલ અને સુધારાને પોતાની એક અગત્યની ફરજ ગણીને તે બજાવતાં રેહવું.

કુદરતના કાયદા તનદરૂસ્તીની જાળવણી માંગેછે. જે કોઇ તે કાયદા તોડેછે તેને તેની સજા અચુક થયા વિના રેહતી નથી.

તનદરૂસ્તીની બેપરવાઇથી નબળાઇ આવેછે. નબળું માણસ જીંદગીની શરતમાં ઘણું કરીને પછાત પડેછે. એકબારગી તે કોઇ કારણથી બીજાંઓ ઉપર બોજા જેવું નહીંબી થતું હોય તોપણ આટલું તો ખરૂં છે કે એક તનદરૂસ્ત ઇનસાનના પેહલા દેખાવથી બીજાંઓનાં મન ઉપર જેવી સારી અસર થાયછે તેવી નબળાં શરીરવાળાંના દેખાવથી થઇ શકતી નથી.

શરીરના દરએક અવયવે નિયમસર અને પ્રમાણ મુજબ પોતાનું કામ કરતા રેહવું એમાંજ તનદરૂસ્તી સમાયલીછે. કોઇબી અવયવનું લાંબો વખત સુસ્ત પડી રેહવું તેનું મોત અને તનદરૂસ્તીમાં ખલલ લાવેછે. નિયમસરનું સઘળા અવયવોનું કામ તથા તે દરએક અવયવનું ખીલવું અને મજબૂત રેહવું તેને મલતી યોગ્ય કસરતને આધારે છે. માટે યોગ્ય કસરત તનદરૂસ્તી જાળવવા સારૂ જરૂરની છે. વળી શરીરવિદ્યા શીખાડેછે કે લોહીનાં બરાબર ફરવાથી તનદરૂસ્તી મલેછે. હવે લોહીનું બરાબર ફરવું બેસી રહીને વાંચવાલખવાથી કમ થાયછે પણ હીલચાલ અને કામકાજ તથા યોગ્ય કસરતથી સારી રીતે થાયછે. માટે કામ અને કસરતની બેપરવાઇ કરવી નહિ. બેસીને વાંચવા કરતાં ઉભું રહીને વાંચવું સારૂ છે. કેમકે તેથી છાતી દબાતી નથી અને પીઠ વાંકી વલતી નથી. દીવા તરફ પીઠ કરીને વાંચવાથી આંખને નુકસાન ઓછું થાયછે. સંભલાએ તેમ વાંચવાથી ફેફસાંને ઠીક કસરત મલેછે. ખુલ્લા દિવસોમાં ખુલ્લી હવામાં વાંચવું સારૂં છે. બલકે અભ્યાસીએ તો દરરોજ કમમાં કમ બે કલાક ખુલ્લી હવામાં અને બને તો

ઝાડોની ગટામાં ફરવાની જરૂર છે. એ સિવાય તનની કસરતના અનેક ફાયદા છે. કસરતો અનેક પ્રકારની છે તે વિષે આગલ આ જરતોશ્તી ધર્મનીતિના અંક ત્રીજાના ૧૭ મા પાઠમાં એ વિષે વધારે વિવેચન થઇ ચુકું છે તે દરએક જણે પોતાથી બને તેમ અમલમાં લાવવાને ચુકવું નહી.

તનદરૂસ્તીનો નાશ કરનારા શત્રુઓ એક એકથી ઉલટી કીસમના છે. એક હાથ ઉપર ભુખમરો અને પ્યાસમરો, કે જે અવસ્તાની ઇબારતમાં "ષુધ્" અને "તર્ષ્ન" નામની દરૂજો છે, તેઓ તનને જોઇતાં લાયક ખાણાં અને પીણાંની ગેરહાજરીથી તેની દરૂસ્તીનો બીગાડ કરેછે. બીજા હાથ ઉપર એશઆરામપણું, કેફી વ્યસનો અને છાકટપણુંબી તેની ઘણી ખરાબી કરેછે. વળી ખરાબ હવા, ખરાબ પાણી, અને ખરાબ ખોરાક થોડાં નુકસાનકારક નથી. કેટલાંએકો ખાણાંને બરાબર ચાવ્યા વિના ગલી જાયછે તેબી તનદરૂસ્તીના હકમાં સારૂં નથી. એ ઉપરાંત બેઅંદાજે ગમગીની, દિલગીરી, ફિકર, ગુસ્સો, રીસ, બીજવાટ, ચીડ, અને એવાજ બીજા ખરાબ મનોવિકારોબી તનદરૂસ્તીનો નાશ કરેછે. ઉજાગરો તનદરૂસ્તીનો મોહટો દુશમન છે. ગંદાપણું અને નાહવાની કાહેલી તનદરૂસ્તીનો નાશ કરેછે. એ વગેરે તનદરૂસ્તીનો બીગાડો બીજા અનેક સબબોથી થાયછે. તે સર્વે બાબતોનું ગ્નાન મેલવીને તન સુધારો હમેશાં કરતાં રેહવું એ સ્વસુધારાનો પેહલો ભાગ છે.

રોળાવૃત્ત.

સ્વસુધારો સહુ કરો, સુધારો તન મન ધનનો,
વળિ આત્માનો કરો, સુધારો કરો વર્તનનો.
શરીર સુધારા કાજ, મિતાહારી થઇ ચાલો,
કસરત નિયમિત કરો, અંગનું આળસ ટાળો.

નિર્મળ જળ પી હવા, સ્વચ્છ તે દમમાં લેજો,
સુઘડ રહી ઘરબાર, સફાઇ પર દિલ દેજો.
મનોવિકારો કુડા, છોડી સદ્‌વર્તન ધરજો,
શરીર રોગથી રહિત, રાખિ ઇશ્વરથી ડરજો.

સવાલો.—સ્વસુધારા વિષેનો ગાથાઇ કલામ અર્થ સહીત કહો. એ કલામની સમજાણ આપો. ઇનસાનનો સ્વસુધારો કેટલા ભાગોમાં વેંહચી શકાય તે સમજાવો. તન સુધારા વિષે ગાથા તથા અવસ્તાની શહાદતો આપો. તન સુધારાની અગત્ય કેમ છે તે બે રીતે સમજાવો. કુદરતના કાયદા મુજબ તનદરૂસ્તીની જાલવણીની જરૂર સમજાવો. તનદરૂસ્તીની બેપરવાઇનો સંસારી ગેરફાયદો સમજાવો. તનદરૂસ્તી જાલવવા માટે કસરતની તથા બીજી સંભાલોની અગત્યતા સમજાવો. તનદરૂસ્તીનો નાશ કરનારા શત્રુઓ કોણ કોણ છે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૩ મો.

સ્વસુધારાની સૂચનાઓ—મનસુધારો.

ભાગ ૧ લો.

............[illegible]......

.....[illegible]

...... યાસા ....

વઙ્‌હેઉશ્‌ ખ્રતૂમ્‌ મનઙ્‌હો ......

(ગાથા અહુનવઇતિ, હા "અહ્યાયાસા," ક૦ ૧).

અર્થ.

"માંગુ છું.....**ભલી મનશનીની અકલ.**"

[illegible]

[illegible]

[illegible]

દાયાઓ મે ..... મસ્તીમ્, સ્પાનો, ક્ષ્વિવ્રેમ્ હિઝ્વાંમ્, ઉરૂને ઉષિ, ખ્રતૂમ્ પસ્યઅઁત મસિતેમ્ મઝ્ઓતેમ્ અપઇરિ-આથ્રેમ્.

(આતશ ન્યાયશ, યજશને, હા ૬૨, ફ૦ ૪.)

અર્થ.

"આપ મને.....**ઊંડું વિચારવું; બુદ્ધિની ખીલવણી,** ચપળ જુબાન; **રવાનની હુશિયારી;** જોતાં ચેતી જનારી, **મોહટી છતાં મોહટી થત રહે એવી, (અને) બિગાડ વગરની અકલ.**"

આગળા પાઠમાં આપણા માંનોઇ સુધારાને આપણે મન સુધારો અને રવાનનો સુધારો એવા બે વિભાગોમાં વેંહચ્યો-છે. તે મધેથી મન સુધારો અત્રે શરૂ કરીએ છીએ.

મન સુધારા વિષે અવસ્તામાં અનેક ઠેકાણે બોલાયલું મળી આવેછે જે મધેથી આ પાઠને મથાળે બે કલામો ટાંકયા-છે. એ મધેનો પેહલો કલામ અશો જરતોશ્તના પાંચ ગાથા માંહેલા પેહલા ગાથા અહુનવદ્દતિના પેહલા હા "અહ્યાયાસા"ના પેહલા શ્લોકમાં માંગેલી દુઆમાં આવેલાછે.

એ પાક કલામ ઉપરથી જણાયછે કે તે સાહેબે સહુથી પેહલી બક્ષેશ ભલી મનશનીની અકલની માંગીછે. એ ઉપરથી તે સાહેબ કેવા ઉંચ્યા ખવાસના હોવા જોઇયે તે ખુલ્લી રીતે જણાયછે. કેમકે આ જીંદગીને લગતી સઘળી ચીજોમાં ભલી મનશની સાથની અકલ માણસને માટે પેહલી પંક્તિની દોલત છે. અકલ અથવા મનશક્તિ બીજી તમામ શક્તિઓ ઉપર સરસાઇ ધરાવેછે તે વિષે સઘળાં ઇનસાનો એકમત છે. અનેક મજાઓમાં અકલ સહુથી શ્રેષ્ઠ હોવા વિષે અનેક કેહેવતો અને કવિતાઓ મશહુર છે. સંસ્કૃતમાં કહેવત છે કે "મતિ બલ કરતાં વધારે મોહટી છે." ઇંગ્રેજીમાં કહેવત છે કે "ડહાપણ દોલતની ઉપર છે." ફારસીમાં શેખ સાદી કહેછે કે "બુજરગી અકલથી છે, નહી કે ઉમરથી." આગળ આ જરતોસ્તી ધર્મનીતિની પાઠમાળાના ચોથા અંકના ત્રીજા પાઠમાં અકલનો દરજજો જરતોસ્તી દીનમાં કેટલો બુલંદ ગણેલોછે તે વિષે જરતોસ્તી કેતાબોમાંથી કેટલાંએક લખાણો ટાંકી બતાવ્યાછે. હવે અકલનો તાલુકો મન સાથે છે તે ઉપરથી ખુલ્લું છે કે પોતાનાં મનનો સુધારો કરતાં રેહેવું એ દરએક જણની એક ખાસ ફરજ છે. ઉપર ટાંકેલા બીજા અવસ્તાના કલામો આતશ ન્યાયશ મયેના છે જેમાં મનને લગતી કેટલીએક શક્તિઓ તેઓની ઉંચી હાલતમાં મેળવવાની પ્રાર્થના છે. એ ઉપરથીબી ખુલ્લું જણાયછે કે અવસ્તામાં મન સુધારાને ઘણી અગત્યતા આપીછે.

મનનો સુધારો અકલ અથવા ગ્નાન મેળવતાં રેહેવાથી થાયછે.

અવસ્તામાં અકલ અથવા ગ્નાન બે કીસમનાં કહ્યાંછે. એક "આસ્ન ખ્રતુ" (પાજંદ "આસ્નાદે ખેરદ") એટલે કુદરતી અકલ. જેને આપણે સાધારણ રીતે જાતી

જ્ઞાન અથવા જાતી બુદ્ધિ કરી કહીયે છીયે. બીજી "ગોષો-સ્રૂત સ્રુતુ" (પાજંદ "ગોષો-સ્રૂદ એરદ") એટલે કાણે સાંભળેલી અથવા હરએક પ્રકારે શીખેલી અકલ, જેને આપણે સાધારણ રીતે મેળવેલું જ્ઞાન અથવા કેળવણી કરી કહીએ છીએ.

અકલ અથવા જ્ઞાન મેલવવાનાં સાધનો બે કીસમનાં છે. એક કીસમનાં કુદરતે આપેલી તન તથા મનની ઇંદ્રિઓ છે અને બીજી કીસમનાં તેઓની મદદને માટે હુનરથી ઉમેરાતાં સાધનો છે. કુદરતે આપેલાં સાધનો જેવાં કે લાગવાની, જોવાની, સાંભળવાની, ચાખવાની, અને સુંઘવાની ઇંદ્રિઓ, વિચાર, તર્ક, વિવેચન, યાદદાસ્ત, વગેરે. હુનરથી ઉમેરાતાં સાધનો જેવાંકે ચોપડીઓ, દૂરબીન, બારીકબીન; રસાયન પ્રયોગ, વિજળી પ્રયોગ, ઇત્યાદિ કરવાનાં વિદ્યાને લગતાં યંત્રો, વગેરે.

પેહલી કીસમનાં સાધનો મુખ્ય અને જરૂરનાં છે, કેમકે એઓમાંની કોઇ શક્તિ અથવા શક્તિઓની ગેરહાજરીથી અથવા કમજોરીથી ઘણી અગવડ થઇ પડેછે. એ શક્તિઓનો સુધારો ખરૂં અવલોકન, ખરા અનુભવ, ખરા વિચારો, ખરી યાદદાસ્ત, અને ખરૂં વિવેચન, એ સઘળાંને ડહાપણથી અમલમાં લાવવાએ કરી થાયછે.

બીજી કીસમનાં યાને બાહેરનાં સાધનોથી મેલવાતું જ્ઞાન—જેવું કે સાંભળેલું, ઉસ્તાદથી શીખેલું, અને આજના જમાનામાં ઘણે દરજ્જે કીતાબો, યંત્રો, વગેરેથી મેલવાતું જ્ઞાન—મન સુધારાને માટે ઘણું મદદગાર થઇ પડેછે. જોકે તન મનની કુદરતી શક્તિઓ જ્ઞાન મેલવવા માટે મુખ્ય જરૂરની છે ખરી તોપણ તેઓનું બલ હુનરથી મલતાં સાધનોની મદદથી ઘણું વધી શકેછે. જાતી અનુભવે મેલવાતું જ્ઞાન જો કુદરતે બક્ષેલી આંખોથી જોવા જેવું છે તો શીખી ભણીને, વાંચી

બ્બીને, અને એવીજ બીજી દરએક હુનરની મદદ મેલવાનું જ્ઞાન દૂરબીનથી કે બારીકબીનથી જોવા જેવું છે.

દૂરબીનનો અને બારીકબીનનો ફાયદો જોકે ઘણો છે તોપણ આંખ વાપડવા વિના તે મલતો નથી તેમજ કેળવણી અથવા અભ્યાસથી મલતી અકલનો ફાયદો જાતી અકલ નહિ ધરાવનાર અથવા નહિ વાપડનારને જોઇએ તેટલો મલતો નથી. માટે જાતી અકલનો સુધારો ખસુસન કરતાં રહેવું. ફારસીમાં એક કહેવત છે કે "જો એક મણ એલમ તો દશ મણ જાતી અકલ જોઇએ." ગુજરાતીમાં કહીએ છીએ કે "ભણેઆ પણ ગણેઆ નહિ તે શા કામના?" શીખેલા પણ બિનઅનુભવી ઘણી વખતે નિષ્ફળતા પામેછે. માટે હરએક બાબતનો **જાતી અનુભવ** વધારતાં રહેવું. કોઇબી પદાર્થ વિષેનું જ્ઞાન જાતી અનુભવથી જેવું સંપૂર્ણ મળે તેવું ફકત ચોપડીમાં વાંચવાથી મલતું નથી. ચોપડી મનને ખોરાક પૂરો પાડેછે. પણ જાતી અકલ અને અનુભવ જો તેને ચાવીને હજમ કરેછે તોજ તેનો ફાયદો મલેછે.

ઉપર મન સુધારાની એક મુખ્ય રીત **ખરાં અવલોકનની** જણાવીછે માટે તે હમેશાં કરવાની ઘણી ચોંપ રાખવી. કુદરતને લગતી વિદ્યાઓની બાબતો, જેવી કે ખનિજવિદ્યા, વનસ્પતિવિદ્યા, પ્રાણીવિદ્યા, ભૂસ્તરવિદ્યા, રસાયનશાસ્ત્ર, બાંધકામની વિદ્યા, ચિત્રકલા, અને બીજી એવીજ વિદ્યાઓ અને હુનરોની બાબતો, ફકત ચોપડીમાં વાંચવાથી પૂરેપૂરી શીખી શકાતી નથી. તેઓ આંખ, કાંણ, વગેરે ઇંદ્રિઓનાં ખરાં અવલોકનથીજ સંપૂર્ણ રીતે સમજી શકાયછે. જણસ્વભાવબી ચોપડીઓ વાંચવા ઉપરાંત બારીક અવલોકન કરતાં રહેવાથીજ સારી રીતે સમજી શકાયછે. એ પ્રમાણે બીજી અનેક બાબતો છે કે જેઓનું ખરૂં જ્ઞાન

ખરાં અને બારીક અવલોકનથીજ મલેછે. માટે ખરૂં અવલોકન કરવાની આદત હમેશાં રાખવી.

જ્ઞાનની રચના અથવા ગોઠવણ મનમાં બરાબર કરી રાખવાની આદતબી ઘણી ઉપયોગી છે. આપણી આસ-પાસ દુનિયા બોહલી પડેલીછે તેમાંથી આપણને બેશુમાર બાબતોનું જ્ઞાન મલેછે. તે બધું જાતજાતનું જ્ઞાન જો બરાબર ગોઠવેલું ન હોય તો કામ પડે ત્યારે બહુ અગવડ-ભરેલું લાગે. મનમાં જ્ઞાનની રચના નહી રાખવી તે ઘરમાં રાચરચીલાંનો ઢગલો રાખી મુકી કામ પડે ત્યારે શોધાશોધ કરવા પડીએ તેવું છે. માટે જ્ઞાનને ચોકસ કુદરતી વર્ગો અને ઉપવર્ગોમાં રચી ગોઠવીને યાદ રાખવાની આદત પાડવી. એથી આપણી જ્ઞાનશક્તિ, વિવેચન શક્તિ, અને યાદદાશ્તને સારી કસરત મલવા સાથે ઘણા ઉપયોગી ફાયદા થાયછે. તમામ ચીજો, ગુણો, નીતિઓ વગેરેને હમેશાં તેઓના કુદરતી વર્ગો તથા ઉપવર્ગોમાં ગોઠવીને યાદ રાખવાની કોશેશ કરવી. કેમકે કુદરતને અનુસરતી ગોઠવણ ઘણી વખતે જેમ સંપૂર્ણ તેમજ સેહેલબી હોયછે અને તેથી મનની શક્તિનો ઘણી સારી રીતે સુધારો થઇ શકેછે.

ચીજો, ગુણો, નીતિઓ વગેરે હરએક બાબતનું ચોકસ જ્ઞાન બરાબર મનમાં રચીને યાદ રાખવા ઉપરાંત દરએક ચીજ, ગુણ, નીતિ, વગેરે હરએક બાબત તેવીજ કાંય છે અને શી મતલબે છે તે શોધવામાંબી મશગુલ રેહેવાથી મનનો ઘણો સુધારો થાયછે. આ જગતમાં દરએક પેદાયશ કે બાબતનું કાંઇ ને કાંઇ કારણ હોયછે, અને જ્યાંલગી તે મલતું નથી ત્યાંલગી આપણું મન તે બાબતમાં સંતોષ પામતું નથી. માટે **કારણ** અને **મતલબ** હમેશાં મેલવતાં રહેવું. સંભાળ

રાખવી કે ખોટાં ખ્યાલી કારણને ખરૂં કરી માની લેવું નહી, અને એકાદ બાબતનું ખરૂં કારણ જણાતાંજ તે વિષેનું ખોટું કારણ જો આપણે ખરૂં કરી આગલ માનતાં હોઇએ તો તે છોડી દેવું. ટુકમાં હમેશાં **ખરાં અનુમાન** કરતાં રહેવું. રાજદ્વારી, નીતિ સંબંધી, સંસારી, ધર્મ સંબંધી, અથવા એવીજ બીજી ગુચવણભરેલી હરએક બાબત વિષે ખરાં અનુમાન ઉપર આવવું હોય તો અધુરૂં અવલોકન, ઉતાવલું અનુમાન, ખાનગી મતલબો, લાગણીના જુસ્સા, અને એવું એવું બીજું હરએક જે આપણી અકલ ઉપર પરદો નાખેછે તે તરફ કરવું. મનતક શાસ્ત્ર અને આત્મતત્વ વિદ્યા અથવા માનસિક શાસ્ત્ર ખરી રીતે વિચાર કરવાની અચૂક રીત કેવી હોય અને ખોટી રીતે અનુમાન કરવાની ભૂલભરેલી રીત કેવી હોય તે ઉપર અજવાલું નાખેછે. તોપણ જો કોઇબી માણસ પોતાની જાતી અકલથી બરાબર ચોકસાઇ રાખીને વિચારવાની અને બોલવાની ટેવ રાખેછે તો ઘણી વખતે એ શાસ્ત્રોની મદદ વિના તે ખરૂં અનુમાન કહાડી શકેછે. હરએક બાબતમાં તેનો પુખ્ત અનુભવ, પૂરેપૂરી વાકેફી, અને બારીક અવલોકન કામે લગાડતાં બીજી મદદોની ગરજ રહેતી નથી. માટે તેમ કરવાની ટેવ રાખવી.

ઘણું શીખે અને થોડુંબી યાદ નહી રાખે તે ઘણું કમાય અને કાંઇબી સંગરે નહી તે મિસાલે છે. માટે **યાદદાસ્તશક્તિ ઘણી ખીલવવી જોઈએ.** કોઇબી માણસ જો ચોંપ રાખે તો એ કામ તેને ઘણું મુશકેલ નથી. હરએક બાબતના ઝાંખા, અધૂરા, અને ઉતાવલે બાંધેલા વિચારો રાખવા નહી પણ ખુલ્લા, પૂરા, અને પુખ્ત વિચારો રાખવા. કેમકે તેવા વિચારો કવચિતજ વિસરાયછે. યાદદાસ્તમાં બધું બરાબર રચેલું રાખવું અને તેને વારે

ઘડીએ ફરીફરીથી વિચારતાં અને બોલતાં રહેવું. ખંત રાખવાથી યાદદાસ્ત ઘણી અજબ જેવી શક્તિ મેલવેછે. મનની તમામ શક્તિઓને ગાડીમાં જોતરેલાં પશુની મીસાલે ધીમી પડી જવા નહી દેવી હોય તો વારેઘડીએ તેઓને યાદમાં લાવવાની ચાબુકની ચામકીથી હોશીઆર કરતાં રેહવુ જોઇએ: હરએક બાબતની યાદદાશ્ત ફકત પોપટ જેવી વગર સમજની રાખવી નહી પણ સમજણ અને કારણ સાથની રાખવી, કેમકે તેથીજ તેનો ફાયદો મલેછે.

રો ળા વૃ ત્ત.

મનશકિતનો કરો, સુધારો ખંતે પ્રતિદિન,
બુદ્ધિ વિચારો સૂક્ષ્મ, વધારી ધરોજ સ્વાધીન.
અક્કલ જાતી સાથ, જ્ઞાન બીજાંથી લેજો,
અવલોકન અભ્યાસ, ઉપર બહુ બહુ ચિત દેજો.
અનુભવ રાખી જ્ઞાન, તણી રચના ખુબ કરજો,
સ્મરણ શકિતને ખૂબ, ખેડી સમજણ પણ ધરજો.
સુધારજો નિજ ભૂલ, હમેશાં ધ્યાન ધરીને,
વધારજો નિજ જ્ઞાન, સર્વદા ખંત કરીને.

સવાલો.—સ્વસુધારા વિષેના અવસ્તા અર્થ સહીત કહો. એ કલામોની બરાબર સમજણ આપો. મનનો સુધારો શાથી થાયછે તે સમજાવો. જ્ઞાન મેલવવાનાં સાધનો કેટલી કીસમનાં છે તે સમજાવો. મન સુધારા માટે જાતી અકલ તથા જાતી અનુભવ વધારવાની જરૂર કેમ છે તે સમજાવો. મન સુધારાની એક મુખ્ય રીત ખરાં અવલોકનની કેમ છે તે સમજાવો. મન સુધારા માટે જ્ઞાનની રચના અગત્યની કેમ છે તે સમજાવો. દરએક બાબતનું ખરૂં કારણ અને મતલબ

શોધવાથી મનને કેવા ફાયદા થાયછે તે સમજાવો. મન સુધારા માટે યાદદાસ્તશક્તિ ઘણી ખીલવવી જોઇયે એ સિદ્ધાંતનું વાજબીપણું સાબેત કરો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૪ મો.

સ્વસુધારાની સૂચનાઓ—મન સુધારો.

ભાગ ૨ જો.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દાયાઓ મે.........મસ્તીમ્ સ્પાનો દ્વિવ્રેમ્ હિજ્.વાંમ્ ઉરૂને ઉબિ ખ્રતૂમ્ પસ્ચએંત મસિતેમ્ મજાઓંતેમ્ અપઇરિ—આગ્રેમ્.

(આતશ ન્યાયશ; યજશને, હા ૬૨, ક૦ ૪).

અર્થ.

"આપ મને.......ઉંડું વિચારવું, બુદ્ધિની ખીલવણી, **ચપળ જુબાન, સ્વાનની હુશીઆરી,** જોતાં ચેતી જનારી, મોહટી છતાં મોહટી થતી રહે એવી, અને (નહિ) બિગડી જનારી અકલ."

મનની બધી શક્તિઓ મધેથી **ખ્યાલ** યાને **કલ્પના-શક્તિ**નો ઉપયોગ કરતાં ઘણી સાહુચેતી રાખવાની જરૂર છે,

કેમકે જો તેને અંકુશમાં નહી રાખી હોય તો તે મગજની બીજી શક્તિઓને ઘણી આડે રસ્તે લઇ જાયછે. પણ જો તેને હદસરની સારી રીતે ખીલવી હોય તો કેટલીએક વખતે નહી જાણેલું જાણી લેવામાં તે ઘણી ઉપયોગી થઇ પડેછે. ફાંટાદાર અને અવિવેકી તર્કો અને ખ્યાલો અકલને બિગાડેછે પણ કારણસરની અને વિવેકી બુદ્ધિથી તર્ક બાંધવામાં નુકસાન નથી. જો તમને તવારીખોથી જ્ઞાન, કવિતાઓથી મોજ, અને જીન પરીઓના તથા બીજા કલ્પિત કીસ્સા કહાણીઓ અને વાર્તાઓથી દીલને બેહલાવવા સાથે ફાયદો મેલવવો હોય તો તમારી ખ્યાલશક્તિને રીતસર તમારે ખીલવવી જોઇએ. કીસ્સા કહાણી અને વાર્તાઓ બલકે કવિતાઓ કરતાંબી ખરી તવારીખના બનાવો અને મહાન નરનારીઓનાં જન્મચરિત્રો ઘટતી ખ્યાલશક્તિ વાપડવા સાથે સાંભળવાથી અને વાંચવાથી આપણાં મનને ખુશી સાથે કેળવણી, અનુભવ, અને નસીહતનો લાભ થાયછે. માટે તવારીખો અને જન્મ-ચરિત્રો માત્ર મોહડે ભરડીને યાદ રાખવા કરતાં તેઓ-માંના અસરકારક તથા બોધકારક બનાવો અને બાબતો કલ્પનાશક્તિથી આબેહુબ બલકે રંગીની સાથે જાણે જીવતા અને તાજા તફડતા આપણી નજર આગલ હોય તેમ તેઓને મનમાં તેયાર રાખવાની અને મોહડે બોલી શકવાની આદત રાખવી. એથી મનને મોજ અને શણગાર મલવા સાથે તેનો ઠીક સુધારો થાયછે.

કુદરતનાં અથવા હુનરનાં કામોની ખુબસુરતી અથવા બદસુરતી પારખવાનું **રસજ્ઞાન** આપણી ખ્યાલ શક્તિની ખીલવણી સાથે થોડો કે ઘણો તાલુકો રાખેછે. માટે તેના સુધારા ઉપરબી ધ્યાન આપતાં રહેવું. માણસે ફકત સાદું

અને નિરરસ લુખ્ખું ગ્નાન—પછી તે ગમે તેટલું પુષ્કળ હોય તો શું થયું?—મેળવવામાં તેની ઘણી વખાણ નથી. પણ ગ્નાન ભરને થોડુંજ હોય પણ તેની સાથે કાંઇ મોહટાઇ, કાંઇ સુંદરતા, કે કાંઇ નેકીનો ભાસ જોડાયલો હોય તે મેળવવામાં ફાયદો, મોજ, અને વખાણ છે. અને એવાં ગ્નાન વિવેકયુક્ત કલ્પનાશક્તિથીજ મેળવાયછે. માટે એ **ઇલ્મશકિત ખીલવવી** ફાયદાકારક છે. કવિતા, ચિત્રો, નાટક, ગાયન અને સંગીત વગેરે ઉમદા હુનરોની બની શકે તેટલી વાકેફી મેળવતાં રહેવું એ બુલંદ અને ખુબસુરત શું તથા નીચ અને કંટાળા કે કમકમાટ ઉપજાવનારૂં શું તેનો ખ્યાલ આપવામાં મદદ કરેછે. જેઓની એ શક્તિ બુઠી અથવા સુસ્ત હોયછે તેઓ બીજી રીતે જોકે સારાંબી હોયછે તોપણ પરસ્પર વ્યવહારમાં ઘણું કરીને દિલપસંદ હોતાં નથી. ઘણા દાખલામાં તેઓ ગર્વિષ્ટ, તોછડાં, દીલ દુખવનારાં, અસભ્ય, મમતી, હઠીલાં, વહડકનાં, બેશરમ, અને એવીજ બીજી નકારી રીતભાતનાં હોયછે. ટુકાંમાં તેઓ બીજાંઓને નાપસંદ કદાચ હોયછે. એવા સ્વભાવને સુધારવો એ જેમ પોતાને માટે તેમજ સર્વેને માટે સારૂં છે. માટે કુદરતના તેમજ હુનરના સુંદર દેખાવો, જેવાકે પહાડો, નદી નાલાં, સુંદર ઇમારતો, સુંદર તસ્વીરો, વગેરે ટુકમાં દરએક ખુબસુરત વસ્તુ, વિચાર, વાણી, વગેરેને જોવા, સાંભળવા, વિચારવા અને સમજવાની આદત પાડવી. આપણી આસપાસ કુદરતે અને હુનરે ઘણું-એક ખુબસુરત મુકેલું છે તેનો જે શખ્સ લાયક રીતે ફાયદો નહી મેળવે તેની જીંદગી એક ફીકટ ફેરા જેવી છે. હરએક ચીજની માત્ર ખામીઓ શોધેઆ કરવાની ટેવ રાખવા કરતાં ખુબીઓ વખાણવાની આદત રાખવી બેહતર છે. જુવાન અને કમ અનુભવવાળાંઓએ તો બને ત્યાંલગી બીજાંઓની ખામીઓ શોધવાથી પરહેજ રહેવું.

જોકે બારે માસ બરીએલ રહેવું બાજા સરખું છે તોપણ હસવાબોલવામાં અટેરં કરવું નહી. હરએક માણસ, ચીજ, કે બાબતને હસી કહાડવામાં અંદાજો રાખવો એ સારં છે. ઘણી રમુજ ફાયદાકારક નથી. રમુજી વાર્તાઓ વાંચવી એ થોડાવાર થાકેલાં મનને તાજું કરવા માટે ઠીક છે, પણ તેમાં ઘણો કીમતી વખત ગુમાવવો નહી.

આપણા વિચારો બાજાંઓને સફાઇથી તથા તેઓને ગમે અને અસર કરે તેમ બોલવા તથા લખવા માટે **સારી ઇબારત** મેળવવાની કોશેશ કરવી. એ કારણસર ઉંચાં અને સુભાખિત લખાણો વાંચવાનો મહાવરો રાખવો. જો તમારા વિચારો સારા વજનદાર અને લાયક રીતે લાગુ પડતા હશે. વળી જો તમે તે તમારી કુદરતી ઢબથી બોલશો, તો તે જેટલી અસર કરશે તેટલી બોલવામાં કોઇની તાણી-તોડીને નકલ કરવાથી અસર નહી થશે. બોલવામાં કે લખવામાં સ્પષ્ટતા, રચના, શોભા સાથે સહેલાઇ, ચોકસ અર્થ અને બનેતેટલી જુદી જુદી તરેહ, એ ઉપર ધ્યાન આપવાથી ઇબારત સુધરેછે. સારં સુભાખિત બોલવાની ટેવ બાળ વયથી પાડવી સહેલથી બનેછે. મોટપણે તેમ કરવા જતાં મુશકેલી લાગેછે. જેઓને જાહેરમાં ભાષણ કરવું હોય તેઓએ તેની બાબતનો પુખ્ત અભ્યાસ કરવા ઉપરાંત ખરાં દીલની લાગણીથી કાંઇ સારૂં કરવાની આતુરતા રાખી હોય તોજ તેઓથી સારીપેઠે બોલી શકાશે.

આ જમાનામાં **ચોપડીઓ** મનના સુધારા અને તેની કેળવણીનું મુખ્ય સાધન થઇ પડયુંછે, માટે તેઓનો ઉપયોગ ડહાપણથી કેમ કરવો તે જાણવાની સર્વેને જરૂર છે. ઉતરતી જાતની ઢગલાબંધ ચોપડીઓ કરતાં દરએક બાબતની ચહડતી કીસમની થોડી ચુંટી કહાડેલી ચોપડીઓ વાંચ-

વાથી કીમતી ફાયદા થાયછે. માટે તેમ કરીને તેઓનો પૂરેપૂરો ઉપયોગ કરવો. ચોપડીઓ માત્ર ભરડી જવાથી કાંઇ ફાયદો થતો નથી. તેઓને વાંચતી અથવા શીખતી વખતે વિચાર તો અવશ્ય કરવો જોઇએ. ઘણી બાબતોનું ઉપર ઉપરનું અધુરૂં જ્ઞાન મેળવવામાં વખત અને મેહનત ગુમાવવા કરતાં થોડી બાબતોનું પણ મજબૂત, પાયદાર અને ચોકસ જ્ઞાન મેળવવું સારૂં છે. પતંગીઉં અહીંથી તહીં સેંહકડો ફુલો ઉપર ઉડી ઉડીને બેસેછે પણ તેઓમાંથી કાંઇ મેળવતું નથી—ભમરો ફુલોનો રસ ચુસીને તેથી પોતાનું ઝેરી ડંખ મારવાનું કુવત વધારેછે—પણ મધમાંખ થોડાં ચુંટી કહાડેલાં ફુલોનો રસ ચુસીને તેનું કીમતી મધ બનાવેછે. એજ પ્રમાણે કેટલાંએકો ઘણું વાંચેછે પણ તેમાંથી કાંઇ ફાયદો મેળવતાં નથી—કેટલાંએકો પોતાનું વાંચનથી મેળવેલું કુવત બીજાંઓને દુખ દેવામાં અને એવાંજ બીજાં કપકાભરેલાં કામોમાં વાપડેછે—પણ કેટલાંએકો એવાં છે કે તેઓ ફક્ત ઉપયોગી વાંચન કરેછે અને તેથી જેમ પોતાને તેમજ બીજાંઓનેબી ફાયદા કરેછે. માટે ચોપડીઓ વાંચવામાં અને જ્ઞાન સંપાદન કરવામાં પેહલાં બેની રીતિએ કામ નહી કરવું પણ છેલ્લાંની રીતિને અનુસરવું.

રોળા વૃત.

કલ્પના વળી તર્ક, શક્તિઓ છે ઉપયોગી,
પણ જો નવ રહે હાથ, કરે મનને તે રોગી.
રસજ્ઞ શક્તિ રૂડી, પારખે જે સુન્દરતા,
કુરૂપથી કમકમે, શક્તિ છે એ સુખકર્તા.
ભાષા રચના ભલી, ઇબારત સાચીની જે
ઘણું અપાવે માન, સુભાષિત ભાષણથી તે.

ગ્રંથોનું દિન રાત, ભલું વાચન જે કરવું
છે ઉત્તમ રોકાણ, મગજને શાને ભરવું.
એ સહુ વાણાં ભલાં, સુધારો મનનો કરવા,
ખૂબ વિવેકે ધરી, વાપડો મન ખીલવવા.

સવાલો.—સ્વસુધારા વિષેના અવસ્તા અર્થ સહીત કહો. મનનો સુધારો કરવા માટે કલ્પનાશક્તિનો કેવો ઉપયોગ કરવો જોઇએ તે બરાબર સમજાવો. મનના સુધારા માટે રસજ્ઞાનની ખીલવણી કરવાની જરૂર કેમ છે તે સમજાવો. સારી ઇબારત બીજાંઓ ઉપર આપણા વિચારોની અસર કરવા માટે જરૂરની કેમ છે તે સમજાવો. ચોપડીઓ મનના સુધારા માટે કેવી અને કેમ વાંચવી તે સમજાવો.

પાઠ ૪૫ મો.

સ્વસુધારાની સૂચનાઓ—રવાન સુધારો.

ભાગ ૧ લો.

[illegible] ....

..... હુવહેચ ઉરૂનો યઓજ્ દાથેમ્.

(તીર યશ્ત, ક૦ ૧૫).

અર્થ.

"પોતાનાં રવાનને ચોખ્ખું કરવું."

[illegible]

અષોઇયે રવાંન.

(પતેત ઇરાની).

અર્થ.

"રવાનની અશોઇ."

તમામ સ્વસુધારામાં સર્વોપરિ સુધારો દરએક જણનાં પોતાનાં સ્વાનને લગતો છે જે બાબત આપણે આ પાઠથી શરૂ કરીએ છીએ.

માણસનું સ્વાન યાને આત્મા તેનાં તનમનનો રાજા છે. સ્વાનને સુધારવા વિનાનો તનમનનો સુધારો માણસને સંપૂર્ણ રીતે ઉંચે દરજ્જે પોંહચાડી શકતો નથી. બીજા બધા સુધારા સાથે પોતાનાં સ્વાનને નહી સુધારનારૂં માણસ તેના જેવું છે કે જે ફુવડ અને ગંધાતાં બદન ઉપર કીમતી લેબાસ અને ઘરેણાંગાંઠાં પહેરેછે. સ્વાનના સુધારાની ગેરહાજરીમાં માણસ નાલાયક રહી જાયછે. ઘણું કરીને તે મિથ્યા અભિમાન અને આપબડાઇ, સ્વાર્થીપણું અને અદેખાઇ, ક્રોધ અને લોભ, મોહ અને મત્સર, બદનજર અને બુરી વાસના, વગેરે અનેક દુર્ગુણોને વશ થાયછે. દુર્ગુણો અને અનીતિઓ ગમે તેવા જબરદસ્ત પેહલવાનને કે ગમે તેવા ફાજેલ આલમાને વખાણ અને માનના કંગુરા ઉપરથી ગબડાવી પાડેછે.

સ્વાનનો સુધારો મુખ્યત્વે ધર્મથી તથા નીતિ સુધારાથી થાયછે. નીતિ સુધારો જલદીથી અને સેહેલથી થઇ શકતો નથી, એટલુંજ નહી પણ નીતિ જાળવવા માટે હમેશાં પોતાના ખરાબ જુસ્સાઓ ઉપર મજબૂત કાબુ રાખવાની જરૂર છે. જોકે એ સુધારો સખ્ત લાગેછે તોપણ તે કીધા વિના નહીજ ચાલે એવું છે. માણસને કદાચ જંગી જોર વગર ચાલે; કેતાબી કામેલીઅત વગર ચાલે; પૈસા, ઓહ્દા, નામદારી વગર ચાલે; પણ નીતિની ચોખાઇ અને આત્માની પવિત્રાઇ વગર નહી ચાલે.

સ્વાનના સુધારાનાં જે બે મુખ્ય સાધનો—ધર્મ અને નીતિ—છે તે વિષે કોઇ કહેછે કે ફકત નીતિ પુરતી છે કેમકે

તેજ ધર્મ છે. પણ એમ કહેવું અધુરૂં છે, કેમકે નીતિ ઉપરાંત બીજું કેટલુંએક ધર્મમાં આવેછે. એમ છતાં નીતિ ધર્મનો એક મોહટો અને મુખ્ય ભાગ છે એ તો યાદજ રાખવું. નીતિ ગોયા ધર્મની એક બાજુ છે. તને તેથી છુટી પાડવી તે તે બંધેને કમજોર બનાવવા સરખું છે. ધર્મના આધારથી નીતિને જબરૂં જોર આવેછે. નીતિરૂપી ઝાડની જડ ધર્મરૂપી જમીનમાં છે કે જે વગર તેની લાંબો વખત કાયમી મહાલ છે. બધી નીતિઓ વર્ષાદનાં ટીપાંની મીસાલે રવાનરૂપી જમીનને ફળવંત કરવા માટે જરૂરની છે ખરી, પણ તેઓ અસલ ધર્મરૂપી દરિયામાંથી ઉપજીને આવેછે તે વીસરી જવું નહી. ધર્મ અને નીતિને અનુસરીને ચાલવાથીજ રવાનનો સંપૂર્ણ સુધારો થઇ શકેછે, માટે તેઓને લગતી દરએક બાબત સમજીને અમલમાં લાવવામાં કાહેલી રાખવી નહી.

તમામ ધર્મ તથા નાતિનો પાયો **ખુદાની હસ્તી** કબૂલ રાખવા ઉપર છે. માટે ફક્ત પરમાણુઓના અકસ્માતિક સંયોગથી આ મહાબારત જગત બનાછે, ખુદરતના કાયદા સ્વતંત્ર છે, અને એવુ એવું બીજું બોલનારાંઓનાં મતો તેઓની પાસે રહેવા દેવાં. ખુદાની ખુદાવંદી આપણી નાકેશ અકલમાં પૂરેપૂરી ઉતરી શકતી નથી તેથી તેની હસ્તીનો ઇનકાર કરવો નહી. જેઓ તેમ કરેછે તેઓ પેલા કુવામાંના કાચબા જેવા બેઅકલ ઠરેછે કે જે તે કુવો પોતાની મેલે બનેલોછે અને તેની બાહેર કાંઇજ નથી એમ સમજતો હતો. પેદાયશોને પેદા કરનાર વિના આપોઆપ બનેલી માનવી એ ગ્રંથકાર વિના ગ્રંથ બનેલો માનવા સરખું છે. ફલ, ફુલ, પાદડાં, દાલીઓ અને થડ, કબૂલ રાખવાં અને જડનો ઇનકાર કરવો એ જેવું બેહુદું છે તેવુંજ જગતની હસ્તી

કબુલ રાખીને જગકર્તાની હસ્તીનો ઇનકાર કરવો તેજ઼ી છે. માટે હમેશાં ખુદાની હસ્તી અને ખુદાવંદીનો વિશ્વાસ રાખવો.

જરતોશ્તી તરીકા મુજબ "હુમત, હૂખ્ત, અને હુવર્શ્ત"—નેક વિચારવું, નેક બોલવું, અને નેક કરવું—એ ત્રણ વર્ગોમાં સમાતી નીતિઓ અનેક પ્રકારની છે. તે સર્વેની બારીક વિગતો દરએક જણે બને તેટલી જાણીને અમલમાં લાવવાથી રવાનનો સુધારો થાયછે. તે મધેથી કેટલીએક મુખ્ય મુખ્ય બાબતો તારવી કહાડેલી નીચે પ્રમાણે છે.

જરતોશ્તી તરીકામાં **સરોશરૂપી સદગુણો** રવાનના સુધારા માટે અખતીઆર કરવાની ઘણી તાકીદ અને જરૂર છે. સરોશરૂપી ખસલત તે એ કે સારી વાતને કાન ધરીને સાંભળવી, તરબીયતને તાબે રહેવું, નમનતાઇ પકડવી, ભક્તિ અને દીનદારી પાલવી, ટહેંકરાઇ, ખોટી હઠ, બેતરબીઅતી, છકેલપણું, અભકતાઇ અને નાપાકી તરક કરવી અને હમેશા ચોંપથી ખુદાનો ડર રાખવો. જે માણસ પોતામાં સરોશને રાખે તે ભલાં વચનો અને સારી શીખામણો લક્ષ દઇને સાંભલે તથા અમલમાં લાવે; તે જાણીજોઇને છતે કાણે બેહરૂં નહી થાય; તે મમત, હઠીલાઇ, સ્વચ્છંદીપણું, ગુસ્સો અને તકોબરી તરક કરે. તે સફાઇ, સુઘડાઇ, સતવચન, ખાલેસદિલી અને અશોઇ અખતીઆર કરે. આ સદગુણો અખતીઆર કરવાથી આપણાં છુટાપણાંનો નાશ થાયછે એમ સમજવું નહી. દરએક જણનું છુટાપણું તે શું? તેની ઉપર અઘટિત અટકાવ નહી થવો તે. પણ અઘટિત અટકાવ વિનાની હાલતને ઘટતા અંકુશ વિનાની હાલત કરી સમજવું નહી. નિરંકુશ છુટાપણું તે કાંઇજ નહી પણ છકેલપણું અને છટેલપણું છે. તે સરોશથી ઉલટું છે જેને અવસ્તામાં 'અસ્રુષ્તિ' કરી કહેછે. માટે

તે તરફ કરવું. માણસજાતનાં ભલાંને માટે ધર્મે, રાજ્યે, અને મંડળીએ ઠરાવેલા કાયદાઓનો તેમજ પોતાની ઉપર ઠરેલા હકદાર વડાઓના હુકમોનો અંકુશ અને કાસ્રુ કબૂલ રાખવામાં વાજબી અને ખરૂં છુટાપણું ખોવાતું નથી. એક નિશાળીઆએ પોતાના ઉસ્તાદનો, એક નોકરે પોતાના શેઠનો, અથવા એક કામદારે પોતાના વડા અમલદારનો હુકમ પૂરેપૂરો, ચોકસાઇથી, અને બરવખ્ત બજાવવાની આદત રાખવી એ તેના પોતાના સુધારાની મુખ્ય શરત છે. સંતોષ અને અસ્રુબ્તિની સમજણ વિષે એક પાઠ આ ચોપડી-માં આગલ આવી ગયોછે તે સ્વાનનો સુધારો કરનાર દરએક જણે સમજીને અમલમાં લાવવો.

સ્વાનના સુધારા માટે બીજો એક મુખ્ય સદગુણ **રાસ્તી** અથવા **ખરાપણું** છે. રાસ્તી ફક્ત સાચું બોલવાનીજ નહી પણ તે ઉપરાંત ખરૂંજ વિચારવું અને ખરીજ રીતે કામ કરવું અને ચાલવું એવે બોહલે અર્થે સમજવી. માણસનાં અંતઃ-કરણમાં રાસ્તીની પસંદગી અને નારાસ્તીનો ધિક્કાર કુદરત-થી મુકાએલાછે. પણ ધાસ્તી, મગરૂરી, આપસ્વાર્થ, વગેરે કેટલાએક નાપસંદ હેતુઓ તેને ખોટાપણાં તરફ લઇ જાયછે. માટે ઘણી ચોંપથી રાસ્તીને વલગી રહેવું અને નારાસ્ત થવાની મનમાં લાજ રાખવી. આપણે જેવાં હોઇએ તેવાંજ દેખાવું, જેવાં નહી હોઇએ તેવાં દેખાવાનો ખોટો દેખાવ કરવો નહી. એકાદ પ્રસંગે રૂપાંનો ઢોર ચડાવેલો ત્રાંબાનો સિક્કો ખરા રૂપીઆ તરીકે ચાલી જાય પણ અંતે તે પકડાયા વિના રહે નહી. તેજ મીસાલે ખોટા દેખાવ કરતું માણસ અંતે પકડાઇ આવ્યા વિના રહેતું નથી. ધંધાદારી લોકો પોતાના ધંધામાં પૈસાના લાભથી ખોટારૂં વાપડેછે તે તો ધિકારવા લાએક છેજ; પણ ઘણાંખરાં

ઇનસાનો આળસાઇથી, કુકરાજીથી, ખોટી લાજથી, ચકુનમ પડી જવાથી, હીચકારાપણાંથી, અને એવાંજ બીજાં કારણોથીબી ખોટાઇ વાપડેછે. પણ તેમ કરવાથી પરહેજ રેહેવું. રવાનનો સુધારો કરવા ઇચ્છનારે તમામ હલકા હેતુઓ હાંકી કહાડીને ખરાપણું અખતીઆર કરવું.

શે ળા વૃ ત.

આતમાનો કરવોજ, સુધારો બહૂ જતનથી—
ધર્મનીતિથી, સદાચારથી, સદ્વર્તનથી.
ઇશ્વર સ્મરવો, સદગુરૂનો સદબોધ માનવો,
"હુમત, હૂખ્ત, હુવર્સ્ત," પાલીને "સરોષ" આણવો.
રાખવી ખસલત નેક, શિખામણ શુણવી સારી,
નમ્રપણું, તરબીઅત, નેકી ભક્તિ દિલ ધારી.
અહંકાર, હઠ, ક્રોધ, દુરાચરણો, પરહરવાં,
છકેલ નિરંકુશપણું, હમેશાં દૂરજ કરવાં.
રાસ્તી ધરવી, વિચાર વાણી કામો કરતાં,
ત્યજવા હેતુ નીચ, સહુ સાથે આચરતાં.

સવાલો.—રવાનને લગતા સુધારા વિષેના અવસ્તા અને પાજંદ કલામો અર્થ સહીત કહો. રવાનનો સુધારો તમામ સ્વસુધારામાં સર્વોપરિ કેમ છે તે સમજાવો. રવાનનો સુધારો કયાં સાધનોથી થાયછે તે વિગતે સમજાવો. ધર્મ વગર નીતિ પુરતી કેમ નથી તે સમજાવો. ધર્મ તથા નીતિનો પાયો ખુદાની હસ્તી કબૂલ રાખવામાં કેમ છે તે સમજાવો. રવાનના સુધારા માટે સરોષરૂપી સદગુણો અખત્યાર કરવાની જરૂર વિષે સમજાવો. રવાનના સુધારા માટે રાસ્તીની જરૂર વિષે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૯ મો.

સ્વસુધારાની સૂચનાઓ—રવાન સુધારો.

ભાગ ૨ જો.

[illegible] . . .

હવહેચ ઉરૂનો યઓઁજ્ દાથેમ્.

(તીર યશ્ત ક૦ ૧૫).

અર્થ.

" . . . . . પોતાનાં રવાનની ચોખાઇ."

[illegible]

અષોઇયે રવાન.

(ઇરાની રૂતેત).

અર્થ.

"રવાનની અશોઇ."

રવાનના સુધારા માટે એક મુખ્ય સદગુણ **ખેશકારી** યાને પોતાના ભલા ઉદ્યોગમાં મશગુલ રહેવું છે. આલસુ જેટલું સહેલાઇથી પાપમાં ફસેછે તેટલુંજ ખેશકાર પાપથી બચેછે. ખેશકાર જો નિયમ અને ધોરણથી પોતાનું કામ કરતું રહે તો તે ખુદાએ આપેલી વખતરૂપી અમૂલ્ય બક્ષેશનો હીસાબ સુરખરૂઇથી આપી શકશે. ખેશકાર તનમનની દરૂસ્તી ભોગવવા સાથે મૂર્ખાઇઓ, દુરાચરણો, વગેરે અનેક ખરાબીઓથી દૂર રહી શકેછે. માટે ખેશકારીમાં હમેશાં મશગુલ રહેવું.

બેઆજારી યાને નિર્દોષ રહેવું એ રવાનના સુધારા માટે અતિ જરૂરનું છે. જરતોશ્તી દીનમાં અંગ્રોમઇન્યુશને

ખિસ્કાર્યોછે અને સ્પેંતામઇન્યુશને પસંદ કીધાછે તેનું મુખ્ય કારણ એ છે કે પેહલાની વલણ જ્યારે ઇનસાનોને આજાર દેવાની છે ત્યારે છેલ્લાની વલણ બેઆજારીની છે. ઘણાખરા ગુનાહો અને પાપી કામો શું હોયછે? તેઓ કાંઇજ નહી પણ ઇનસાનોનાં તનને કે મનને આજાર પોંહચાડવાનાં કામ હોયછે. માટે જે કોઇ પોતાને બેઆજાર યાને નિર્દોષ રાખેછે તે ઘણાએક ગુનાહો કરવાથી બચેછે. દયા, માયા, અને પ્રીતિ ખુદાઇ ખાસીઅતો છે કે જે બેઆજાર માણસ સારી રીતે ધરાવેછે; પણ ઘાતકીપણું અને જુલમ જાસ્તી તેથી ઉલટા દુર્ગુણો છે જે આજાર દેનારાંઓ પુષ્કળ ધરાવે-છે. બેઆજારને શું જીંદગીમાં કે શું મરણકાંઠે જેવી શાંતિ અને નચિંતાઇ હોયછે તેવી જફાકારને હોતી નથી. બેઆજારનું રવાન ગુનાહના બોજાથી છુટું હોવાને લીધે ખુશહાલ રેહેછે પણ જુલમગારનું રવાન પોતાનાં ક્તુર્કોના બોજા તલે દબાઇને અંતઃકરણના ડંખોથી પોકારેછે. માટે બેઆજાર જીંદગી ગુજારવાની ચોંપ રાખવી.

“**હુમ્અન-શ્નૂદી**” યાને **પરમાર્થ** એ રવાનના સુધારા-નો એક શ્રેષ્ઠ સદ્ગુણ છે. કાંઇબી બદલો મેલવવાની અથવા કાંઇબી સ્વાર્થ સાધવાની નેમ રાખવા વગર પારકાંનું ભલું કરવું એ પરમાર્થ કેહેવાયછે. જરતોસ્તી દીનમાં સખાવત કરવાનાં અનેક ફરમાનો છે. કશીબી આપમતલબ વિના કીધેલી સખાવત કાંઇજ નહી પણ એક ઉત્તમ પ્રકારનો પરમાર્થ છે. પરમાર્થ ફક્ત પૈસાની સખાવતથીજ નહી પણ જાતમેહેનતથી કોઇનું ભલું કરવાથીબી થઇ શકેછે. કાંઇજ નહી તો કોઇનું ભલું કરવા માટે બે સારા સખુન બોલવા અથવા તેની ભલામણ કરવી તેથીબી સંતોષ મલેછે. હરએક પ્રકારનો પરમાર્થ કરવામાં રવાન બુલંદી પકડેછે. પરમાર્થ

જેમ એકાદાં પારકાં માણસનું ભલું કરવાથી થાયછે તેમજ હરએક સાર્વજનિક ભલું કરવામાં શામેલ થવાથીબી થાયછે, માટે દરએક પ્રકારનાં પરમાર્થી કામમાં પોતાનો હીસ્સો હમેશાં આપતાં રહેવું.

"પતમાન" યાને **અંદાજો** અથવા **મધ્યમપણું** એ રવાનના સુધારા માટે એક મુખ્ય સદગુણ છે. જરતોશ્તી દીનને લગતી કેટલીએક કેતાબોમાં તાકીદ કીધીછે કે અનેક બાબતોમાં "ફરેહબુદી" યાને બેઅંદાજગી અને "અપેબુદી" યાને જોઇએ તેથી કમતરપણું એ બે ગુણો હાનિકારક છે, માટે તે બંધે તરક કરવા અને "પતમાન" યાને મધ્યમ-પણું જાલવવું. એ સદગુણ ધારણ કરવા જેમ જરતોશ્તી લખાણોમાં તેમજ બીજા લોકોનાં નીતિશાસ્ત્રોમાંબી તાકીદો કીધીછે. અરસ્તાતાલીસે તો મધ્યમપણાંને તમામ નીતિઓનો મુખ્ય પાયો ગણયોછે. માટે રવાનનો સુધારો ઇચ્છનારે દરએક બાબતમાં બેઅંદાજગી તેમજ કસુર અને કમીને તરક કરવાં અને અંદાજો તથા મધ્યમપણું જાલવી રાખવું.

રવાનના સુધારાને માટે એક અગતનો સદગુણ **"હમેશે વીનાશઈ"** યાને **સુધારાની ખંત** છે. કેટલાંએકો જોકે આત્મિક તથા નીતિનો સુધારો કરવાને ખાહેશમંદ હોયછે તોપણ સુસ્તી, અને બેદરકારીથી તેની ખંત રાખતાં નથી. કેટલાંએકો તે સુધારામાં થોડે કે ઘણે દરજે આગળ વધેછે ખરાં, પણ ખંત વિના ધીમે ધીમે તે છોડી દીએછે. કેટલાં-એકો તો એમજ સમજેછે કે માણસ મૂલથીજ ખરાબ અને પાપી છે તેથી તેનો સુધારો થઇ શકેજ નહી માટે એવી ખંત રાખવી બેજા છે. હવે ખરૂં છે કે માણસ આત્મિક પવિત્રાઇ અને ઉત્તમ નીતિના બાબમાં ઘણું અપૂર્ણ છે તોપણ તેથી તેણે પોતાની આત્મિક હાલત અને નીતિ સુધારવાનું કામ

છોડી દેવું ઘટતું નથી. બલકે તે અપૂર્ણ છે તે સમજથીજ તેને એ કામમાં વધારે ખંતીપણું રાખવાની જરૂર છે. જે જમીન જાતેજ ફલવંત નહી હોય તેને તો સારીપેઠે ખેડાણ અને ખાતર આપતાં રહેવાની વધારે જરૂર છે. માટે પોતાની આત્મિક હાલતના તથા નીતિના સુધારા વિષે હમેશાં ખંતીપણું રાખવું.

રવાનના સુધારા માટે "**અવર એસ્તવ્નીએ હુવર-ઝદારી**" યાને **મજબુત મનની હીમત અને નીતિમાં આગલ વધવા માટે** દૃઢપણું જરૂરનું છે. પોતાની આત્મિક હાલત અને નીતિ સુધારવામાં ઇનસાનને ઘણીએક અગવડો, હીલ્લા હરકતો, અને મુશ્કેલીઓ નડે છે. તોપણ તેઓથી ડરી જવું નહી પણ જેમ જેમ વધારે મુશ્કેલીઓ આવતી જાય તેમ તેમ વધતી હીમતથી તેઓની મુકાબેલ થવું.

રોળા વૃત્ત.

આપ ઉદ્યોગે મચી, સદા નિર્દોષજ રહેવું,
ઉત્તમ જે પરમાર્થ, કરતાં દુખ પણ સહેવું;
મધ્યમતા સદગુણ, સદા નિજ અંગે ધરવો,
રાખી ખંત હમેશ, સુધારો નિજનો કરવો;
દૃઢ રહેવું નીતિમાં, ધૈર્ય ધરી હિમ્મત રાખી,—
એ જીંદગીની રીત, ભલી સહુ ધર્મે ભાખી.

સવાલો.—રવાનના સુધારા વિષેનો અવસ્તા અને પાજંદ કલામ અર્થ સહીત કહો. રવાન સુધારા માટે "ખેશકારી" એક મુખ્ય સદગુણ કેમ છે તે સમજાવો. રવાનના સુધારા માટે ખેઆજાર રહેવું અતિ જરૂરનું કેમ છે તે સમજાવો. પરમાર્થ એ રવાનના સુધારાનો એક સદગુણ કેમ

છે તે સમજાવો. રવાનના સુધારા માટે અંદાજો એક મુખ્ય સાધન કેમ છે તે સમજાવો. રવાનના સુધારા માટે સુધારાની ખંત ઘણી જરૂરની કેમ છે તે સમજાવો. મજબુત મનની હીમત રવાનના સુધારા માટે જરૂરની કેમ છે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૭ મો.

સ્વસુધારાની સૂચનાઓ—રવાન સુધારો.

ભાગ ૩ જો.

[illegible]

[illegible]

અષાઉનાંમ્ આઅત્ ઉરૂનો યજ઼મઇદે કુદોજાત-નાંચ્ચીત્ નરાંચ્યા નાઇરિનાંચ્યા.

(યસ્ના હપ્તહંહાઇતિ; યજશ્ને, હા ૩૯ મો, ક૦ ૨).

અર્થ.

"ભલાંઓનાં રવાનોને ચાલો આપણે આરાધીએ, ગમેત્યાં જન્મેલાં નરો તથા નારીઓનાં."

રવાનના સુધારાનું એક ઉત્તમ સાધન "**પંદે દાના**" યાને **દાનાવોની નસીહતો** અને નેક લોકોની શીખામણો છે. અશો જરતોશ્ત પોતાની પહેલી વાઅજમાં (ગાથા અહુનવઇતિ, હા અતતાવક્ષ્યા, ક૦ ૨) કહેછે કે "**સ્રોતા** ગેઉષાઇષ્ વહિશ્તા" યાને "ઉત્તમ વાતોને કાનથી સાંભળો." માટે નસીહતના સખુનો અસરકારક શબ્દોમાં કહેલા હમેશાં યાદ રાખવાની અને અમલમાં લાવવાની જરૂર છે. દેશ દેશના નામીચા કવીઓએ, ગ્રંથકારોએ, શીલસુફોએ, પંડિતોએ, અને

ધર્મશાસ્ત્રીઓએ અનેક નસીહતોના ભંડાર ભરી મુકેલાછે: તેઓમાંથી જે ઘણી અસરકારક લાગે તે ચુંટી કહાડીને હમેશાં મોહડે રાખવી અને તે પ્રમાણે અમલ કરવો. સર્વે દાનાવો અને શાયરોના કલામો ઉપર સર્વોપરી કલામ ધર્મશાસ્ત્રના છે. માટે હમેશાં તે અજમતી પાક કલામો સમજીને શીખતાં રહેવું અને તેઓને અમલમાં લાવતાં રહેવું.

નસીહતના સખુનો અને ધર્મના પાક કલામો ઉપરાંત "નામેહ ખાની" યાને નેક અને પાક લોકોનાં **જન્મ-ચરિત્રોનો** અભ્યાસ કરી તેઓના નમુના હમેશાં પોતાનાં દીલની ચશમો આગળ રાખવા. તે નમુનાઓની અસર કાંઇ જેવીતેવી નથી. "નામગરણો" ની યાને અશોઓનાં ફરોહરો-ની યાદ કરવાની એક મુખ્ય નેમ તેઓની ભલી કારકીરદીઓની વાકેફી મેલવવાની છે. તમામ અવસ્તા, શાહનામું, વગેરે બીજી અનેક કેતાબોમાંથી અનેક ભલાંઓનાં જન્મચરિત્રો મલી આવેછે. નસીહતની વાએજમાં સામાન્ય ઉપદેશ મલેછે પણ ભલાંઓનાં જન્મચરિત્રોમાં તો ખાસ નમુના મલી આવેછે જેઓની આપણે માત્ર નકલજ કરવાની હોયછે. ગોયા તેઓ પોતાનાં દાસ્તાનોમાંથી ડોકી ઉઠાવીને આપણને કહેછે કે "જાઓ, તમેબી અમારી મુવાફેક કરો." એક મહાન નર કે નારીનાં જન્મચરિત્રમાં જે તેનાં મહાભારત કામોનાં સ્વરૂપો આપણા જોવામાં આવે તે સઘળાં જોકે એકબારગી આપણથી બજાવી નહી શકાય તોપણ તેઓથી જે આપણને ઉલટ અને ઉસ્કેરણી મલે તેને લીધે આપણે આપણી કારકીરદીમાં જો પા કે અરધે દરજેબી તેઓની નકલ કરી શકીએ તો તે કાંઇ આપણને થોડું લાભકારક થઇ નહી પડે. ગ્રંથકારોએ પોતાનાં ભેજાંમાંથી ઉપજાવેલી

વાર્તાઓ અને નૉવેલો જો સારી હોયછે તો તબી એ-કામમાં ચોકસ દરજે મદદગાર થઇ શકેછે. એ ખરૂં છે તોપણ તેઓ કરતાં ખરેખરી જીંદગી ગુજારી ગયલાં નરનારીઓનાં જન્મચરિત્રો જોકે કેટલીએક વખતે વાર્તાઓ અને નૉવેલો કરતાં ઓછાં રસીક હોયછે તોપણ તેઓનો ફાયદો તદ્દન ચોકસ અને નકી મલેછે, કેમકે તેઓના બનાવો વાર્તાઓના બનાવો જેવા ખ્યાલી, અકસ્માતિક, અને કદાચજ બને તેવા હોતા નથી પણ ખરેખરા અને વારેઘડીએ નિયમસર હોય તેમ બનનારા હોયછે.

ગુજરી ગયલાં ભલાં અને નેક નરનારીઓની નેકીઓની નકલ કરવી એ રવાનના સુધારા માટે જેટલું ઉપયોગી છે તે કરતાં **જીવતાં નેક નરનારીઓના નમુનાની નકલ કરવી** વધારે ઉપયોગી થઇ પડેછે. માટે દરએક જણે, તેમાં ખસુસન જવાન નરનારીઓએ, **પોતાના જમાનાનાં નેક અને પાક લોકોની સંગતમાં રહેવાનું** બને તેટલું અખતીઆર કરવું. જેમ એક વીજળીના સાંચાને અડકતાંજ આખાં શરીરમાં તેનો આંચકો પોંહચેછે તેમ એક ભલાં નર કે નારીની મુલાકાતથી આપણા આત્મા ઉપર ભલી અસર ઘણી જલદી અને જોશથી થાયછે.

વળી જેમ નેકોની સંગતથી નેક અસર થાયછે તેમજ ખરાબ સંગતથી ખરાબ અસર થાયછે. માટે જેમ બને તેમ **ખરાબ માણસોથી દૂર રહેવું**. કોઇબી માણસ જો ચાહે તો એટલી પરહેજ તો તે કરી શકે, અને એટલાંથીબી તેને કાંઇજ નહી પણ ફાયદોજ થશે. એક ઉડતા રોગથી પીડાતાં માણસથી દૂર રહેવામાં કાંઇજ નહી તો તે રોગથી પોતે બચવાનો તો ફાયદો છેજ. માટે હમેશાં **ખરાબ**

સંગતથી દૂર રહેવું એખી રવાનના સુધારા માટે જરૂરનું છે. જરતોસ્તી લગ્નના આશીરવાદમાં પરણુતાં જોડાંને નસીહત દેવામાં આવેછે કે "લોભીઆં સાથે ભાગીઆં મા થશો; ચાડીઆં સાથે સંગત મા રાખશો; બદનામ સાથે સગાઇ મા કરશો; દુષ્ટ બુદ્ધિનાં સાથે કામ કરનાર મા થશો;" વગેરે.

રવાનના સુધારાની એક રીત એ છે કે ચોકસ વખતને આંતરે આંતરે **"હુપમારે કુનષ્ની"** યાને **પોતે પોતાની કરણીનો હીસાબ લેતાં રહેવું.** ડાહેઆ વેપારી અઠવાડિયે કે પખવાડિયે, છ મહિને કે વર્ષે, પોતાનાં લેણદેણુનો હીસાબ નકી કરીને નવેસરથી વ્યવહાર આગલ ચલાવેછે. તેજ પ્રમાણે દરએક જણે ચોકસ વખતને આંતરે આંતરે પોતાની કરણીનો હીસાબ પોતેજ લઇને તે ઉપરથી ઘટતો સુધારો કરવાની ટેવ રાખવી. "બનામે હોરમજદ" નામની એક પાજંદ સેતાયશમાં તાકીદ કીધેલીછે કે "દરરોજ (ખુઆબ કરવા અગાઉ) આ મોહટો વિચાર અને અંદેશો કરજો કે આજે મેં કેટલો સવાબ કીધો, જોકે કેટલો (વધારે) સવાબ હું કરી શકતે;—કેટલો ગુનાહ કીધો, જોકે કેટલો (વધારે) હું પરહેજ રહી શકતે?" દરએક જરતોસ્તી અનેક મરતબે દરરોજ કુસ્તી કરેછે તેમાં તે પોતાથી થઇ ચુકેલા ગુનાહોનો પસ્તાવો કરીને નવેસરથી પોતાનાં રવાનને સવાબ અને નેકી કરવામાં કાયમ કરેછે. એ દેખાડેછે કે દરએક જરતોસ્તીએ વારેઘડીએ પોતે પોતાના વિચાર, વાણી, અને કામોની ઝડતી લેતાં રહેવું. વળી જરતોસ્તીઓમાં અનેક વખને જુદી જુદી પતેતો પઢવામાં આવેછે તેખી કાંઇજ નહી પણ પઢનારે ઇનસાનોથી થઇ શકતા અનેક ગુનાહો માંહેલા જે જે ગુનાહો પોતાથી થયા હોય તેઓનો

અંતઃકરણથી પસ્તાવો કરીને ફરીથી તે નહી કરવાનો ઠરાવ મજબૂત કરવાની મતલબ ધરાવેછે. વળી જર્‌તોશ્તી વર્ષને છેડે પતેતીનો હીંગામ આવેછે કે જે વખતે દરએક મજદ્-યસ્નાને પોતાથી આખાં વર્ષમાં થયલા દરએક ગુનાહનો પસ્તાવો કરીને નવાં વર્ષમાં નવેસરથી રવાનનો સુધારો કરવાની મતલબ સમાવેલીછે. એ સઘળાં ઉપરથી જણાયછે કે દરએક જર્‌તોશ્તીએ પોતપોતાના વિચાર, વાણી, અને કામોનો હીસાબ વારેઘડીએ લેતાં રેહેવું અને તેઓમાં જે જે સુધારો કરવા ઘટે તે કરતાં રેહેવું.

શેવટે, રવાનના સુધારાનું સઘળા જમાનામાં નજદીક સઘળાં લોકોએ કામે લગાડેલું એક મુખ્ય સાધન **"નમાજ"** યાને **ખુદાતાલાની બંદગી** છે. સરોષ યશ્તે હાદોખ્તમાં (ફ૦ ૧) કહેછે કે "નમાજ ભલી ચીજ (છે), નમાજ અતિ ભલી ચીજ (છે) બાકીઓને માટે, એ જર્‌તોશ્ત!" બંદગીના ફાયદા, તે કેવી રીતે અને કેમ સમજીને કરવી જોઇએ, અને તેની મુખ્ય શરતો અને રીતભાતો કેવી હોવી જોઇએ, તે વિષે આ જર્‌તોશ્તી ધર્મનીતિની પાઠમાલાના પાંચમા અંકમાં કેટલાએક પાઠો આવી ગયાછે તે પ્રમાણે દરએક જણે અમલ કરવાને ચુકવું નહી. એ સાધનથી મનુષ્ય આત્માને તકવો, દીલાસો, અને બીજા અનેક ફાયદા જો નહી થયા હતે તો રોજે અવલથી તે આજ લગી દુનિયાનાં નજદીક તમામ ધનસાનો એકમતથી તેને અમલમાં લાવીઆં ન હતે. ખરૂં છે કે આપણે બંદગી કરીએ તેથી ખુદાએતાલા પોતાના નહી ફેરવી શકાય એવા કાયદા ફેરવવાનો નથી. તોપણ તેના બધા કાયદાઓની સંપૂર્ણ ખબર કોણને છે? વળી બંદગીની મતલબ કાંઇ ખુદાઇ કાયદા ફેરવવાની નથી. તેની મુખ્ય મતલબ એ છે કે બંદગીની ખુબીભરેલી અસરો દીલ

ઉપર થવાથી આપણું રવાન પાક થાય અને આપણી આડે રસ્તે જતી મરજી તે ખુદાવંદની પાક મરજીને એકમલતી થાય. ખુદાતાલા જો તમામ નીતિ અને નેકીઓનો મૂલ ઝરો છે તો તેની સાથે આપણાં દીલની લાગણી અને જુસ્સાનો વારેઘડીએ વ્યવહાર ચલાવતાં રહીએ તો તેથી બેમાલુમ રીતે આપણું રવાન પોતાના સુધારાનો ફાયદો મેલવ્યા વિના નહિજ રહે. માટે રવાનનો સુધારો ઇચ્છનારે ખુદાતાલાની નિર્મલ, સમજદાર, ખરાં અંતઃકરણની બંદગી ઘટતે પ્રસંગે કરતાં રહેવું.

રોળાવૃત્ત.

આત્મ સુધારા કાજ, શુણો જે નસીહત સારી,
ધર્મગ્રંથના બોધ, ધરો દિલ માંહે ઉતારી.
વાંચો જન્મચરિત્ર, નેક નરનારીનાં જે,
યોગ્ય કરો અનુકરણ, ઘણું ગુણકારક છે તે.
સંગત રાખી નેક, બદોથી દૂર રહેજો,
આત્મ કૃત્યની ખરી, હમેશાં ઝડતી લેજો.
બંદગી જલે રવાન, ધોઇને પાકજ કરજો—
આત્મ સુધારા થકી, બધા શુભ રસ્તા ધરજો.

સવાલો.—રવાનના સુધારા વિષેનો આ પાઠનો અવસ્તા કલામ અર્થ સહીત કહો. દાનાવોની નસીહતો રવાનના સુધારાનું એક સાધન કેમ છે તે સમજાવો. નેક લોકોનાં જન્મચરિત્રો હમેશાં યાદ રાખવાથી રવાનનો સુધારો કેમ થાયછે તે સમજાવો. ખરાબ માણસો અને સંગતથી દૂર રહેવું રવાનના સુધારા માટે જરૂરનું કેમ છે તે સમજાવો. રવાનના સુધારાની એક રીત પોતે પોતાની કરણીનો હીસાબ

લેવાની છે તે બરાબર સમજાવો. ખુદાતાલાની બંદગી રવાનના સુધારા માટે ઘણું અગત્યનું સાધન કેમ છે તે સમજાવો. રવાનનો સુધારો કયા કયા સદ્‌ગુણોથી થઇ શકે તેઓનાં નામો આ તથા આગલા પાઠો મધેથી દીઓ. આ પાઠના નીતિ-સારની કવિતા કહી સમજાવો.

પાઠ ૪૮ મો.

દરએક જણે "ફ્રશોકર્દ" જલદીથી કરવામાં મદદ કરવાની ફરજ.

𐬀𐬝𐬗𐬁 𐬙𐬋𐬌 𐬬𐬀𐬉𐬨 𐬵𐬌𐬌𐬁𐬨𐬁 𐬫𐬋𐬌 𐬍𐬨

𐬟𐬭𐬀𐬱𐬆𐬨 𐬐𐬆𐬭𐬆𐬥𐬀𐬊𐬥 𐬀𐬵𐬏𐬨

અત્‌ચાતોઇ વએઁમ્‌ ખ્યામા, યોઇ ઇમ્‌ ફ્રેરષેમ્‌ કેરેનાઉન્‌ અહૂમ્‌.

(ગાથા અહુનવઇતિ, હા અત્‌તાવક્ષ્યા, ક૦ ૯).

અર્થ.

"અને અમે તેઓ (માંહેલા) થઇએ કે જેઓ આ હયાતીને 'ફ્રશોકર્દ' (સમારવું) વાલી કરનારા છે."

"ફ્રશોકર્દ" અથવા "ફ્રશોગર્દ" એ શબ્દ અવસ્તાના "ફ્રષોકેરેતિ" ઉપરથી નીકળ્યોછે કે જેનો અર્થ સમારેલું કરવું, સુધારવું, કરમાઇને ક્ષીણ થતાં ફરીથી તાજું કરીને નહી બિગડતું તથા અખઇ કરવું, આગલ વધારવું, એવો થાયછે. મથાલે ટાંકેલા અશો જરતોસ્તના કલામોમાંથી દરએક જણે દુનિયાને સમારનાર અને સુધારનાર થવાની ચોંપ રાખવાનું અનુમાન નિકળેછે, અને એ ફરમાન યાદ રાખવા માટે દરએક જરતોસ્તી દરરોજ અનેક વખતે કુસ્તી કરતાં

બોલેછે કે "હઇથ્યા-વર્શ્તાંમ્ હ્યાત્ વસ્ના ફ્રષો-તેમમ્" એટલે "રાસ્ત કામો કરનારાઓનું (ફ્રશોગર્દ યાને હયાતી તથા દુનિયાને સમારવાનું કામ) જે છે તે ઘણી સરસ રીતે (હયાતી અને દુનિયા) સમરે તેમ (અહુરમજ્દની) ઇચ્છા મુજબ (થાઓ)! (જુઓ ગાથા સ્પેંતામઇન્યુ, હા કત્-મોઇ-ઉર્વાં, ફ૦ ૧૧; ઉષ્તવઇતિ, હા કમ્નમેજાંમ્, ફ૦ ૧૯, ૯૦). એ ઉપરથી જણાયછે કે દરએક માણસની, તેમાં ખસુસન દરએક જરતોશ્તીની, એક મુખ્ય ફરજ એ છે કે જેથી હયાતી અને દુનિયા જલદીથી સુધરે તેવાં કામમાં પોતાની તરફનો હીસ્સો આપવો. એ જરતોશ્તી દીનનું ફરમાન છે—અને એ હયાત દુનિયાને સુધારવાનું કામ "ફ્રશોકર્દ" કરી કહેવાયછે.

હવે હયાતી તથા દુનિયાને સુધારવી એટલે શું? શું હયાત દુનિયા બીગડેલીછે? હા. અશો જરતોશ્તે ગાથામાં પોતાની દીનનાં મૂલ તત્વો શીખાડતી વખતે વાઅજ કીધી-છે કે આ ખાકી દુનિયામાં એવું કાંઇબી નથી કે જેની મુકાબેલ તેનું હરીફ નહી હોય. ફાયદેમંદ પેદાયશની સામણે નુકસાનકારક પેદાયશ, રોશનાની સામણે અંધકાર, ગરમીની સામણે સરદી, ફાયદાની સામણે નુકસાન, ભલાઇની સામણે બૂંડાઇ, વગેરે એકબીજાના મુકાબેલ હરીફ છેજ. એમાંનું એક દુનિયાને ખીલવેછે તથા તેની વૃદ્ધિ કરેછે અને બીજું દુનિયાને બિગાડેછે અને કવખતે નાશ પમાડેછે અને અંતે એ બેમાંનું છેલું અશક્ત થવાનું છે. તે પરી-ણામ જલદી આવે તે સારૂ આ મુકાબેલ જોડકાં વિષે અહુરમજ્દના હુકમથી જરતોશ્ત ફરમાવેછે કે એમાંથી પેલાં ખીલવનારની કુમક કરવાની અને પેલાં બિગાડનારને તોડ-વાની તથા બિગડેલાંને સમારવાની દરએક જણની ફરજ છે.

અને એ કામ જે "ફરષોકર્દ" કહેવાયછે તે જેમ બને તેમ જલદી પાર પાડવામાં દરએક જણે ભાગ લેવા માટે નેક વિચારવું, નેક બોલવું, અને નેક કામો કરવાં; બદ નહી વિચારવું, બદ નહી બોલવું, અને બદ કામો નહી કરવાં; ભલી તથા સામટી રીતે લેતાં માણસને નુકસાન કરતાં **ફાયદો વધારે** કરનારી ચીજોને સંભાળીને ઉધારવી; બૂંડી તથા સામટી રીતે લેતાં માણસને ફાયદા કરતાં **નુકસાન વધારે** કરનારી ચીજોનો નાશ કરીને ઘટાડવી, અને એ પ્રમાણે દુનિયાને સુધારીને સમારવી.

જો કોઇ કહે કે દરએક જણને શી પડીછે કે એ કામમાં ભાગ લીએ તો તે વિષે જરતોસ્તી દીન શીખવેછે કે ખુદાતાલાએ દરએક માણસને આ દુનિયામાં મોકલવાની એક મુખ્ય નેમ એ છે કે જેટલે દરજ્જે તે આ દુનિયામાંથી ખરાબીઓ દૂર કરીને ફાયદા વધારે કરી જાય તેટલે દરજ્જે તેને મરણ પછી નેક બદલો હાંસેલ થાય. અશો જરતોસ્તનું મત એવું છે કે જો દુનિયાનાં તમામ માણસો "ફ્રષેમ્ અહૂમ્" "ફ્રષેકેરેતિ" અથવા "ફરષોકર્દ" કરવાનાં કામમાં પુરતો હીસ્સો આપતાં રહે તો એ કામ જલદીથી સરંજામ પોહચે કે જેમ થવાની અહુરમજદની ખાસ ઇચ્છા છે.

આ "ફરષોકર્દ" કરવાનાં બોહલાં સિદ્ધાંતમાં જરતોસ્તી ધર્મનાં ઘણુંએક વિગતવાર ફરમાનો સમાયછે. જેમકે રાસ્તી, પ્રીતિ, નમનતાઇ, સંતોષ, પાકદામની, સખાવત, ઇત્યાદિ ભલાઇઓ અમલમાં લાવવી. જુઠાઇ, વેર, મગરૂરી, લોભ, બદકારી, કંજુસાઇ, ઇત્યાદિ બુરાઇઓ દૂર કરવી. ઉદ્યોગી, પ્રમાણિક, નીતિવાન, હલાલ રસ્તે કમાનાર, અને આબાદીને વધારનાર થવું તથા તેવાં માણસોને મદદ કરવી;

આલસુ, અપ્રમાણિક, અનીતિવાન, ચોર, લુટારૂ, હરામનો માલ ખાનાર, અને દુનિયાને વેરાન કરનાર નહી થવું અને તેવાં માણસોને અશક્ત કરવાં. ગરીબ અને ઉપયોગી તમામ પ્રાણીઓ જેવાં કે ગાય, ઘોડા, કુતરૂં, વગેરેની બરદાસ્ત કરવી; નુકસાનકારક પ્રાણીઓ જેવાંકે સાપ, વીંછુ, વાઘ, વરૂ, કીડા વગેરે ખરફસ્તરોનો નાશ કરવો. તનદરૂસ્તી અને સુઘડાઇ જાલવવી; બીમારી અને ગંદાપણું દૂર કરવું; દરદ તથા મોત ઘટાડવા સારૂ શરીર, કપડાં, ઘર, મોહલ્લા, ગામ, શહેર, જમીન, મીઠાં પાણીના જથાઓ, વગેરે માણસોના વપડાસમાં આવતી સઘળી ચીજોને ગલીચી તથા મુરદાર વસ્તુઓથી સાફ રાખવાં, કેમકે જો તેમ નહી થાય તો માણસોમાં બીમારી અને મોતનો વધારો થાયછે, ઇત્યાદિ, ઇત્યાદિ.

હવે, ખરૂં છે કે, આ કાનૂન મુજબ અમલ કરવો એ સેહેલ કામ નથી. જે માણસ દુનિયાની આબાદી વધારે અને પોતે નેક રાહે ચાલે, એટલુંજ નહી પણ ખરાબીઓને અને બદીઓને તોડ, તેને આ દુનિયામાં રંજ અને સખ્તી ભોગવવી પડે. વળી તેણે પોતાના હવસો ઉપર ફતેહ મેલવીને ખાહેશોને કાબુમાં રાખવી પડે. તેણે સ્વાર્થ તથા આસાયશને છોડી દેવાં પડે, અને જે જે ખરાબીઓની સામણે થવાથી માથે દુશમનો થાય તેઓની તરફથી થતાં નુકસાનો, રંજ, અજાબ, અને હેરાનીઓ સબુરીથી ખમવાં પડે. ભલાઇનો બચાવ અને બૂંડાઇનો નાશ કરવામાં જે જે મુશકેલો, અગવડો, આપડાઓ અને આફતો આવી પડે તેઓથી નહી ડરતાં ખંતથી પોતાનું કામ કરતાં રહેવું પડે; વગેરે, વગેરે. તોપણ એ આ ટુંક જીંદગીની રંજનો બદલો જાવેદાનનાં સુખમાં મલવાની ખુદાઇ કબૂલાત છે, અને

એથીજ અશો જરતોસ્તે પોતાની કારકીર્દીમાં તેનો સંપૂર્ણ દાખલો આપ્યો હતો. તેણે પોતાનાં શીખવ્યા પ્રમાણે અમલ કરી બતાવ્યો હતો. તે ભુંડાંઓની બીહકથી ડરી જનાર, અથવા સુસ્તીથી પડી રહેનાર, અથવા આલસાઇથી અધુરૂં મુકનાર નહી હતો. તે ભુંડાંઓની આગલ નમી પડીને કાકલુદી કે ખુશામદથી તેઓને રાજી રાખનાર નહી હતો. પણ હીમત, કોશેશ અને ખંતીપણાંથી સામણે થઇને તેઓને અશક્ત કરતો હતો. તેણે આ દુનિયા ભલાઇ તથા વૃદ્ધિ અને ભુંડાઇ તથા નાશ વચ્ચેની લડાઇનું મેદાન છે એમ શીખવ્યું છે, અને તે પોતે એમાં ભલાઇની તરફથી દલેરીથી લડતો હતો. ગમે તેટલી નિષ્ફળતા મલે, ગમે તેટલાં દુઃખો ખમવાં પડે, તોપણ તે બદીની સામણે લડાઇ ચાલુ રાખતો હતો. તે એમજ સમજતો હતો અને શીખવતો હતો કે આ દુનિયામાં દરએક માણસનું કામ એક હાથ ઉપર નેકી વધારવાનું છે અને બીજા હાથ ઉપર ખરાબી ઘટાડવાનું છે, અને એ ઉપરથી દરએક જણે યાદ રાખવું કે તે આ દુનિયામાં "ફરશોકર્દ" કરવા આવેલું છે. માટે તેણે દરએક ભલાઇને નીભાવવા તથા વધારવામાં અને દરએક બદીને તથા ખરાબીને તોડવા તથા નાશ કરવામાં હીમત, કોશેશ અને ખંતથી ભાગ લેવો.

હવે આ અશો જરતોસ્તના "ફરશોકર્દ" કરવાનાં ફરમાનમાં તેની દીનની એક ખાસ ખુબી જણાયછે. કેટલાએકોનું મત એવું છે કે આ દુનિયા તો ખરાબજ છે. તમે ગમે તેટલી મેહનત કરશો તોબી તે સુધરવાની નથી. વળી તમે ક્યાં આ દુનિયામાં હમેશ લગી રહેવાનાં છો? માટે દુનિયાનો સુધારો કરવામાં શામાટે મંડવું અને તસદી ઉઠાવવી? એ પ્રમાણે તેઓ નીરાશી અને સુસ્તીને

ઉત્તેજન આપેછે. પણ જરતોશ્તી દીનનું મત તેઓથી ઉલટું છે. તે શીખવેછે કે દુનિયામાં આપણે લાંબો વખત રહેવું નથી એ ખરૂં છે, તોપણ અહીંયાં જે જે ખરાબીઓ છે તે પડયા પડયા ખમ્યા કરવી નહી, કેમકે તેમ કરતાં ઇનસાનને હીચકારાપણાંનો કલંક લાગેછે, એટલુંજ નહી પણ જીંદગીની મુખ્ય નેમ પાર નહી પાડવાથી તે ઠપકાને પાત્ર થાયછે. જો તમે તમારાં ઘરમાંથી ગલીચી દૂર નહી કરો અને તેથી થતાં દુઃખ દરદોમાં રીબ્યા કરો તો શું તેમાં તમોને નામોશીભરેલું નથી? તમારે માટે ડહાપણ-ભરેલો માર્ગ તો એજ છે કે તમે તમારે માટે તેમજ તમારી આવતી ઓલાદને માટે તમારૂં ઘર ચોખ્ખું કરો. એમ કરવામાં તમે પોતે પોતાને મદદ કરોછો અને તે સાથેજ વળી હવે પછી આવનારાં બીજાંઓ ઉપર પરોપકારબી કરો-છો. એજ પ્રમાણે આ દુનિઆ આપણ માણસજાતનું ઘર છે. તે આખાં ઘરને સુધારવા અને સમારવામાં ભાગ લેવાની આપણ દરએકની ફરજ છે. વળી એટલુંજ નથી, પણ એ કામના બદલામાં આવતી જીંદગીમાં સારૂં ઇનામ મળવાની જો ખુદાઇ કબૂલાત છે તો તે બજાવવામાં દરએક જણે બેવડા ઉમંગથી મંડી જવું ઘટેછે. જો દરએક ઇનસાન એમ કરે તો તેની આ તેમજ આવતી જીંદગી સફલ થાય. જે કોઇ એ પ્રમાણે નહી ચાલે તેની બેહુ જીંદગી નિષ્ફળ જાય. એમ છે માટે જરતોશ્તી દીનનાં દરએક જણે "ફરશોકર્દ" જલદીથી કરવામાં મદદ કરવાનું ફરમાન બેશક ઘણું મઆકુલ ઠરેછે.

બેતો.

ભલી નિર્મળ નિરોગી જહાન બાકી
હતી તેમાં પછી કમ થાઇ પાકી.
ગુનાહ દાખલ થવે જંજાલ આવી,
બિગાડા 'ને ખરાબી ખૂબ લાવી.
ગયોમરદે, જરાતોશ્તે, ભલી દીન
અહુરમજ્દી ચલાવી નેક આઇન.
સહુ જણ તે શિખી કરજો "ફરષકર્દ,"
ભલી નારો, ભલાં ફરજંદ, ભલા મર્દ.
"ફરષકર્દ" માં મદદ કરવી ફરજ છે,
અહુરમજ્દનું મનુષ શિર એ કરજ છે.
સમારીને સુધારો આ જીહાંને,
ભલો બદલો કરો હાસલ રવાને.
ન સુસ્તી રાખજો કરવા સુધારો,
ભલાઇનો સદા કરજો વધારો.

સવાલો.—દરએક જણે "ફરષોકર્દ" કરવામાં મદદ કરવાની ફરજ છે તે વિષેના અવસ્તા અર્થ સહીત કહો. "ફરષોકર્દ" એટલે શું તે અવસ્તાની શહાદતો સાથે સમજાવો. દુનિયાને કેમ સુધારવી તે સમજાવો. ફરષોકર્દ કરવામાં જરતોશ્તી ધર્મનાં શું શું ફરમાનો સમાઇ જાયછે તે સમજાવો. ફરષોકર્દ કરતાં વિપત્તિ અને સંકટો ખમવાં પડે તે વખતે શો દિલાસો લેવો તે સમજાવો. અશો જરતોશ્તે પોતે "ફરષોકર્દ" માં કેમ ભાગ લીધો હતો તે સમજાવો. દરએક જણે ફરષોકર્દ કરવો એવાં અશો જરતોશ્તનાં ફરમાનમાં શું ખુબી સમાયલીછે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૪૯ મો.

"પુરષોકર્દ" ની સિપ્ત.

૫૬.

દોર ચાલુનો આ બદ જમાનો,
કુષેંકર્દેજ રૂડો થવાનો.

સર્વ પેદાયશોમાં અહુરની
જે ભલી સાથ ભુંડી નિશાનો,
એ તત્વ મિશ્રણથી મલેછે,
એમ કહે ગુરૂ જરતોશ્ત શ્યાનો. કુષેં૦—ચાલુ૦

જન્મ દીધો મનુષને ખુદાએ
આય જહાં બાગમાં ફરવાનો—
નેશત દુખકાર કાંટા બદીના
જોઇ દૂરજ કરતાં જવાનો. કુષેં૦—ચાલુ૦

કુષેંકર્દથીજ સુધરી, જગતને
સાચ નક્કી નકી તો થવાનો—
મર્ણ બાદ જે બદલો તહેનો
તો તમોને ખરો મલવાનો. કુષેં૦—ચાલુ૦

બોધ જરતોસ્તનો આય ઉત્તમ
નિત્ય દિલમાં ધરો ઇનસાનો,
"કુષેંકર્દ" નેક કરવા સહુની
છે હમેશાં ફરજ સત્ય માનો. કુષેં૦—ચાલુ૦

દાદગર! આપ ઉત્સાહ અમોને
નિત્ય "કુષેંકર્દ" કરવાનો—
જગ સુધારામાં મશગૂલ રે'યે,
સર્વ બુઢ્ઢાં અને સહુ જુવાનો! કુષેં૦—ચાલુ૦

પાઠ ૫૦ મો.

અશોઈનું ખુરેહ.

. . . . 𐬀𐬌𐬭𐬌𐬌𐬀𐬥𐬆𐬨 𐬓𐬀𐬭𐬆𐬥𐬋 𐬨𐬀𐬰𐬛𐬀𐬜𐬁𐬙𐬆𐬨

. . . . . 𐬎𐬖𐬭𐬆𐬨 𐬐𐬀𐬎𐬎𐬀𐬉𐬨 𐬓𐬀𐬭𐬆𐬥𐬋 𐬨𐬀𐬰𐬛𐬀𐬜𐬁𐬙𐬆𐬨

. . . . . 𐬎𐬖𐬭𐬆𐬨 𐬀𐬓𐬀𐬭𐬆𐬙𐬆𐬨 𐬓𐬀𐬭𐬆𐬥𐬋 𐬨𐬀𐬰𐬛𐬀𐬜𐬁𐬙𐬆𐬨

. . . . 𐬰𐬀𐬭𐬀𐬚𐬎𐬱𐬙𐬭𐬀𐬵𐬆 𐬓𐬀𐬭𐬆𐬥𐬋 𐬨𐬀𐬰𐬛𐬀𐬜𐬁𐬙𐬆𐬨

અઈર્યનેમ્ ખરેનો મજ઼્દધાતેમ્ . . . . .
ઉઘ્રેમ્ કવએંમ્ ખરેનો મજ઼્દધાતેમ્ . . . .
ઉઘ્રેમ્ અખરેતેમ્ ખરેનો મજ઼્દધાતેમ્ . . .
જ઼રથુશ્ત્રહે ખરેનો મજ઼્દધાતેમ્ . . . .

(સીરોજા મોહટા, રોજ ૨૫ મો).

અર્થ.

"અહુરમજ઼્દે પેદા કીધેલું **ઈરાની ખુરેહ**.... અહુરમજ઼્દે પેદા કીધેલું જોરાવર **કયાની ખુરેહ**.... અહુરમજ઼્દે પેદા કીધેલું જોરાવર **અથોરનાની ખુરેહ**.....અહુરમજ઼્દે પેદા કીધેલું **જ઼રતોશ્તનું ખુરેહ**"........

"ખુરેહ" એટલે અસાધારણ માનોઇ શક્તિ, કે જે ધરાવનાર તેથી ખરાબી ટાલવાનાં તથા બીજાં મહાભારત કામો પાર પાડી શકે. તે ભલું ખુરેહ અશોઇ વિના મલતું નથી. અવસ્તામાં આ મથાલે ટાંકેલાં ચાર કીસમનાં માણસોમાં બીજાંઓ કરતાં વહડતું અને વિશેષ ખુરેહ હતું એમ

જણાવ્યું છે. એ વિષે અવસ્તામાં આવેલી કેટલીએક બાબતો ઉપરથી એવું અનુમાન થાયછે કે જે માણસ પોતાનાં તન, મન, અને રવાનને પવિત્ર રાખવા સાથે હમેશાં રાસ્ત વિચારે, રાસ્ત બોલે, અને રાસ્ત કામો કરે, ટુંકામાં જે "અશો" રહે તેને તેની ભલાઇનાં પ્રમાણ પ્રમાણે વધતું કે ઓછું ખુરેહ મલી શકે, જેની મદદથી તે બીજાઓથી નહી થઇ શકે એવાં મહાભારત કામો પાર પાડી શકે—અને જયાંલગી એક ખુરેહમંદ આદમી અશો રહે યાને રાસ્તી અથવા સત્યને વલગી રહે ત્યાંલગી તેનું ખુરેહ તેની સાથે રહે; પણ જે ઘડી તે અશોઇ અને રાસ્તીને છોડે, જે ઘડી તે પહેલવહેલુંજ એકાદ જૂઠું વચન ઉચારે, કે તેજ ઘડી તેનું ખુરેહ તેની સોડથી જતું રહે અને તેની પડતીની શરૂઆત થાય. જમીઆદ યશત (ફ૦ ૩૧–૩૪) માંથી જણાયછે કે શાહ જમશેદ ખુરેહ ધરાવતો હતો જેથી તે સઘળી તરફ પ્રકાશી રહ્યો હતો. પણ એક દહાડે ફકત એકજ વાર તે જૂઠું બોલ્યો તે દહાડથી તેનું તે નૂર ઉડી ગયું, તે ફીક્કો પડતો ગયો, અને દીનપરદીન ખસ્તેહખુવાર થતો ગયો.

અવસ્તાઇ જમાનાનાં લોકોને જણાયલી કેટલીએક પ્રજાઓ જેવી કે "અઇર્ય", "તૂઇર્ય", "સઇરિમ", "સાઇની", "દાહી", વગેરે મધેથી અઇર્યઓ એક વિશેષ ખુરેહ ધરાવતા હતા એમ મથાલે ટાંકેલા તથા બીજા અવસ્તામાં કહ્યુંછે. એ અઇર્ય કોઇજ નહી પણ આર્યન પ્રજાઓ જેવી કે પુરાતન વેદિક, હિંદુઓ, ઇરાનીઓ, ગ્રીકો, રોમનો, સ્લાવોનીઅનો, ટયુટનો, સેલટીકો, વગેરેની જાતની એક ચોકસ પ્રજા હતી જેની ઓલાદમાંથી આજે જરતોશ્તીઓ તેમનું ચોખ્ખું લોહી ધરાવતા બકાત રહેલાછે. હવે જો ખુરેહ જેવી પ્રતાપી

શક્તિ રાસ્ત રાહ, નીતિ અને નેકી, ખાલેસ દીન અને ભલી આઇન, ટુંકાંમાં "અશોઇ" ને ચોપથી અમલમાં લાવવાએ મલી શકેછે અને પુરાતન આઇર્યઓ જો એક વિશેષ ખુરેહ ધરાવતા હતા તો તે તેઓની ઉંચા પ્રકારની નીતિ, નિર્મળ નેકી, પાક દીન, અને બેહતર આઇનને લીધેજ હોવું જોઇએ. અને એ વાત ખરી છે તેની સાબેતી ઇરાનની તવારીખ ઉપર નજર નાખતાં માલુમ પડેછે. ગયોમરદ, હુશંગ, તેહમુરસ્પ, અને જમશેદના જમાનામાં માણસોની દરીઠામ જીંદગીમાં કામ લાગે એવા મૂલ પાયેના વિદ્યાહુનર-ની શરૂઆત થઇ. તેમાં તેઓ દીનપરદીન બીજી પ્રજાઓ કરતાં વધારે આગલ વધતા જતા હતા તે તેઓની "અશોઇ" નાં "ખુરેહ"ને લીધેજ હતું. પછી તેઓ પોતાની નીતિ અને નેકીમાં રાસ્તીથી વેગલા જતા થયા તેથી જોહાકી જમાનો આવ્યો અને ઇરાનમાં પરદેશી રાજ થયું. પછી વળી ફરેદુનના વખતમાં ઇરાની ખુરેહનો ઉદય થયો. તેથી જુ-બિને-તેહમાસ્પના વખત લગી ઇરાન દેશ આબાદ રહ્યું. ત્યારપછી થોડો વખત તુરાની રાજ થયું તેથી વળી ઇરાન વેરાન થયું. પણ જલદીથી તેનો અંત આવતાં કયાની વંશનું રાજ સ્થાપન થયું. એ વંશમાં કે કોબાદ, કે કાઉસ, કે સીવાવક્ષ, કે ખુસરો, કે લોહરાસ્પ, કે ગુશ્તાસ્પ, અને બીજા કેટલાએક નામીચા કયાનીઓ થયા. તેઓને માટે મથાળે ટાંકેલા તથા બીજા અવસ્તામાં કહેછે કે એ કયાની-ઓનું એક વિશેષ ખુરેહ હતું. અલબત તે તેઓની ખાસ અશોઇને લીધેજ હતું, અને તેથીજ તેઓએ ઘણાંએક પ્રતાપી કામો કીધાં હતાં જેની કેટલીએક નોંધો અવસ્તામાં આવેલીછે. એ કયાનીઓની સાથે સાથેજ અથવા તેઓની પછીથી અથોરનાનો યાને ઇરાનીઓના ધર્મગુરૂઓનો ટોળોખી

ઘણો પ્રકાશ પામતો ગયો હોવો જોઇએ, કેમકે અવસ્તામાં અથોરનાનોનું બી એક ખાસ ખુરેહ વર્ણવ્યું છે. એ પ્રમાણે પુરાતન ઇરાનમાં ખુદ ઇરાની લોકો અને તેઓમાંના ચુનંદા કયાનીઓ અને અથોરનાનો વગેરે પોતાની આસપાસની બીજી પ્રજાઓ કરતાં તન બલ, મન બલ, નીતિ બલ તથા ધર્મ બલમાં ઘણા ચહડીઆતા થયા હતા તે તેઓ પોતપોતાના સદગુણો અને સતકર્મોથી દરએક જણ તેનાં પ્રમાણ મુજબનું ખુરેહ પામવાને લીધેજ હતું. તે ઇરાની, કયાની, અને અથોરનાની ખુરેહ જોકે બીજાં લોકો સાથે સરખાવતાં ચહડતા પ્રકારનું હતું, તોપણ એક માણસ જેટલું સંપૂર્ણ ખુરેહ મેલવી શકે તેટલું પૂરેપૂરૂં ખુરેહ તેઓમાં કોઇ મેલવી શક્યું ન હતું. સંપૂર્ણ ખુરેહ મેળવવામાં ફક્ત એકલો અશો જરતોશ્ત ફતેહમંદ થયો હતો. એ ઉપરથી અવસ્તામાં જરતોશ્તનું એકલાનું એક વિશેષ ખુરેહ જણાવ્યું છે. જે જે મહાભારત કામો આગલાં ખુરેહમંદ નરનારીઓથી માત્ર થોડે દરજે પાર પડી શકેલાં તેવાં કામો અશો જરતોસ્તે પોતાની સંપૂર્ણ અશોઇનાં ખુરેહથી સંપૂર્ણ દરજે પાર પાડયાં હતાં, અને એટલામાટે જરતોશ્ત દરએક ભલી અને ઉમદા બાબતમાં સર્વેથી શ્રેષ્ટ અને બાકી બદનવાળો છતાં મીનોઓની સફમાં ગણાવા લાયક થયો હતો. અવસ્તામાં જેટલી વખાણ અને કીર્તિ પેગમ્બર જરતોસ્તની ગાવામાં આવેલીછે અને ઇનસાનો મધે જે બુલંદમાં બુલંદ દરજાનું માન તે સાહેબને આપવામાં આવ્યું છે તે મુજબ કોઇ માણસને માટે કરવામાં આવ્યું નથી, કારણકે તે સાહેબની અશોઇ અને તેનું ખુરેહ સર્વોપરી દરજેનું હતું.

હવે એ ઉપરથી આપણે જે નીતિસાર કહાડવાનો છે તે એ છે કે ખુરેહ જેવી અસાધારણ શક્તિ મેળવવાનું

અને તે સ્વાધીન રાખી શકવાનું સાધણ જો અશોઇ—યાને નીતિ, નેકી, અને ધર્મ—છે તો તે કોઇબી ઇનસાન પોતાની કોશેશ પ્રમાણે વધતું ઓછું મેલવી શકે. તે મેળવવાનું નસીબને આધારે નહી પણ કોશેશને આધારે છે. ખુરેહમંદ થવું એ બીજા બોલોમાં બાકી જીંદગીમાં મીનોઇઓને જેવાં અસાધારણ કામ કરનારાં થવું છે, અને તેને માટે ભલાઇની કોશેશ અવશ્ય છે. વળી યાદ રાખવું કે આ જેહાનને લગતા સરસાઇ મેલવવામાં ખોટું જોકે કાંઇ નથી, તોપણ માનોઇપણાંની સરસાઇ આગલ તે સરસાઇ કુછ નથી. તનમનનું બલ, જરનું જોર, રાજપાટનો રંગ, એ સઘળું અશોઇ યાને નીતિ, નેકી અને ધર્મની સાથે સરખાવતાં ઉતરતી કીમતનું છે. દોલતનો દમામ દીનનાં ખુરેહ આગલ ઝાંખો પડી જાયછે, માટે દરએક ઇનસાનને સજાવાર છે કે દીનનું ખુરેહ મેલવવામાં સુસ્તી નહી કરે.


બેતો.

ખુરેહમંદી અશોઇથી મલેછે—
ખુરેહથી મુશકેલો સઘલી ટળેછે.
ભલી કોશેશ કરો થાવા ખુરેહમંદ,
કે જેથી સર્વદા થઇ રહો ફતેહમંદ.

સવાલો.—ખુરેહ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. "ખુરેહ" બોલની સમજણ આપો. અવસ્તામાં જે જે ખુરેહ વર્ણવ્યાંછે તે સમજાવો. એ ઉપરથી નીકલતો નીતિસાર સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૫૧ મો.

દારયવુશ વિશ્તાસ્પ (દારાયસ હિસ્તાપીસ) ની ખુબીઓ.



મર્તિયા! હ્યા અઉરમજ્દાહા ફ્રમાના, હઉવ્-તઇય્ ગસ્તા :—મા થાદય પથિમ્, ત્યામ્ રાસ્તામ્; મા અરવદ, મા સ્તબવ.

અર્થ.

"ઓ માણસ! આ અહુરમજ્દનું ફરમાન છે, જે તને પોંહચેછે:—મા છોડ રસ્તો જે રાસ્ત છે; મા બીગાડ, મા બંધ કર."

(દારયવુશ વિશ્તાસ્પનો નક્ષે રૂસ્તમ ઉપરનો ખીલારોકી લેખ.)

"દારયવુશ" ઇરાની ખીલારોકી ભાષાનો શબ્દ છે જે યુનાની ભાષામાં "દારાયસ" અને ફારસી જુબાનમાં

"દારાય" કરી બોલાયેછે. દારયવુશ હખામનીઆન શેહનશાહોમાં ઘણો નામાંકિત થઇ ગયોછે. તે જ્યારે તખ્તે બેઠો ત્યારે તેની ઉમર અઠાવીશ વર્ષની હતી. તેનો બાપ વિશ્તાસ્પ (હિસ્તાસ્પીસ) જીવતો છતાં અને રાજ ઉપર તેનો હક છતાં દારયવુશ (દારાયસ) ની બહાદુરી અને બાહોશીને લીધે ઇરાની ઉમરાવોએ તેને તખ્ત બેસાડયો હતો. દારયવુશે ઇ૦ સ૦ પૂર્વ ૫૨૧ થી ૪૮૫ સુધી છત્રીશ વર્ષ રાજ કીધું.

તેનો એક મુખ્ય સદગુણ એ હતો કે તેને પોતાની જાત, વતન અને ખાનદાનનું વાજબી અભિમાન હતું. તે પોતે ઇરાની લોહીનો અને પારસી તુખ્મનો હોવામાં મગરૂરી તો હતો. જે માણસ સ્વદેશઅભિમાન કે જાતિઅભિમાન રાખેછે તે માણસ હરએક પ્રસંગે નીચ અને નાલાયક વર્તણુક કરવાથી ઘણું કરીને પાછું રહેછે, કેમકે તે વિચારે છે કે તેમ કરવાથી તેને અને તેનાં ખાનદાનને એબ લાગશે. સ્વદેશઅભિમાન કે જાતિઅભિમાન રાખવાનો એ એક મોટો ફાયદો છે.

ગઉમાત નામના એક ઠગારા શખ્સે પાદશાહ કબુજીય (કમબાઇસીસ) ના ભાઇ બરદીય (સ્મરદીસ) નું ખોટું નામ ધારણ કરી ઇરાનનું રાજ પચાવી પાડવાની બાજી માંડી હતી તેને દારયવુશે ઘટતી સજાએ પુગાડયો. પછી તુરતજ તેની શેહનશાહતમાં છ વર્ષો લગી સુસીઆના (ખુજિસ્તાન), બાબીલોન (બાબુલ), પરસીસ (ફારસ), મીડીઆ (માદ), એસીરીઆ (અસુરસ્તાન), આરમાનીઆ (અરમન), હિરકાનીઆ (ગુરગાન), પારથીઆ (પહલવ), મરગીઆના (મર્વ), સગરસીઆ, સતગીદીઆ, અને સકીઆ (સીસતાન), એ પ્રાંતોમાં બળવા ઉઠયા જે સઘળા એક પછી એક તેણે બેસાડી દીધા. તે બળવાખોરોની સરદારી લેનારાઓનું

એક ચિત્ર ઇરાન દેશમાં હમદાન શેહેરની નજદીક બહીસ્તુન પહાડ ઉપર તેણે કોતરાવ્યું છે. તેઓની હકીકતની જે તખ્તીઓ તેણે કોતરાવીછે તેમાં તેઓને "જૂઠા" કહીને પુષ્કળ ધિક્કાર્યાંછે તે ઉપરથી ખુલ્લું જણાયછે કે એ મહાપુરૂષને જૂઠાઇનો ભારે તિરસ્કાર હતો.

વળી મહાત્મા દારયવુશ ખુદાતાલા ઉપર સાચો ભરોસો રાખનાર હતો. તે પોતાનાં દરએક નાનાં કે મોટાં કામમાં ફતેહ પામવાનું માન પોતે લેતો નથી પણ "અહુરમજદે મને મદદ કીધી," "અહુરમજદની મેહેરબાનીથી" મેં ફલાનું કામ કીધું, એમ પોતે કોતરાવેલી તખ્તીઓમાં લખી જાયછે.

દારયવુશ મોટાં મનનો હતો. તેની એ ખુબી તેની કારકીર્દીમાં અનેક વખતે પ્રગટી નીકલી હતી. જેમકે માઇલીટસના હાકેમ હીસતીઅસે પોતાના જમાઇ એરીસ્તાગોરાસ સાથે મલીને તરેહવાર કાવતરાં કરી યુનાનનાં અનેક શેહેરોને ઉસ્કેરી બલવા કરાવ્યા હતા, જેથી દારયવુશનાં લશ્કરો તથા સરદારોને વારેઘડીએ ઘણી મહેનતમાં ઉતરવું પડયું હતું. તોપણ અંતે જ્યારે હીસતીઅસ સારદીસ આગલ પકડાતાં દારયવુશના ભાઇ આરતાફરનીસે તેને કતલ કરાવ્યો અને પછી તેનું ડોકું ખુશબો ભરીને સુસા ખાતે દારયવુશ આગલ હાજર કરવામાં આવ્યું ત્યારે દારયવુશ બહુ કમકમ્યો, તેને કતલ કરનારાઓ ઉપર તે ઘણો ગુસ્સે થયો, અને તે ડોકાંને સંભાલથી ધોઇ સાફ કરીને માન સાથે ઠેકાણે પાડવાનો હુકમ આપ્યો.—અથીનીઅન સરદાર મીલતાયદીસ જેણે દારયવુશની સામે શત્રુતા વાપડવામાં કાંઇ કસર રાખી નહી હતી તેનો બેટો મેટીઓકસ જ્યારે દારયવુશના હાથમાં સપડાયો ત્યારે તેના બાપની આગળી બદીનું વેર લેવાને બદલે તે છોકરા ઉપર તેણે કેટલીએક નવાજેશો

કીધી, તેને ઇરાનમાં રેહવા માટે એક ઘર અને વજીફો આપ્યો, અને ઇરાની પ્રજાના સઘળા હકો ભોગવવાની તેને છુટ આપી.—સઘળાં બળવાખોર તથા બીજી રીતે સામણે થનારાં જુનાની શેહેરો તાબે થવા પછી તેઓની ઉપર ચોથાઇ મુકરર કરવામાં આવી તે ઘણીખરી બળવાની અગાઉ જેટલી લેવામાં આવતી હતી તેટલીજ તેણે પાછી કાયમ રાખી.—મેરેથોનની લડાઇમાંથી પાછા ફરેલા સરદારો દાતીસ અને આરતાફરનીસ પોતાની સાથે ઇસત્રીઅન બલવાખોરોને પકડી લાવ્યા હતા. દારયવુશને તેઓની ઉપર કેહેર ઉપજેલો હતો તેથી તે તેઓને સજા કરશે એમ સહુ કોઇ માનતું હતું, તોપણ તેણે તેઓમાંના એકનેબી કશી ઇજા કરવાને બદલે સુસાથી શુમારે છવીશ માઇલ દૂર કીસીઆમાં અરદેરીકા નામની જગાએ રહેઠાણો બાંધી આપીને તેઓને રાખ્યા.—એ વગેરે બીજા કેટલાએક દાખલાઓ ઉપરથી ખુલ્લું જણાયછે કે દારયવુશ દુશ્મનની પડતી ઉપર પાટું મારીને વેર લેવાનું હીચકારાપણું બતાવતો ન હતો. એટલુંજ નહી પણ તે તેઓને માનમરતબો આપીને તેઓનાં દીલનું દુઃખ ઓછું કરતો હતો.

દારયવુશે બીલારેકી હરફે કોતરાવેલા નક્ષે રૂસ્તમ એવે નામે હાલમાં ઓળખાતા એક પહાડ ઉપરના લેખ ઉપરથી જણાયછે કે તેના તાબામાં ત્રીશ મુલકો હતાં જે ઘણાંખરાં તેને બલવા વગેરે લડાઇઓ ઉઠવા પછી પોતે ફરીથી જીતી લેવાં પડયાં હતાં, એ તેની બહાદુરી દેખાડી આપેછે. તોપણ તે માત્ર લડાઇના હુનરમાં કુશળ હતો એટલુંજ નથી પણ તે સુલેહના હુનરમાંબી બીજા સઘળા પારસી પાદશાહો કરતાં ચહડતો હતો. મી૦ જ્યૉર્જ રાલીનસન જેવો તવારીખનવેશ તેને "યોજના કરનાર, સપેહ-

સાલાર, પ્રધાન, રાજવહીવટ કરનાર, ઇમારતો બાંધનાર, હુનર અને વિદ્યાનાં કામોનો મુરબ્બી" કહી વખાણેછે. તેની ખુબીઓનાં વખાણ તેના શત્રુઓ અને પરકોમનાઓ વઠીક કરી ગયાછે.

જેમ હિંદુસ્થાનની કેટલીએક ચોકસ જગાઓમાંથી મહાન ધર્મી રાજા અશોકના કોતરાવેલા લેખો મળી આવ્યાછે તેમ પુરાતન જમાનામાં અતિ ફેલાયલી પારસી શેહનશાહતમાંની કેટલીએક જગાઓએ મહાત્મા દારયવુશે કોતરાવેલા લેખો અને બીજી પુરાતન નીશાનીઓ મળી આવીછે જે દરએક પારસી નામ ધરાવનારે જાણવી ઘટેછે. દારયવુશના મુખ્ય લેખો ત્રણ મલ્યાછે—પેહેલો બહીસ્તુન પહાડનો હમદાન આગલ; બીજો પરસીપોલીસનો શીરાજ આગલ; અને ત્રીજો નક્ષે રૂસ્તમનો ઇરાની અખાતમાંથી શીરાજ જવાના માર્ગમાં. આ છેલ્લા લેખ ઉપરથી મહાત્મા દારયવુશનું યકીન તથા નીતિ કેવી હતી તે સારીપેઠે જણાયછે. એ આખા લેખનો તરજુમો નીચે મુજબ છે:—

" અહુરમજ્દ બુજરગ ખુદા (છે); જેણે આ ભૂમી પેદા કીધી; જેણે પેલું આસમાન પેદા કીધું; જેણે માણસજાતને પેદા કીધું; જેણે રહેઠાણ પેદા કીધું માણસને વાસ્તે; જેણે દારયવુશને પાદશાહ કીધો, સઘળાઓનો એખલો પાદશાહ, સઘળાઓનો એખલો ફરમાવનાર.—હું દારયવુશ, પાદશાહે બુજરગ, પાદશાહોનો પાદશાહ, પાદશાહ મુલકોનો સઘળી જાતજાતનાં, પાદશાહ આ ભૂમીનો મોઠી દૂરવેરની; વીસ્તાસ્પનો છોકરો, હખામનીશ (ખાનદાન) વાળો; પારસી, પારસીનો પુત્ર; ઇરાની, ઇરાની તોખમનો.—કહેછે દારયવુશ પાદશાહ, અહુરમજ્દની મરજીથી આ મુલુકો મેં મેલવી લીધાછે, પારસ ઉપરાંતના, તેઓની ઉપર હું હાકમી ચલાવું

છું. મારે વાસ્તે ખંડણી (તેઓ) લાવ્યાછે, જે તેઓને મારી તરફથી કહેવામાં આવ્યું તે (તેઓએ) કીધુંછે. ધર્મ જે મારો તે (તેઓએ) ધર્યોછે. મીદીઆ, ખુજીસ્તાન, પહલવ, હેરાત, બલખ, સોગદ, ખારેજમ, જરક, હીલમંદ, સતગુશ, કંદહાર, હિંદુસ્થાન, સકાએ–હોમવરકા (હોમાવરાન?), સકાએ–તીગર ખોદા (તાઇગ્રીસ ઉપરના?), બાબુલ, સુરીઆન, અરબસ્તાન, મીસર, અરમની, કતપતુકા, સ્પારતા, યુનાન, સકા જેઓ (પેલે) પાર દરીઆની, સકુદર, કોલાહ પેહેરનારા યુનાની, પુતીઆ, કુશીઆ, મચીઆ, કરકા.— કહેછે દારયવુશ પાદશાહ. અહુરમજદે જયારે આ દુનિયા ઉપર નજર કીધી.....પછી તે મને આપી, મને પાદશાહ કીધો, હું પાદશાહ છેઉં અહુરમજદની મરજીથી. મેં તેને જગાઓમાં સ્થાપી બેસાડી. જે તેઓને મેં કહ્યું તે તેઓએ કીધું, જેમકે મારી મરજી હતી (તેમ). અગર તું વિચારે કે કેટલાં તે મુલુકો (હતાં) જે દારયવુશ પાદશાહ ધરાવતો હતો તો (આ) ચીતાર જો. તેઓ મારૂં તખ્ત ઉંચકેછે તે ઉપરથી તું તેઓને ઓળખશે. હવે કોઇ (આ બીનાથી) નાવાકેફ રહી શકશે કે પારસી મરદો ઘ દૂરવેર પારસથી લડાઇને ખાતર ગયા હતા?—કહેછે દારયવુશ પાદશાહ, આ જે કીધું મેં તે તમામ અહુરમજદની મરજીથી કીધું, અહુરમજદે મને મદદ પોંહચાડી, જયારે હું હુકમ કરતો હતો (ત્યારે). મને અહુરમજદ બચાવે.....થી, અને મારાં કુટુંબને અને મારાં મુલકને! આ અહુરમજદને અરજ કરૂંછું તે મને બખશે! ઓ માણસ! આ અહુરમજદનું ફરમાન છે જે તુને પોંહચેછે. મા છોડ રસ્તો જે રાસ્ત છે, મા બીગાડ, મા બંધ કર."

બેત.

મહાત્મા સત્યવંતો શાહ દારાબ,
પમરતી કીર્તિ જાણે ફૂલની છાબ.
અહુરમજ઼્દ ભક્ત, જે જૂઠાઇ ટાળે,
હમેશાં ન્યાય તોલે, કોલ પાલે.
વતનનું કુલતણું સાચું અભીમાન,
સદાચારે વરતવા રાખતો ધ્યાન.
ઉદાર ઉપકાર શત્રુપરબી કરતો,
દિલે નાચારની ખુબ દાઝ ધરતો.
ધજા પૃથવી ઉપર ચોગમ ઉડાડી,
તથાપી ગર્વને દીધો નસાડી.
દારાયશ એશિયા ખંડનો શેહનશાહ,
તથાપી નમ્રતાની તે ધરે રાહ.
નમુનો નેકીઓનો તે તણો જે,
ધરી દિલમાં પણોતાઇ ગણો તે.
કરો જો પેરવી તેનીજ ખંતે,
ભલા લાભો થશે બિસિઆર અંતે.

સવાલો.—દારયવુશ વિશ્તાસ્પના નક્ષે રૂસ્તમ ઊપરના ખીલારોકી લેખમાંથી ટાંકેલા નસીહતના સખુનો અર્થ સહીત કહો. દારયવુશ શબ્દની સમજણ આપો. દારયવુશ પાદશાહની ટુક હકીકત કહો. દારયવુશ પાદશાહ કેવાં વાજબી અભિમાન રાખતો હતો અને તે અભિમાનથી કેવો ફાયદો થાય તે સમજાવો. દારયવુશને શા તરફ ભારે તિરસ્કાર હતો તે સમજાવો. ખુદા તરફ તે કેવો વિશ્વાસુ હતો તે સમજાવો. દારયવુશનાં મોટાં મનનો એક દાખલો આપો. તેનો બીજો

દાખલો આપો. તેનો ત્રીજો દાખલો આપો. ચોથો દાખલો આપો. એ દાખલા ઊપરથી શું જણાયછે? દારયવુશ કઈ કઈ બાબતોમાં કુશળ હતો? તે પોતાની યાદગારીની શી શી નીશાનો મુકી ગયેલછે? તેઓમાં મુખ્ય નીશાનીઓ કયાં કયાં છે? દારયવુશનું યકીન તથા નીતિ માલમ પડે એવાં તેના ખીલારોકી લેખમાંના વચનો ટાંકી બતાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ પર મો.

માણસ પોતાનાં કરતુકનો બદલો મેલવનાર છે, કારણકે તે અકલ ધરાવેછે.

.....𐬵𐬌𐬌𐬀𐬞 𐬥𐬇 .....𐬨𐬀𐬰𐬛𐬃 .𐬙𐬀𐬱𐬋

.........𐬑𐬭𐬀𐬙𐬏𐬱𐬗𐬃.......

.𐬫𐬀𐬚𐬭𐬃 .𐬬𐬀𐬭𐬆𐬥𐬇𐬣𐬔 .𐬬𐬀𐬯𐬅.......

ꝏ [illegible]

ઋત્ ને મજ્દા ...... તષો ......
.... ખ્રતૂશ્ચા ....
...... યથા વરેનેઙ્ વસાઓ દાયેતે.

(ગાથા અહુનવઈતિ, હા "તાવેઉવાંતા," ક૦ ૧૧).

અર્થ.

"ઓ મજ્દ! અમારે માટે તેં બનાવી.....
.... અકલો ....
...... કે મરજી ધરાવનાર (માણસ) શા ઉપર યકીન રાખેછે (તેની તેપર જવાબદારી રહે)."

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યત્ દાઓ શ્યોથના મીઝ્દવાંન્ યાચા ઉખ્ધા
અકેમ્ અકાઇ વઙુહીમ્ અષીમ્ વઙ્હવે.

(ગાથા ઉશ્તવઇતિ, હા "ઉશ્તવઇતિ", ક૦ ૫).

અર્થ.

"કે તેં (અહુરમજ્દે) કામોને અને વચનોને **બદલો પમાડનારાં** ઠરાવ્યાંછે—

બુરાંને બુરો અને ભલાંને ભલો **બદલો.**"

આ અશો જરતોસ્તના એ પાક ગાથાઇ કલામો સાથે લેતાં તેઓનો ભાવાર્થ એવો નીકલેછે કે કિર્તારે ઇનસાનને તન, જાન, તમામ શક્તિઓ, અને અકલથી આ દુનિયાની તમામ પેદાયશો ઉપર સરદારી આપવા સાથે મરજીનું છુટાપણું બક્ષયુંછે અને તે સબબથી તે જેવું કરે તેવો બદલો પામે એવું ઇનસાફની રાહે ઠરાવ્યુંછે.

દરએક વિવેકી માણસ કબૂલ કરેછે કે જેની ઉપર જેવી કીમતી બક્ષેશ કરવામાં આવી હોય તે પ્રમાણે તેનો લાયક ઉપયોગ કરવાની તેની ઉપર જવાબદારી છે, અને એ ઉપરથી વિચાર કરતાં અનુમાન થાયછે કે મરજીનાં છુટાપણાં સાથની અકલ ખુદાથી મેલવનારૂં ઇનસાન પોતાની કારકીરદીને માટે તે બક્ષેશો કરનારને જવાબદાર છે. જો દાદાર

ઇનસાનને ચહડતા પ્રકારની ઇંદ્રિઓ, ઉત્તમ વિચારો કરનારૂં મન, ખરાં અનુમાન કરનારી બુદ્ધિ, અને પોતાની તમામ તનમનની શક્તિઓને ગમે તેમ વાપડવાની મરજીનાં છુટાં-પણાંની નવાજેશ કીધીછે તો તેનો વાજબી રીતેજ ઉપયોગ કરવા માટે તે તેને જવાબદાર છે, અને જો તે તેઓનો આડો ઉપયોગ કરે તો તેને સજાને પાત્ર થવું જોઇએ એમ દરએક ઇનસાફી માણસ કબૂલ રાખશે.

કિર્તારે તમામ પેદાયશો ઉપર માણસને અકલ તથા સમજથી રાજ ચલાવવાને અખતીઆર આપ્યોછે તે તેની ઉપર એક મોટી નવાજેશ છે. તોપણ યાદ રાખવું કે તેજ સબબથી તેની આ મજબૂત ફરજબી થઇ પડીછે કે તેણે તેઓનો ઉપયોગ તે આપનાર રાજી થાય તેજ પ્રમાણે કરવો. જો તે તેમ કરે તોજ તેની જવાબદારી તેણે બરાબર બજાવેલી ગણાય.

ખરૂં છે કે જગકર્તાના હેતુઓ ઓહલા અને આપણી નાકેસ અકલમાં પૂરેપૂરા નહી આવી શકે એવા છે. તોપણ આબી ખરૂં છે કે તેનાં દરએક કામ કરવામાં તે સાહેબની કાંઇએક ચોકસ મતલબ અથવા મતલબો હોયછે અને પોતાની મતલબો બજા લાવવાને માટે તે અહીંઆં દરએક પેદાયશને ઉત્પન્ન કરેછે. એ પ્રમાણે જોતાં દરએક ઇનસાને યાદ રાખવું કે તેના પેદા કરનારે આ દુનિયામાં તેને કાંઇબી મતલબ અને હેતુ વગર મોકલેલું નથી. હવે ઇનસાનને અહીંઆં મોકલવાનો તેના કિર્તારનો મુખ્ય હેતુ જરતોસ્તી દીન મુજબ એ છે કે તેણે ભલાઇનો વધારો કરવો અને બુરાઇનો ઘટાડો કરવો અને જેટલે દરજજે એક ઇનસાન અહુરમજ્દની તે નેમ બર લાવશે અથવા નહી લાવશે તેટલે દરજજે તે આવતી જીંદગીમાં તેનો ઘટતો બદલો

પામશે. જેમ એક પાદશાહ પોતાના એક ચાલાક હાકેમ-ને પુર અખતીઆર અને બધાં જોઇતાં સાધનો આપીને એક મુલક ઉપર હકુમત કરવા મોકલે અને તે કામ બજાવીને તે તેની તરફ પાછો ફરે ત્યારે તે તેનો હીસાબ તેની પાસેથી લીએ; અથવા જેમ એક વેપારી પોતાના એક ગુમાસ્તાને પરદેશમાં પોતાની પેહડીનું કામ કરવા મોકલે અને ત્યાંથી તે પાછો ફરતાં તેની સોડથી તે તેનો હીસાબ લીએ; તેવો સંબંધ ખુદાતાલા અને તેનાં પેદા કીધેલાં દરએક ઇનસાનની વચે છે. જો એમ નહી સમજીએ તો ઇનસાનની હયાતી આ પૃથ્વી ઉપર શા માટે થાયછે તે વધારે સારી રીતે સમજી શકાતું નથી.

કિર્તાર કુલ દુનિયાનો તેમજ ઇનસાનનો માલેક છે અને ઇનસાન તેનું તાબેદાર છે. માટે તે તાબેદારે પોતાના મીનોઇ માલેકની ફરમાંબરદારી એવી રીતે બજાવવી જોઇએ કે અકલનું ગોહર મેલવવાથી જે મોટી જવાબદારી તેને માથે આવેલીછે તેનો હીસાબ તે અંતે સુરખરૂઇથી આપી શકે. એમ છે માટે દરએક જણે હરએક વિચાર, વાણી કે કામ કરતી વખતે યાદ રાખવું કે તે ખુદાની ખુશનુદીનું છે કે નહી; અને આ દુનિયાના બાગમાં સહેલ કરતી વખતે હું તે માહેલાં ખુશબોદાર ફુલોના રૂપારૂપી ભલી પેદાયશોનો નાશ નહી થાય તેમ સંભાલ રાખુંછું કે નહી; તેમજ તે માંહેલી કાંટારૂપી બુરી પેદાયશો-ને મારી કોશેશના આતશથી બાલી મુકુંછું કે નહી. દરએક જણે યાદ રાખવું જોઇએ કે એક હકુમત કરી આવેલા હાકેમ સોડથી તેને ત્યાં મોકલનાર પાદશાહ એટલોજ હીસાબ માગેછે કે તે તેને સોંપેલું મુલક હતું તે કરતાં કેટલું વધારે આબાદ કરી આવ્યોછે; અથવા એક

પરદેશથી પાછા ફરેલા ગુમાસ્તા સોડથી હીસાબ લેતાં તેનો શેઠ એટલુંજ જોવા માંગેછે કે તે તેને અપાયલી પુંજીમાં કેટલો વધારો કરી લાવ્યોછે;—અને એજ પ્રમાણે મરજીનાં છુટાપણાં સાથે અકલની બળવંત શક્તિ આપીને આ દુનિયામાં મોકલેલાં ઇનસાન સોડથી તેનો કિર્તાર તેનો હીસાબ લેતી વખતે એટલુંજ જોવા માંગેછે કે તેણે જન્મ લીધો ત્યારે દુનિયા જેવી હતી તેમાં તેણે કેટલો ખુબીનો વધારો અને ખરાબીનો ઘટાડો કીધો, અને તે પોતાની જીંદગીની મુદતમાં બાકી જેહાનથી કેટલો સવાબનો જથો પોતાની સાથે લાવ્યુંછે. એક પાદશાહ પોતાને દેશ પાછા ફરેલા હાકેમથી એમ નહી જાણવા માંગશે કે તેણે પોતાની હકુમત તલેનાં દેશમાં કેટલી ખરાબી અને ગેરઇનસાફી કીધી અથવા કેટલી અણઘટતી મોજમજાહમાં પોતાનો વખત ગુમાવ્યો. એક શેઠ પોતાના પરદેશથી આવેલા ગુમાસ્તા સોડથી એવું જાણવાની આશા નહી રાખશે કે તેને સોંપેલી પુંજીનો કેટલો અણઘટતો ઉપયોગ તે કરી આવ્યોછે. તેજ પ્રમાણે જ્યારે ઇનસાન આ દુનિયાથી પોતાના પેદા કરનારની હજુરમાં પાછું ફરે ત્યારે તે સાહેબ તેને પોતાની જીંદગી આળસુ મોજમજાહમાં કે બદી અને ગુનેહગારીમાં ગુમાવેલી જોવા નથી માંગતો તે સમજવું મુશકેલ નથી.

એમ છે માટે દરએક જણે પોતાની જવાબદારીના જુમામાંથી બાહેર આવવાને માટે પોતાના વિચાર, વાણી અને કામોને એવી વલણ આપવી કે તે કરતી વખતે તેનો સંબંધ તેના કિર્તાર સાથે રહે, તેનાં દરએક કામથી તે સાહેબ-ની બુજરગી જીઆદા થાય, તેની ખુદાવંદીની પીછાન પોતાને તેમજ બીજાંઓને વધારે અને વધારે થતી જાય,

તેની મરજી અને ખીદમત સંપૂર્ણ રીતે બજાવી શકાય, તેની તરફ દીલોજાનની મોહબત અને વિશ્વાસ રહે, તેમજ તેનો અભાવ વગરનો અદબ અને હોરમતભરેલો ડરખી રહે.

બેતો.

મનુષને અકલના ચરાગે જણાય,
ભલું યા બુરૂં કામ શી પેર થાય.
પછી તે કરે કર્તુકો જેહવાં,
નતીજે મલે ફલ બધાં તેહવાં.
ભલાંને ભલો 'ને બુરાંને બુરો,
મલે નિત્ય બદલો—નિયમ એ ખરો.
દિયે શાખ દિલ વાજબી એજ ન્યાય,
ન ખામી ખુદા ન્યાયની કંઇ કહડાય.
સહૂ એમ સમજી ખુદાથી ડરો,
સદા કામ તેની ખુશીનાં કરો.

સવાલો.—"અકલથી માણસ પોતાનાં કરતુકનો જવાબદાર ઠરેછે" એ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. એ કલામોની સમજણ આપો. જરતોશ્તી દીનની રૂએ આ પૃથ્વી ઉપર ઇનસાનની હૈયાતી શાને માટે છે તે સમજાવો. અકલથી વિચાર કરતાં ખુદાતાલા ઇનસાન પાસેથી શું જોવા ઇચ્છેછે તે સમજાવો. આ પાઠના નીતિસારની કવિતા બોલી સમજાવો.

પાઠ ૫૩ મો.

પાકદામાની.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કો થ્વાંમ્ યિમ્ અહુરેમ્ મજ્દાંમ્ મજિ્શ્તય દ્યન્તિ દ્યનઑદ્યતિ, કો મજિ્શ્તત ત્બએષઙ્હ ત્બએષયેદ્યતિ?

આઅત્ મ્રઑત્ અહુરો મજ્દાઓ: જહિ બા, અષાઉમ્ જરથુશ્ત્ર!.......

(વંદીદાદ, ૫રગરદ ૧૮, ક૦ ૬૧—૬૨).

અર્થ.

"કોણ તું અહુરમજ્દ તરફ અતિ મોહટાં વેરથી વેરી થાયછે, કોણ અતિ મોહટા દ્વેષથી દ્વેષી થાયછે?

ત્યારે કહ્યું અહુરમજ્દે કે બેશક પાકદામની નહી રાખનાર, ઓ અશો જરતોશ્ત!"

વંદીદાદમાંનો આ પાક કલામ પાકદામની છોડનારને દાદાર અહુરમજ્દનું મોટું નુકસાન કરનાર દુશમન કરી જણાવેછે. આગળ જતાં એજ ફકરાથી તેને સાપ વિછુ જેવાં ખરફસ્તર અને વાઘ વરૂ જેવાં દરંદાઓ કરતાંબી ખુદાની ખલકતને વધારે નુકસાન કરનાર ઠરાવ્યું છે. (જુઓ

દીદાદ, ૫રગરદ ૧૮, ફ૦ ૬૨–૬૫). એ ઉપરાંત હોમ યશતમાં તેની ઉપર ફીતકાર નાખીને તેને મારી હઠાવવાની ખાહેશ બતાવીછે. (જુઓ યજશને, હા ૯, ફ૦ ૩૨.) અશીશવંગ યશતમાં તેની સંગતથી પરહેજ રહેવાની તાકીદ કીધીછે. (ફ૦ ૫૪–૫૯.) વીસ્પરદના ત્રીજા કરદામાં (ફ૦ ૪) તથા એવેસરૂથરેમ ગેહના ૯ માં ફકરામાં "હુષ્ હાંમ્‌-સાસ્તાંમ્" યાને પોતાના ખાવંદની પૂરેપૂરી ફરમાંબરદારી કરનાર ઓરતને અશોનો પવિત્ર અને માનભરેલો એલકાબ લગાડયોછે. જે ઓરત પોતાના ખાવંદની પૂરેપૂરી ફરમાં-બરદાર તે અલબતે પાકદામની જાલવનારી હોવી જોઇએ એ તો દેખઇતું છે. પાકદામનીને જરતોસ્તી દીનમાં એટલી-બધી અગત્યની ગણીછે કે તમામ અવસ્તાનાં લખાણોમાં કોઇબી ઠેકાણે એવું લખાયલું મલતું નથી કે જેથી પાધરી અથવા આડકતરી રીતે એ ઉત્તમ સદગુણની વિરૂધનાં કામને જરાબી પસંદગી અથવા ઉત્તેજનનો ઇસારો મલે; બલકે તમામ અવસ્તામાં આ પવિત્ર સદગુણ છોડી દેનાર—શું મરદ કે શું ઓરત, શું પરણેલાં કે શું કુવારાં—ને એકસરખી રીતે ગુનેહગાર અને ધિક્કારભરેલું જણાવ્યું છે. તે ઉપરાંત જરતોસ્તી દીનને લગતાં બીજાં અનેક લખાણો-માં તેની તરફ અતિશય ધિક્કાર દર્શાવ્યોછે. તે બધાં ઉપરથી સિદ્ધ થાયછે કે પાકદામનીની પવિત્રાઇ જાળવી રાખવાની જરતોસ્તી દીનની રૂએ એક મજબુત ફરજ છે.

પાકદામની શું પરણેલાં કે શું કુવારાં દરએક જણની જન્મથીજ ફરજ છે. એટલુંજ નહી પણ તે લગ્નને લગતો ગંભીર કોલકરાર છે. હવે જરતોસ્તી દીનમાં શું મોટા કે શું નાના ગમે એવા કોલકરારને નહી બજાવવો એ જો ગુનાહભરેલું ગણેલું છે તો પાકદામની કે જે લગ્નનો એક

અતિ ગંભીર કોલકરાર છે તેને તોડવાનો ગુનાહ કેટલો ભારી ગણાય તે સમજવું મુશ્કેલ નથી. જો બીજા દરએક કોલકરારને પવિત્ર એવી સીફત લાગી શકેછે તો પાકદામનીનો કોલ એવો ગંભીર છે કે તેને ઘણોજ પવિત્ર કરી ગણુ. એ તદન વાજબી છે, કેમકે બીજા કોલકરાર પાલવા ઉપર તો ધંધારોજગાર કે દુનિયાઇ કારોબારની સલામતી અને સુખનો આધાર રહેછે. પણ પાકદામનીનો પવિત્ર કોલ પાલવા ઉપર તો એક ખાવંદ કે એક મોહરદારનાં પોતાનાં ઘરનાં, પોતાનાં ફરજંદોનાં, અને પોતાનાં તમામ લાગતાં-વલગતાંઓનાં સુખનો આધાર રહેછે, અને એ ઉપરથી પાકદામનીની પવિત્રાઇ જાળવવાની અગત્યતા કેટલીબધી છે તે આપોઆપ જણાઇ આવેછે.

જાનવરોનું અવલોકન કરનારા વિદ્વાનો કહેછે કે કેટલાંએક ચોકસ પક્ષિઓમાં વટીક એક નર અને એક માદાએ પરસ્પર વફાદારીનો કોલ આપ્યો હોય તેમ એકજ રહેઠાણ અથવા માલામાં રહીને પોતાની ઓલાદ ઉછેરવાના દાખલા મળેછે. હવે જો એ પ્રમાણે મુગાં અને ઉતરતાં પ્રાણીઓમાં વટીક પાકદામનીનો ઉંચો ગુણ ખીલેલો જોવામાં આવેછે તો માણસોમાં તે કેટલોબધો વધારે જળવાઇ રહેવો જોઇયે ? જે નર કે નારી મનુષ્ય જેવી તમામ પેદાયશોથી શ્રેષ્ટ જીંદગી પામવા છતાં આ ઉત્તમ સદગુણને જાળવી રાખે નહી તે પોતાને બેશક ઉપલાં મુગાં પ્રાણીઓ કરતાંબી બદતર હાલતમાં મુકેછે.

કિર્તારે દરએક પ્રાણીમાં, તેમાં ખસુસન ઇનસાનમાં, એવી ખાસીઅત મુકીછે કે દરએકનાં બચ્ચાંમાં તેનાં માબાપની થોડી કે ઘણી અસર વારસામાં ઘણું કરીને ઉતર્યા વગર રહેતી નથી. વળી દરએક જણને એવી કુદરતી ઉમેદ

રહેછે કે મરણ પછી તે પોતાનું હકદાર ફરજંદ મુકી જાય અને પોતાની ઓલાદનો સીલસીલો જીવતો ચાલુ રહે તેમાં ગોયા પોતે અથવા કાંઇજ નહી તો તેનું નામ જીવતું રહે. એથી કરીને ખુદાતાલાએ નેમેલો ઓલાદમાં અસર ચાલુ રહેવાનો કાયદો નહી તોડવા સારૂ, તેમજ દરએક જણની પોતાની ખરી ઓલાદ ચાલુ રહેવાની ઉમેદ બર લાવવા સારૂ, પાકદામનીની જાળવણી રહેવાની જરૂર છે.

એટલુંજ નથી પણ પાકદામનીની જાળવણી ઉપરજ મંડળી, કોમ, ગામ, અને શેહેરની કાયમીનો આધાર છે. જો એ પવિત્ર કાયદો હોય નહી તો તેઓ જેમ સુખથી વસી શકેછે તેમ કદીબી વસી શકે નહી, કારણકે ઇનસાનો કાંઇ હેવાનો જેવાં નથી કે જેમ હેવાનો એ પવિત્ર કાયદાના અંકુશ વગર રહી શકેછે તેમ તેઓબી રહે. જેબી જગાએ પાકદામનીનો પવિત્રાઇ થોડે કે ઘણે દરજે કોતાહ થાયછે ત્યાં મોડે કે વહેલે ખરાબી, હીનપસ્તી, અને નાશ થયા વિના રહેતો નથી. પાકદામની જલવાવાને લીધેજ હરએક મંડળી માનભરેલી, હરએક કોમ સુલેહસંપજભરેલી, અને હરએક ગામ કે શેહેર સુખશાંતિ અને આબાદીમાં વધતું રહેછે. તવારીખોમાં જુઓ, આપણી આસપાસ અવલોકન કરો, અને કહો કે જયાંબી પાકદામનીની પવિત્રાઇ ઓછી થાયછે ત્યાં મોડે કે વહેલે પડતી દશા આવ્યા વિના રહેછે?

પાકદામની—શું મરદ કે શું ઓરતોમાં—જીંદગીનાં સુખનો પાયો છે. પાકદામની જેવી પવિત્રાઇ નથી, પાકદામની જેવો શણગાર નથી. પાકદામન ઇનસાન ખાકી બદનમાં એક ફરેશતો છે. તે મુફલેશ છતાં પાદશાહ છે. પાકદામનીનો પમરાટ અગર અને લોબાનની લપટ કરતાં

વધારે તાજગીભરેલી છે. પાકદામનીની પાકીજગી તન-મનની તમામ પાકીજગીમાં ઉમદા છે. પાકદામનીની સ્વચ્છતા બીલોર કરતાં વધારે છે.

પાકદામની ડહાપણ, પુખ્ત વિચાર, ગંભીર સલાહ, ખાલિસ દીલનાં કામો, ખુલ્લી રીતભાત, નિષ્કપટ વર્તણુક, નહી ભમાતી બુદ્ધિ, ખુદાનો ચાહ, મનને વશ રાખવું, શાંતિ, વિશ્વાસ, પવિત્ર ભક્તિ, અને આત્માનું સુખ એ બધું એવું તો સારી રીતે આપેછે કે તેની સાથે તેના ભંગથી મલી શકતી થોડા વખતની નાપાક મોજ કદીબી સરખાવી શકાય નહી.

દામન પાક રાખનાર જેવું મોટું જીતનાર કોઇ નથી, કેમકે તે એક નાશકારક ખાહેશ ઉપર જીત મેલવેછે, કે જે બુરી ઇચ્છા ઇનસાનજાતની મોહટી સંખ્યા ઉપર હમેશાં ગાલેબી મેલવતી રહીછે અને તેઓની ખરાબી કરતી રહીછે.

પુરાતન ઇરાનીઓમાં પાકજાદ સીઆવક્ષ પોતાની પાકદામનીને માટે પ્રખ્યાત થઇ ગયોછે. અને એને મલતા બીજા અનેક દાખલા ઇરાનીઓની તેમજ બીજી પ્રજાઓની તવારીખોમાંથી મલી આવેછે. અને એ સદગુણ જો જરતોસ્તી દીનથી ખાસ ઉત્તેજન પામ્યોછે તો દરએક જરતોસ્તીની ફરજ છે કે પાકદામનીની પવિત્રાઇ જાલવવા ઉપર અત્યંત ચોંપ રાખવી.

બેતો.

પાકદામન છે પુરૂં પરહેજગાર—
મજ્દયસ્નની દીનમાં તે નામદાર.
ફર્જ છે નર નારપર પાકીજગી—
પાકદામનની વિના આમેજગી.

પાકદામન સમ પવિત્રાઇ નહી—
છે ખુદા રાજી અનીતીથી નહી.
ચોંપથી રાખો સદા દામાન પાક—
પાપમાં ફસતાં થશે દિલ ચાક ચાક.

સવાલો.—પાકદામનીની પવિત્રાઇ વિષેના અવસ્તા અર્થ સહીત કહો. એની સમજણ આપો. પાકદામનીની પવિત્રાઇ વિષેની બીજી અવસ્તાની શહાદતો આપો. પાક દામનીનો કોલ તોડવાનો ગુનાહ ઘણો ભારી કેમ છે તે બરાબર સમજાવો. પાકદામનીનો સદ્‌ગુણ તોડનાર પોતાને જાનવર કરતાંબી બદતર હાલતમાં કેમ મુકેછે તે સમજાવો. બચ્ચાંની ખાસીઅત માબાપથી ઊતરેછે તેથી પાકદામની જાલવવાની જરૂર કેમ છે તે સમજાવો. પાકદામનીની જાલવણી ઊપર સંડળી, કોમ, વગેરેની કાયમીનો આધાર કેમ છે તે સમજાવો. પાકદામનીની બીજી કેટલીએક સીફતો અને ખુબીઓ જણાવો. પાકદામનીના કેટલાએક ફાયદા કહો. આ પાઠના નીતિ-સારની કવિતા સમજણ સાથે કહો.

પાઠ ૫૪ મો.

જરેતોશ્તી પાકદામાની.

વસે તાપી કિનારે ગામ વરીઆવ,
રહે બેહદીન ત્યાં કંઇ રંક ને રાવ.
ગરાસીઆ રતનપોરી સહૂપર,
જુલમથી માંગતા નાવાજબી કર.
હતા બેજાર રઇઅત સાથ બેહદીન,
મચાવ્યું જંગ હાથોહાથ એક દીન.
ગરાસીઆ થયા બેહદીનથી પસ્ત[1]—
કરી એક જશ્ન બેહદીનો થયા મસ્ત.

---

૧. હારેલા.

ગરાસીઆ શબ્દેખુન[1] લાવીઆ રાત,
કતલ કરવા બચી બેહદીનની જાત.
મરદ વેશે ભિડી બેહદીન નારો,
થયા આનેજ ગરાસીઆ સવારો.
ખુરી નજરે વિચારી દસ્તદરાજી,
થયા રજપૂતજાદા નીચ પાજી.
ભલી બેહદીન નારો પાકદામન
શિતાબીથી નદીમાં નાખીઆં તન.
અશિશવંગ રોજ ફરવરદીન માહે
બચાવી પાકદામન નેક રાહે.
બહાદુરી ખરી, બેહદીન નારો !
દરૂદો આફરીન તમપર હજારો !
રહે પાકીજગી દામાનની તો
ભલે કુરબાન તન 'ને જાન હોજો!

પાઠ ૫૫ મો.

કદખુદાઈની સીફત.

ગજલ.

પાકીજગી રવાન પામે કદ ખુદાઇમાં—
જીવતર પ્રમાણુ લગ્નમાં, નહી ચકાઇમાં.
કુદરત પ્રગટ બતાવે નેમ જાતિ સિલસિલો—
તાસીરે તોખ્મ સાચી તો લગ્ને સગાઇમાં.
ઘર શેહર દીન આલમ કાયમ લગ્ન થકી—
ફિતના ફના-મુકામી પેવંદ-જુદાઇમાં.
ધન તુજને, કદખુદાઇ ! જીવતર કરે સફલ—
ધન તુજને, પાકદામની ! સાચી વફાઇમાં.
જરતોસ્તની વસીઅત શુભ કદખુદાઇની
આલમ બજાવી પામજો સુખ એજદાઇમાં !

1. રાત્રે છાપો મારવો.

દાદાર દે હિદાયત નર નારને ભલી,
જીવે હમેશ કદ ખુદાઇની સફાઇમાં.

ગ જ઼ લ.

ફરજ બદકે ખુદાપર કદખુદાઇ--
રવા થઇછે બરાબર કદખુદાઇ.

જેંહાન આબાદ રાખે, કલેશ ટાલે—
બતાવે રાહ બરતર કદખુદાઇ.

ચલાવે સિલસિલે હકદાર ફરજ઼ંદ—
વસાવે પાકતર ઘર કદખુદાઇ.

અશો નર! એકપત્ની રેહ હમેશાં—
અશો નારી! ભલી કર કદખુદાઇ.

અહુરમજ઼દા! બખશ ગેબી હિદાયત,
ગણે નરનાર બેહતર કદખુદાઇ.

ગ જ઼ લ.

જુએ જણ જો જગત સારી, નહી જોડી, ખુદા, તારી.
તનોમંદ જહાન નરનારી, નહી જોડી, ખુદા, તારી.
જમીન આકાશ તરૂવરમાં, નદી નાલાં સમૂદરમાં,
નિયમ છે જોડનો જારી,—નહી જોડી, ખુદા, તારી.
જગતમાં ફક્ત તૂં યક્તા,[1] ખરો તૂં પાક બેહમતા,[2]
નિરંજન તૂં નિરાકારી,—નહી જોડી, ખુદા, તારી.
સહૂની જોડ દે હદની, ગવાહી નેક 'ને બદની,
કહે તુંજ વાત તો ન્યારી,—નહી જોડી, ખુદા, તારી.
હિદાયત બક્ષ તું, મજદા! રહે નર નાર ના યક્તા[3]—
યકાઇ[4] તુંજ સજાવારી,—નહી જોડી, ખુદા, તારી.

૧. એકલો. ૨. બેમીસાલ. ૩. એકલું, નહી પરણેલું. ૪. એકલાપણું.

પાઠ ૫૬ મો.

માણસની આ દુનિયાની અને આવતી દુનિયાની જીંદગી.

[illegible]

[illegible]

"ઇથયેજંહતત્ હચ અંહુઆૅત્ અઇથયેજંહેમ્ અહૂમ્ આ."

(વંદીદાદ ૧૯ ક૦ ૩૧).

અર્થ.

"નાશવંત દુનિયાથી અવિનાશી દુનિયા તરફ."

[illegible]

[illegible]

"અસ્તવતત્ હચ અંહુઆૅત્ મનહીમ્ અવિ અહૂમ્."

(હાદોખ્ત પરત, ક૦ ૧૬).

અર્થ.

"દેહવાળી દુનિયાથી વિદેહી દુનિયા તરફ."

[illegible] .... [illegible]

...... [illegible]

"અન્ ઇન્ ગેતીએ સેન્ઓમંદ ...... ઓએ મીનોઇઆન્ અખાને અસેન્ ....."

(આફ્રરીને અરદાફરવશ).

અ ર્થ.

"આ નાશવંત ખાકી દુનિયાથી તે અવિનાશી મીનોઇ જેહાન તરફ."

અવસ્તામાં માણસે મરણ પામવા પછીની તેને લગતી બાબતો ઉપર બોલતાં આ મથાળે ટાંકેલા કલામો કેટલેએક ઠેકાણે મલેછે તેમજ એ વાકયમાં જણાવેલી બે કીસમની જીંદગીને લગતાં ઘણાંએક લખાણો જરતોસ્તી દીનને લગતી ઘણીએક કેતાબોમાં મલી આવેછે. તેઓ ઉપરથી ખુલ્લું જણાયછે કે માણસે આ ખાકી દુનિયા છોડવા પછી મીનોઇ દુનિયામાં જવું છે એમ નિશ્ચય માનવાને જરતોસ્તી દીન ફરમાવેછે. એ દીનમાં માણસને બીજી ખાકી પેદાયશો સાથે એક સપાટી ઉપર મુકીઉં નથી. એક ઝાડ મરી જવા પછી તેનું લાકડું માટી સાથે અંતે મલી જાય અને તેનું કાંઇ રહે નહી તેમ ઇનસાનની દેહ જે ખાકી તત્વોથી બનેલીછે તે તત્વો મરણ પછી ખાક સાથે મલી જાય ત્યાર-પછી તે માણસમાંનું કાંઇજ રહેતું નથી એવું મત જર-તોસ્તી દીનનું નથી. એ દીનમાં માણસની દેહ મરવા પછી તેનાં રવાનની યાને આત્માની અણદીઠ હયાતી કબૂલ રખાયલીછે. એટલુંજ નહી પણ તે રવાનને તે આવતી જીંદગીમાં આ જીંદગીમાં કીધેલાં કામોનો સારો કે મંઠો વાજબી બદલો મલેછે એમ પણ તેમાં શીખવેલુંછે.

આ ઉપરથી ખુલ્લું છે કે દરએક માણસે પોતાની જે કારકીરદી આ જીંદગીમાં કરવાની છે તે માત્ર આ થોડા વખતને માટેજ નથી પણ આવતી જીંદગીમાં બદલો મેલવવા માટેબી છે. માટે તેણે પોતાના વિચાર, વાણી, અને કામોને એવી રીતે રાખવાં કે જેથી આવતી જીંદગીમાં પસતાવો ન થતાં ખુશાલી અને સંતોષ મલે.

વળી જરતોશ્તી દીન શીખાડેછે કે આવતી મીનોઇ જીંદગીમાં જે સુખો અને ખુશાલીઓ મલનાર છે તે સંપૂર્ણ સુખો અને ખાલેસ ખુશાલીઓ છે અને તેઓને મેલવવા તથા ભોગવવા માટે આ જીંદગીમાંજ આપણે પોતાને લાયક કરવાં જોઇએ—આપણાં મનની નાપસંદ અને નાલાયક વલાણોને પૂર કબજામાં રાખીને દર વખતે આપણી ખસલત સુધારતાં અને સમારતાં રહેવું જોઇએ. જેઓના આત્મા પાક નહી તેઓ બેહશતમાં દાખલ થઇ શકે નહી. અરદીબેહેશ્ત યશ્તમાં કહેછે કે—"ગરોન્માનેમ્ નેરેપો અસ્તિ અશ્નવોયો—નેચિષ્દ્રુવતાંમ્." અર્થ.—"ગરોથમાન અશો નરોને માટે છે—બુરાઓમાંનો કોઇબી (ગરોથમાન તરફ આવી શકશે) નહી. આ ફરમાનબી ઘણું વાજબી અને મઆકુલ છે. ખરડેલા પગે કીમતી ગાલીચા ઉપર કોઇને જવા દેવામાં આવતું નથી; તેમજ પાપની ગલીચાઇથી ખરડાયલા આત્માને મીનોની પાકીજેહ દુનિયામાં દાખલ થવા દીધામાં આવે નહી તો તે વાજબી છે. હરએક ચહડતી મંડળીમાં જે માણસે પોતાના ગુણો અને કામોથી પોતાને તે મંડળીને લાયક કીધું ન હોય તેને દાખલ કરવામાં આવતું નથી, તેમજ જે માણસ આ જીંદગીમાં ખુદા તરફની, પોતા તરફની, અને આસપાસનાં તમામ માણસજાત તરફની પોતાની ફરજો બજાવે નહી તેને મીનો જેહાનમાં માન પામેલાં રવાનોની સફમાં સંગત નહી મલી શકે તો તેમાં કાંઇ નવાઇ નથી. આ દુનિયામાં જેઓને આપણે ખરાબ રીતે જીંદગી ગુજારતાં જોઇએ છીએ તેઓને માટે આપણે કશું માન ધરાવતાં નથી અને તેઓથી દૂર રહીએ છીએ. તેજ પ્રમાણે જેઓ આ ખાકી દુનિયામાં બદ રાહે જીંદગી

ગુજારી જાય તેઓની સાથે મીનો દુનિયામાં ભલા આત્માઓ મેલાવાને કમકમાટ બતાવે તો તે તદન વાજબી છે.

વળી જરતોશ્તી દીન શીખવેછે કે પેલી જેહાનમાં ઊંચો દરજો મેલવવા માટે આ જીંદગીમાં ભલી રાહે ચાલવાની જરૂર છે, અને ભલી રાહે ચાલતાં ઘણી રંજ ખેંચવી પડે, ઘણાં દુઃખો સેહવાં પડે, અને ઘણી અગવડો ભોગવવી પડે, તોપણ તેથી આપણે નાસીપાસ થવું નહી, કેમકે એ સઘળી રંજ, દુઃખ, અને અગવડ આપણી તપાસ કરવાની એક કસોટી છે. તે કસોટીમાં કસાઇને જેમ જેમ વધારે ખાલેસી આપણે મેલવીશું તેમ તેમ મીનો જેહાનમાં આપણી કીમત વધારે પોશાશે.

વળી જરતોશ્તી દીન શીખવેછે કે દરએક જણને તેણે પોતે જાતે કીધેલાં કર્મો—વિચારો, સખુનો અને કામો—નોજ વાજબી બદલો મલશે. એકનાં પાપની સજા બીજાને નહી થશે તેમજ એકનાં પુણ્યનું ઇનામ બીજાંને નહી મલશે. આ ઉપદેશ ઘણો મઆકુલ છે, કેમકે માલમિલકત, પૈસો ટકો, અથવા એવીજ બીજી બાકી વસ્તુઓ કોઇ સોડથી આઇતી મેલવી શકાય, પણ પેલી જેહાનનો તોશો જે સવાબ અને નેકી છે તે કાંઇ કોઇ સોડથી આઇતું મેલવી શકાતું નથી. જો કોઇ એમ માનતું હોય કે બીજાંથી મલતા આઇતા સવાબથી આવતી જીંદગીમાં મુક્તિ મેલવી શકાય તો તે વિચાર ખોટો અને જરતોશ્તી દીનનાં મતથી ઉલટો છે. એકબારગી તકરારને ખાતર કબૂલ કરીએ કે પોતીકાં અથવા પરાયાં કોઇની મારફતે મલેલાં આઇતાં પુણ્યથી પેલી જેહાનમાં મુક્તિ અને સદગતી થઇ શકે તોપણ તે તે મેલવનારને એવું હીણું લગાડનારૂં છે કે તે કરતાં તે નહીજ મલે તે બહેતર. ધારો કે એક ભીખારી કોઇ લક્ષાપતી પાસેથી

મુફત મળેલો એક કીમતી પોશાક પેહડીને ખરેખરા દોલતમંદોની મીજલસમાં જઇ બેસે તો ત્યાં પેલા દોલતમંદો તેની ખરી હકીકત જાણતાંજ તેને વિષે કેવી મનમાં હસી કરે—તેની તરફ કેટલું ઠંડું દીલ દેખાડે—અને તેથી તેને પોતાનેજ તે કેવું ખેદકારક થઇ પડે? અથવા એક અજ્ઞાન કોઇ વિદ્વાન પાસેથી કાંઇ ટુચકો ઉછીનો લઇને પંડિતોની સભામાં તેને પોતાના તરીકે ચલાવવા જાય, તે પકડાઇ આવવાથી તેની કેવી હસી થાએ? તે પોતાનાં મનમાં વિચારે કે જો હું આ પ્રમાણેની આઇતી મદદથી આ મંડળમાંજ નહી આવ્યો હોત તો બેહતર હતું. એજ મુજબની હાલત આઇતાં સવાબે મુક્તિ મેળવવા માંગનારનીબી સમજવી. પાપ આતમાના રોગની મીસાલે છે, અને પાપ ફીટાડવા માટે કીધેલા અંતઃકરણના પશ્ચાત્તાપ તથા તોબ્જેશ યાને પ્રાયશ્ચિત્તરૂપી જાતે કીધેલાં ભલાં કામ તે રોગની દવાઇની મીસાલે છે. હવે ખુલ્લું છે કે દરએક જણે પાપરૂપી રોગથી પોતાના આતમાની મુક્તિ તોબ્જેશરૂપી દવા પોતેજ પીને મેળવવી જોઇએ. એક બીમારને બદલે બીજું માણસ દવા લે તેથી તે બીમાર સાજું થઇ શકે નહી, તેજ પ્રમાણે એકને બદલે બીજા ગમે તે સવાબનાં કામો કરે તેથી પેલાંનો છુટકો થઇ શકે નહી.

માલમતા, દોલત અને આ દુનિયાને લગતી ચીજો જે દરએક જણ ધરાવતું હોય તે સર્વેની કીમત કરતાં તેની જીંદગીની કીમત વધારે છે. વારેઘડીએ આપણે જોઇએ છીએ કે જે વખતે જીવ જવાનું સાટું હોય ત્યારે માણસો પોતાનું સર્વસ્વ જતું મુકીને જીવને બચાવેછે. પણ એ જીવની આ બાકી જીંદગી શા માટે અપાયલીછે? તે આવતી જીંદગીમાં ભલો બદલો મેળવવા અપાયલીછે, અને

તે બદલો માત્ર બદીથી દૂર રહેવાનાં અને નેકીમાં આગલ વધવાનાં ઇનામ તરીકે ઠરાવેલોછે. હવે જો એમજ છે તો પછી દરએક જણની ફરજ છે કે બદીથી દૂર રહેવાની અને નેકી હાસેલ કરવાની કાલજી પોતાના જીવની સલામતીની કાલજી કરતાં વધારે રાખવી, કેમકે આપણી આ જીંદગી માત્ર થોડા વારની છે, પણ આવતી જીંદગી તો સદાકાલની છે.

આ જીંદગીની મુસાફરીમાં ઘણી વખતે એવા કસોટીપર લાવનારા પ્રસંગો મલેછે કે જે વખતે એકાદ દુનિયાઇ ક્ષણભંગુર લાભને ખાતર મીનોઇ અચલ ફાયદાનો ભોગ આપવો પડે અથવા દુનિયાઇ સંકટ નહી ખમી શકાવાથી ખોટે રસ્તે જવાની લાલચ ઉત્પન્ન થાય. તોપણ તે વખતે સાવધ રહીને યાદ રાખવું કે આ જેહાનનો ફાની લાભ પેલી જેહાનના કાયમ લાભને ભોગે હાસેલ કીધામાં શેવટે પસ્તાવા સિવાય બીજું કાંઇ નથી, તેમજ વાજબી સંકટ વેઠી લેવાથી સેવટે સંતોષ અને સુરખરૂઇ હાસેલ થશેજ.

આ અને આવતી જીંદગી વિષે કેટલાએકો એવા વિચાર ધરાવેછે કે જે જરતોસ્તી દીનનાં મતને મલતા નથી. જેમકે કોઇ કહેછે કે આ જીંદગીનાં બાકી સુખો ભોગવવાનું તરક કીધાથી આવતી જીંદગીમાં તેથી ચહડતાં મીનોઇ સુખો મલશે. તેઓના વિચાર પ્રમાણે ગોયા સઘળા દરવેશો બેહસ્તી થશે અને સઘળા તવંગરો દોજખી થશે. પણ એમ માનવું જરતોસ્તી મતથી ઉલટું છે. એ દીનનું મત તો એ છે કે માણસ ગમે તે હાલતમાં રહે અને ગમે તેમ સુખ કે દુઃખ ભોગવે, પણ મરણ પછી તો દરએકને પોતપોતાની કરણી મુજબ સુખદુઃખ મળશે. વળી કોઇં માનેછે કે આ જીંદગી માત્ર એક સ્વપ્ના અથવા કલ્પના

જેવી છે. તેમાં ખરૂં અને વજુદવાળું કાંઇ નથી. પણ એ મતખી જરતોસ્તી મતથી ઉલટું છે. જરતોસ્તી મત એ છે કે આ જીંદગી ખાલી નથી પણ તે ખરેખરી છે અને આપણને મલતી સઘળી વસ્તુઓ ખરેખરી અને વજુદદાર છે. એટલુંજ નહી પણ આ જીંદગી ઘણી કીમતી છે, કેમકે આ જીંદગીમાં કીધેલાં કામો ઉપર આવતી જીંદગીમાં સુખદુઃખ મેલવવાનો આધાર છે. જે કોઇ આ જીંદગી ભલા ઉદ્યોગમાં કિર્તારની નેમ પ્રમાણે ગુજારેછે તે આવતી જીંદગીમાં ઘણીજ ચહડતી નવાજેશો પામશે. પણ જે કોઇ આ જીંદગીને આળસ કે ગુનાહમાં ગુમાવેછે તે આવતી જીંદગીમાં તે નવાજેશો ખોઇ બેસશે. એ વગેરે કેટલાએક ભૂલભરેલા વિચારો આ જીંદગી અને આવતી જીંદગીના ભેદ વિષે લોકોમાં ચાલેછે, માટે એ અતિ અગત્યની બાબતમાં જે જે વિચારો જાણવામાં આવે તેઓની તકરીર કરીને જે જે મતો જરતોસ્તી દીનથી ઉલટાં છે તે દરએક જરતોસ્તીએ છોડી દેવાં.

વળી દરએક જણે યાદ રાખવું કે આ જીંદગીની દરએક પલ કીમતી છે. તે છતાં તેનો મોટો ભાગ તો જરૂરની હાજતો બજાવવામાં ખપી જાયછે. એવા ઘણાજ થોડા વખતના કકડા આપણે ગુજારીએ છીએ કે જેમાં આપણે ઉત્તમ કૃત્યો કરતાં હોઇએ, અને જો તેવાંજ કૃત્યોનું ઇનામ આવતી જીંદગીમાં મેલવવા ઠરાવ્યું છે તો દરએક સારૂં કામ કરવાની તક મલતાં તે તુરત બજાવવાની આપણી મોટી ફરજ છે. શું બચ્ચાં કે શું મોટાં, શું જુવાન કે શું ઘરડાં, દરએક જણને બે તરેહની એકેકથી ઉલટી ખુદરતી ઇચ્છાઓ થાયછે. દરએક માણસ બચપણમાં હોયછે ત્યારે જલદીથી મોટું થવાની ઇચ્છા રાખેછે. તે ઉમરે

પુગતાં જલદીથી કામધંધામાં પડવાની ઉતાવલ કરેછે. તે કામધંધો મલતાં જલદીથી દોલત મેલવવાની ઉતાવલમાં પડેછે, અને દોલત મલતાં તે માનમરતબા વગેરે મેલવવા દોડેછે. બીજા હાથ ઉપર દરએક માણુસ ગયલી હાલત સુખી ગણીને તેને યાદ કરીને તે પાછી મેલવવાનીબી બાહેશ રાખેછે. જેમકે શું ઘરડાં કે શું જુવાન પોતાનાં બચ્ચપણના દીવસોને સુખી ગણીને યાદ કરેછે અને તે ગયલા વખતનું સુખ જો પાછું મલી શકે એવું હોય તો તે મેલવવાને ખુશી બતાવેછે. એ ઉપરથી ધડો લઇને યાદ રાખવું કે આ જીંદગીની જેટલી પલો કિરતારે આપણને બક્ષીછે તે સઘળી કીમતી છે અને તે જલદીથી ઘટતે કામે લગાડવામાં કસુર નહી કરે તેજ ઇનસાન નેકબખત છે. ગયો વખત પાછો આવતો નથી અને આવતા વખતનો કાંઇ ચોકસ ભરુસો નથી એમ યાદ રાખીને જે કોઇ હાલના વખતને નેકી કરવાના શુભ ઉપયોગમાં કામે લગાડી દીએ તેજ માણુસ આ દુનિયાની અને આવતી દુનિયાની જીંદગીના ભેદની કુચી મેલવવાને ભાગ્યવાન થયું એમ સમજવું.

એ પ્રમાણે જો આવતી જીંદગીમાં સુખ અથવા દુઃખ મેલવવાનો આધાર આ જીંદગીમાં પોતે જાતે કીધેલાં ભલાં કે ભુંડાં કર્મો ઉપર રહેલોછે તો આ જીંદગીનું મહત્વ ઘણું છે અને એજ સબબથી આ જીંદગીમાંજ દરએક જણે પોતાની આવતી જીંદગીનું સાર્થક કરી લેવું—ગુનાહથી પરહેજ અને સવાબની જીઆદતી કરવામાં કાહેલી નહી રાખવી—હરએક ભલું કામ જે હમણા થતું હોય તે હવડાંજ કરી લેવું, કેમકે જીંદગી અચોકસ છે, કોઇબી બહાને મોત આવીને હાજર થાયછે, અને ગઇ તક પાછી મલતી નથી—એવી જરતોસ્તી દીનની નસીહતભરેલી તાકીદ છે તે દરએક જણે સોનાને મૂલની ગણીને હમેશાં અમલમાં લાવતાં રહેવું.

બેતો.

બદન ખાકનું ખોલીયું જાણવું,
રવાને અહીંથી જવું માનવું.
શરીરની હયાતી ફક્ત એક વાર,
ન મળશે મરણ બાદ તે વારવાર.
ભલાં કે બુરાં કામ સાથે જશે,
બધાંનો મિનોમાં શુમારજ થશે.
કરી લો ભલાઇ, બુરાઇ તજો,
સહુ પુણ્ય પોશાક હાથે સજો.
ન પરપુણ્ય મુક્તિ અપાવે કદી,
તને દરદ થાતાં દવા તૂંજ પી.

સવાલો.—"માણસની આ દુનિયાની અને આવતી દુનિયાની જીંદગી" એ વિષેના અવસ્તા અર્થ સહિત કહો. એની સમજણ આપો. એ અવસ્તાના કલામ ઊપરથી શું નીતિસાર નિકળેછે? આવતી દુનિયામાં સુખો મેલવવા કીજે પોતે પોતાને તે જીંદગીને લાયક કરવું જોઇએ એ જરતોસ્તી દીનનું સિદ્ધાંત બરાબર સમજાવો. આવતી જીંદગીમાં ઊંચો દરજજો મેલવવા માટે જરતોસ્તી દીન શું શીખવેછે તે સમજાવો. દરએક જણને પોતાની કરણી મુજબ આવતી જેહાનમાં બદલો મલશે એ સિદ્ધાંતનું મઆકુલપણું વિગતે સમજાવો. આ દુનિયાના કરતાં આવતી દુનિયાનો વિચાર વધારે કરવાની જરૂર કાંય છે તે સમજાવો. આ અને આવતી જીંદગી વિષેના કેટલાએક ભુલભરેલા વિચારો એક પછી એક ખોટા પાડી આપો. આ દુનિયાની દરએક પલ કીમતી છે માટે તેનો હમેશાં ભલો ઊપયોગ કરવો એ કાનુન બરાબર સમજાવો. આ પાઠનો નીતિસાર તથા તેની કવિતા સમજાવો.

પાઠ ૫૭ મો.

બદગોઈ નો ગુનાહ.

ગજલ.

શુકર દાદાર તારા! અમ જુબાંને બોલતી કીધી—
કુફલને[1] દિલ ખજાનાનાં સખુનથી ખોલતી કીધી.
મુખે હેવાનને મૂંગી, પ્રગટ ઇનસાન મુખ વાચા—
તરાજૂમાં ફસાહતનાં[2] સખુન જર તોલતી કીધી.
ભલી દીધી અમોને તેં સમારી સુંદરી વાણી—
હવા હિંડાલપર જેને અદાથી ડાલતી કીધી.
વચન પ્રેમી કહી મીઠાં સહૂનાં મન હરણ કરતી—
દિલાસા ચાકુએ દિલથી સદા ગમ છોલતી કીધી.
શરમ તેને જુબાંને પાક ના રાખી—જુઠાઇમાં,
બુરી બદગોઇમાં, નાખી કિચલ અંગોલતી કીધી.
દરૂદો આફરીન હોજો જરાતોશ્તનાં રવાન ઉપર,
ભણી ગાથા[3] જુબાંને નિંદવાથી રોકતી કીધી.

પદ.

ટાલો બદગોઇ પાપ—ટેક.

બદગોનું અંતે મુખ કાલું, બદગો જેહરી સાપ—ટાલો૦
બદબોથી બદગોઇ ભરેલી, નજીસ કૂવો અમાપ—ટાલો૦
બદગોઇ જેમ તાપે તનમન, તાપે નહી કોઇ તાપ—ટાલો૦
શમશેરથી બદગોઇ અધીકા, પાડે દિલોમેં કાપ—ટાલો૦
જરતોશ્ત પેગમબર ફરમાવે, બદગોઇ દોજખી છાપ—ટાલો૦
પરનિંદા કરવેથી ખુદાનો, બદગોઇ ઉતારે શ્રાપ—ટાલો૦
દાદારે દાવર! બદગો જુબાંથી, અમને પનાહ તું આપ—ટાલો૦

---

૧. ટાલું. ૨. સુભાષિતપણું.
૩. ગાથા ઉષ્તવઇતી, હા કાંમ્ નેમોઇજામ્, ક૦ ૫—૬.

પાઠ ૫૮ મો.

આગલા જમાનાની જરતોશ્તી દાનાઈનાં ગોહરો.

("મઇન્યોઇ ખેરદ" માંથી).

સ૦—"અહુરમજદ ખુદા, અમશાસ્પંદો, અને ખુશબો તથા રામશનીભરેલાં બેહશતને પોંહચવું અને બુરા એહરેમન તથા દેવોને આજેજ કરવું અને અંધારાં તથા ગંધાતાં દોજખથી છુટવું શી રીતે થઇ શકે?"

જ૦—"ખુદાઇ અકલને પીઠનો પાસબાન કર. ખુદાઇ સંતોષનું બખ્તર તથા કલગીર પહેર. ખુદાઇ રાસ્તીની ઢાલ, ખુદાઇ શુક્રગુજારીનો ગરૂજ, ખુદાઇ ભક્તિની કમાન, ખુદાઇ સખાવતનો તીર, ખુદાઇ મધ્યમપણાંનો નેજો, ખુદાઇ કોશિશનો દસ્ત-પોશ, અને ખુદાઇ સરજતની પનાહ પકડ".......

સ૦—"કયાં માણસને ભલાઇ સાથે ઘણું આશના અને કયાં માણસને બુંડાઇ સાથે ઘણું આશના જાણવું?"

જ૦—"જે માણસ ભલાંઓ સાથે કામ અતિઘણું રાખે અને જેનું નામ ભલાંઓ આબરૂથી દીએ તે માણસને ભલાઇ સાથે ઘણું આશના જાણવું. જે માણસ બુંડાંઓ સાથે કામ અતિઘણું રાખે અને જેનું નામ બેઇજજતી તથા બુંડાઇથી દેવાય તે માણસને બુંડાઇ સાથે ઘણું આશના જાણવું. કેમકે કહ્યું છે કે જે ભલાંઓ સાથે જોડાય તે પોતા સાથે ભલાઇ લાવે અને જે બુંડાંઓ સાથે જોડાય તે પોતા સાથે બુંડાઇ લાવે. જે મીસાલે કે એક પવનની લેહકી જો ગંધાતી ચીજને લાગીને આવેછે તો પોતા સાથે ગંદકી લાવેછે અને જો ખુશબોદાર ચીજને લાગીને આવેછે

પોતા સાથે ખુશબો લાવેછે. વાસ્તે જાણવું સજાવાર છે કે જેનું કામ ભલાંઓ સાથે તે પોતામાં ભલાઇ દાખલ કરેછે અને જેનું કામ ભુંડાંઓ સાથે તે પોતામાં બૂંડાઇ દાખલ કરેછે. એમ છે તોપણ બંધેને અજમાયશ ઉપર રાખવાં (એટલે કદાચ એક જણ સારી સોહબતમાં હોવા છતાં ખરાબ હોય અથવા એક જણ ખરાબ સોહબતમાં હોવા છતાં સારૂંબી હોય)".......

સ૦—"નેક હકુમત કઇ?

જ૦—નેક હકુમત તે છે કે જે વસ્તીને આબાદ રાખે, મુફલિસોની કંગાલીઅત ટાળે, ખરો ઇનસાફ અને કાયદા અમલમાં રાખે અને ફરમાવે, નઠારા કાયદા અને રેવાજો દૂર કરે, કુદરતનાં તત્વોને ચોખ્ખાં રખાવે, ખુદાપરસ્તી અને નેક કામો ચાલુ રાખે, ગરીબોને મદદ તથા તેઓને માટે ઉધરાણાં કરે, ભલી મજ્દયસ્ની દીન ઉપર તન અને જાન ફિદા કરે, જે કોઇ ખુદાની રાહથી દૂર રહે તેને સુધારવા ફરમાવે અથવા તેને પકડાવીને ખુદાના રસ્તા ઉપર પાછું લાવે, ખજાનામાંથી ખુદાની રાહ ઉપર લાયક અને ભલા લોકોમાં સવાબને માટે હીસ્સો ખર્ચે અને રવાનને માટે તન હાજર કરે. ઉપલી ખસલતોવાલો પાદશાહ ફરેશતા જેવો છે.

સ૦—બદ હકુમત કઇ?

જ૦—બદ હકુમત તે છે કે જે ખરા અને વાજબી કાયદા તથા રેવાજોને તોડે, સેતમગુજારી, જબરદસ્તી, અને બેઇનસાફી અમલમાં લાવે; જેથી મીનોઇ જેહાનમાં ફાયદો થાય તેનો ભંગ કરે; હરામ લોભથી સવાબનાં કામોને ફોકટની પીડા તરીકે ગણે; નેકી કરનારાંઓને સવાબ કરવાથી પાછાં રાખે અને તેઓને નુકસાન પોહચાડે; તમામ ઉપજ અંગત શોભાનો વૈભવ ભોગવવામાં, બૂંડાંઓનું

પોષણ અને પ્રકાશ વધારવામાં, તથા ભલાંઓને મારવા અને નિસ્તેજ કરવામાં, અને ગરીબોનો મરો કરવામાં ઉડાવી દીએ. બદ પાદશાહ એહરેમન અને દેવોની મીસાલનો છે.

સ૦—પાદશાહોને ફાયદેમંદ ચીજ શું અને જીઆંગાર ચીજ શું ?

જ૦—પાદશાહોએ દાનાવો તથા નેકોથી પુછપરછ કરતાં રહેવું ગુણગારૂં છે અને ચુગલો તથા બે મોહડે બોલનારાંઓ સાથે બોલવું અવગુણકારક છે ”......

સ૦—“ અકલે પૂર કોણ ?

જ૦—અકલે પૂર તે છે કે જે પોતાનાં રવાનની ખલાસી મેલવી શકે.

સ૦—સ્વભાવે ઉસ્તવાર કોણ ?

જ૦—સ્વભાવે ઉસ્તવાર તે છે કે જેમાં કાંઇબી ફરેબ અથવા હીલાબહાનાં નથી.

સ૦—બોલવું વધારે ખુબીદાર કોણનું ?

જ૦—બોલવું તેનું વધારે ખુબીદાર છે કે જે રાસ્ત બોલે.....

સ૦—દોસ્તી કઇ ઘણી ખરાબ ?

જ૦—કીનાખોરની અને મારફાડ કરનારની દોસ્તી ઘણી ખરાબ.

સ૦—કોણનાં મનમાં ખુશી કમ ?

જ૦—હસદખોરનાં મનમાં ખુશી કમ.

સ૦—દીલ આપવાને લાયક કોણ ?

જ૦—દીલ આપવાને તે ઘણું લાયક છે કે જે આ જેહાનને નહી પણ આવતી જેહાનને અખત્યાર કરે તથા પોતાની ખાહેશથી અશોઇને અંગીકાર કરે........

સ૦—કોણે કોણનું ફરમાંબરદાર રહેવું જોઇએ?

જ૦—આટલાં જણે (આટલાંઓની) ફરમાંબરદારી અને સેવા કરવી જોઇએ—ઓરતે ખાવીંદની; બાળકે માબાપની, સરદારની, ધર્મગુરૂની, ઉસ્તાદની, પવિત્ર આતશ તથા સેતારા (વગેરે નૂરી કેબલાઓ)ની, અને અપંગ એશાવંદોની; વળી બધાંઓએ (પોતપોતાના) સાહેબો, સરદારો, અને ઉસ્તાદોનાં ફરમાંબરદાર થવું જોઇએ.

સ૦—કોણને ઘણો યાદ રાખવો જોઇએ અને તેના શુકરગુજાર રહેવું જોઇએ?

જ૦—ખુદાને ઘણો યાદ રાખવો અને તેની શુકરગુજારી કરવી જોઇએ.

સ૦—તે શું છે કે જેને કોઇબી રીતે બેહુરમત નહી કરવું જોઇએ?

જ૦—પોતાનાં રવાનને કોઇબી રીતે બેહુરમત નહી રાખતાં હમેશાં તેને યાદ રાખવું જોઇએ.

સ૦—તે કોણ છે કે જે પોતાની પદવીમાં અહુરમજ્દ અને ફરેસ્તાઓની બરાબર કહેવાયલું છે?

જ૦—જે દાવર (ઇનસાફ કરનાર) કે સાચો ઇનસાફ કરે અને લાંચ નહી લીએ તે તેની પદવીમાં અહુરમજ્દ અને ફરેસ્તાઓના જેવો કહેવાયલો છે.

સ૦—તે કોણ છે જે પોતાની પદવીમાં એહરેમન અને દેવોની બરાબર કહેવાયલું છે?

જ૦—જે દાવર કે 'દરોગ દાવરી' (ખોટા ઇનસાફ) કરે તે તેની પદવીમાં એહરેમન અને દેવોની બરાબરનો કહેવાયલો છે."

પાઠ ૫૯ મો.

હલાલ પેશો, એક જરતોશ્તી ફરજ છે.

ગ ઝ લ.

અહુરમજદા ! જગતકર્તા ! જહાં સુફરો બિછાવે તું—
કરોડો જાત જીવોને ભલાં ભોજન ચખાવે તું.
કરે કોશેશ જમીન ઉપર ઉદરપોષણ મળે તેને,
રહે બેકાર બેકિસ્મત—નિયમ એવો બતાવે તું.
જગતમાં આદમીજાદાં વિશેષ હોશવાળાં છે—
નહી પેશો કરે કંઇ તો અધમ પંક્તિ અપાવે તું.
અથોરનાની[1] રથેસ્તારી[2] ભલી જે વાસ્તરીઓશી[3]
હુતોક્ષી[4]—ચાર પેશા જે ભલી ભાંત ઠરાવે તું.
અરજ દરગાહમાં તારી અમારી એજ છે, મજદા,
સદા તોફીક દઇ સારી ખરો પેશો કરાવે તું.

ગ ઝ લ.

મજદ દાદારે તનોમંદ[5] જહાનને પેદા કરી,
રોજ રોજીનો ઠરાવી રાત રાહતથી ભરી.
સુસ્તની બેકારની તો જીંદગી બસ બેમજાહ—
ઉદ્યમીને ઉંઘ મીઠી, દેહ નીરોગી ખરી.
આલસ્ય છે ઓશિયાલું, બેવકર[6] બેકાર છે—
જે પસીને ખાય રોટી તે નહી લાજે જરી.
"એશકારી[7] પાલવી પેશેવરે[8] જગમાં હલાલ"—
દીન જરતોસ્તીતણું ફરમાન આ સર્વોપરી.
યા ખુદા ! નર નારને તોફીક દે ગેબી સદા,
રાસ્ત રોજી પામતાં જીવે ખુશી સાથે ઠરી.

---

૧. ધર્મગુરૂનો પેશો. ૨. રાજદરબારી ધંધો.
૩. ખેડુત અને ભરવાડનો ધંધો.
૪. ઉપલા સિવાય હરએક બીજો નેક ધંધો. ૫. શરીરવાળી.
૬. બેઇજ્જત. ૭. પોતાનો ધંધો. ૮. ધંધાવાળાએ.

પાઠ ૬૦ મો.

મુનાજાત.

દિલ દર્દમંદ, દાદાર ! કર તૂં દવા, ખુદાવંદ !
પાપે પિડાય બીમાર, દે તૂં શફા[1], ખુદાવંદ !

દિન રાત પાપ ભારે, તનમાં રવાં[2] પુકારે,
દાદાર ! તું ઉગારે, મુશ્કેલ-કુશા[3] ખુદાવંદ !

ખોટાઇમાં ખરો[4] છું, નબલાઇમાં નરો છું,
ગુમરાહ પાધરો છું, હું બેસફા[5], ખુદાવંદ !

સર ખાકમાં ધરૂં છું, પસ્તાવે દિલ ભરૂં છું,
સાચી પતેત[6] કરૂં છું, કર તૂં દયા, ખુદાવંદ !

ઉત્તમ ધર્યો જનમ મેં, કીધો પછી અધમ મેં,
રાખી ન કંઇ શરમ મેં, થઇ બેવફા, ખુદાવંદ !

ગરચે[7] ગુનાહ અમારા, દોજખમેં લઇ જનારા,
તોપણ ગુલામ તારા, છૈયે ખરા, ખુદાવંદ !

બચ્ચાં અમે ગુનેહગાર, તૂં છે પિદર બખશનાર,
છૈયે રેહમ તલબગાર, ઓ બેજફા ખુદાવંદ !

---

૧. તનદરૂસ્તી. ૨. રવાન, આત્મા. ૩. મુશકેલ આસાન કરનાર.
૪. બાનુઓએ "ખરી છું" "નરી છું" "પાધરી છું" એમ બોલવું.
૫. સફાઇ વગરનો. ૬. પશ્ચાતાપ. ૭. અગરચે, જોકે.

સમાપ્ત.